# શ્રાવક સામાયિક પ્રતિક્રમણ સૂત્ર

(સામાયિક પ્રતિક્રમણ પ્રશ્નોત્તર સહિત)

ણિગ્ગંથં પાવયણં સચ્ચં

જો ઉવસિજ્જઇ સયયં, તં સંઘ ગુણાયરં વંદે

સુધર્મ પ્રચાર મંડળ, અમદાવાદ

પ્રકાશક: સુધર્મ પ્રચાર મંડળ

ગુજરાત શાખા • અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સુધર્મ પ્રચાર મંડળ પ્રવૃત્તિ

(૧) દર વર્ષે ભારતભરમાં ચાતુર્માસ થી વંચિત ક્ષેત્રોમાં સંઘોની વિનંતીને માન આપીને સ્વાધ્યાયીભાઈ બહેનોને પર્યુષણ પર્વમાં ધર્મ આરાધના કરાવવા માટે મોકલીએ છીએ. શાસન પ્રભાવનાના આ મહાન કાર્ય માટે દરેક સ્વાધ્યાયીઓને અને વ્યાખ્યાતા ભાઈ બહેનોનું યોગ્ય બહુમાન કરીએ છીએ. વર્ષમાં બે વખત પ્રશિક્ષણ શિબિર, એક વખત શિક્ષક સંમેલન તથા એક વખત સ્વાધ્યાયી સંમેલનનું આયોજન કરીએ છીએ.

(૨) સુધર્મ પ્રચાર મંડળ, શ્રી જૈન ધાર્મિક પરીક્ષા બોર્ડ દ્વારા દર વરસે ઓગસ્ટ માસમાં પરીક્ષા લે છે. જેમાં આશરે ૭૦ જૈન શાળા તથા ૨૦ જેટલા મહિલા મંડળના થઈ ૧૮૦૦ થી ૨૦૦૦ પરીક્ષાર્થીઆ બેસે છે.

(૩) ૧ થી ૧૨ શ્રેણીમાં આખા ભારતમાં ૧ થી ૩ નંબર આવનાર જૈન શાળાના બાળકોને તથા મહિલા મંડળના બહેનોને યોગ્ય પુરસ્કાર પણ મંડળ તરફથી આપવામાં આવે છે.

(૪) મંડળના આ મહાન ભગીરથ કાર્યમાં સેવા આપવા બદલ મંડળના દરેક સ્વાધ્યાયીઓનો, સહકાર્યકર્ત્તાઓનો, તેમના માતા-પિતા તથા વડીલોનો, દરેક સંઘના કાર્યકર્તાઓ તેમજ શિક્ષક ભાઈ-બહેનોનો પણ આભાર માનીએ છીએ. અમારી ક્યાંય પણ ભૂલ થતી હોય તો યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા આપવા નમ્ર વિનંતી છે.


લિ. જશવંતભાઈ શા. શાહ - પ્રમુખ
ભદ્રેશભાઈ ડી. શાહ - વ્યવસ્થાપક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**नम्र सूचन**

इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.





ટાઈપ સેટીંગ સૌજન્ય : **સનશાઈન ફોટો પ્રીન્ટ પ્રા. લી.**

૨૫૪, સર્વોદય કોમ. સેન્ટર, જી.પી.ઓ. પાસે, અમદાવાદ-૧. ફોન : ૫૫૦૪૯૫૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રાવક સામાયિક પ્રતિક્રમણ સૂત્ર

(અર્થ, પ્રશ્નોત્તર અને વિધિ સહિત)

પ્રકાશક :

**સુધર્મ પ્રચાર મંડળ**

(ગુજરાત શાખા) અમદાવાદ

પડતર કિંમત :

**રૂપિયા ૧૯-૦૦**

જ્ઞાન પ્રચારાર્થે વેચાણ :

**કિંમત રૂ. ૧૦-૦૦**

(પોસ્ટેજ ખર્ચ અલગ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુત જ્ઞાન સૂત્રધાર

# સુણાવ નિવાસી હાલ અમદાવાદ શ્રેષ્ઠીવર્ય સુશ્રાવક ધર્મપ્રેમી શ્રી નવનીતભાઈ સી. પટેલ

જિનેશ્વર ભગવંતોના કેવળ જ્ઞાનનું નવનીત એટલે ૩૨ આગમ . આવા આગમરૂપી નવનીતના અજોડ ઉપાસક - સાધક એટલે શ્રી નવનીતભાઈ સી. પટેલ.

સર્વ પ્રકારના દુઃખો થી મુક્ત થવાનો ઉપાય એક માત્ર આત્મજ્ઞાન છે. આવી જેની હૃદયની શ્રદ્ધા છે એવા શ્રી નવનીતભાઈ શાસનની બેનમુન સેવા કરી રહ્યા છે. નવનીતભાઈ શિબિરો, પુસ્તક પ્રકાશન, ઉપાશ્રય નિર્માણ વગેરે ઘણા કાર્યોમાં સહયોગી બનેલા છે. અનેક ધાર્મિક સંસ્થાઓના તેઓશ્રી ટ્રસ્ટી, માનદ્ સલાહકાર છે. જિનેશ્વર ભગવંતનું સમ્યક્ જ્ઞાન ઘેર ઘેર પહોંચતું થાય, સર્વ જીવો શાસન રસિક બને, ભવ્ય જીવ, ભગવંતે બતાવેલ પરભાવથી પાછા હટી સ્વભાવમાં સ્થિર થવા રૂપ પ્રતિક્રમણ કરે એવી ખેવના ધરાવતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવનીત ભાઈનો આગમ પ્રેમ પ્રશંસનીય, અનુકરણીય છે. તેઓને મળેલી લક્ષ્મીનો ઉપયોગ ભોગ વિલાસમાં નહિ કરતા, શાસન સેવાના કામમાં કરેલ છે. સર્વ જીવોને કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી મળે, તે માટેનું જ્ઞાન પ્રાપ્ત કરે, પુરુષાર્થ કરે, ભગવંતે બતાવેલ આવશ્યક સૂત્રના ભાવો વ્યવહારથી, નિશ્ચયથી જાણી પોતાના જીવનમાં આત્મ સાક્ષીએ પાપથી પાછા હટવા રૂપ સાચુ પ્રતિક્રમણ કરે, તે માટે જ્ઞાન પ્રસારના કાર્યમાં તેમણે ઉદારતાથી સહયોગ આપેલ છે. સ્થાનકવાસી સમાજ પર તેમનો ઘણો ઉપકાર રહેલ છે. તેમના દરેક ધાર્મિક કાર્યમાં તેમના ધર્મપત્નિ શ્રીમતી ઈન્દિરાબ્હેન તથા સુપુત્ર શ્રી ઋષભભાઈ આદિનો અમૂલ્ય ફાળો રહેલ છે. તેમજ પૂજ્ય પિતાશ્રી ચુનીભાઈ પટેલના આશીર્વાદ પણ ફળીભૂત થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમને વધુમાં વધુ શાસન સેવા કરવાની શક્તિ અને બળ આપે એ જ મંગલ ભાવના.

તેઓશ્રી તરફથી સુધર્મ પ્રચાર મંડળ પ્રકાશિત શ્રાવક સામા. પ્રતિક્રમણ સૂત્ર બુકમાં આર્થિક સહયોગ મળવા બદલ અંતઃકરણપૂર્વક તેમનો આભાર માનીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રુત જ્ઞાન અનુરાગી

# લીંબડી નિવાસી હાલ અમદાવાદ શ્રેષ્ઠીવર્ય સુશ્રાવક ધર્મપ્રેમી શ્રી ભરતભાઈ એસ. શેઠ

શ્રી ભરતભાઈ શાંતીભાઈ શેઠ કે જેઓની રાજનગર શહેરના પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી વર્યમાં ગણના થાય છે. જેઓની જીભ કરતા જીવન બોલે છે. તેવા શ્રી ભરતભાઈ પોતાના બળ-બુદ્ધિથી આગળ આવેલ છે. જેમ સુવર્ણ અગ્નિમાં વધુ તપે તેમ વધુ ચકચકિત બને, તેમ તેમને પ્રબળ પુરુષાર્થ દ્વારા પોતાના પ્રારબ્ધને તથા જીવનને સુવર્ણની જેમ ચકચકિત બનાવેલ છે. જેમનો એક ગુણ જ્યારે પણ જોઈએ ત્યારે પ્રત્યક્ષ પણે જોવા મળે કે નામમાં નહિ પરંતુ કામમાં જેમને રસ વધુ છે. તેમ જ ગુપ્તદાનના ખાસ હિમાયતી રહેલ છે. કોઈ પણ પ્રકારની પ્રશંસા કે બહુમાનની આશા વગર પ્રવૃત્તિ કરવી તેમજ નાના બાળકથી લઈને મોટી વ્યક્તિ સાથે પ્રેમથી, સરળતાના ગુણ સાથે વાતચીત કરવી તે પણ તેમની આગવી પ્રતિભાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓળખાણ છે. આજે પણ પોતાનું ધન જૈન સમાજ માટે ઉદાર હાથે વાપરી રહેલ છે. ધન વૃદ્ધિ સાથે ધર્મમાં પણ એટલી જ પ્રગતિ કરેલ છે. જીવન પણ એટલું જ સાદગીપૂર્ણ. તેઓ શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘના તથા ઘાટલોડિયા સ્થા. જૈન સંઘના માનનીય પ્રમુખશ્રી છે. તેઓ શ્રી આજે પણ તન-મન-ધનથી જિનશાસનની સેવા તથા પૂ. સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ અવિરતપણે કરી રહેલ છે. જે તેમનામાં રહેલા ઉચ્ચ સંસ્કારની નિશાની છે. જ્યારે જ્યારે જિનશાસનના કાર્યો માટે ધનની જરૂર પડી હોય ત્યારે ત્યારે ઉદાર હાથે પોતાનો ફાળો અવશ્ય નોંધાવેલ હોય. તેમનામાં રહેલ ધાર્મિક સંસ્કાર , સાદગી, જે વંશ પરંપરાગતથી ચાલ્યા આવે છે. જેઓશ્રી નાનજી ડુંગરશી શેઠ (લીંબડી) પરિવારના પનોતા પુત્ર છે. તેમના દરેક ધાર્મિક કાર્યમાં તેમના ધર્મપત્ની શ્રી પુષ્પાબ્હેનનો પણ ઘણો સહયોગ રહેલ છે.

તેઓશ્રી તરફથી સુધર્મ પ્રચાર મંડળ પ્રકાશિત શ્રાવક સામા. પ્રતિક્રમણ સૂત્ર બુકમાં આર્થિક સહયોગ મળવા બદલ અંતઃકરણપૂર્વક તેમનો આભાર માનીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુસ્તકનું નામ : શ્રાવક સામાયિક-પ્રતિક્રમણ સૂત્ર

•

ટાઈપ સેટીંગ :

**સનશાઈન ફોટો પ્રિન્ટ પ્રા. લિ.**

૨૫૪, સર્વોદય કો. સેન્ટર, જી.પી.ઓ. પાસે, સલાપસ રોડ,

અમદાવાદ - ૩૮૦૦૦૧ ફોન : ૫૫૦૪૯૫૬

•

મુદ્રક :

**શિવકૃપા ઓફસેટ**

૨૮, અમૃત એસ્ટેટ, દુધેશ્વર રોડ, અમદાવાદ. ફોન : ૫૬૨૩૮૨૮

•

પ્રકાશક :

**સુધર્મ પ્રચાર મંડળ (ગુજરાત શાખા) અમદાવાદ**

•

ત્રીજી આવૃત્તિ : ૫૦૦૦ નકલ ✦ પ્રકાશન સ્મૃતિ : ૧-૭-૯૯

પ્રાપ્તિ સ્થાન :

**(૧) જશવંતલાલ એસ. શાહ**

બાયોકેમ ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ

એદુન બીલ્ડીંગ, ૧ ધોબી તળાવ, મુંબઈ - ૪૦૦૦૦૨

(ફોન : ૨૦૮૫૫૩૪, ૨૦૮૫૪૩૦ ઘર : ૪૦૧૫૯૪૭)

**(૨) ભદ્રેશ ડી. શાહ**

C/o. સ્થાનકવાસી જૈન સંઘ

નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન : ૬૪૪૮૬૧૯

**(૩) જૈન ઉપકરણ ભંડાર**

૧૬, પ્રકાશ પાર્ક સોસાયટી, કૉમર્સ છ રસ્તા પાસે, નવરંગપુરા,

અમદાવાદ - ૩૮૦૦૦૯ ફોન : ૬૫૬૫૪૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રાવક સામાયિક સૂત્ર

## સામાયિકની વ્યાખ્યા

जस्स सामाणिओ अप्पा, संजमे नियमे तवे ।
तस्स सामाइयं होइ, इइ केवलि भासियं ॥ १ ॥
जो समो सव्व भूएसु, तसेसु थावरेसु य ।
तस्स सामाइयं होइ, इइ केवलि भासियं ॥ २ ॥

જેનો આત્મા સંયમમાં, નિયમમાં તથા તપમાં લીન છે. ખરેખર તેનું 'સામાયિકવ્રત' સાચું છે. એવું કેવલજ્ઞાનીઓએ કહ્યું છે.

જે ત્રસ અને સ્થાવર, બધાં પ્રાણીઓ ઉપર સમભાવ રાખે છે. ખરેખર તેનું 'સામાયિકવ્રત' સાચું છે. એવું કેવલજ્ઞાનીઓએ કહ્યું છે.

सामाइयं नाम -

"सावज्ज - जोग - परिवज्जणं,
निरवज्ज - जोग - पडिसेवणं च । "

સાવદ્ય યોગોનો ત્યાગ કરવો અને નિરવદ્ય યોગોમાં પ્રવૃત્તિ કરવી. તેનું નામ છે - **સામાયિક**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉચ્ચાર શુદ્ધિ દર્શન....

(સામાયિક-સૂત્રના પાઠોમાં પ્રાયઃ જે જે શબ્દોનો અશુદ્ધ ઉચ્ચાર થાય છે, તે સંબંધી તથા અન્ય પણ ઉચ્ચાર શુદ્ધિ અંગેનું માર્ગદર્શન અહીં રજૂ કરેલ છે. સૌ કોઈ પ્રથમથી જ શુદ્ધ ઉચ્ચાર કરતા થાય અને જ્ઞાનના અતિચારોથી પણ બચી શકાય. તે માટે પ્રસ્તુત પ્રયાસ કરવામાં આવેલ છે.)

## ઉચ્ચાર શુદ્ધિ અંગેના સૂચનો

## પાઠ : પહેલો : નમસ્કાર - સૂત્ર

(૧) ચોથા 'નમો ઉવજ્ઝાયાણં' પદમાં ''જ્ઝા અક્ષર બોલતી વખતે ઝભલાના 'ઝ' નો ઉચ્ચાર કરવો.

(૨) 'નમો લોએ સવ્વસાહૂણં'માં 'હૂ' માં 'ઊ' દીર્ઘ છે. તેથી તેનો ઉચ્ચાર 'ઊ' એમ લંબાવીને કરવો.

(૩) જોડાક્ષરોને બોલતી વખતે હંમેશા એ ધ્યાન રાખવું કે - તે જ જોડાક્ષર ઉપર ભાર ન આપતાં, એની પહેલાંના અક્ષર ઉપર ભાર આપવો. દા.ત. 'સવ્વ' આમાં 'વ્વ' ઉપર ભાર ન આપવો. પણ 'સ' ઉપર આપવો.

| અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- |
| નમ્મો આરિયાણં | નમો આયરિયાણં |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ : બીજો : ગુરુવંદન - સૂત્ર

| | |
|---|---|
| આયાણં-આયાહિણં | દેવીયં-દેવયં |
| પયાણં-પયાહિણં | ચેવીયં-ચેઈયં |
| કલ્યાણં-કલ્લાણં | પજ્જવાસામિ-પજ્જુવાસામિ |

(૧) 'મત્થએણ' શબ્દમાં ત્રણ એકાક્ષર અને એક જોડાક્ષર મળીને ચાર અક્ષર છે, તે ચારે ય અક્ષર સ્પષ્ટ બોલાવા જોઈએ. કેટલાક આ પદને 'મથેણ' વંદામિ આ પ્રમાણે કરાતો ત્રણ અક્ષરવાળો ઉચ્ચાર બરાબર નથી.

વળી જ્યારે 'મત્થએણ વંદામિ' પદો બોલાય ત્યારે મસ્તક નમવું જ જોઈએ. કેમ કે 'મસ્તક વડે વંદન કરું છું' - એમ કહેવામાં આવે છે.

# પાઠ : ત્રીજો : આલોચના-ઈર્યાપથિક-સૂત્ર

(૧) 'પાણક્કમણે' વગેરે ત્રણ પદોમાં જોડાક્ષર 'ક્ક' છે. તેથી તેની પહેલાનાં અક્ષર ઉપર બોલતી વખતે ભાર આપવો.

(૨) 'પણગ-દગ' એમ ન બોલતાં 'પણગ-દગમટ્ટી' બોલવું જોઈએ. કેમ કે '-દગ-મટ્ટી' બંને સંબંધિત પદો હોવાથી સાથે બોલાવું જોઈએ.

(૩) એ જ રીતે 'મટ્ટીમક્કડા' બોલ્યા પછી અટકીને 'સંતાણા-સંકમણે' એમ નબોલવું. પણ 'દગ-મટ્ટી' બોલીને જરાક અટકીને 'મક્કડા-સંતાણા' એક સાથે બોલી, પછી સહેજ અટકીને 'સંકમણે' બોલવું. જેથી એ પદ પહેલાંના ઓસા, ઉત્તિંગ વગેરે દરેક સાથે જોડાયેલું સમજાય.

(૪) 'ઠાણાઓ-ઠાણં સંકામિયા' ....સાથે બોલવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) 'જીવિયાઓ વવરોવિયા'... સાથે બોલવું.

(૬) 'તસ્સ' - બોલીને જરા અટકીને 'મિચ્છા મિ દુક્કડં' બોલવું. મિચ્છા મિ દુક્કડં' માં બે નહિ પણ ત્રણ પદો છે, 'દુક્કડં' માં 'ક' (જોડાક્ષર) છે.

| | |
|---|---|
| પડિક્કમિઉં-પડિક્કમિઉં | વતયા-વત્તિયા |
| એકેન્દ્રિયા-એગિંદિયા | લેસયા-લેસિયા |
| પંચેન્દ્રિયા-પંચિંદિયા | સઘાયા-સંઘાઈયા |
| અભયા-અભિહયા | ઉદુવિયા ઉદ્દવિયા |

## પાઠ : ચોથો : તસ્સ ઉત્તરી-સૂત્ર

(૧) 'ઉત્તરી'માં (ત્ત), 'પાયચ્છિત્ત' માં (ચ્છિ), 'વિસલ્લી' માં (લ્લી) 'કમ્માણં' માં (મ્મા) અને 'નિગ્ઘાયણટ્ઠા'એ (ગ્ઘા) અને (ટ્ઠા) આ બધાં જોડાક્ષરો છે. તેનાં શુદ્ધ ઉચ્ચાર માટે, તે તે અક્ષરોની પહેલાંના અક્ષર ઉપર ભાર મૂકવો.

'તસ્સ ઉત્તરી કરણેણં' વગેરે પદોમાં 'કરેણં' ન બોલવું.

(૨) 'અન્નત્થ' માં 'ન્ન' જોડાક્ષર છે - અનત્થ નથી.

(૩) 'ભમલીએ' પદમાં 'મ' એક છે. પણ જોડાક્ષર નથી. એટલા માટે 'ભમ્મલીએ' બોલવું નહિ.

(૪) 'સુહુમેહિં' પદનો બીજો અક્ષર 'હુ' છે, પણ 'હ' નથી. અને ચોથો-છેલ્લો અક્ષર 'હિં' છે. 'સુહમેહિં' અશુદ્ધ છે. 'સુહુમેહિં' શુદ્ધ છે.

(૫) 'અંગ સંચાલેહિં' વગેરે ત્રણ પદોમાં 'હિ' ઉપર (હિં) મીંડું છે. તેનો ઉચ્ચાર બરાબર કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) એવી જ રીતે ''એવમાઈ એહિં આગારેહિં'' પદમાં બંને 'હિ' ઉપર (હિં) મીંડું છે. તેમજ 'એવમાઈ આગારેહિં' ન બોલતાં 'એવમાઈ એહિં આગારેહિં' બોલવું.

(૭) 'જાવ' પદ બોલીને જરાક અટકવું, પછી અરિહંતાણંથી 'તાવ' સુધીનો પાઠ સાથે બોલવો, અને વળી જરાક અટકીને, પછી 'કાયં' વગેરે પૂરો પાઠ બોલવો.

(૮)'પિત્ત મુચ્છાએ' - પિત્તના પ્રકોપ વડે મૂર્ચ્છા આવવાથી - બેભાન થવાથી. આ એક જ 'આગાર' છે. પિત્ત અને મૂર્ચ્છા એમ બે નથી, તે ધ્યાનમાં રાખવું.

પ્રાયશ્ચિત-પાયચ્છિત્ત તાવ, કાય,-તાવ, કાયં
ખાસસિએણં-ખાસિએણં માણેણં-મોણેણં
ઉડુએણં-ઉડ્ડુએણં વોસરામિ-વોસિરામિ

## પાઠ : પાંચમો : લોગસ્સ-સૂત્ર

(૧) બીજી, ત્રીજી અને ચોથી ગાથામાં ઘણાં મીંડાંઓ (અનુસ્વાર) છે. તે બધાં બરાબર બોલવા.

(૨) પદ્મપ્રભ અને ચંદ્રપ્રભસ્વામી એ જ સાચા નામો છે. ઘણાં પદ્મપ્રભુ, ચંદ્રપ્રભુ બોલે છે, લખે છે તે ખોટું છે.

(૩) વર્તમાન અવસર્પિણીકાળના ભરતક્ષેત્રના ૨૪ તીર્થંકરોના નામો જણાવેલ છે. તેમાં માત્ર નવમાં સુવિધિનાથ સ્વામીના બે નામો છે. (સુવિહિં ચ પુપ્ફદંતં), સુવિધિનાથ અથવા પુષ્પદંત. એનું કારણ ગાથામાં આઠ નામો ગોઠવાઈ રહે - ગાથાની પૂર્તિ થઈ જાય તે છે.

(૪) બીજી, ત્રીજી અને ચોથી ગાથામાં અગિયાર વખત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ચ' આવે છે, તેમાં એક જ 'ચ' (સુવિહિં 'ચ' પુષ્પદંતં-અહીંના 'ચ' નો અર્થ 'અથવા' થાય છે; બાકીના બધાં 'ચ' નો અર્થ 'અને' થાય છે.

| | |
|---|---|
| ઉજ્જોગરે-ઉજ્જોયગરે | અભિથુવા-અભિથુઆ |
| ધમતિત્થયરે-ધમ્મતિત્થયરે | વિહુયરયમલ્લા-વિહુયરયમલા |
| કિતઈસં-કિત્તઈસ્સં | સિધા સિધિં-સિદ્ધા સિદ્ધિં |

## પાઠ : છટ્ઠો : કરેમિભંતે ! પ્રતિજ્ઞા-સૂત્ર

(૧) બંને 'ભંતે !' પદો સંબોધનરૂપ છે. તેથી આપણે કોઈને બૂમ પાડીને બોલાવતા હોઈએ, તે માટે લહેકાથી આ બે પદોને પાછળથી (ભંતે શબ્દમાં 'તે' નો એ) લંબાવીને (પ્લુતમાં) બોલવા.

(૨) સાવજ્જં પચ્ચકખામિ, તસ્સ પડિક્કમામિ અપ્પાણં વગેરે પદોમાં બેવડા અક્ષરો છે. માટે તેની પૂર્વના અક્ષર ઉપર ભાર આપીને બોલવા, તેમાંય ખાસ કરીને 'પચ્ચક્ખામિ' પદમાં બે વાર સંયુક્ત અક્ષરો છે. તેનો ખ્યાલ રાખવો.

જાવ નિયમ-જાવ નિયમં બે ઘડી ઉપરાંત

દુવિહેણ-દુવિહં

ન કરેમિ-ન કારવેમિ

## પાઠ : સાતમો : શક્રસ્તવ-નમોત્થુણં સૂત્ર

(૧) કેટલાક વ્યાકરણની દ્રષ્ટિએ 'નમુત્થુણં' ના સ્થાને 'નમોત્થુણં' પાઠ શુદ્ધ કહે છે.

| | |
|---|---|
| ધમ્મદેસિયાણં-ધમ્મ દેસયાણં | મલય-મયલ |
| પઈક્કા-પઈક્કાણં | બોહિયાણં-બોહયાણં |

**ઉચ્ચાર શુદ્ધિ દર્શન સમાપ્ત.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

# શ્રાવક સામાયિક સૂત્ર

## (અર્થ અને પ્રશ્નોત્તર સહિત)

## પાઠ : પહેલો નમસ્કાર - સૂત્ર

**નમો અરિહંતાણ** * - અરિહંત ભગવંતોને નમસ્કાર હો.
**નમો સિદ્ધાણં**-સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો.
**નમો આયરિયાણં**-આચાર્ય ભગવંતોને નમસ્કાર હો.
**નમો ઉવજ્ઝાયાણં**-ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર હો.
**નમો લોએ સવ્વસાહૂણં**-લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર હો.

## પાઠ બીજો ગુરુવંદન - સૂત્ર

**તિક્ખુત્તો**-ત્રણવાર
**આયાહિણં**-જમણી તરફથી શરૂ કરીને
**પયાહિણં**-(જમણી તરફ વળતી) પ્રદક્ષિણા કરીને,
**વંદામિ**-સ્તુતિ અથવા વંદન કરું છું.
**નમંસામિ**-પંચાંગ નમાવીને નમસ્કાર કરું છું.
**સક્કારેમિ**-સત્કાર કરું છું.
**સમ્માણેમિ**-સન્માન આપું છું.
**કલ્લાણં**-હે ગુરુદેવ ! આપ કલ્યાણરૂપ છો,
**મંગલં**-મંગલરૂપ છો.
**દેવયં**-ધર્મદેવરૂપ છો.

---

* ''અરહંતાણં'' શબ્દ નો પ્રયોગ આગમોમાં અનેક જગાએ જોવા મળે છે. 'અરહંતાણં'' શબ્દ પ્રયોગ પણ ઉચિત જણાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચેઈયં**-જ્ઞાનવંત અથવા સુપ્રશસ્ત મનમાં હેતુરૂપ છો.
**પજ્જુવાસામિ.*** -(હું) આપની મન, વચન, કાયાએ કરી
પર્યુપાસના = સેવા ઉપાસના કરું છું.

## પાઠ ત્રીજો આલોચના-સૂત્ર

**ઈચ્છામિ**-ઈચ્છું છું.
**પડિક્કમિઉં.**-પ્રતિક્રમણ કરવાને, નિવૃત્ત થવાને (કોનાથી ?)
**ઈરિયાવહિયાએ**-માર્ગમાં ચાલવાથી થવાવાળી,
**વિરાહણાએ** -વિરાધનાથી, હિંસાથી;
(વિરાધના કયા જીવોની અને કેવી રીતે ?)
**ગમણાગમણે.**-રસ્તામાં જતાં-આવતાં,
**પાણક્કમણે**-પ્રાણીઓ (વિકલેન્દ્રિય)ને કચર્યા હોય,
**બીયક્કમણે**-(સચિત્ત) બીજોને કચર્યા હોય,
**હરિયક્કમણે**-લીલી વનસ્પતિને કચરી હોય,
**ઓસા**-ઝાકળ, ઓસ, ઠાર;
**ઉત્તિંગ**-કીડિયારાં વગેરે જીવોનાં દર,
**પણગ**-પંચવર્ણી, લીલફૂગ-સેવાળ,
**દગ**-સચિત્ત પાણી,
**મટ્ટી**-સચિત્ત મૃત્તિકા-માટી,
**મક્કડા**-કરોળિયાના પડ,
**સંતાણા**-કરોળીયાના જાળા.
**સંકમણે.**-ચાંપતાં, ઉપર પગ મૂકવાથી,

---

* **''મત્થએણ વંદામિ''** મસ્તક નમાવીને વંદન કરૂં છું. આ શબ્દ કેટલાક સ્થળે 'તિક્ખુત્તો' ના પાઠની શરૂઆતમાં અથવા અંતમાં બોલાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (ઉપસંહાર)

**જે**-જે કોઈ
**મે**-મેં (મારા જીવે)
**જીવા**-જીવોની,
**વિરાહિયા**-વિરાધના કરી હોય, દુઃખ દીધું હોય,
(કયા જીવો ?)

**એગિંદિયા**- એક ઇન્દ્રિયવાળા જીવ-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. (કાયા)
**બેઈંદિયા**- બે ઇન્દ્રિયવાળા જીવ-પોરા, કરમિયાં, શંખ, છીપ, જળો, અળસિયાં વગેરે (કાયા અને જીભ)
**તેઈંદિયા**- ત્રણ ઇન્દ્રિયવાળા જીવ-કીડી, મકોડા, ઘનેડા, કંથવા, માંકડ, જૂ વગેરે (કાયા, જીભ અને નાક)
**ચઉરિંદિયા**- ચાર ઇન્દ્રિયવાળા જીવ-માખી, મચ્છર, ડાંસ, વીંછી, ભમરા વગેરે (કાયા, જીભ, નાક ને આંખ)
**પંચિંદિયા.**- પાંચ ઇન્દ્રિયવાળા જીવ-જલચર, સ્થલચર, ઉરપર, ભુજપર, ખેચર, તથા મનુષ્ય, દેવ, નારકી વગેરે (કાયા, જીભ, નાક, આંખ ને કાન)

## (હિંસા અને વિરાધનાના પ્રકારો)

**અભિહયા**-(૧) સામા આવતાં હણ્યાં હોય,
**વત્તિયા**-(૨) ધૂળ આદિથી ઢાંક્યા હોય,
**લેસિયા**-(૩) જમીન સાથે મસળ્યા હોય,
**સંઘાઈયા**-(૪) એકબીજાનાં શરીરને અથડાવ્યા હોય,
**સંઘટ્ટિયા**-(૫) સ્પર્શ કરી ખેદ પમાડ્યો હોય,
**પરિયાવિયા**-(૬) પરિતાપ=ચારે બાજુથી પીડા ઉપજાવી હોય,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કિલામિયા**-(૭) કિલામના=ગ્લાનિ ઉત્પન્ન કરી હોય, અધમૂઆ કર્યા હોય,

**ઉદ્દવિયા**-(૮) ધ્રાસ્કો પમાડ્યો હોય, ભયભીત કર્યા હોય,

**ઠાણાઓ**-(૯) એક સ્થાને (ઠેકાણે) થી,

**ઠાણં** બીજે સ્થાને (ઠેકાણે)

**સંકામિયા**- સંક્રમણ કર્યું હોય, રાખ્યા હોય,

**જીવિયાઓ**- (૧૦) જીવનથી જ

**વવરોવિયા**- રહિત કર્યા હોય, પૂરેપૂરા મારી જ નાંખ્યા હોય.

**તસ્સ**-તેનું

**મિચ્છા**-મિથ્યા (નિષ્ફળ) થાઓ.

**મિ**-મારું

**દુક્કડં**.-દુષ્કૃત-પાપ.

## પાઠ : ચોથો : તસ્સઉત્તરી - સૂત્ર

**તસ્સ**-તેને, (પાપયુક્ત આત્માને)

**ઉત્તરી-કરણેણં**-વિશેષ શ્રેષ્ઠ-ઉત્કૃષ્ટ બનાવવા માટે,

**પાયચ્છિત્ત-કરણેણં**-પ્રાયશ્ચિત્ત કરવા માટે,

**વિસોહી-કરણેણં**-વિશેષ શુદ્ધિ કરવા માટે,

**વિસલ્લી કરણેણં**-શલ્યોથી રહિત કરવા માટે,

**પાવાણં કમ્માણં**-પાપ (સંસાર નિબંધનરૂપ) કર્મોનો,

**નિગ્ઘાયણટ્ઠાએ**-મૂળથી નાશ કરવાને માટે,

**ઠામિ**-કરું છું.

**કાઉસ્સગ્ગં**.-કાયોત્સર્ગ=શરીરના વ્યાપારોનો ત્યાગ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આગાર-સૂત્ર

**અન્નત્થ**-અન્યત્ર, નીચે બતાવેલાં આગારો (છૂટો) સિવાય
**ઊસસિએણં**-ઉચ્છ્વાસ=ઊંચો શ્વાસ લેવાથી, (૧)
**નીસસિએણં**-નિઃશ્વાસ=નીચો શ્વાસ મૂકવાથી; (૨)
**ખાસિએણં**-ખાંસી-ઉધરસ આવવાથી, (૩)
**છીએણં**-છીંક આવવાથી, (૪)
**જંભાઈએણં**-બગાસું આવવાથી, (૫)
**ઉડ્ડુએણં**-ઓડકાર આવવાથી, (૬)
**વાયનિસગ્ગેણં**-અધો વાયુ નીકળવાથી, (૭)
**ભમલીએ**-ચક્કર, ફેર આવવાથી, (૮)
**પિત્તમુચ્છાએ.**-પિત્તના પ્રકોપથી મૂર્છા આવવાથી, (૯)
**સુહુમેહિં** - સૂક્ષ્મપણે-જરા
**અંગ સંચાલેહિં** - શરીરના સંચરવાથી-હલવાથી, (૧૦)
**સુહુમેહિં** - સૂક્ષ્મપણે-જરા
**ખેલ સંચાલેહિં** - કફ, થૂંક વગેરે ગળવા વડે થતાં સંચારથી, (૧૧)
**સુહુમેહિં** - સૂક્ષ્મપણે-જરા
**દિટ્ઠિ સંચાલેહિં** - દ્રષ્ટિના સંચારથી-પટપટવાથી, (૧૨)
**એવમાઈએહિં** - ઇત્યાદિ, (એવા બીજા પણ)
**આગારેહિં** - આગારોથી, છૂટોથી,
**અભગ્ગો** - અભગ્ગ=ભાંગે નહિ,
**અવિરાહિઓ**-વિરાધના રહિત, અખંડિત,
**હુજ્જ**-હજો,
**મે**-મારો
**કાઉસ્સગ્ગો.**-કાયોત્સર્ગ, (ક્યાં સુધી ?)
**જાવ**-જ્યાં સુધી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અરિહંતાણં**-અરિહંત
**ભગવંતાણં**-ભગવંતોને,
**નમોક્કારેણં** - નમસ્કાર કરીને,
(પ્રગટપણે ''નમો અરિહંતાણં'' બોલીને)
**ન પારેમિ.** - ન પાળું (કાયોત્સર્ગ પૂરો ન કરું)
**તાવ**-ત્યાં સુધી (હું)
**કાયં**-કાયા-શરીરને,
**ઠાણેણં**-(એક સ્થાને) સ્થિર રહીને,
**મોણેણં**-વચન દ્વારા મૌન રહીને,
**ઝાણેણં**-શુભ-ધ્યાનમાં ચિત્તની એકાગ્રતા કરીને,
**અપ્પાણં**-આત્માને અર્થાત્ ચંચલ એવી મારી કાયાને,
**વોસિરામિ**-અલગ કરું છું, વોસિરાવું છું; ત્યાગું છું.

## પાઠ : પાંચમો ચતુર્વિંશતિ સ્તવ-સૂત્ર

(अनुष्टुप् छंद)

લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિત્થયરે જિણે;.
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. (૧)

(आर्या छंद)

ઉસભમજિયં ચ વંદે, સંભવ મભિનંદણં ચ સુમઈ ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. (૨)
સુવિહિં ચ પુપ્ફદંતં, સીયલ-સિજ્જંસ-વાસુપુજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. (૩)
કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. (૪)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવંમએ અભિથુઆ, વિહુયરય-મલા પહીણ જર મરણાઃ,
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ, (૫)
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગ્ગસ ઉત્તમા સિદ્ધા;
આરુગ્ગ બોહિલાભં, સમાહિ વર મુત્તમં દિંતુ. (૬)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગર વર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (૭)

## લોગસ્સ સૂત્ર-શબ્દાર્થ

**લોગસ્સ**-સંપૂર્ણ લોકમાં-જગતમાં,
**ઉજ્જોયગરે**-ઉદ્યોત=જ્ઞાનરૂપી પ્રકાશના કરનારા,
**ધમ્મતિત્થયરે**-ધર્મરૂપ તીર્થની સ્થાપના કરનારા,
**જિણે**-રાગ-દ્વેષના વિજેતા-જિનેશ્વર,
**અરિહંતે**-કર્મરૂપી શત્રુને હણનાર-અરિહંત
**કિત્તઈસ્સં**-નામ લઈને કીર્તન=સ્તુતિ કરીશ
**ચઉવીસંપિ**-ચોવીશે ય, (તથા અન્ય પણ)
**કેવલી**-કેવલજ્ઞાની તીર્થંકરોની,
**ઉસભ**-શ્રી ૠષભદેવસ્વામી (આદિનાથ)ને, (૧)
**મજિયં ચ** - અને શ્રી અજિતનાથસ્વામીને, (૨)
**વંદે**-વંદન કરૂં છું,
**સંભવ**-શ્રી સંભવનાથસ્વામીને, (૩)
**મભિનંદણં ચ**-અને શ્રી અભિનંદનસ્વામીને (૪)
**સુમઈં ચ**-અને શ્રી સુમતિનાથસ્વામીને, (૫)
**પઉમપ્પહં**-શ્રી પદ્મપ્રભસ્વામીને, (૬)
**સુપાસં**-શ્રી સુપાર્શ્વનાથસ્વામીને, (૭)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જિણં ચ ચંદપ્પહં**-અને શ્રી ચંદ્રપ્રભજિનને (૮)
**વંદે**-વંદન કરું છું.
**સુવિહિં ચ** - અને શ્રી સુવિધિનાથસ્વામી અથવા જેનું
**પુપ્ફદંતં** - બીજું નામ શ્રી પુષ્પદંતપ્રભુ છે તેમને, (૯)
**સીયલ** - શ્રી શીતલનાથસ્વામીને, (૧૦)
**સિજ્જંસ** - શ્રી શ્રેયાંસનાથસ્વામીને, (૧૧)
**વાસુપુજ્જં ચ** - અને શ્રી વાસુપૂજ્યસ્વામીને, (૧૨)
**વિમલ** - શ્રી વિમલનાથ સ્વામીને, (૧૩)
**મણંતં ચ જિણં**-અને શ્રી અનંતનાથ જિનને, (૧૪)
**ધમ્મં**-શ્રી ધર્મનાથસ્વામીને, (૧૫)
**સંતિં ચ**-અને શ્રી શાંતિનાથસ્વામીને, (૧૬)
**વંદામિ**-વંદન કરું છું,
**કુંથું**-શ્રી કુંથુનાથસ્વામીને, (૧૭)
**અરં ચ**-અને શ્રી અરનાથસ્વામીને, (૧૮)
**મલ્લિં**-શ્રી મલ્લિનાથસ્વામીને, (૧૯)
**વંદે**-વંદન કરું છું,
**મુણિસુવ્વયં**-શ્રી મુનિસુવ્રતસ્વામીને, (૨૦)
**નમિજિણં ચ**-અને શ્રી નમિનાથ જિનને (૨૧)
**વંદામિ**-વંદન કરું છું.
**રિટ્ઠનેમિં**-શ્રી અરિષ્ટનેમિ (નેમિનાથ) સ્વામીને, (૨૨)
**પાસં**-શ્રી પાર્શ્વનાથસ્વામીને, (૨૩)
**તહ**-તથા,
**વદ્ધમાણં ચ**-શ્રી વર્ધમાન-મહાવીર સ્વામીને અને (૨૪)
**એવં**-આ રીતે,
**મએ**-મારા વડે
**અભિથુઆ**-સ્તુતિ કરાયેલા (તીર્થંકરો કેવા છે ?)
**વિહુય-રય-મલા**-કર્મરૂપી રજ (ધૂળ) અને મેલથી રહિત,
**પહીણ જર-મરણા**-જરા (ઘડપણ) અને મરણથી મુક્ત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચઉવીસં પિ-આવા ચોવીશેય, (તથા અન્ય પણ)
જિણવરા-જિનેશ્વરદેવ
તિત્થયરા-તીર્થની સ્થાપના કરનારા-તીર્થંકર ભગવંતો
મે-મારા ઉપર
પસીયંતુ-પ્રસન્ન થાઓ.
કિત્તિય-વાણીથી સ્તુતિ કરાયેલા,
વંદિય-મસ્તકથી વંદિત,
મહિયા-ઈંદ્રાદિથી વિશેષ રીતે પૂજાએલા
જે-જે
એ-આ
લોગસ્સ-અખિલ લોક=સંસારમાં
ઉત્તમા-સૌથી ઉત્તમ-શ્રેષ્ઠ
સિદ્ધા-તીર્થંકર સિદ્ધ ભગવાનો છે, તે
આરુગ્ગ-આરોગ્ય=આત્મિકશાંતિ અને
બોહિલાભં-બોધિ-સમ્યગ્ ધર્મનો લાભ
સમાહિવર મુત્તમં-સર્વોત્કૃષ્ટ શ્રેષ્ઠ ભાવસમાધિ,
દિંતુ-આપો.
ચંદેસુ-ચંદ્રમાઓથી પણ,
નિમ્મલયરા-વિશેષ નિર્મલ,
આઈચ્ચેસુ અહિયં-સૂર્યોથી પણ અધિક
પયાસયરા-પ્રકાશના કરનારા,
સાગરવર ગંભીરા-સ્વયંભૂરમણ સમુદ્રથી પણ વધારે ગંભીર,
સિદ્ધા-તીર્થંકર, સિદ્ધ ભગવંતો,
સિદ્ધિં-સિદ્ધિં (મોક્ષ)
મમ-મને
દિસંતુ.-બતાવો. (આપો)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ : છઠ્ઠો : પ્રતિજ્ઞા-સૂત્ર

*** ('દ્રવ્ય થકી સાવજ્જ જોગ સેવવાનાં પચ્ચક્ખાણ')** - કાયાથી પાપકારી વ્યાપાર-પ્રવૃત્તિનો પરિત્યાગ કરું છું.
**ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે** - આખા લોકના પ્રમાણમાં.
**કાળ થકી બે ઘડી ઉપરાંત ન પાળુ ત્યાં સુધી** - તેનો સમય કેટલો ? બે ઘડી = ૪૮ મિનિટ. ઉપરાંત મારી ઈચ્છા પર્યંત.
**ભાવ થકી છ કોટિએ પચ્ચક્ખાણ** - મારા શુદ્ધ અંતઃકરણ વડે છ પ્રકારે પાપના યોગોને ત્યાગું છું.)

**કરેમિ**-કરું છું.
**ભંતે !**-હે પૂજ્ય ! (આપની સાક્ષીથી હું)
**સામાઈયં** - સામાયિક (કેવી સામાયિક)
**સાવજ્જં**-સાવદ્ય (સ+અવદ્ય= પાપ સહિત)
**જોગં**-વ્યાપારોનો
**પચ્ચક્ખામિ.**-પરિત્યાગ કરું છું. (ક્યાં સુધી ?)
**જાવ**-જ્યાં સુધી,
**નિયમં**-મારા (ધારેલા) નિયમની,
**પજ્જુવાસામિ**-ઉપાસના કરું છું, પાલના કરું છું, (ત્યાં સુધી)
**દુવિહં**-બે કરણને (આગળ બે કરણ અને ત્રણ યોગ બતાવે છે.)
**તિવિહેણં**-ત્રણ યોગથી
**ન કરેમિ**-સાવદ્ય વ્યાપાર કરું નહિ, (આ બે કરણ કહેવાય છે.)
**ન કારવેમિ**-બીજા પાસે કરાવું નહિ,

---

* (' ') કૌંસમાં આપેલ પાઠ સામાયિક વ્રતની વિશેષ સમજણ માટે આચાર્યોએ રચેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મણસા**-મનથી (આ ત્રણ પ્રકારના યોગ છે. બે કરણને
**વયસા**-વચનથી ત્રણ યોગથી ગુણતાં 'છ કોટિ' એ
**કાયસા**.- કાયાથી પ્રત્યાખ્યાન થયા.)
**તસ્સ**-ભૂતકાળમાં જે કાંઈ પાપ-કર્મો કરેલા હોય તેનું;
**ભંતે**- ! હે પૂજ્ય ! (ગુરુદેવ !)
**પડિક્કમામિ**-પ્રતિક્રમણ કરું છું.
**નિંદામિ**-આત્મ-સાક્ષીએ નિંદા કરું છું.
**ગરિહામિ**-ગુરુ-સાક્ષીએ ગર્હા કરું છું.
**અપ્પાણં**-મારા આત્માને તે પાપ-વ્યાપારથી
**વોસિરામિ**.-વોસિરાવું છું, દૂર રાખું છું.

# પાઠ : સાતમો : શક્રસ્તવ - સૂત્ર

## "નમોત્થુણં" ની વિધિ : -

(ડાબો ઢીંચણ ઊભો રાખી, જમણો ઢીંચણ પૃથ્વી પર સ્થાપીને, બે હાથ જોડી, મસ્તકે હસ્તાંજલિ અડાડીને ભાવવિભોર થઈને ગુણગ્રામ કરવા.)

**પહેલું નમોત્થુણં શ્રી સિદ્ધ ભગવંતોને કરું છું.....**
**નમોત્થુણં**-નમસ્કાર હો ('ણં' વાક્યના અલંકારાર્થે છે)
**અરિહંતાણં** - અરિહંત-
**ભગવંતાણં**. - ભગવંતોને. (ભગવંતો કેવા છે ?)
**આઈગરાણં**-શ્રુતધર્મની આદિ કરનારા, (પ્રથમ સ્થાપકો)
**તિત્થયરાણં**-ધર્મતીર્થ=ચતુર્વિધસંઘની સ્થાપના કરનારા,
**સયં-સંબુદ્ધાણં**.-પોતાની મેળે જ સમ્યગ્બોધને પામેલા,
**પુરિસુત્તમાણં**-પુરુષોમાં ઉત્તમ-શ્રેષ્ઠ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પુરિસસિહાણં**-પુરુષોમાં સિંહ સમાન,
**પુરિસવર પુંડરિયાણં**-પુરુષોમાં શ્રેષ્ઠ કમળ સમાન,
**પુરિસવર ગંધહત્થીણં.**-પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન.
**લોગુત્તમાણં**-લોકમા ઉત્તમ,
**લોગનાહાણં**-લોકના નાથ,
**લોગહિયાણં**-લોકના હિત કરનારા,
**લોગપઈવાણં**-લોકમાં દીપક સમાન,
**લોગપજ્જોયગરાણં**-લોકમાં જ્ઞાનનો પ્રકાશ કરનારા,
**અભયદયાણં**-અભયદાનના દેનારા,
**ચક્ખુદયાણં**-શ્રુત-જ્ઞાનરૂપી ચક્ષુના દેનારા,
**મગ્ગદયાણં**-ધર્મ માર્ગના દેનારા-દેખાડનારા,
**સરણદયાણં**-સર્વ જીવોને શરણ દેનારા,
**જીવદયાણં**-સંયમરૂપી જીવનના દેનારા,
**બોહિદયાણં**-બોધિ=સમ્યક્ત્વના દેનારા,
**ધમ્મદયાણં**-ચારિત્ર ધર્મનું દાન કરનારા,
**ધમ્મદેસયાણં**-ધર્મના શુદ્ધ સ્વરૂપનો ઉપદેશ આપનારા,
**ધમ્મનાયગાણં**-ધર્મ-સંઘ અને તીર્થના નાયકો,
**ધમ્મસ:ારહીણં** - ધર્મરૂપી રથના સારથીઓ - સંચાલકો,
**ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં**- ધર્મના સર્વથી શ્રેષ્ઠ, ચારે ગતિનો અંત કરવાવાળા, પ્રધાન ધર્મ-ચક્રવર્તી,
**દીવોત્તાણં**- સંસાર સમુદ્રમાં ડૂબતાં જીવોને દ્વીપ-બેટ સમાન,; રક્ષણ કરનારા,
**શરણ ગઈ પઈટ્ઠાણં** - ચાર ગતિમાં ઘસી પડતાં જીવોને શરણરૂપ, ગતિ=આશ્રયરૂપ, આધારભૂત,
**અપ્પડિહય-વરનાણ** - અપ્રતિહત-કોઈ પણ પદાર્થોથી હણાય નહિ. વિસંવાદ રહિત,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દંસણધરાણં-** એવા શ્રેષ્ઠ કેવળજ્ઞાન-કેવળદર્શનને ધારણ કરનારા,
**વિયટ્ટ છઉમાણં**-છદ્મ અર્થાત્ ઘાતીકર્મથી રહિત,
**જિણાણં**-પોતે રાગ-દ્વેષને જિતનારા;
**જાવયાણં**-બીજાને રાગ-દ્વેષના જિતાવનારા,
**તિન્નાણં**-પોતે સંસાર સાગરથી તરી ગયેલા,
**તારયાણં**- બીજાને સંસાર સાગરથી તારનારા,
**બુદ્ધાણં** - પોતે જીવાદિ તત્ત્વોનો બોધ પામેલા,
**બોહયાણં**-બીજાને જીવાદિ તત્ત્વોનો બોધ પમાડનારા,
**મુત્તાણં**-પોતે કર્મોથી મુક્ત થયેલા,
**મોયગાણં**-બીજાને કર્મ-બંધનથી મુક્ત કરાવનારા,
**સવ્વન્નુણં**-સર્વજ્ઞ=લોકના સર્વ પદાર્થોને જાણનારા,
**સવ્વદરિસીણં**-સર્વદર્શી=સર્વ પદાર્થોને દેખનારા, તથ
સિવ-ઉપદ્રવ રહિત, કલ્યાણ સ્વરૂપ,
**મયલ**-અચલ=સ્થિર સ્વરૂપ
**મરુય**-અરુજ=રોગરહિત,
**મણંત**-અનંત=અંતરહિત,
**મક્ખય**-અક્ષય=ક્ષયરહિત
**મવ્વાબાહ**-અવ્યાબાધ=બાધા-પીડા રહિત,
**મપુણરાવિત્તિ**-અપુનરાવૃત્તિ=જ્યાંથી ફરી પાછું આવવું નથી.
અર્થાત્ જન્મ-મરણથી રહિત, (એવા)
**સિદ્ધિગઈ નામધેયં**-સિદ્ધિગતિ નામના, (મોક્ષ)
**ઠાણં સંપત્તાણં**-સ્થાન-પદને પામેલા,
**નમો જિણાણં**-જિનેશ્વર ભગવાનને નમસ્કાર હો,
**જિય ભયાણં.**-ભય માત્રનો વિજય કર્યો છે. (એવા)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બીજું નમોત્થુણં

**બીજું નમોત્થુણં શ્રી અરિહંતદેવોને કરું છું....**

નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં....સિદ્ધિ ગઈ નામધેયં (સુધી બોલવું પછી...)

**ઠાણં**-એ સ્થાનને (મોક્ષ)

**સંપાવિઉ-કામાણં**-પામવાના ઇચ્છુકોને,

# ત્રીજું નમોત્થુણં

ત્રીજું નમોત્થુણં મારા (તમારા) ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મોપદેશક, સમ્યક્ત્વરૂપી બોધિબીજનાં દાતાર, જિનશાસનના શણગાર એવી અનેક સર્વ શુભ ઉપમાએ કરી બિરાજમાન, જે જે સાધુ-સાધ્વીજીઓ વીતરાગદેવની આજ્ઞામાં જ્યાં જ્યાં વિચરતાં હશે, ત્યાં ત્યાં તેઓને મારી (તમારી) સમય સમયની વંદના હજો.

# પાઠ : આઠમો : સમાપ્તિ-સૂત્ર

## (૧)

**દ્રવ્ય થકી સાવજ્જ જોગ સેવવાનાં પચ્ચકખાણ,**
**ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે,**
**કાળ થકી બે ઘડી ઉપરાંત ન પાળુ ત્યાં સુધી,**
**ભાવ થકી છ કોટિએ પચ્ચકખાણ કર્યાં હતાં તે**
**પૂરા થયાં. તે પાળુ છું.**
**એવા નવમા સામાયિક વ્રતના** - અંગીકાર કરેલા સમભાવરૂપી સામાયિક નામના નવમા વ્રતના,

**પંચ અઈયારા**-પાંચ અતિચાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જાણિયવ્વા**-જાણવા યોગ્ય છે, પણ
**ન સમાયરિયવ્વા**-આચરણ કરવા યોગ્ય નથી.
**તં જહા**-તે અતિચાર આ પ્રકારે છે.
**તે આલોઉં**-તેની આલોચના કરું છું.
**મણ દુપ્પણિહાણે**-સામાયિકમાં મન માઠું પ્રવર્ત્તાવ્યું હોય, મનના દશ દોષ લગાવ્યા હોય.
**વય દુપ્પણિહાણે**-સામાયિકમાં વચન માઠું પ્રવર્ત્તાવ્યું હોય, વચનના દશ દોષ લગાવ્યા હોય.
**કાય દુપ્પણિહાણે**-કાયા માઠી રીતે પ્રવર્ત્તાવી હોય, કાયાના બાર દોષ લગાવ્યા હોય.
**સામાઈયસ્સ સઈ અકરણયા** - સામાયિકની સ્મૃતિ ન રાખવી. સામાયિક કરી છે કે નહિ તેનો પોતાને ખ્યાલ ન રહ્યો હોય.
**સામાઈયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયા** - અવ્યવસ્થિત - વેઠની જેમ, જેમ તેમ કરેલ હોય, સમય પૂરો થયાં પહેલા જ સામાયિક પાળી લીધેલ હોય.
**તસ્સ મિચ્છા મિ દુક્કડં**-તેનું મારું પાપ મિથ્યા થાઓ.

(૨)

**સામાઈયં**-સામાયિક
**સમ્મં**-સમ્યક્ પ્રકારે, ભલી રીતે
**કાએણં**-કાયા-શરીરથી
**ન ફાસિયં**-સ્પર્શ્યું ન હોય
**ન પાલિયં**-પાળ્યું ન હોય
**ન તીરિયં**-પાર ઉતાર્યું ન હોય
**ન કિટ્ટિયં**-કીર્તન કર્યું ન હોય
**ન સોહિયં**-શુદ્ધતા પૂર્વક કર્યું ન હોય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન આરાહિયં-આરાધના કરેલ ન હોય
આણાએ-વીતરાગદેવની આજ્ઞાનુસાર
અણુપાલિયં ન ભવઈ-પાલન કરેલ ન હોય તો
તસ્સ મિચ્છા મિ દુક્કડં-તેનું મારું પાપ મિથ્યા થાઓ.

(૩) સામાયિકમાં દશ મનના, દશ વચનના, બાર કાયાના : આ બત્રીશ દોષમાંથી કોઈ દોષ લાગ્યો હોય, તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

(૪) સામાયિકમાં સ્ત્રીકથા, (બહેનોએ 'પુરુષકથા' બોલવું.) ભત્તકથા, દેશકથા, રાજકથા : આ ચાર વિકથામાંથી કોઈ કથા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

(૫) સામાયિકમાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહ-સંજ્ઞા : આ ચાર સંજ્ઞામાંથી કોઈ સંજ્ઞાનું સેવન કર્યું હોય, તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

(૬) સામાયિકમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર જાણતાં-અજાણતાં, મન-વચન-કાયાએ કરી કોઈ દોષ લાગ્યો હોય, તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

(૭) સામાયિક વ્રત વિધિએ લીધું, વિધિએ પાળ્યું, વિધિએ કરતાં અવિધિએ થયું હોય, તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

(૮) સામાયિકમાં કાનો, માત્રા, મીંડુ, પદ, હ્રસ્વ દીર્ઘ, અક્ષર, ગાથા, સૂત્ર : ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અરિહંત, અનંત સિદ્ધ, કેવલી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

## સામાયિક ગ્રહણ કરવાની વિધિ

સૌથી પહેલા સ્થાન, આસન (પાથરણું), ગુચ્છો, મુહપત્તિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ તપાસી લેવા, ભૂમિનું ગુચ્છાથી યત્નાપૂર્વક પ્રમાર્જન કરી પાથરણું પાથરવું. પછી આસનથી જરા પાછળ અને પૂ. સાધુ-સાધ્વી અથવા ઈશાન કોણ તરફ મુખ રાખી, બન્ને હાથ જોડી ઊભા રહેવું. ત્યાર પછી **પાઠ ૧ થી ૪** સુધી બોલવા. પછી **પાઠ ૩** હોઠ, જીભ ન હલાવતાં થકાં મનમાં બોલવો. તથા **'તસ્સ મિ. દુક્કડં'** ને બદલે **"તસ્સ આલોઉ"** બોલવું. અને 'નમો અરિહંતાણં'' પ્રગટપણે બોલીને કાઉસ્સગ્ગ પાળવો. ત્યાર પછી **પાઠ** 'પ'મો બોલવો. પછી ગુરુદેવ (બિરાજતાં ન હોય તો સીમંધર સ્વામી)ને સવિધિ વંદના કરી **પાઠ** ૬ બોલવો. આ પાઠમાં જ્યાં 'કાળ થકી શબ્દ આવે ત્યાં જેટલી ઘડીનું સામાયિક વ્રત લેવાનું હોય. તેટલી ઘડી (૨, ૪, ૬) બોલવી. ત્યાર પછી આસન ઉપર બેસી ડાબો ઢીંચણ ઊભો રાખી **પાઠ ૭માં** બતાવ્યા પ્રમાણે ત્રણ ''નમોત્થુણં'' બોલવા.

## સામાયિક પારવાની વિધિ

સમતાભાવમાં ઝૂલીને સામાયિકનો સમય પૂરો થાય ત્યારે પાઠ **૧ થી પાઠ ૫** સુધીની વિધિ ઉપર પ્રમાણે કરવી. આજ્ઞા લેવાની હોતી નથી. તેથી **પાઠ** ૬ ને બદલે **પાઠ** ૮ બોલવો. પછી આસન ઉપર બેસી ત્રણ ''नमोत्थुणं'' બોલવા. અંતમાં ત્રણ વાર 'નમસ્કાર મંત્ર'નું સ્મરણ કરવું.

**॥ इइ सामाइयसुत्तं ॥**

[redacted] (गांधीनगर) पि ३८२००९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# प्रतिक्रमणनी व्याख्या

स्वस्थनाद् यत्परसथानं,
प्रमादस्य वशाद् गतः ।
तत्रैवक्रणं भूय;
प्रतिक्रमण - मुच्यते ॥ १ ॥

પ્રમાદવશ
શુભયોગથી ચ્યુત
થઈને મિથ્યાત્વ, અવ્રત,
પ્રમાદ, કષાય અને અશુભયોગમાં
ગયેલાં આત્માને ફરીથી
શુભયોગમાં લાવવો તેનું નામ -

# શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રતિક્રમણનો મહિમા

**पडिक्कमणेणं भंते ! जीवे किं जणयइ ?**

– પ્રશ્ન– હે ભગવન્ ! પ્રતિક્રમણ કરવાથી જીવને શું લાભ થાય છે ?

**पडिक्कमणेणं वयच्छिदाइं पिहेइ, पिहियवयच्छिदे पुण जीवे निरूद्धासवे असबल-चरित्ते अट्ठसु पवयणमायासु उवउत्ते अपुहत्ते सुप्पणिहिए विहरइ ॥**

– ઉત્તર – હે શિષ્ય ! પ્રતિક્રમણ કરવાથી વ્રતોમાં લાગેલાં દોષોનું નિવારણ થાય છે. પછી વ્રતોના દોષોથી રહિત થઈને શુદ્ધ વ્રતધારી જીવ, આશ્રવોને (કર્મ આવવાના દ્વારને) રોકીને, સબલાદિ દોષોથી રહિત શુદ્ધ સંયમવાન (મર જાના મંજૂર હૈ, લેકિન દોષ લગાના મંજૂર નહિ ) થઈને આઠ પ્રવચન માતામાં (પાંચ સમિતિ+ત્રણ ગુપ્તિ) સાવધાન થાય છે અને સમાધિપૂર્વક સંયમમાર્ગમાં તલ્લીન રહેતો થકો પોતાની ઈન્દ્રિયોને ઉન્માર્ગથી હટાવીને સંયમમાર્ગમાં વિચરણ કરે છે.

**उत्तराध्ययन सूत्र अध्ययन-२९**

ઉભયકાળ શુદ્ધભાવે પ્રતિક્રમણ કરવાથી જીવ તીર્થંકર નામ ગોત્રનો બંધ કરે છે.

– **ज्ञाताधर्मकथा अध्ययन**–૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર

(પ્રતિક્રમણ કરવાના સમયે બિરાજમાન પૂજનીય સાધુ-સાધ્વીજીઓને અથવા તેઓ બિરાજમાન ન હોય તો પૂર્વ અને ઉત્તર દિશા (ઇશાનકોણ) તરફ મુખ કરીને શ્રી સીમંધરસ્વામીને ગુરુવંદન સૂત્ર (તિક્ખૂત્તોનો) પાઠથી ત્રણ વખત વંદના કરીને પ્રતિક્રમણના પ્રથમ આવશ્યકની આજ્ઞા માંગવી. પ્રથમ મારો અને તમારો આત્મા અનાદિકાળથી મમત્વ ભાવમાં પરિણમ્યો છે તેને સમભાવમાં પરિણમાવવા માટે સાવદ્યયોગનું નિવર્તન કરવું. સમભાવનો લાભ લેવો તેનું નામ સામાયિક.)

નમસ્કાર મંત્ર અને તિક્ખૂત્તોનો પાઠ બોલવો. પછી સ્વામીનાથ ! પાપનું આલોયણ, પ્રતિક્રમણની આજ્ઞા (એમ બોલીને)

## પાઠ : ૧ : આજ્ઞાસૂત્ર

**ઇચ્છામિ** - ઇચ્છું છું.
**ણં** - વાક્યના અલંકારાર્થે વપરાય છે.
**ભંતે** હે ભગવન્ !
**તુબ્ભેહિં** - આપની
**અબ્ભણુણ્ણાએ** - આજ્ઞા
**સમાણે** - મળ્યેથી અર્થાત્ આજ્ઞા લઈને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| દેવસિયં * | - | દિવસ સંબંધી |
| પડિક્કમણં | - | પ્રતિક્રમણ |
| ઠાએમિ | - | એક સ્થાને બેસીને કરું છું. |
| દેવસિય | - | દિવસ સંબંધી |
| જ્ઞાન | - | સમ્યગ્જ્ઞાન |
| દર્શન | - | સમ્યગ દર્શન-યથાર્થ શ્રદ્ધા |
| ચારિત્ર | - | શ્રાવકનાં દેશવિરતિ ચારિત્રમાં |
| તપ | - | સમ્યક્ તપશ્ચર્યાદિ |
| અતિચાર | - | લીધેલાં વ્રતોમાં દોષ લાગ્યાં હોય તેનું |
| ચિંતવનાર્થ | - | ચિંતન કરવાને માટે |
| કરેમિ | - | કરું છું. |
| કાઉસ્સગ્ગં | - | કાયોત્સર્ગ-કાયાને સ્થિર રાખવી |

**નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં,**
**નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં.**

---

* વિશેષ કાળની અપેક્ષાથી પ્રતિક્રમણનાં પાંચ ભેદ પણ માનવામાં આવે છે. (૧) દિવસ સંબંધી કરવામાં આવે તે 'દેવસિયં' (૨) રાત્રિ સંબંધી કરવામાં આવે તે 'રાઈયં'. (૩) દર મહિનાની અમાસ અને પૂનમે (૧૫ દિવસે) કરવામાં આવે તે 'પક્ખિયં'. (૪) ચાર, ચાર મહિને-કારતક સુદ પૂનમ, ફાગણ સુદ પૂનમ અને અષાડ સુદ પૂનમના કરવામાં આવે તે 'ચાઉમ્માસિયં'. (૫) વર્ષમાં એક વખત ભાદરવા સુદ-પાંચમના કરવામાં આવે તે 'સંવચ્છરિયં'.

× 'દેવસિયં'ની જગ્યાએ (૧) 'રાઈય'. (૨) 'પક્ખિય' (૩) 'ચાઉમ્માસિય'. (૪) 'સંવચ્છરિય' શબ્દ બોલવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સામાયિક અધ્યયન

**શ્રી ગૌતમસ્વામી : -**

હે પૂજ્ય ! સામાયિક ક્રિયાથી - જીવને કયો લાભ પ્રાપ્ત થાય ?

**શ્રી મહાવીર પ્રભુ :**

હે ગૌતમ ! શત્રુ કે મિત્ર તરફ, મહેલ કે મસાણમાં સામ્યભાવરૂપ સામાયિક કરનાર જીવને સંપૂર્ણ પાપજનક યોગોનો ત્યાગ થાય છે; અતઃ નવીન કર્મનો બંધ થતો નથી અને પૂર્વકર્મોની નિર્જરા થાય છે; ક્રમશઃ સમસ્ત કર્મોની શીઘ્ર નિર્જરા થઈ મોક્ષ પ્રાપ્ત થાય છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર

અ. ૨૯ બોલ ૮ તથા અનુયોગદ્વાર અ-૨

પ્રથમ અધ્યયન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૧) સામાયિક આવશ્યક

કરેમિ ભંતે ! [1] સામાઇયં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મણસા, વયસા, કાયસા, તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

## પાઠ : ૨ : કાઉસ્સગ્ગ સૂત્ર[2]

| | | |
|---|---|---|
| ઇચ્છામિ | - | (હું) ઇચ્છું છું |
| ઠામિ | - | એક સ્થાને સ્થિર રહીને |
| કાઉસ્સગ્ગં | - | કાઉસ્સગ્ગ (મન, વચન અને કાયાને સ્થિર રાખવા) |
| જો-મે | - | જે, મારા જીવે |

---

* આવશ્યકનાં ૬ અધ્યયન છે. તેનાં નામ - (૧) સામાયિક. (૨) ચઉવીસત્થો. (૩) વંદના. (૪) પ્રતિક્રમણ. (૫) કાઉસ્સગ્ગ અને (૬) પચ્ચક્ખાણ.

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા (ચતુર્વિધ સંઘ) એ ઉભયકાળમાં અવશ્ય કરવું જોઈએ. તેનું નામ 'આવશ્યક' છે.

૧. આ પાઠના અર્થ સામાયિકના છઠ્ઠા પાઠમાં આવી ગયેલ છે.
૨. આ પાઠ ઘણો જ અગત્યનો છે. આખા દિવસમાં આપણે જે જે પાપો કર્યાં હોય તે સર્વ પાપો યાદ કરીને ખરા અંતઃકરણ પૂર્વક તેનો પશ્ચાત્તાપ કરવાનો છે. આખાયે પ્રતિક્રમણના સાર રૂપ આ પાઠ છે. તેથી 'સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર' પણ કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| દેવસિઓ[1] | - | દિવસ સંબંધી |
| અઈયારો | - | અતિચાર [2] |
| કઓ | - | કર્યા હોય (કયા અતિચાર ?) |
| કાઈઓ | - | કાયાથી-શરીરથી |
| વાઈઓ | - | વચનથી |
| માણસિઓ | - | મનથી (ત્રણેનું સ્પષ્ટીકરણ) |
| ઉસ્સુત્તો | - | સૂત્ર વિરુદ્ધ કર્યું હોય |
| ઉમ્મગ્ગો | - | સાચા જૈનમાર્ગ વિરુદ્ધ |
| અકપ્પો | - | કલ્પે નહિ (તેવું કાર્ય કર્યું હોય) |
| અકરણિજ્જો | - | અકરણીય-ન કરવા યોગ્ય (કાર્ય કર્યું હોય) |
| દુજ્ઝાઓ | - | આર્ત-રૌદ્રધ્યાન ધર્યું હોય[3] |
| દુવ્વિચિંતિઓ | - | માઠી ચિંતવણા કરી હોય, |
| અણાયારો | - | નહિ આચરવા યોગ્ય |
| અણિચ્છિયવ્વો | - | નહિ ઈચ્છવા યોગ્ય |

---

૧. યથાકાળ પ્રતિક્રમણમાં (૧) 'રાઈઓ'. (૨) 'પક્ખિઓ' (૩) 'ચઉમ્માસિઓ' અને (૪) 'સંવચ્છરિઓ' બોલવું.

૨. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર : એ ચાર પાપના પગથિયાં છે. **અતિક્રમ** - પાપ કરવાનું મન થાય તે, **વ્યતિક્રમ** - પાપ કરવાને પગલું ભરવું તે, **અતિચાર** - વસ્તુને સ્પર્શ કરવો તે, **અનાચાર** - વસ્તુને સેવી પાપ કરવું તે. દરેકમાં ક્રમ અનુસાર વધારે, વધારે પાપ છે. અનાચારમાં તો સર્વથા ભંગ છે.

૩. ધ્યાન ચાર પ્રકારનાં છે - (૧) આર્ત્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન અને (૪) શુકલધ્યાન. આ ચારમાં પહેલાં બે ધ્યાન છોડવા યોગ્ય છે અને છેલ્લા બે ધ્યાન આદરવા યોગ્ય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસાવગ્ગ પાઉગ્ગો - શ્રાવકને નહિ કરવા યોગ્ય પાપ

(આ અતિચાર કયા વિષય સંબંધી હોય છે ?)

| | | |
|---|---|---|
| નાણે | - | જ્ઞાનને વિષે |
| તહ | - | તેમજ |
| દંસણે | - | સમ્યગ્દર્શનને વિષે |
| ચરિત્તાચરિત્તે | - | શ્રાવકના દેશવિરતિ ચારિત્રમાં [1] |
| સુએ | - | શ્રુતજ્ઞાનને વિષે, |
| સામાઈએ | - | સમતારૂપ સામાયિક વિષે |
| તિણ્હં | - | ત્રણ પ્રકારની |
| ગુત્તીણં | - | ગુપ્તિઓ * |
| ચઉણ્હં | - | ચાર પ્રકારના |
| કસાયાણં | - | કષાય (ક્રોધ, માન, માયા અને લોભ) |
| પંચણ્હં | - | પાંચ પ્રકારના |
| મણુવ્વયાણં | - | (અણુવ્વયાણં) અણુવ્રત × |

૧. જેટલા અંશે પચ્ચક્ખાણ તેટલા અંશે ચારિત્ર, અને જેટલા અંશે અપચ્ચક્ખાણ તેટલા અંશે અચારિત્ર.

* ગુપ્તિ ત્રણ પ્રકારની છે; (૧) મનગુપ્તિ. (૨) વચનગુપ્તિ અને (૩) કાયગુપ્તિ. મન, વચન અને કાયાને ગોપવી રાખવાં. અશુભથી નિવૃત્તિ યા સર્વથા નિવૃત્તિ તે ગુપ્તિ.

× સાધુ-સાધ્વીજીઓને પાંચ મહાવ્રત હોય છે. તે મહાવ્રતોમાં કોઈ જાતની છૂટ નહિ હોવાથી તેમજ જિંદગીપર્યંતનાં હોવાથી, તે **'મહાવ્રતો'** કહેવાય છે; જ્યારે શ્રાવક-શ્રાવિકાઓને આ વ્રતો જાવજીવના તથા અમુક સમયના તેમજ અમુક-અમુક છૂટછાટોવાળા હોવાથી તે **'અણુવ્રતો'** કહેવાય છે, આ પાંચ અણુવ્રતોની હકીકત આગળ ઉપર આવશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **તિણ્હં** | - | ત્રણ પ્રકારના |
| **ગુણવ્વયાણં** | - | ગુણવ્રતો (૬, ૭ અને ૮મું વ્રત) |
| **ચઉણ્હં** | - | ચાર પ્રકારના |
| **સિક્ખાવયાણં** | - | શિક્ષાવ્રત (૯, ૧૦, ૧૧, ૧૨મું વ્રત) |
| **બારસ** | - | એ બાર |
| **વિહસ્સ** | - | પ્રકારના |
| **સાવગ ધમ્મસ્સ** | - | શ્રાવકધર્મનું |
| **જં ખંડિયં** | - | જે કાંઈ ખંડન (દેશ-ભંગ) કર્યું હોય |
| **જં વિરાહિયં** | - | જે કાંઈ વિરાધના (સર્વથા ભંગ) કરી હોય |
| **તસ્સ** | - | તેનું-તે સંબંધી |
| **મિચ્છા મિ દુક્કડં** | - | મારૂં પાપ નિષ્ફળ થાઓ. |

* * *

અહીં 'તસ્સ ઉત્તરી કરણેણં' નો આખો પાઠ કહેવો અને ત્યારબાદ ૯૯ અતિચારનો કાઉસ્સગ્ગ કરવો.

૯૯ અતિચાર ન આવડતા હોય તેઓ 'ચાર લોગસ્સ' નો કાઉસ્સગ્ગ કરે છે.

**૯૯ અતિચાર નીચે મુજબ : -**

જં વાઈદ્ધં, વચ્ચામેલિયં, હીણક્ખરં, અચ્ચક્ખરં, પયહીણં, વિણયહીણં, જોગહીણં, ઘોસહીણં, સુટ્ઠુદિન્નં, દુટ્ઠુપડિચ્છિયં, અકાલે કઓ સજ્ઝાઓ, કાલે ન કઓ સજ્ઝાઓ, અસજ્ઝાઈએ સજ્ઝાયં, સજ્ઝાઈએ ન સજ્ઝાયં;

શંકા, કંખા, વિતિગિચ્છા, પરપાસંડ પરસંસા, પરપાસંડ સંથવો, બંધે, વહે, છવિચ્છેએ, અઈભારે, ભત્તપાણ વોચ્છેએ; સહસાભક્ખાણે, રહસ્સાભક્ખાણે, સદાર-મંતભેએ, મોસોવએસે, કૂડલેહકરણે; તેનાહડે, તક્કરપ્પઓગે,-વિરુદ્ધ રજ્જાઈક્કમે, કૂડતોલે-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૂડમાણે, તપ્પડિરુવગવવહારે; ઇત્તરિયપરિગ્ગહિયાગમણે, અપ્પરિગ્ગહિયાગમણે, અનંગકીડા, પરવિવાહકરણે, કામભોગેસુ તિવ્વાભિલાસા, ખેત્તવત્થુપમાણાઈક્કમે; હિરણ્ણ-સુવણ્ણ પમાણાઈક્કમે, ધન ધાન્ન -પમાણાઈક્કમે, દુપદ-ચઉપ્પદ પમાણાઇક્કમે, કુવિય પમાણાઈક્કમે, ઉડ્ઢદિસિ પમાણાઈક્કમે, અધોદિસિ પમાણાઈક્કમે, તિરિયદિસિ પમાણાઈક્કમે, ખેત્તવુડ્ઢી, સઈઅંતરદ્ધાએ, સચિત્તાહારે; સચિત્તપડિબદ્ધાહારે, અપ્પોલિઓ સહિભક્ખણયા; દુપ્પોલિઓસહિભક્ખણયા, તુચ્છોસહિ ભક્ખણયા, ઈંગાલકમ્મે; વણકમ્મે, સાડીકમ્મે , ભાડીકમ્મે, ફોડીકમ્મે, દંતવાણિજ્જે, લક્ખવાણિજ્જે. કેસવાણિજ્જે. રસવાણિજ્જે વિસવાણિજ્જે, જંતપીલણકમ્મે, નિલંછણકમ્મે, દવગ્ગિદાવણયા, સર દહ તલાગ પરિસોસણયા, અસઈજણ પોસણયા; કંદપ્પે, કુક્કુઈએ, મોહરિએ, સંજુત્તાહિગરણે, ઉવભોગ પરિભોગ અઈરત્તે, મણ દુપ્પણિહાણે, વય દુપ્પણિહાણે, કાય દુપ્પણિહાણે, સામાઈયસ્સ સઈ અકરણયા, સામાઈયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયા; આણવણપ્પઓગે, પેસવણપ્પઓગે, સદ્દાણુવાએ; રૂવાણુવાએ; બહિયાપોગ્ગલ-પક્ખેવે; અપ્પડિલેહિય દુપ્પડિલેહિય સિજ્જા સંથારએ, અપ્પમજ્જિય દુપ્પમજ્જિય સિજ્જા સંથારએ; અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ, અપ્પમજ્જિય દુપ્પમજ્જિય ઉચ્ચાર પાસવણ ભૂમિ, પોસહસ્સ સમ્મં અણાણુ પાલણયા, સચિત્ત નિક્ખેવણયા, સચિત્ત પેહણયા, કાલાઈક્કમે; પરોવએસે, મચ્છરિયાએ, ઇહલોગા સંસપ્પઓગે, પરલોગા-સંસપ્પઓગે, જીવિયા સંસપ્પઓગે, મરણા સંસપ્પઓગે, કામભોગા સંસપ્પઓગે તસ્સ મિચ્છા મિ દુક્કડં.

એમ ૯૯ અતિચારના કાઉસ્સગ્ગમાં કાનો, માત્રા, મીંડી, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય તો અનંત સિદ્ધ, કેવલી ભગવંતોની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

નમસ્કારમંત્ર બોલીને કાઉસ્સગ્ગ પાળવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચતુર્વિંશતિસ્તવ અધ્યયન

**શ્રી ગૌતમસ્વામી :**

હે ભગવન્ ! ચોવીશ તીર્થંકરોની સ્તુતિ કરવાથી જીવને શો લાભ પ્રાપ્ત થાય ?

**શ્રી મહાવીર પ્રભુ : -**

હે ગૌતમ ! ચોવીશ તીર્થંકરોના ગુણોનું કીર્તન કરવાથી મિથ્યાત્વ મોહનીયનો ક્ષય-ક્ષયોપશમ થઈ દર્શન (સમ્યક્ત્વ) માં વિશુદ્ધિ-નિર્મલતા ઉત્પન્ન થાય છે તથા તીર્થંકરોના ગુણોમાં અનુરાગ-પ્રેમ થવાથી તે ગુણોની પ્રાપ્તિ થાય છે અને અલ્પકાળમાં સંસારથી મુક્ત થાય છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર
અ. ૨૯ બોલ ૯

દ્વિતીય અધ્યયન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨) ચઉવીસત્થો આવશ્યક

કાઉસ્સગ્ગ પાળીને, બીજા આવશ્યકની આજ્ઞા (એમ કહીને) લોગસ્સ ઉજ્જોયગરે' નો પાઠ બોલવો.

(अनुष्टुप छंद)

લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિત્થયરે જિણે,.
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. (૧)

(आर्या छंद)

ઉસભમજિયં ચ વંદે, સંભવ મભિનંદણં ચ સુમઈ ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. (૨)
સુવિહિં ચ પુપ્ફદંતં, સીયલ-સિજ્જંસ-વાસુપુજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. (૩)
કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. (૪)
એવંમએ અભિથુઆ, વિહુયરય-મલા, પહીણ જર મરણા:
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ, (૫)
કિત્તિય, વંદિય મહિયા, જે એ લોગ્ગસ ઉત્તમા સિદ્ધા;
આરુગ્ગ બોહિલાભં, સમાહિ વર મુત્તમં દિંતુ. (૬)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગર વર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.(૭)

## (૩) વંદના આવશ્યક

### પાઠ : ૩ : દ્વાદશાવર્ત્ત ગુરુવંદના સુત્ર

('ઇચ્છામિ ખમાસમણાનો' પાઠ ગુરુને ઉત્કૃષ્ટ વંદના કરવાનો અને તે ઉભડક-ઉત્કટુક આસને બે વાર બોલવાનો છે.) ત્રીજા આવશ્યકની આજ્ઞા એમ કહીને.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વન્દન અધ્યયન

શ્રી ગૌતમસ્વામી : -

હે પૂજ્ય ! ગુરુને વન્દન કરવાથી જીવ શું ઉપાર્જન કરે ?

શ્રી મહાવીર પ્રભુ : -

હે ગૌતમ ! ગુરુ મહારાજને વન્દન કરવાથી જીવ નીચ ગોત્રકર્મના બંધને ખપાવે છે, સુભગ, સુસ્વર, યશઃકીર્તિ, ઉચ્ચ ગોત્ર આદિ શુભકર્મ બાંધે છે; અપ્રતિહત આજ્ઞા છે ફળસાર જેનું એવું સૌભાગ્ય એટલે સર્વજનને સ્પૃહા કરવા લાયક ઐશ્વર્ય નીપજાવે છે તથા દાક્ષિણ્યભાવને-લોકોના અનુકૂળપણાને ઉત્પન્ન કરે છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર

અ.-૨૯ બોલ-૧૦

તૃતીય અધ્યયન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ઇચ્છામિ | - | (હું) ઇચ્છું છું |
| ખમાસમણો ! | - | હે ક્ષમાશ્રમણ ! |
| વંદિઉં | - | (આપને) વંદના કરવાને |
| જાવણિજ્જાએ | - | (શરીરની) યથાશક્તિ પ્રમાણે |
| નિસીહિયાએ | - | અશુભયોગ=પાપક્રિયાને નિષેધીને |
| અણુજાણહ | - | અનુજ્ઞા-આજ્ઞા આપો. |
| મે | - | મને, |
| મિઉગ્ગહં | - | અવગ્રહમાં આવવાની. |
| નિસીહિ | - | અશુભ પાપક્રિયાને રોકીને |
| અહોકાયં | - | (આપના) ચરણોને |
| કાયસંફાસં | - | મારા શરીરથી, મસ્તકથી યા હાથથી સ્પર્શ (કરું છું) |
| ખમણિજ્જો | - | ક્ષમા કરજો |
| ભે ! | - | હે પૂજ્ય ! (મારા સ્પર્શથી) આપને |
| કિલામો | - | બાધા પીડા થઈ હોય તો |
| અપ્પકિલંતાણં | - | અલ્પ ગ્લાન અવસ્થામાં રહીને |
| બહુ સુભેણં | - | ઘણા શુભયોગે - સમાધિભાવે |
| ભે | - | હે પૂજ્ય ! આપનો |
| દિવસો | - | આજનો દિવસ |
| વઈક્કંતો * | - | વ્યતીત થયો છે ? - પસાર થયો છે ? |
| જત્તા ભે ? | - | આપની સંયમયાત્રા સુખરૂપ છે ? |
| જવણિજ્જં | - | મન તથા ઈંદ્રિયોની પીડાથી રહિત છે ? |
| ચ | - | અને |
| ભે ? | - | હે પૂજ્ય ! હું આપની |
| ખામેમિ | - | ક્ષમા માગું છું. |

---

* રાઈય આદિ પ્રતિક્રમણમાં (૧) 'રાઈ વઈક્કંતો'. (૨) 'પક્ખિઓ વઈક્કંતો'. (૩) 'ચાઉમ્માસિઓ વઈક્કંતો'. (૪) 'સંવચ્છરીઓ વઈક્કંતો' આ રીતે શબ્દ બોલવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ખમાસમણો ! | - | હે ક્ષમાશ્રમણ ! |
| દેવસિયં + | - | (હું) દિવસ સંબંધી |
| વઈક્કમં | - | અપરાધ થયો હોય ? |
| આવસ્સિયાએ | - | આવશ્યકકરણી કરતાં થયેલ અતિચારથી |
| પડિક્કમામિ | - | નિવૃત્ત થાઉં છું. |
| ખમાસમણાણં | - | ક્ષમાવંત સાધુજીઓની |
| દેવસિયાએ* | - | દિવસ સંબંધી |
| આસાયણાએ | - | આશાતના વડે |
| તિત્તીસન્નયરાએ | - | તેત્રીશમાંથી કોઈ પણ |
| જં કિંચિ | - | જે, કાંઈ પણ |
| મિચ્છાએ | - | મિથ્યાભાવે કરેલી |
| મણ દુક્કડાએ | - | દુષ્ટ મનથી કરેલી |
| વય દુક્કડાએ | - | દુષ્ટ વચનથી કરેલી |
| કાય દુક્કડાએ | - | શરીરની દુષ્ટ ચેષ્ટાથી કરેલી. |
| કોહાએ | - | ક્રોધથી કરેલી |
| માણાએ | - | માનથી કરેલી |
| માયાએ | - | કપટથી કરેલી |
| લોહાએ | - | લોભથી કરેલી |
| સવ્વ કાલિયાએ | - | સર્વ કાળ સંબંધી |
| સવ્વમિચ્છોવયારાએ | - | સર્વ પ્રકારનાં મિથ્યા આચરણો વડે |

+ યથાકાળ પ્રતિક્રમણમાં (૧) રાઈયં. (૨) પક્ખિયં. (૩) ચાઉમ્માસિયં અને (૪) સંવચ્છરિયં શબ્દ બોલવા.

* યથાકાળ પ્રતિક્રમણમાં (૧) રાઈયાએ, (૨) પક્ખિયાએ, (૩) ચાઉમ્માસિયાએ અને (૪) સંવચ્છરિયાએ શબ્દ બોલવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સવ્વ ધમ્માઈક્કમણાએ**- સર્વ પ્રકારનાં ધર્મોનું ઉલ્લંઘન કરનારી
**આસાયણાએ** - આશાતના વડે
**જો મે** - જે, મારા જીવે
**દેવસિઓ*** - દિવસ સંબંધી
**અઈયારો** - અતિચાર
**કઓ** - કર્યાં હોય,
**તસ્સ** - તેનું (અતિચારનું)
**ખમાસમણો !** - હે ક્ષમાશ્રમણ !
**પડિક્કમામિ** - પ્રતિક્રમણ કરું છું
**નિંદામિ** - આત્માની સાક્ષીએ નિંદા કરું છું.
**ગરિહામિ** - (ગુરુની સાક્ષીએ) ધિક્કારું છું.
**અપ્પાણં વોસિરામિ** - આત્માને તે પાપથી દૂર રાખું છું.

**સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસત્થો બે અને વંદના ત્રણ, એ ત્રણે આવશ્યક પૂરા થયા, તેને વિષે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડુ, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અનંત સિદ્ધ કેવલી ભગવાનની સાખે તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

(અહીં ઊભા થઈને વિધિપૂર્વક વંદના કરી ચોથા આવશ્યકની આજ્ઞા માગવી.)

---

* યથાકાળ પ્રતિક્રમણમાં (૧) રાઈઓ. (૨) પક્ખિઓ. (૩) ચાઉમ્માસિઓ અને (૪) સંવચ્છરિઓ શબ્દ બોલવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રતિક્રમણ અધ્યયન

શ્રી ગૌતમસ્વામી :

હે પૂજ્ય ! પ્રતિક્રમણ કરવાથી જીવને શો લાભ થાય ?

શ્રી મહાવીરપ્રભુ : -

હે ગૌતમ ! પ્રતિક્રમણ કરવાથી વ્રતના અતિચારો રુંધાય છે. વળી જેણે વ્રતના છિદ્રો ઢાંક્યા છે એવો જીવ આશ્રવને રુંધનાર થાય છે અને આશ્રવ રુંધવાથી અસબલ-નિર્મળ ચારિત્રવાન થાય છે તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રવચન માતાને વિષે ઉપયોગવંત તથા સંયમના યોગથી અભિન્ન તથા સંયમયોગને વિષે સારી રીતે સાવધાન થયો થકો વિચરે છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર

અ.-૨૯ બોલ-૧૧

ચતુર્થ અધ્યયન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જ્ઞાન

શ્રી ગૌતમસ્વામી : -

હે ભગવન્ ! શ્રુતજ્ઞાનની પ્રાપ્તિથી જીવને કયો લાભ થાય ?

શ્રી મહાવીરપ્રભુ : -

શ્રુતજ્ઞાનથી જીવ સર્વ પદાર્થોને જાણે છે; જીવ, અજીવ આદિ પદાર્થોના જ્ઞાનથી આત્મા ચતુર્ગતિરૂપ સંસારવનમાં ભટકતો નથી; જેમ દોરા સહિત સોય કાદવમાં પડે તો પણ ગુમ થતી નથી, તેમ આગમજ્ઞાન યુક્ત જીવ સંસારમાં ભટકતો નથી. જીવ અવધિ આદિ જ્ઞાન, વિનય, તપ અને ચારિત્ર પ્રાપ્ત કરે છે તથા સ્વ સમય (જૈન સિદ્ધાંત) અને પર સમય (જૈનેતર સિદ્ધાંત)ને મેળવવા લાયક થાય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
અ.-૨૯ બોલ-૫૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૪) પ્રતિક્રમણ આવશ્યક

## પાઠ : ૪ : જ્ઞાનના અતિચાર

આજના દિવસ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને વિષે જે અતિચાર લાગ્યા હોય તે આલોઉ છું -

| | | |
|---|---|---|
| **આગમે** | - | સૂત્ર, સિદ્ધાંત |
| **તિવિહે** | - | ત્રણ પ્રકારનાં |
| **પન્નત્તે** | - | કહ્યાં છે. |
| **તં જહા** | - | તે જેમ છે તેમ (કહું છું) |
| **સુત્તાગમે** | - | સૂત્રરૂપ આગમ |
| **અત્થાગમે** | - | અર્થરૂપ આગમ |
| **તદુભયાગમે** | - | સૂત્ર અને અર્થ ઉભયરૂપ આગમ |

એવા શ્રી જ્ઞાનને વિષે જે અતિચાર લાગ્યા હોય તે આલોઉં છું -

| | | |
|---|---|---|
| **જં** | - | જે |
| **વાઈદ્ધં** | - | સૂત્રો આઘા પાછા ભણાયા હોય, (૧) |
| **વચ્ચામેલિયં** | - | ધ્યાન વિના સૂત્રો ભણાયા હોય, (૨) |
| **હીણક્ખરં** | - | અક્ષરો ઓછા ભણાયા હોય (૩) |
| **અચ્ચક્ખરં** | - | અક્ષરો અધિક ભણાયા હોય, (૪) |
| **પયહીણં** | - | પદ ઓછું ભણાયું હોય, (૫) |
| **વિણયહીણં** | - | વિનય રહિત ભણાયું હોય, (૬) |
| **જોગહીણં** | - | મન, વચન, કાયાના અસ્થિર યોગે ભણાયું હોય, (મન ક્યાંય ફરતું હોય અને ભણતો હોય) (૭) |
| **ઘોસહીણં** | - | શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય, (૮) |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુક્કુદિન્નં - રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય, (૯)
દુટ્ઠુપડિચ્છિયં - દુષ્ટભાવથી જ્ઞાન લીધું હોય, (૧૦)
અકાલે કઓ સજ્ઝાઓ - અકાળે સજ્ઝાય કરી હોય, * (૧૧)
કાલે ન કઓ સજ્ઝાઓ - સજ્ઝાય કરવાના સમયે સજ્ઝાય ન કરી હોય. (૧૨)
અસજ્ઝાઈએ સજ્ઝાયં- સજ્ઝાય ન કરવા યોગ્ય સ્થળે સજ્ઝાય કરી હોય, (૧૩)
સજ્ઝાઈએ ન સજ્ઝાયં - સજ્ઝાય કરવા યોગ્ય સ્થળે સજ્ઝાય ન કરી હોય. (૧૪)

**એમ ભણતાં, ગણતાં, ચિંતવતાં ચૌદે પ્રકારે કોઈ પાપ દોષ લાગ્યો હોય, તો અરિહંત અનંતા સિદ્ધ ભગવાનની સાખે તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

---

* બાર અકાળની સમજણ-પ્રાતઃકાળ, મધ્યાન્હકાળ, સંધ્યાકાળ અને મધ્યરાત્રિ. તેમાં સવારે અને સાંજે સંધ્યાની એક ઘડી પહેલાં અને એકઘડી પછી અને મધ્યાન્હકાળે, મધ્યરાત્રિએ પ્રાયઃ ૧૨ થી ૧ વાગ્યા સુધી તેમજ (૧) ચૈત્ર સુદ પૂનમ અને ચૈત્ર વદ એકમ, (૨) અષાડ સુદ પૂનમ, વદ એકમ, (૩) ભાદરવા સુદ પૂનમ, વદ એકમ, (૪) આસો સુદ પૂનમ, વદ એકમ, તથા (૫) કારતક સુદ પૂનમ, વદ એકમ, આટલા દિવસો અકાળનાં છે, તે સમયમાં સૂત્રોનાં મૂળ પાઠ વંચાય કે ભણાય નહિ. (ફાગણ સુદ પૂનમ-હોળીની તથા ધુળેટીની અસ્વાધ્યાય આગમમાં બતાવેલ નથી. પરંતુ પરંપરાથી મનાય છે).



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દર્શન

શ્રી ગૌતમસ્વામી : -

હે પૂજ્ય ! સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી જીવને શું લાભ થાય ?

શ્રી મહાવીરપ્રભુ : -

સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી જીવ સંસારવૃક્ષના બીજરૂપ મિથ્યાત્વ - મોહનીયકર્મનો સર્વથા નાશ કરી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. ત્યારબાદ કેવળજ્ઞાન, કેવળદર્શનરૂપ પ્રકાશના અભાવને પામતો નથી; પરંતુ સર્વોત્તમ કેવળજ્ઞાન-દર્શનથી પોતાના આત્માને જોડતો, સમ્યક્ પ્રકારે ભાવતો, તન્મયપણાને પામતો થકો ભવસ્થ કેવળીપણે વિચરે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
અ.-૨૯ બોલ-૬૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ : ૫ : દર્શન સમ્યક્ત્વ

''અરિહંતો મહદેવો, જાવજ્જીવાએ સુસાહુણો ગુરુણો,
જિણ પન્નતં તત્તં, ઈય સમ્મત્તં મહે ગહિયં''

(સાચા દેવ, ગુરુ અને ધર્મને ઓળખી તેમના પર શ્રદ્ધા રાખવાનો)

| | | |
|---|---|---|
| **દંસણ** | - | દર્શન-યથાર્થ શ્રદ્ધા |
| **સમકિત** | - | સુદેવ, સુગુરુ, સુધર્મ પ્રત્યે સાચી શ્રદ્ધા તે દર્શન. |
| **પરમત્થ** | - | એવા પરમ અર્થને બતાવનાર તે (સિદ્ધાંતનો) |
| **સંથવો** | - | પરિચય કરવો, |
| **વા** | - | અને, અથવા |
| **સુદિટ્ઠ** | - | ભલી દ્રષ્ટિથી જોયા છે, (એવા) |
| **પરમત્થ** | - | સિદ્ધાંતને, તત્ત્વને, (એવા સાધુજીની) |
| **સેવણા** | - | સેવા કરવી, ઉપાસના કરવી, |
| **વા વિ** | - | અને વળી |
| **વાવન્ન** | - | જ્ઞાન-દર્શન-ચારિત્રને પામીને ભ્રષ્ટ થયા હોય[1] તેની તેમજ |
| **કુદંસણ વજ્જણા** | - | ખોટી શ્રદ્ધાનો (પાપ કરીને ધર્મ માનનારાઓનો) જેનું દર્શન ખોટું છે તેવા ૩૬૩ પાખંડીના મતનો ત્યાગ કરવો. |

---

૧. કેવલી (વિતરાગ) પ્રરૂપિત ધર્મની દીક્ષા લઈને પછી પાળી ન શકવાથી દીક્ષા મૂકી દીધી હોય, શ્રધ્ધા અને ચારિત્ર બન્નેથી ભ્રષ્ટ થયા હોય તેઓનો પરિચય ન કરવો. કારણ કે તેઓનો પરિચય કરવાથી આપણા ઉચ્ચ વિચારો પણ મલિન થઈ જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| સમ્મત્ત સદ્દહણા | - | સમકિતની શ્રદ્ધા |
| એહવા સમકિતના | - | એવા સમકિત જીવ |
| સમણોવાસએણં | - | શ્રમણોપાસક શ્રાવકને |
| સમ્મત્તસ્સ | - | સમકિતના |
| પંચ અઈયારા | - | પાંચ અતિચાર |
| પેયાલા | - | પ્રધાન, મુખ્ય, પાતાળ કળશા સમાન, મોટા ભયંકર, |
| જાણિયવ્વા | - | જાણવા યોગ્ય (પણ,) |
| ન સમાયરિયવ્વા | - | આચરવા યોગ્ય નહિ, |
| તં જહા | - | તે જેમ છે તેમ |
| તે આલોઉં | - | કહું છું. |
| શંકા | - | જૈનધર્મને વિષે શંકા રાખવી તે[1] |
| કંખા | - | મિથ્યાત્વીના મતની ઇચ્છા કરવી [2] |
| વિતિગિચ્છા | - | કરણીના ફળમાં સંદેહ રાખવો,[3] |
| પરપાસંડ પરસંસા | - | બીજા પાખંડીમતના વખાણ કર્યા હોય |

૧. જૈનધર્મ સાચો હશે કે ખોટો ? આવી શંકા ન કરવી. અને કોઈ વાત ન સમજાતી હોય તે ગુરુજીને પૂછી શંકાનું નિવારણ કરવું, પણ આપણો કેવલી પ્રરૂપિત ધર્મ સાચો હશે કે કેમ ? વગેરે શંકા કરવી નહિ. આપણો કેવલી પ્રરૂપિત જૈનધર્મ સો ટચનું સોનું છે, તેમાં શંકા કરવા જેવું કાંઈ છે જ નહિ, એવી દ્રઢ શ્રદ્ધા રાખવી.

૨. અન્ય ધર્મના ઠાઠમાઠ આડંબર દેખી તેવા ધર્મની ઇચ્છા કરવી તે. એટલો નિશ્ચય રાખવો કે ધામધૂમ ધમાલ હોય ત્યાં ધર્મ હોઈ શકે જ નહિ. ધર્મ તો શાંતિમાં જ છે.

૩. હું આટલી ધર્મક્રિયા કરું છું. તેનું ફળ મળશે કે નહિ? વગેરે શંકા કરવી, દરેક ચીજનું ફળ હોય છે, તો સામાયિક, સંવર, પૌષધ વગેરેનું ફળ કેમ ન હોય ? ફળ જરૂર મળશે જ અને તે પણ અતિ ઉત્તમ. માટે જરા પણ શંકા રાખ્યા વગર એકાંત કર્મોની નિર્જરા માટે શુભકરણી કરવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐

# સર્વવિરતિ ચારિત્ર

શ્રી ગૌતમસ્વામી : -

હે જગત્ પ્રભુ ! ચારિત્ર સંપન્નતાથી જીવ શું પ્રાપ્ત કરે ?

શ્રી મહાવીરપ્રભુ : -

જીવ ચારિત્રસંપન્નતાથી શૈલેશીભાવને પ્રાપ્ત કરે છે; શૈલેશીકરણને પામેલ સાધુ ચાર કેવલી અઘાતિ કર્મોના અંશોને ખપાવે છે. ત્યારબાદ તેને સર્વ અર્થની સિદ્ધિ થાય છે, તે વસ્તુ તત્ત્વને જાણે છે, સંસારથી મૂકાય છે, કર્મના તાપરહિત થવાથી શીતળ થાય છે અને સર્વ દુઃખનો અંત કરે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
અ. ૨૯ બોલ-૬૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પરપાસંડ સંથવો** - બીજા પાખંડી મતનો પરિચય કર્યો હોય,[1]

એમ સમકિતરૂપ રત્નને વિષે મિથ્યાત્વરૂપ રજ, મેલ, દોષ લાગ્યો હોય, તો અરિહંત, અનંત સિદ્ધ ભગવાનની સાખે તસ્સ મિચ્છામિ દુક્કડં

# પાઠ : ૬ : પહેલું અણુવ્રત

## (સ્થૂલ-પ્રાણાતિપાત-વેરમણ વ્રત)

### મોટી જીવહિંસાનો ત્યાગ

(આત્માનો ગુણ અહિંસક હોવા છતાં, એ ભાવથી ભ્રષ્ટ થઈ, હિંસકભાવ ઉત્પન્ન કરી, ત્રસ, સ્થાવર જીવોની હિંસા કરીને જે કર્મો બાંધેલાં છે, તે તોડી મારા અમરપદનું રક્ષણ કરવા માટે ત્રસ જીવોની હિંસા નહિ કરવા વિષે.)

**પહેલું** - પહેલું

**અણુવ્રત** - નાનુ વ્રત *

---

૧. પહેલાં પોતાનાં ધર્મનાં ૩૨ શાસ્ત્રો વાંચી - વિચારી પછી ગીતાર્થ હોય તે અન્ય ધર્મના પુસ્તકો વાંચે તો વાંધો નહિ, પણ પોતાના ધર્મમાં શું કહ્યું છે, તે જાણ્યા વગર બીજા ધર્મનો પરિચય કરે, તો જરૂર તે બીજા ધર્મમાં ફસાઈ જાય આજકાલ આવું બહુ જોવામાં આવે છે.

* સાધુ-સાધ્વીજીને મન-વચન-કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી નહિ તથા અનુમોદવી નહિ, એમ નવ કોટિએ જિંદગીપર્યંતના પચ્ચક્ખાણ હોય છે, તેથી તેઓનાં વ્રતને 'મહાવ્રતો' કહેવામાં આવે છે. જ્યારે શ્રાવક-શ્રાવિકાઓને મન, વચન, કાયાથી ત્રસ જીવોની હિંસા કરવી નહિ, કરાવવી નહિ, એમ છ કોટિએ પચ્ચક્ખાણ હોય છે. તેથી 'અણુવ્રતો' કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| થૂલાઓ | - | મોટા |
| પાણાઈવાયાઓ | - | પ્રાણોના વ્યતિપાત-હિંસાથી |
| વેરમણં | - | નિવર્તું છું |
| ત્રસ જીવ | - | હાલતા ચાલતા જીવો (જેવા કે) |
| બે ઈંદિય | - | બે ઈંદ્રિયવાળા (સ્પર્શ, રસ) |
| તેઈંદિય | - | ત્રણ ઈંદ્રિયવાળા (સ્પર્શ, રસ, ઘ્રાણ) |
| ચઉરિંદિય | - | ચાર ઈંદ્રિયવાળા (સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ) |
| પંચેંદિય | - | પાંચ ઈંદ્રિયવાળા (સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને કાન) |
| જીવ | - | જીવોને |
| જાણી પ્રિછી | - | જાણીને, ઓળખ્યા છતાંયે, |
| સ્વ સંબંધી | - | પોતાના તથા સંબંધીના |
| શરીર માંહેલા પીડાકારી | - | શરીરમાં પીડા ઉપજાવે તેવા |
| સ અપરાધી | - | પોતાનો અપરાધ કર્યો હોય તેવા (પણ) |
| વિગલેન્દ્રિય વિના | - | બે, ત્રણ, ચાર ઈન્દ્રિયવાળા જીવો વર્જીને બાકીના પંચેન્દ્રિય જીવોને, |
| આકુટ્ટિ | - | જાણી જોઈને ઇરાદાપૂર્વક |
| હણવા નિમિત્તે | - | હણવાની બુદ્ધિએ |
| હણવાના પચ્ચકખાણ | - | મારી નાખવાનાં પ્રત્યાખ્યાન |

(તથા સૂક્ષ્મ એકેન્દ્રિય પણ હણવાના પચ્ચકખાણ ×)

---

× સૂક્ષ્મ એકેંદ્રિય જીવો આપણાથી માર્યા મરતા નથી, હણ્યા હણાતા નથી, પણ પચ્ચક્ખાણ કર્યાં ન હોય તો, ક્રિયા આવે છે. તેથી આ વાક્ય બોલાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| જાવજ્જીવાએ | - | જીવું ત્યાં સુધી |
| દુવિહં | - | બે કરણે |
| તિવિહેણં | - | ત્રણ જોગે કરી |
| ન કરેમિ | - | હું પોતે (ત્રસજીવોની) હિંસા કરું નહિ, અને (પહેલી ક્રિયા) |
| ન કારવેમિ | - | હું બીજા પાસે (ત્રસજીવોની) હિંસા કરાવું નહિ (બીજી ક્રિયા), |
| મણસા | - | મને કરી |
| વયસા | - | વચને કરી |
| કાયસા | - | કાયાએ કરી<br>ત્રણ યોગ (૨×૩=૬)<br>કોટીએ હણવાનાં પ્રત્યાખ્યાન |
| એહવા પહેલા | - | એવા પહેલા |
| થુલ પ્રાણાતિપાત | - | મોટા જીવની હિંસાથી |
| વેરમણં વ્રતના | - | નિવર્તવાના, વ્રતના |
| પંચ અઇયારા | - | પાંચ અતિચાર |
| પેયાલા | - | પાતાળ કળશા સમાન મોટા |
| જાણિયવ્વા | - | જાણવા યોગ્ય (પણ) |
| ન સમાયરિયવ્વા | - | આચરવા યોગ્ય નહિ |
| તં જહા | - | તે જેમ છે તેમ |
| તે આલોઉં | - | કહું છું. |
| બંધે | - | ત્રસ જીવને ગાઢે બંધને બાંધ્યા હોય, |
| વહે | - | ત્રસ જીવને લાકડી પ્રમુખના પ્રહાર કર્યા હોય, |
| છવિચ્છેએ | | (નાક, કાનાદિ અવયવો છેદ્યાં હોય,) |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **અઈભારે** | - | ગજા ઉપરાંત ભાર ભર્યો હોય, અથવા ગજા ઉપરાંત કામ કરાવ્યું હોય. |
| **ભત્તપાણ વોચ્છેએ** | - | દ્વેષબુદ્ધિથી ભોજન-પાણીની અંતરાય પાડી હોય, |

**એહવા પહેલા વ્રતને વિષે આજના દિવસ સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંતા સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

# પાઠ : ૭ : બીજું અણુવ્રત

## (સ્થૂલ-મૃષાવાદ-વેરમણ વ્રત)

### મોટું જૂઠું બોલવાનો ત્યાગ

(આપણો આત્મા સત્ય ભાવથી ભરપૂર હોવા છતાં સત્યથી ભ્રષ્ટ થઈ અસત્ય ઉત્પન્ન કરી દરેક પદાર્થ પ્રત્યે અસત્ય બોલી જે કર્મો બાંધે છે, તે કર્મોથી મુક્ત થઈ સત્યનું રક્ષણ કરવા માટે મોટું જૂઠ નહિ બોલવા સંબંધી)

| | | |
|---|---|---|
| **બીજું અણુવ્રત** | - | બીજું નાનું વ્રત |
| **થૂલાઓ મુસાવાયાઓ** | - | મોટું જૂઠ બોલવાથી |
| **વેરમણં** | - | નિવર્તુ છું |
| **કન્નાલિક** | - | વરકન્યાના રૂપ, ગુણ અને ઉમ્મર સંબંધી જૂઠ, |
| **ગોવાલિક** | - | ગાય, ભેંસ વગેરે ચોપગા પશુમાં રૂપ, ગુણ, વર્ષ સંબંધી જૂઠ, |
| **ભોમાલિક** | - | જમીન સંબંધી જૂઠ, |
| **થાપણમોસો** | - | થાપણ ઓળવવા સંબંધી જૂઠ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોટકી કુડી સાખ - મોટી ખોટી સાક્ષી આપવા સંબંધી જૂઠ,

ઈત્યાદિ મોટકું જુઠું બોલવાનાં પચ્ચક્ખાણ, જાવજ્જીવાએ, દુવિહં, તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મણસા, વયસા, કાયસા; એવા બીજા થૂલ મૃષાવાદ વેરમણં વ્રતના પંચ અઈયારા, જાણિયવ્વા, ન સમાયરિયવ્વા, તં જહા તે આલોઉ

સહસાભક્ખાણે - ઉતાવળમાં ધ્રાસકો પડે તેવું બોલવું.
રહસાભક્ખાણે - કોઈની છાની વાત ઉઘાડી કરવી.
સદાર મંતભેએ× - પોતાની સ્ત્રીનાં મર્મ ઉઘાડાં કરવાં.
મોસોવએસે - ખોટો ઉપદેશ, ખોટી સલાહ આપવી.
કુડલેહકરણે - ખોટા લેખ દસ્તાવેજ, બીલ, ચોપડા વગેરે લખ્યા હોય,

એહવા બીજા વ્રતને વિષે આજના દિવસ સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંતા સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

## પાઠ : ૮ : ત્રીજું અણુવ્રત

### (સ્થૂલ અદત્ત-ત્યાગ વ્રત)

મોટી ચોરી કરવાનો ત્યાગ

ત્રીજું અણુવ્રત - ત્રીજું નાનું વ્રત
થૂલાઓ અદિન્નાદાણાઓ - મોટી ચોરી કરવાથી
વેરમણં - નિવર્તું છું.
ખાતરખણી - ખાતર પાડી,

× શ્રાવિકાઓએ 'સભર્તાર-મંતભેએ' પાઠ બોલવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાંઠડી છોડી - ગાંઠડી છોડી, ખીસાં કાતરી,

તાળા પર કુંચીએ કરી - કોઈનું તાળું બીજી ચાવીથી ઉઘાડીને લેવું.

પડી વસ્તુ ધણીયાતી જાણી - રસ્તામાં પડેલી વસ્તુની પોતે માલિકી કરી લેવી.

**ઈત્યાદિ મોટકું અદત્તાદાન લેવાનાં પચ્ચક્ખાણ, સગાસંબંધી તથા વ્યાપાર સંબંધી નભરમી × વસ્તુ ઉપરાંત અદત્તાદાન લેવાનાં પચ્ચક્ખાણ; જાવજ્જીવાએ, દુવિહં, તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મણસા, વયસા, કાયસા; એવા ત્રીજા થૂલ અદત્તાદાન વેરમણં વ્રતના પંચ અઈયારા, જાણિયવ્વા, ન સમાયરિયવ્વા, તં જહા તે આલોઉં**

**તેન્નાહડે** - ચોરાઉ વસ્તુ લીધી હોય,

**તક્કરપ્પઓગે** - ચોરને મદદ કરી હોય,

**વિરુદ્ધ રજ્જાઈક્કમે** - રાજ્ય વિરુદ્ધ દાણચોરી વગેરે કરી હોય,

**કૂડતોલે-કૂડમાણે** - ખોટાં તોલાં, ખોટાં માપ રાખ્યાં હોય,

**તપ્પડિરૂવગ્ગ વવહારે** - સારી વસ્તુ દેખાડી નરસી આપી હોય, ભેળસેળ કરી આપી હોય,

**એહવા ત્રીજા વ્રતને વિષે આજના દિવસ સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંતા સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

---

× કલમ, પેન્સીલ વગેરે તુચ્છ વસ્તુ લેવાથી ''આ ચોરી કરે છે'', એવો ભ્રમ ન થાય, તેવી ચીજો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ : ૯ : ચોથું અણુવ્રત

## (સ્વદાર - સંતોષવ્રત)

(આત્મા વેદાતીત હોવા છતાં એ ભાવથી ભ્રષ્ટ થઈ વેદભાવ (સ્ત્રી, પુરુષ, નપુંસક ભાવ) ઉત્પન્ન કરી દેવ-દેવીઓ, મનુષ્ય-મનુષ્યાણી, તિર્યંચ-તિર્યંચાણીઓમાં ઉત્પન્ન થઈ, સ્ત્રી, પુરુષ, નપુંસકપણે, મન, વચન, કાયાએ, કરી દ્રષ્ટિ, ખોરાક, પોષાક, ભાષાપણે વિવિધ પ્રકારની અબ્રહ્મચર્યની ક્રિયા કરી, કરાવી જે ચીકણાં કર્મો બાંધેલાં છે, તે કર્મોનો ક્ષય કરી, મારા અવેદીભાવનું રક્ષણ કરવા માટેનું અને પરસ્ત્રીનો ત્યાગ કરવા સંબંધીનું વ્રત)

**ચોથું અણુવ્રત** - ચોથું નાનું વ્રત
**થૂલાઓ મેહુણાઓ** - મોટકા મૈથુનથી
**વેરમણં** - નિવર્તું છું.
**સદાર * સંતોસિએ** - પોતાની સ્ત્રીથી સંતોષ રાખવો
**અવસેસ મેહુણવિહિંના** તે સિવાય બીજી કોઈ સ્ત્રીની
**પચ્ચકખાણ** - સાથે મૈથુન સેવવાના પ્રત્યાખ્યાન

**અને જે સ્ત્રી-પુરુષને મૂળ થકી કાયાએ કરી મેહુણ સેવવાનાં પચ્ચક્ખાણ હોય તેને દેવતા, મનુષ્ય, તિર્યંચ સંબંધી મેહુણનાં પચ્ચક્ખાણ જાવજ્જીવાએ, દેવતા સંબંધી દુવિહં, તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મણસા, વયસા, કાયસા, મનુષ્ય તિર્યંચ સંબંધી.**

**એગવિહં** - એક કરણ
**એગવિહેણં** - એક જોગે

---

* બહેનોએ અહીં **'સભર્તાર-સંતોસિએ'** પાઠ બોલવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **ન કરેમિ, કાયસા** | - | કાયાથી મૈથુન સેવું નહિ |

**એહવા ચોથા થૂલ મેહુણ વેરમણં વ્રતના પંચ અઈયારા, જાણિયવ્વા, ન સમાયરિયવ્વા, તં જહા તે આલોઉં :**

| | | |
|---|---|---|
| **ઈત્તરિય પરિગ્ગહિયાગમણે** | - | નાની ઉંમરની પોતાની પરણેલી સ્ત્રી સાથે ગમન કર્યું હોય, |
| **અપરિગ્ગહિયાગમણે** | - | જે સ્ત્રીની સાથે સગાઈ થઈ છે પણ લગ્ન થયાં નથી તેની સાથે ગમન કર્યું હોય, |
| **અનંગક્રીડા** | - | સ્વભાવિક અંગ સિવાય અનેરા અંગે કામ ક્રીડા કરી હોય, |
| **પરવિવાહકરણે** | - | પોતાના પુત્ર-પુત્રી કે પોતાના પરિવાર સિવાય બીજાના વિવાહ મેળવી આપ્યા હોય, |
| **કામભોગેસુ તિવ્વાભિલાસા** | - | કામભોગને વિષે તીવ્ર અભિલાષા કરી હોય, |

**એહવા ચોથા વ્રતને વિષે આજના દિવસ સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંતા સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

---

# પાઠ : ૧૦ : પાંચમું અણુવ્રત

(નવ પ્રકારના પરિગ્રહ મર્યાદા-વ્રત)

| | | |
|---|---|---|
| **પાંચમું અણુવ્રત** | - | પાંચમું નાનું વ્રત |
| **થુલાઓ પરિગ્ગહાઓ** | - | સ્થૂલ પરિગ્રહથી |
| **વેરમણં** | - | નિવર્તું છું. |
| **ખેત્ત-વત્થુનું** | - | ખેતર, વાડી, બાગ, બગીચા |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| યથાપરિમાણ | - | વગેરે ખુલ્લી જમીન અને |
| | - | ઘર, દુકાન, વખાર આદિ ઢાંકી જમીનની જે મર્યાદા કરી હોય, |
| હિરણ્ણ-સુવણ્ણનું | - | રૂપું તથા સોનાની જે પ્રમાણે |
| યથાપરિમાણ | - | મર્યાદા કરી હોય, |
| ધન-ધાન્નનું યથાપરિમાણ | - | ચલણી નાણું અને ચોવીસ જાતનાં ધાન્યની જે પ્રમાણે મર્યાદા કરી હોય, |
| દુપદ-ચઉપ્પદનું યથાપરિમાણ | - | બે પગાં મનુષ્ય, પક્ષી અને ચોપગાં પશુની જે પ્રમાણે મર્યાદા કરી હોય. |
| કુવિયનું યથાપરિમાણ | - | ઘરવખરીની જે પ્રમાણે મર્યાદા કરી હોય, |

**એ યથા પરિમાણ કીધું છે, તે ઉપરાંત પોતાનો પરિગ્રહ કરી રાખવાનાં પચ્ચક્ખાણ જાવજ્જીવાએ**

| | | |
|---|---|---|
| એગવિહં | - | એક કરણ |
| તિવિહેણં | - | ત્રણ યોગથી |

**ન કરેમિ, મણસા, વયસા, કાયસા, એવા પાંચમા થૂલ પરિગ્રહ પરિમાણ વેરમણં વ્રતના પંચ અઈયારા, જાણિયવ્વા, ન સમાયરિવ્વા, તં જહા તે આલોઉં : -**

| | | |
|---|---|---|
| ખેત-વત્થુ પમાણાઈક્કમે | - | ખેતર આદિ ખુલ્લી અને ઘર આદિ ઢાંકી જમીનની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય, |
| હિરણ્ણ-સુવણ્ણ પમાણાઈક્કમે | - | રૂપા અને સોનાની મર્યાદાનું ઉલલંઘન કરેલ હોય, |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન-ધાન્ન પમાણાઈક્કમે - રોકડ નાણું તથા અનાજની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય,

દુપદ-ચઉપ્પદ-પમાણાઈક્કમે - મનુષ્ય, પક્ષી આદિ બે પગાં અને પશુ આદિ ચોપગાંની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય.

કુવિય પમાણાઈક્કમે - ઘરવખરીની મર્યાદા ઓળંગી હોય.

**એહવા પાંચમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંતા સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

# પાઠ : ૧૧ : છઠ્ઠું દિશા પરિમાણ વ્રત

(પહેલું - ગુણવ્રત)

છઠ્ઠું દિસિ વ્રત - છઠ્ઠું દિશાઓની મર્યાદા બાંધવાનું વ્રત

ઉડ્ઢદિસિનું યથા પરિમાણ - ઊંચી દિશાની જે મર્યાદા કરી હોય,

અધોદિસિનું યથા પરિમાણ - અધો (નીચી) દિશાની જે મર્યાદા કરી હોય,

તિરિયદિસિનું યથા પરિમાણ - તિરછી દિશા=પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર-દિશાની જે મર્યાદા કરી હોય,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એ યથા પરિમાણ કીધું છે, તે ઉપરાંત સઈચ્છાએ+કાયાએ જઈને પાંચ × આશ્રવ સેવવાનાં પચ્ચક્ખાણ, જાવજ્જીવાએ દુવિહં, તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મણસા, વયસા, કાયસા, એવા છટ્ઠા દિસિ વેરમણં વ્રતના પંચ અઈયારા, જાણિયવ્વા, ન સમાયરિયવ્વા, તં જહા તે આલોઉં**

| | | |
|---|---|---|
| **ઉડ્ઢ દિસિપ્પમાણાઈક્કમે*** | - | ઊંચી દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય, |
| **અધોદિસિપ્પમાણાઈક્કમે** | - | નીચી દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય., |
| **તિરિય દિસિપ્પમાણાઈક્કમે** | - | તિર્યગ=પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, અને ઉત્તર દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય, |
| **ખેત વુડ્ઢી** | - | એક દિશાની મર્યાદા ઘટાડી બીજી દિશાની મર્યાદા વધારી હોય. |
| **સઈઅંતરદ્ધાએ** | - | સંદેહ પડ્યા છતાં આગળ વધાયું હોય |

**એહવા છટ્ઠા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંતા સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

---

+ પોતાની ઈચ્છાથી મર્યાદા કરેલ જગ્યાની બહાર જવું નહિ.

× મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભ યોગઃ એ પાંચ આશ્રવ છે.

* ગિરનારની ટોચ પહોંચતાં પંથ ૭ માઈલનો થાય પરંતુ ઊંચાઈ તો એક જ માઈલથી ઓછી છે તેથી ઊંચાઈ એક માઈલ જ સમજવી તેવી જ રીતે બધી દિશામાં સમજવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ : ૧૨ : સાતમું વ્રત

(ઉપભોગ - પરિભોગ પરિમાણ - બીજું ગુણવ્રત)

| | | |
|---|---|---|
| **સાતમું વ્રત** | - | સાતમું વ્રત |
| **ઉવભોગ** | - | એક વખત ભોગવાય તે ખાન, પાન આદિ |
| **પરિભોગવિહિં** | - | વારંવાર ભોગવાય તે (કપડાં ઘરેણાં વગેરે) તે મર્યાદા ઉપરાંતના પચ્ચક્ખાણ |
| **પચ્ચક્ખાયમાણે** | - | પચ્ચક્ખાણ સાથે કરતાં થકાં |
| **ઉલ્લણિયાવિહિં** | - | અંગલૂચ્છણ, ટુવાલ વગેરેની જાત અને સંખ્યાની મર્યાદા (૧) |
| **દંતણવિહિં** | - | દાતણની જાત અને સંખ્યાની મર્યાદા (૨) |
| **ફલવિહિં** | - | અરીઠા પ્રમુખ નાહવાના ફળની જાત અને સંખ્યાની મર્યાદા (૩) |
| **અબ્ભંગણવિહિં** | - | મર્દન કરવા યોગ્ય તેલની જાત અને તેનાં પ્રમાણની મર્યાદા (૪) |
| **ઉવ્વટ્ટણવિહિં** | - | પીઠી વગેરે શરીરે ચોળવાની વસ્તુની જાત અને તેની મર્યાદા (૫) |
| **મજ્જણવિહિં** | - | નહાવાના પાણીની મર્યાદા (૬) (એક દિવસમાં કેટલી વાર અને કેટલા પાણીએ સ્નાન કરવું) |
| **વત્થવિહિં** | - | પહેરવાના વસ્ત્રોની મર્યાદા, અગર એક વરસમાં પોતાનાં માટે |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલા રૂપિયાનાં વસ્ત્ર રાખવા. (૭)

| | | |
|---|---|---|
| **વિલેવણવિહિં** | - | સુખડ, અત્તર, તેલ, આદિ વિલેપન કરવાની વસ્તુની મર્યાદા (૮) |
| **પુષ્ફવિહિં** | - | ફૂલની જાત; સંખ્યાની મર્યાદા (૯) |
| **આભરણવિહિં** | - | ઘરેણાંની જાત, સંખ્યાની મર્યાદા (૧૦) |
| **ધૂવણવિહિં** | - | ધૂપની જાત; વજનની મર્યાદા (૧૧) |
| **પેજ્જવિહિં** | - | પીવાનાં પદાર્થોની અને માપની મર્યાદા (ચા, દૂધ ઓસડ આદિ (૧૨) |
| **ભક્ખણવિહિં** | - | સુખડી વગેરે મિષ્ટાન્નની જાત અને તેનાં વજનની મર્યાદા (૧૩) |
| **ઓદણવિહિં** | - | ચોખા વગેરે ૨૪ પ્રકારના ધાન્યની જાત અને તેનાં માપની મર્યાદા (૧૪) |
| **સૂવવિહિં** | - | કઠોળની જાત; માપની મર્યાદા (૧૫) |
| **વિગયવિહિં** | - | ઘી, તેલ, દૂધ, દહીં, ગોળ, સાકર વગેરે વસ્તુની જાત અને તેનાં માપની મર્યાદા (૧૬) |
| **સાગવિહિં** | - | શાકની જાત, વજનની મર્યાદા (૧૭) |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **માહુરયવિહિં** | - | મધુરા ફળની જાત; માપની મર્યાદા (તરબૂચ, દ્રાક્ષ વગેરે) |
| **જેમણવિહિં** | - | જમવાનાં પદાર્થોની મર્યાદા (૧૯) |
| **પાણિયવિહિં** | - | પીવાના પાણીની મર્યાદા (૨૦) |
| **મુહવાસવિહિં** | - | મુખવાસની જાત અને માપની મર્યાદા (સોપારી, લવિંગ વગેરે (૨૧) |
| **વાહણવિહિં** | - | બેસવા માટે વાહનની જાત અને સંખ્યાની મર્યાદા (૨૨) |
| **ઉવાણહવિહિં** | - | પગરખાંની જાત અને મર્યાદા (૨૩) |
| **સયણવિહિં** | - | સુવા-બેસવાનાં સાધનોની જાત અને સંખ્યાની મર્યાદા (૨૪) |
| **સચિત્તવિહિં** | - | સચેત વસ્તુ ખાવાની જાત અને સંખ્યાની મર્યાદા (૨૫) |
| **દવ્વવિહિં** | - | ખાવા-પીવાના દ્રવ્યોની મર્યાદા (૨૬) |

**ઈત્યાદિનું યથા પરિમાણ કીધું છે, તે ઉપરાંત ઉવભોગ પરિભોગ, ભોગ નિમિત્તે ભોગવવાનાં પચ્ચક્ખાણ, જાવજ્જીવાએ એગવિહં, તિવિહેણં, ન કરેમિ, મણસા, વયસા, કાયસા-એહવા સાતમા ઉવભોગ-પરિભોગ**

| | | |
|---|---|---|
| **દુવિહે** | - | બે પ્રકારે |
| **પન્નત્તે** | - | કહ્યા છે. |
| **તં જહા** | - | તે આ પ્રમાણે |
| **ભોયણાઉ ય** | - | ભોજન સંબંધી અને |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **કમ્મઉ ય** | - | કર્મ (વ્યાપાર) સંબંધી |
| **ભોયણાઉ** | - | ભોજન સંબંધી |
| **સમણોવાસએણં** | - | શ્રમણોપાસક-શ્રાવકને |

**પંચ અઈયારા, જાણિયવ્વા, ન સમાયરિયવ્વા તં જહા તે**

| | | |
|---|---|---|
| **આલોઉં :** | - | |
| **સચિત્તાહારે** | - | મર્યાદાથી ઉપરાંતની સચેત વસ્તુનો ઉપયોગ થયો હોય. |
| **સચિત્ત પડિબદ્ધાહારે** | - | સચેત વસ્તુ સાથે લાગેલ અચેત વસ્તુનો ઉપયોગ થયો હોય (વૃક્ષને લાગેલો ગુંદર, ઝાડને લાગેલાં પાકાં ફળ વગેરે) |
| **અપ્પોલિઓસહિ ભક્ખણયા** | - | થોડી કાચી અને થોડી પાકી વસ્તુનો ઉપયોગ કર્યો હોય (તરતનાં તૈયાર કરેલ ખારિયાં વગેરે) |
| દુપ્પોલિઓસહિ ભક્ખણયા | - | દુષ્પકવ એટલે માઠી રીતે પકવેલી વસ્તુનો ઉપયોગ કર્યો હોય (રીંગણાનાં ભડથાં ઓળો, પોંક વગેરે) |
| **તુચ્છોસહિ ભક્ખણયા** | - | તુચ્છ આહારનો ઉપયોગ કર્યો હોય (ખાવું થોડું અને નાખી દેવું ઝાઝું, શેરડી, સીતાફળ વગેરે) |
| **કમ્મઓણં** | - | કર્મ એટલે વ્યાપાર સંબંધી |
| **સમણોવાસએણં** | - | શ્રમણોપાસક - શ્રાવકને |
| **પન્નરસ કમ્માદાણાઈ** | - | પંદર કર્માદાન (જે કામો તથા |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેપાર કરવાથી ગાઢાં પાપ બંધાય તે)

**જાણિયવ્વા, ન સમાયરિયવ્વા,** તં જહા તે આલોઉં :

| | | |
|---|---|---|
| **ઈંગાલકમ્મે** | - | લુહાર, ભાડભૂંજા વગેરેના ધંધા કે-જેમાં અગ્નિનો આરંભ કરવો પડે તેવો વેપાર કરવો. (૧) |
| **વણકમ્મે** | - | વનનાં ઝાડો કાપવાનો વેપાર કરવો. (૨) |
| **સાડીકમ્મે** | - | ગાડું, રથ, જહાજ, મોટર, આદિ બનાવી વેચવાનો વેપાર કરવો. (૩) |
| **ભાડીકમ્મે** | - | ગાડાં, ઘોડાં, મકાન, રીક્ષા, ટેક્સી વગેરે રાખી ભાડાં ખાવાનો વેપાર કરવો (૪) |
| **ફોડીકમ્મે** | - | પૃથ્વીનાં પેટ ફોડવાના ધંધા કર્યા હોય (૫) (કૂવા, વાવ, તળાવ આદિ ખોદાવવાના ધંધા) |
| **દંતવાણિજ્જે** | - | દાંત, હાડકાં, શીંગડા વગેરેનો વેપાર કર્યો હોય. (૬) |
| **લક્ખવાણિજ્જે** * | - | લાખ, રંગ, મીણ આદિનો વેપાર કર્યો હોય. (૭) |
| **કેસવાણિજ્જે** | - | ચમરી ગાય આદિનાં કેશ (વાળ)નો વેપાર કર્યો હોય. (૮) |

* 'ભગવતીસૂત્ર'માં ઉપર મુજબ કર્માદાનનો ક્રમ આપેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| રસવાણિજ્જે | - | દારૂ, માંસ, મધ, માખણ, ચરબી, આદિ રસનો વેપાર કર્યો હોય. (૯) |
| વિસવાણિજ્જે | - | ઝેર, અફીણ, સોમલ, જંતુ મારવાની દવા આદિનો વેપાર કર્યો હોય. (૧૦) |
| જંત પિલણ કમ્મે | - | તલ, શેરડી, મગફળી, કપાસ, બીયા વગેરેને ઘાણી, ચરખાદિ સંચાઓ વડે પીલવાનો વેપાર કર્યો હોય. (૧૧) |
| નિલ્લંછણકમ્મે | - | અંગોપાંગ છેદવા, સ્ત્રી, પુરુષ, આખલા, ઘોડા આદિને ખસી કર્યા હોય, ડામ દીધા હોય. (૧૨) |
| દવગ્ગિદાવણિયા | - | જંગલ, ખેતર, પર્વત આદિને આગ લગાડવાના વેપાર કર્યા હોય. (૧૩) |
| સર દહ તલાગ પરિસોસણયા | - | સરોવર, કૂવા, તળાવ વગેરે ઉલેચવાના વેપાર કર્યા હોય (૧૪) |
| અસઈ જણ પોસણયા | - | હિંસક પશુ, ગુલામ, દુરાચારી મનુષ્યો વગેરેનું આજીવિકા અર્થે પાલનપોષણ કર્યું હોય (૧૫) * |

**એહવા સાતમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી પાંચ**

---

* આ પંદર જાતના વેપાર મહાપાપથી ભરેલા છે, તેથી શ્રાવકોએ આમાંના કોઈ પણ વેપાર કરવાં જોઈએ નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોજનના અતિચાર અને પંદર કર્માદાન સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંતા સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

## પાઠ : ૧૩ : આઠમું વ્રત

(અનર્થદંડ ત્યાગ - ત્રીજું ગુણવ્રત)

આપણો આત્મા વિના પ્રયોજને દંડાય છે તેનાથી અટકવા વિષે

| | | |
|---|---|---|
| **આઠમું વ્રત** | - | આઠમું વ્રત |
| **અણત્થદંડનું વિરમણં** | - | વિના પ્રયોજને આત્મા દંડાય છે, તેથી નિવર્તુ છું. |
| **ચઉવ્વિહે** | - | ચાર પ્રકારે |
| **અણત્થાદંડે** | - | અર્થ વિના દંડાય તે અનર્થદંડ |
| **પન્નત્તે** | - | કહ્યા છે |
| **તં જહા** | - | તે આ પ્રમાણે |
| **અવજ્ઝાણાચરિયં** | - | માઠું ધ્યાન (આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાન) ધરવાથી |
| **પમાયાચરિયં** | - | પ્રમાદ કરવાથી * (બીજાના પ્રાણ હરણ થાય તે, એંઠા વાસણ ખુલ્લા રાખવા, પોંજ્યા વિના ચૂલા, ગેસ સળગાવવા, ઘી, તેલ, સરબત આદિના વાસણ ખુલ્લા રાખવા.) |

* ધાર્મિક કાર્યોમાં આળસ અને પાપના કાર્યમાં ઉદ્યમ, તેનું નામ પ્રમાદ-તેના પાંચ પ્રકાર છે - મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા. સાધક આત્માએ પાંચ પ્રમાદનો ત્યાગ કરવો જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| હિંસપ્પયાણં | - | હિંસા થાય તેવા શસ્ત્રો આપવાથી (ચપ્પુ-છરી, તલવાર, રીવોલ્વર ભાલા, બંદૂક વગેરે) |
| પાવકમ્મોવએસં | - | પાપકર્મનો ઉપદેશ આપવાથી; |

**એહવા આઠમા અણત્થદંડ સેવવાનાં પચ્ચક્ખાણ; જાવજ્જીવાએ, દુ વિહં, તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મણસા, વયસા, કાયસા.**

**એહવા આઠમા અણત્થદંડ વેરમણં વ્રતના પંચ અઈયારા, જાણિયવ્વા, ન સમાયરિયવ્વા, તં જહા તે આલોઉં : -**

| | | |
|---|---|---|
| કંદપ્પે | - | વિષય-વિકાર વધે તેવાં વચનો બોલવાં, |
| કુક્કુઈએ | - | આંખ, મુખ, હાથ આદિથી કુચેષ્ટા કરવી. |
| મોહરિએ | - | જેમતેમ નિરર્થક બોલવું, (હાંસી-મશ્કરી કરવી; એપ્રિલફુલ બનાવવા વગેરે) |
| સંજુત્તાહિગરણે | - | હિંસાકારી જૂનાં હથિયારને સજાવી નવા કર્યા હોય તેમજ હિંસા થાય તેવા હથિયાર ભેગા કર્યા હોય. |
| ઉવભોગ પરિભોગ | - | ૧ ઉપભોગ-૨ પરિભોગની વસ્તુઓમાં |
| અઈરત્તે | - | અતિ આસક્ત ભાવ રાખ્યો હોય. |

---

(૧) એકવાર ભોગવાય તેવી. (૨) વારંવાર ભોગવાય તેવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એહવા આઠમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંત સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

## પાઠ : ૧૪ : નવમું સામાયિક વ્રત

(પહેલું શિક્ષાવ્રત)

નવમું સામાયિક વ્રત - નવમું સમભાવમાં રહેવારૂપ સામાયિક વ્રત.

સાવજ્જં જોગનું વેરમણં - પાપના કાર્યથી નિવર્તુ છું.

જાવ નિયમં જ્યાં સુધી મર્યાદા કરી હોય.

પજ્જુવાસામિ - ત્યાં સુધી સમભાવમાં રહું.

દુવિહં, તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મણસા, વયસા, કાયસા. એવી મારી (તમારી) સદ્દહણા પ્રરુપણાએ કરી સામાયિકનો અવસર આવે અને સામાયિક કરીએ, તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો ! એહવા નવમા સામાયિક વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા, તં જહા, તે આલોઉં : -

મણ દુપ્પણિહાણે - સામાયિકમાં મન માઠું પ્રવર્તાવ્યું હોય,

વય દુપ્પણિહાણે - સામાયિકમાં વચન માઠું પ્રવર્તાવ્યું હોય,

કાય દુપ્પણિહાણે - સામાયિકમાં કાયા માઠી રીતે પ્રવર્તાવી હોય,

સામાઈયસ્સ સઈ અકરણયા - સામાયિક વેઠની જેમ, જેમતેમ કરી હોય, સામાયિક કરી છે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| | | છતાં કરી છે કે નથી કરી તેની ખબર ન રહી હોય; |
| સામાઈયસ્સ | - | સામાયિકનું બરાબર રીતે પાલન ન કર્યું હોય. |
| અણવટ્ઠિયસ્સ કરણયા | - | સામાયિકનો સમય પૂર્ણ થયા પહેલાં પાળી લીધેલ હોય. |

**એહવા નવમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંતા સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

## પાઠ : ૧૫ : દશમું દેશાવગાસિક વ્રત

(બીજું શિક્ષાવ્રત)

| | | |
|---|---|---|
| દશમું દેશાવગાસિકવ્રત | - | દશમું દિશા અને ભોગોપભોગની અમુક મર્યાદાવાળું વ્રત |

**દિન પ્રત્યે પ્રભાત થકી પ્રારંભીને પૂર્વાદિક છ દિશિ જેટલી ભૂમિકા મોકળી રાખી છે, તે ઉપરાંત સઈચ્છાએ કાયાએ જઈને પાંચ આશ્રવ સેવવાનાં પચ્ચક્ખાણ.**

જાવ અહોરત્તં - એક દિવસ અને રાત્રિ સુધી

**દુવિહં, તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મણસા, વયસા, કાયસા; જેટલી ભૂમિકા મોકળી રાખી છે, તે માંહે દ્રવ્યાદિકની જે મર્યાદા કીધી છે, તે ઉપરાંત ઉવભોગ, પરિભોગ, ભોગ નિમિત્તે ભોગવવાનાં પચ્ચકખાણ, જાવ અહોરત્તં, એગવિહં, તિવિહેણં, ન કરેમિ, મણસા, વયસા, કાયસા, એહવા દશમા દેશાવગાસિક વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા, ન**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સમાયરિયવ્વા, તં જહા તે આલોઉં.**

| | | |
|---|---|---|
| **આણવણપ્પઓગે** | - | મર્યાદાની બહારથી વસ્તુ મંગાવી હોય, |
| **પેસવણપ્પઓગે** | - | મર્યાદાની બહારથી ચાકર દ્વારા વસ્તુ મંગાવી હોય અગર મર્યાદા બહાર વસ્તુ મોકલી હોય. |
| **સદ્દાણુવાએ** | - | સાદ (અવાજ) કરીને મર્યાદાની બહારથી કોઈને બોલાવેલ હોય, |
| **રૂવાણુવાએ** | - | પોતાનું રૂપ બતાવીને મર્યાદા બહારથી કોઈને બોલાવેલ હોય અથવા વસ્તુ મંગાવેલ હોય, |
| **બહિયા પોગ્ગલપક્ખેવે** | - | કાંકરો આદિ નાંખી મર્યાદા બહારથી કોઈને બોલાવેલ હોય. |

**એહવા દશમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંત સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

(વ્રત લેવાની તથા પાળવાની વિધિ પુસ્તકમાં છેલ્લે આપેલ છે.)

## પાઠ ૧૬ : અગિયારમું પરિપૂર્ણ પૌષધવ્રત

### (ત્રીજું - શિક્ષાવ્રત)

(ધર્મધ્યાન વડે આત્માને પોષવો તે પૌષધવ્રત અથવા અનાદિકાળથી હિંસા, આહાર, મૈથુન અને પરિગ્રહના ભાવો તોડી, અહિંસક, અણાહારી, અવેદી અને અપરિગ્રહી પદ પ્રાપ્ત કરવા માટેનું વ્રત)

| | | |
|---|---|---|
| **અગિયારમું પડિપુણ્ણ** | - | અગિયારમું ધર્મકરણીથી |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| પૌષધવ્રત | - | આત્માને પોષવાનું વ્રત. |
| અસણં, પાણં, ખાઈમં, | - | અન્ન, પાણી, મેવો અને |
| સાઈમંના પચ્ચક્ખાણ | - | મુખવાસ ખાવાના પ્રત્યાખ્યાન. |
| અબંભના પચ્ચક્ખાણ | - | મૈથુન સેવવાનાં પ્રત્યાખાન. |
| મણિસોવનનાં પચ્ચક્ખાણ | - | ઝવેરાત, સોનું વગેરે રાખવાના પ્રત્યાખ્યાન. |
| માલાવન્નગ વિલેવણના | - | ફૂલની માળા, ચંદન વગેરે |
| પચ્ચક્ખાણ | - | વિલેપન કરવાના પ્રત્યાખ્યાન |
| સત્થ મુસલાદિક સાવજ્જ | - | શસ્ત્ર, સાંબેલાં વગેરે પાપકારી |
| જોગનાં પચ્ચક્ખાણ | - | કાર્યનાં પ્રત્યાખાન. |
| જાવ અહોરત્તં પજ્જુવાસામિ | - | એક દિવસ અને રાત્રિ (આઠ પ્રહર સુધી) તે પ્રમાણે કરીશ. |

**દુવિહં, તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મણસા, વયસા, કાયસા, એહવી મારી સદ્દહણા પ્રરૂપણાએ કરી પૌષધનો શુભ અવસર આવે અને પૌષધ કરું, તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો ! એહવા અગિયારમા પડિપુણ્ણ પૌષધવ્રતના પંચ અઈયારા જાણિયવ્વા, ન સમાયરિયવ્વા, તં જહા તે આલોઉં : -**

| | | |
|---|---|---|
| અપ્પડિલેહિય દુપ્પડિલેહિય સિજ્જાસંથારએ | - | પાટ, પથારી આદિની પ્રતિલેખના ન કરી હોય, અને કરી હોય તો માઠી રીતે (ઉપેક્ષાપૂર્વક) કરી હોય. |
| અપ્પમજ્જિય દુપ્પમજ્જિય સિજ્જાસંથારએ | - | પાટ, પથારી આદિની પ્રમાર્જના કરી ન હોય, અને કરી હોય તો માઠી રીતે (ઉપેક્ષાપૂર્વક) |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| | પ્રમાર્જના કરી હોય. |
| **અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ** – | લઘુનીત, વડીનીત ભૂમિની પ્રતિલેખના કરી ન હોય, અને કરી હોય તો માઠી રીતે કરી હોય. |
| **અપ્પમજ્જિય દુપ્પમજ્જિય ઉચ્ચાર પાસવણ ભૂમિ** – | * લઘુનીત તથા * વડીનીત (સ્થંડીલ) જવાની ભૂમિની પ્રમાર્જના કરી ન હોય; અને કરી હોય તો માઠી રીતે કરી હોય. |
| **પોસહસ્સ સમ્મં અણણુપાલણયા** - | પૌષધવ્રતનું વિધિપૂર્વક રૂડી રીતે પાલન ન કર્યું હોય, |

**એહવા અગિયારમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંત સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

(વ્રત લેવાની તથા પાળવાની વિધિ પુસ્તકમાં છેલ્લે આપી છે.)

# પાઠ ૧૭ : બારમું અતિથિ સંવિભાગ વ્રત

(ચોથું - શિક્ષાવ્રત)

(અનાદિકાળથી લાજ, શરમ, ભય અગર સાંસારિક પદાર્થોની આશાએ તધારૂપના સાધુ-સાધ્વીજીઓને, આધાકર્મી, અસૂઝતાં

* લઘુનીત=પેશાબ * વડીનીત=ઝાડો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આહાર, પાણી વહોરાવી વ્રતની વિરાધના કરી હોય, તેને તોડી અનંત ગુણો પ્રગટાવવા માટે સાધુ-સાધ્વીજીને નિર્દોષ, પ્રાસુક આહાર પાણી વહોરાવવાનું વ્રત)

| | | |
|---|---|---|
| **બારમું** | - | બારમું |
| **અતિથિ** | - | જેઓને આહાર, પાણી વહોરવા આવવાની નક્કી-તિથિ નથી; તે અતિથિ |
| **સંવિભાગ વ્રત** | - | પોતાનામાંથી વિભાગ કરવા રૂપ વ્રત (સાધુ-સાધ્વીજી પધારે તો મારે જે ખાવાપીવાની ચીજો છે, તેમાંથી તેઓને વહોરાવું એવી ભાવના ભાવવી તે) |
| **સમણે** | - | સાધુ-મુનિને (સાધ્વીજીઓને) |
| **નિગ્ગંથે** | - | નિર્ગ્રંથને (જેમને કોઈ પણ જાતનો બાહ્ય કે આભ્યંતર પરિગ્રહ નથી,) |
| **ફાસુય** | - | જીવરહિત-અચિત્ત (પ્રાસુક) |
| **એસણિજ્જેણં** | - | નિર્દોષ (૪૨, ૪૭, ૯૬ દોષ રહિત) |
| **અસણં** | - | અન્ન (ભોજન) |
| **પાણં** | - | પાણી (પીવા યોગ્ય અચિત્ત) |
| **ખાઈમં** | - | મેવા, મીઠાઈ આદિ (ખાવા યોગ્ય) |
| **સાઈમં** | - | મુખવાસ આદિ (સ્વાદ યોગ્ય) |
| **વત્થ** | - | વસ્ત્ર (સુતરાઉ, ઊન, શણ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| | | વગેરે) |
| પડિગ્ગહ | - | પાત્રાં (કાષ્ટ, તુંબીના, માટીના) |
| કંબલ | - | કમ્બલ, (કામળી) |
| પાયપુચ્છણેણં | - | રજોહરણ-ગુચ્છાદિ |
| પાઢિયારૂ | - | આપીને પાછી લેવાય તેવી વસ્તુ |
| પીઢ | - | બાજોઠ, પાટલા આદિ, |
| ફલગ | - | પાટીયું, પાટ આદિ, |
| સિજ્જા સંથારએણં | - | શય્યા (મકાન), ઘાસની પથારી આદિ. |
| ઓસહ | - | ઔષધ (જેમાં એક વસ્તુ હોય, તેવીઃ (જેમ કે-હરડેની ફાકી) |
| ભેસજ્જેણં | - | ઘણી વસ્તુ ભેળવીને કરેલી દવા, (જેમ કે - ત્રિફળા આદિ) |
| પડિલાભેમાણે | - | ભાવથી આપતો થકો |
| વિહરિસ્સામિ | - | વિચરીશ |

**એહવી મારી સદ્દહણા પ્રરૂપણાએ કરી સુપાત્ર સાધુ-સાધ્વીજીની જોગવાઈ મળે અને નિર્દોષ આહાર-પાણી વહોરાવું, તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો !**

**એહવા બારમા અતિથિ સંવિભાગવ્રતના પંચ અઈયારા, જાણિયવ્વા, ન સમાયરિયવ્વા, તં જહા તે આલોઉં : -**

| | | |
|---|---|---|
| સચિત્ત નિક્ખેવણયા | - | અચેતમાં સચેત વસ્તુ નાખીને; જેમ કે - ખમણ પર કોથમીર (ધાણા), ચુરમાના લાડવા પર ખસખસ છાંટેલ હોય. (ભભરાવી |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય) અથવા અચેત વસ્તુને સચેત ઉપર રાખી હોય.

**સચિત્તપેહણયા** - અચેત વસ્તુને સચેત વસ્તુથી ઢાંકી હોય.

**કાલાઈક્કમે** - વસ્તુનો કાળ વીતી ગયા પછી બગડેલી વસ્તુ વહોરાવી હોય,

**પરોવએસે** - પોતે સુઝતો હોવા છતાં બીજાને વહોરાવવાનું કહ્યું હોય.

**મચ્છરિયાએ** - દાન આપી અહંકાર કર્યો હોય.

**એહવા બારમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંત સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

## પાઠ : ૧૮ : સંથારો-સંલેખના સૂત્ર

**અપચ્છિમ** - છેલ્લી (હવે બીજું કાંઈ કામ કરવાનું બાકી રહેલ નથી.)

**મારણંતિય** - મરણ વખતે કરાતી,

**સંલેહણા** - તપથી શરીર અને કષાયોનું શોષણ કરવાની ક્રિયા;

**પોષધશાળા પૂંજીને** - મર્યાદિત ભૂમિને પૂંજીને,

**ઉચ્ચાર-પાસવણ** - વડીનીત-લઘુનીત ભૂમિને

**ભૂમિકા પડિલેહીને** - નજરે જોઈને,

**ગમણાગમણે** - જતાં-આવતાં, ગમનાગમનની અયતના થઈ હોય તેનું,

**પડિક્કમિને** - પ્રાયશ્ચિત્ત લઈને,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| દર્ભાદિક સંથારો | - | ડાભ આદિ તરણાની પથારી |
| સંથરીને | - | પાથરીને, |
| દર્ભાદિક સંથારો | - | ડાભ વગેરે તરણાની પથારી |
| દુરુહીને | - | ઉપર બેસીને, |
| પૂર્વ તથા ઉત્તર દિશિ | - | પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ (યા ઈશાન કોણ તરફ) મુખ કરીને, |
| પલ્યંકાદિ આસને બેસીને | - | પલાંઠીવાળીને અગર અનુકૂળ પડે તેવા આસને બેસીને, |
| કરયલ સંપરિગ્ગહિયં | - | બંને હાથ જોડીને, |
| સિરસાવત્તં | - | મસ્તકે આવર્તન કરીને, |
| મત્થએ | - | મસ્તકે |
| અંજલી કટ્ટુ | - | અંજલી (જોડેલા હાથ) અડાડીને, |
| એવં વયાસી | - | એમ કહે, |
| નમોત્થુણં | - | નમસ્કાર હોજો, |
| અરિહંતાણં | | અરિહંત |
| ભગવંતાણં | - | ભગવંતોને |
| જાવ સંપત્તાણં | - | યાવત્ મોક્ષ પહોંચેલાઓને |

**એમ અનંતા સિદ્ધને નમસ્કાર કરીને, વર્તમાન પોતાના ધર્મગુરુ - ધર્માચાર્યને નમસ્કાર, કરીને પૂર્વે જે વ્રત આદર્યાં છે; તે**

| | | |
|---|---|---|
| આલોવી | - | વ્રતોમાં અતિક્રમાદિક દોષો લાગ્યા હોય તેને યાદ કરી, ગુરુ આદિની સેવામાં કહી સંભળાવી, |
| પડિક્કમિ | - | તેનું પ્રાયશ્ચિત્ત લઈને, |
| નિંદી | - | દોષોની નિંદા કરીને, |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| નિ:શલ્ય થઈને | - | ત્રણે પ્રકારના શલ્ય રહિત થઈને, |
| સવ્વં પાણાઈવાયં પચ્ચક્ખામિ | - | સર્વ પ્રકારની હિંસાને તજું છું. |
| સવ્વં મુસાવાયં પચ્ચક્ખામિ | - | સર્વ પ્રકારના જૂઠને તજું છું. |
| સવ્વં અદિન્નાદાણં પચ્ચક્ખામિ | - | સર્વ પ્રકારની ચોરીને તજું છું. |
| સવ્વં મેહુણં પચ્ચક્ખામિ | - | સર્વ પ્રકારના મૈથુનને તજું છું. |
| સવ્વં પરિગ્ગહં પચ્ચક્ખામિ | - | સર્વ પ્રકારના પરિગ્રહને તજું છું. |
| સવ્વં કોહં પચ્ચક્ખામિ | - | સર્વ પ્રકારના ક્રોધને તજું છું. |
| જાવ | - | યાવત્ (વચ્ચેના માન, માયા વગેરે સહિત અઢારમાં) |
| મિચ્છા દંસણ સલ્લં | - | મિથ્યા દર્શન શલ્યને |
| અકરણિજ્જં જોગં | - | ન સેવવા જેવા યોગના |
| પચ્ચક્ખામિ | - | પચ્ચક્ખાણ કરૂં છું. |
| જાવજ્જીવાએ | - | જીવું ત્યાં સુધી |
| તિવિહં | - | ત્રણ કરણ |
| તિવિહેણં | - | ત્રણ યોગે કરીને |
| ન કરેમિ | - | નહિ કરું (પાપ) |
| ન કારવેમિ | - | નહિ કરાવું (પાપ) |
| કરંતં પિ અન્નં ન સમણુજાણામિ | - | (પાપ) કરનારની અનુમોદના ન કરું, ભલું જાણું નહિ. |
| મણસા, વયસા, કાયસા | - | મનથી, વચનથી, કાયાથી |
| એમ અઢારે પાપ સ્થાનક પચ્ચક્ખીને | - | એવી રીતે અઢારે પ્રકારના પાપના પ્રત્યાખ્યાન કરીને, |
| સવ્વં | - | સર્વ પ્રકારના |
| અસણં પાણં-ખાઈમં-સાઈમં | - | અન્ન, પાણી, મેવો, મુખવાસ |
| ચઉવ્વિહં પિ આહારં | - | એ ચારે પ્રકારના આહારના |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| પચ્ચક્ખામિ | | પ્રત્યાખ્યાન કરું છું. |
| જાવજ્જીવાએ | - | જીવું ત્યાં સુધી |
| એમ ચારે આહાર | - | એ ચારે પ્રકારના આહારના |
| પચ્ચક્ખીને | | પ્રત્યાખ્યાન કરીને |
| જં પિયં | - | જે, પણ અને |
| ઈમં શરીરં | - | આ, શરીર |
| ઈટ્ઠં | - | ઈષ્ટકારી |
| કંતં | - | કાંત, સુંદર |
| પિયં | - | પ્રિય |
| મણુન્નં | - | મનોજ્ઞ (મનગમતું) |
| મણામં | - | મનને અતિ વહાલું |
| ધિજ્જં | - | ધૈર્યરૂપ |
| વિસાસિયં | - | વિશ્વાસના ઠેકાણાવાળું |
| સમયં | - | સમ્મત (માનવા યોગ્ય) |
| અણુમયં | - | વિશેષ માનવા યોગ્ય |
| બહુમયં | - | બધા વડે માનવા યોગ્ય |
| ભંડ કરંડગ સમાણં | - | આભૂષણોના કરંડિયા (ડાબલા) સમાન |
| રયણ કરંડગ ભૂયં | - | રત્નના કરંડિયા (પેટી) સમાન |
| મા | - | રખે ! |
| ણં | - | અવ્યય છે, વાક્યની શોભાર્થે છે, સ્વતંત્ર કોઈ અર્થ નથી. |
| સીયં | - | ઠંડી લાગે, |
| મા ણં ઉણ્હં | - | રખે ! તાપ લાગે, |
| મા ણં ખુહા | - | રખે ! ભૂખ લાગે, |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| મા ણં પિવાસા | - | રખે ! તરસ લાગે, |
| મા ણં બાલા | - | રખે ! સાપ કરડે, |
| મા ણં ચોરા | - | રખે ! ચોર હેરાન કરે |
| મા ણં દંસા | - | રખે ! ડાંસ કરડે, |
| મા ણં મસગા | - | રખે ! મચ્છર કરડે, |
| મા ણં વાઈયં | - | રખે ! વાત્ત થાય, |
| પિત્તિયં | - | પિત્ત થાય, |
| સંભિયં | - | સળેખમ (કફ) થાય, |
| સન્નિવાઈયં | - | સન્નિપાત થાય, (ત્રિદોષ) |
| વિવિહા રોગાયંકા | - | વિવિધ પ્રકારના આતંક રોગ, (તત્કાલ પ્રાણ લેનાર) પીડાઓ વગેરે થાય, |
| પરિસહોવસગ્ગા | - | (૨૨ પ્રકારના) પરિસહો* અને ઉપસર્ગો ÷ થાય. |
| ફાસાફુસંતુ | - | તે, તે પ્રકારના કોઈ પણ સ્પર્શ થાય, |
| એયંપિયણં | - | એવું પણ (શરીરને થાય તો પણ) |
| ચરમેહિં | - | છેલ્લા |
| ઉસ્સાસ નિસ્સાસેહિં | - | શ્વાસોચ્છ્‌વાસ સુધી, |
| વોસિરામિ | - | તજું છું, |
| તિકટ્ટુ | - | એમ કરીને, વિચારીને, |

* પરિષહ=મોક્ષમાર્ગથી ચ્યૂત ન થવા માટે અને કર્મનિર્જરાના ભાવથી જે સહન કરવામાં આવે તેને 'પરિષહ' કહે છે. પરિષહ દીર્ઘકાળના હોય છે

÷ ઉપસર્ગ=સમીપમાં આવીને અચાનક આવી પડેલી પીડા (દુઃખ)ને 'ઉપસર્ગ' કહે છે. ઉપસર્ગ અલ્પકાળના હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **એમ શરીર વોસિરાવીને** | - | એમ શરીરના મમત્વને છોડીને |
| **કાલં અણવકંખમાણે** | - | મૃત્યુને અણવાંછતો થકો. |
| **વિહરિસ્સામિ** | - | વિચરીશ. |

**એવી સદ્દહણા પ્રરૂપણાએ કરી, અણસણનો અવસર આવ્યે, અણસણ કરૂં તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો ! એવા અપચ્છિમ મારણંતિય સંલેહણા**

| | | |
|---|---|---|
| **ઝૂસણા** | - | (અણસણ) સેવવાના |
| **આરાહણાના** | - | આરાધવાના |

**પંચ અઈયારા, જાણિયવ્વા, ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં -**

| | | |
|---|---|---|
| **ઈહલોગાસંસપ્પઓગે** | - | આ લોકના સાંસારિક સુખની ઈચ્છા કરે કે - મરીને મોટો સમ્રાટ, અથવા મંત્રી વગેરે બનું. |
| **પરલોગાસંસપ્પઓગે** | - | પરલોકના સુખની ઈચ્છા કરે કે મરીને મોટો મહર્દ્ધિક દેવ બનું. |
| **જીવિયાસંસપ્પઓગે** | - | જીવવાની ઈચ્છા કરે (વધુ દિવસ જીવું તો ઠીક, જેથી સંથારો લંબાય તો લોકોમાં મારી આબરૂ વધે). |
| **મરણાસંસપ્પઓગે** | - | મરણની ઈચ્છા કરે (બહુ દુઃખ પામું છું, તેથી હવે તુરત મરી જાઉં તો સારૂં.) |
| **કામભોગાસંસપ્પઓગે** | - | મનુષ્ય અથવા દેવ સંબંધી કામ-ભોગો મેળવવાની ઈચ્છા કરી હોય. |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તસ્સ મિચ્છા મિ દુક્કડં : - તેનું મારું પાપ મિથ્યા થાઓ.

એમ સમકિતપૂર્વક બાર વ્રત સંલેખણા સહિત નવ્વાણું અતિચાર, તેને વિષે જે કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર જાણતાં, અજાણતાં મન, વચન, કાયાએ કરી સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતાં પ્રત્યે અનુમોદના કરી હોય તો; અરિહંત, અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

## પાઠ : ૧૯ : અઢાર પાપસ્થાનકસૂત્ર

(જે મે જીવ વિરાધીયા; સેવ્યા પાપ અઢાર,
પ્રભુ તુમ્હારી સાખથી, વારંવાર ધિક્કાર.)

અઢાર પ્રકારના પાપ સ્થાનક સંબંધી પાપ દોષ લાગ્યા હોય તે આલોઉં -

(૧) પ્રાણાતિપાત - પ્રાણોનો અતિપાત કરવો - આત્માથી દ્રવ્ય-પ્રાણોને જુદાં કરવા અર્થાત્ હિંસા + કરવી.

(૨) મૃષાવાદ - અસત્ય બોલવું.

(૩) અદત્તાદાન - અણદીધેલી વસ્તુ લેવી, ચોરી કરવી.

---

+ હિંસાના ત્રણ ભેદ - (૧) સંરંભ= જીવોની હિંસાનો સંકલ્પ કરવો. (૨) સમારંભ = હિંસાને માટે પ્રયત્ન કરવો. (૩) આરંભ = હિંસા કરવી. અર્થાત્ પ્રાણહરણ કરવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) મૈથુન - અબ્રહ્મચર્ય (સ્ત્રી આદિ સંગ)
(૫) પરિગ્રહ - નવ પ્રકારના બાહ્ય અને ચૌદ + પ્રકારના અભ્યંતર પરિગ્રહની ઈચ્છા.)
(૬) ક્રોધ - ક્રોધ-(ગુસ્સો)
(૭) માન - માન, અહંકાર
(૮) માયા - કપટ
(૯) લોભ - અસંતોષ (પદાર્થોની અધિક ઈચ્છા)
(૧૦) રાગ - પ્રિય વસ્તુ પર આસક્તિ રાખવી.
(૧૧) દ્વેષ - અપ્રિય વસ્તુ પર દુર્ભાવ રાખવો.
(૧૨) કલહ - કજિયો (લડાઈ-ઝઘડાં)
(૧૩) અભ્યાખ્યાન - ખોટું આળ ચડાવવું,
(૧૪) પૈશુન્ય - ચાડી-ચુગલી કરવી. (નારદવૃત્તિ)
(૧૫) પર-પરિવાદ - બીજાની નિંદા કરવી, વાંકું બોલવું,
(૧૬) રઈ-અરઈ - પાપના કાર્યમાં ખુશ થવું અને ધર્મના કામમાં નાખુશ થવું.
(૧૭) માયા મોસો - કપટ સહિત જૂઠું બોલવું.
(૧૮)મિચ્છા દંસણ સલ્લં - કુદેવ, કુગુરુ અને કુધર્મની શ્રદ્ધા કરી હોય - સેવવાની ઈચ્છા કરી હોય.

---

+ નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ 'પાંચમા અણુવ્રત'માં આવી ગયેલ છે. ૧૪ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ - (૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ (૫) હાસ્ય (૬) રતિ (૭) અરતિ (૮) ભય (૯) શોક (૧૦) દુગુંચ્છા (૧૧) સ્ત્રીવેદ (૧૨) પુરુષવેદ (૧૩) નપુંસકવેદ અને (૧૪) મિથ્યાત્વ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એ અઢાર પ્રકારના પાપ સ્થાનક મારા જીવે (તમારા જીવે) સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતા પ્રત્યે અનુમોદના કરી હોય તો; અનંતા સિદ્ધ કેવળીની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

## પાઠ : ૨૦ : પચ્ચીશ પ્રકારના મિથ્યાત્વ

**પચ્ચીશ પ્રકારના મિથ્યાત્વ સંબંધી પાપ દોષ લાગ્યો હોય તે આલોઉં -**

(૧) **અભિગ્રહિક મિથ્યાત્વ** - સાચા ખોટાનો નિર્ણય કર્યા વિના ખોટાંને હઠથી પકડી રાખવું તે,

(૨) **અનાભિગ્રહિક મિથ્યાત્વ** - બધા દેવ, ગુરુને માનવા તે,

(૩) **અભિનિવેશિક મિથ્યાત્વ** - પોતાના મતને ખોટો જાણવા છતાંયે છોડવો નહિ તેમજ કુયુક્તિથી તેનું પોષણ કરવું તે,

(૪) **સાંશયિક મિથ્યાત્વ** - (સત્ય ધર્મમાં પણ) શંકા શીલ રહેવું તે,

(૫) **અણાભોગ મિથ્યાત્વ** - જેમાં બિલકુલ જાણપણું નથી તે,

(૬) **લૌકિક મિથ્યાત્વ** આ દુનિયામાં જે દેવ, ગુરુ ધર્મની વિપરીત સ્થાપના કરેલી છે, તેને માનવા અને તેમના પર્વ વગેરે ઉજવવાં નૈવેદ આદિ કરવા તે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) લોકોત્તર મિથ્યાત્વ - બીજા પાખંડી મતની પેઠે તીર્થંકર દેવની માનતા કરે, (સ્થાપેલ ચિતરેલ કે ઘડેલ ચીજ કે જેમાં કોઈ પણ જાતના ગુણ નથી તેની માનતા પૂજા કરે, પાસત્થા-ઓમાં (શિથિલાચારી) ગુરુપણાની બુદ્ધિ કરે.

(૮) કુપ્રાવચન મિથ્યાત્વ - ૩૬૩ પાખંડીના મતને માને.

(૯) જીવને અજીવ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ.

(૧૦) અજીવને જીવ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ.

(૧૧) સાધુને કુસાધુ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ.

(૧૨) કુસાધુને સાધુ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ.

(૧૩) આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ.

(૧૪) આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ.

(૧૫) ધર્મને અધર્મ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ.

(૧૬) અધર્મને ધર્મ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ.

(૧૭) જિનમાર્ગને અન્ય માર્ગ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ.

(૧૮) અન્ય માર્ગને જિનમાર્ગ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ.

(૧૯) જિનમાર્ગથી ઓછું પ્રરૂપે તે મિથ્યાત્વ.

(૨૦) જિનમાર્ગથી અધિક પ્રરૂપે તે મિથ્યાત્વ.

(૨૧) જિનમાર્ગથી વિપરીત પ્રરૂપે તે મિથ્યાત્વ.

(૨૨) અવિનય મિથ્યાત્વ - ગુરુ આદિ વડિલ સંત પુરુષોનો વિનય ન કરે તે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| (૨૩) અકિરિયા મિથ્યાત્વ | - | સંયમ આદિ ક્રિયાને માને નહિ તે, ચારિત્રવાનને 'ક્રિયાજડ' કહીને તિરસ્કાર કરવો તે. |
| (૨૪) અજ્ઞાન મિથ્યાત્વ | - | અજ્ઞાનને શ્રેષ્ઠ માનવું તે. |
| (૨૫) આશાતના મિથ્યાત્વ | - | સુદેવ, સુગુરુ, સુધર્મ અને નિર્ગ્રંથ પ્રવચનની આશાતના કરવી તે. |

**આ પચ્ચીશ પ્રકારનું મિથ્યાત્વ મારા જીવે (તમારા જીવે) સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતા પ્રત્યે અનુમોદના કરી હોય તો; અરિહંત અનંત સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

## પાઠ : ૨૧ : ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ જીવ

**ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ મનુષ્ય સંબંધી પાપદોષ લાગ્યા હોય તે આલોઉં -**

| | | | |
|---|---|---|---|
| (૧) | ઉચ્ચારેસુ વા | - | વડીનીત (ઝાડા)માં ઉપજે તે, અને |
| (૨) | પાસવણેસુ વા | - | લઘુનીત (પેશાબ)માં ઉપજે તે " |
| (૩) | ખેલેસુ વા | - | કફ (બળખા)માં ઉપજે તે " |
| (૪) | સિંઘાણએસુવા | - | નાકના મેલ (લીંટ)માં " " |
| (૫) | વંતેસુ વા | - | વમન (ઉલ્ટી)માં " " |
| (૬) | પિત્તેસુ વા | - | લીલા પીળા પિત્તમાં " " |
| (૭) | પૂએસુ વા | - | પરૂ (રસી)માં " " |
| (૮) | સોણિએસુ વા | - | લોહી (શોણિત)માં " " |
| (૯) | સુક્કેસુ વા | - | વીર્ય (શુક્ર)માં " " |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| (૧૦) સુક્ક પુગ્ગલ પરિસાડેસુ વા | - | વીર્ય આદિના સૂકાયેલાં પુદ્ગલો ફરી ભીંનાં થાય, તેમાં ઉપજે તે. અને |
| (૧૧) વિગય જીવ કલેવરેસુ વા | - | મરેલા જીવોના ક્લેવરોમાં ઉપજે તે, અને |
| (૧૨) ઈત્થી પુરિસ સંજોગેસુ વા | - | સ્ત્રી પુરુષના સંયોગથી (યોનિમાં) ઉપજે તે, અને |
| (૧૩) નગર નિદ્ધમણેસુ વા | - | શહેરોની ગટરોમાં ઉપજે તે,અને |
| (૧૪) સવ્વેસુ ચેવ અસુઈટ્ઠાણેસુ | - | સર્વ પ્રકારનાં અશુચિ સ્થાનોમાં ઉપજે તે. |

**એ ચૌદ પ્રકારનાં સંમૂર્ચ્છિમ મનુષ્યની વિરાધના કરી હોય તો; અરિહંત અનંત સિધ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

(અ) આ સ્થાને પાઠ : ૨ : કાઉસ્સગ્ગ સૂત્ર' ના પાઠમાં 'ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં શબ્દો છે, તે સ્થાને ઇચ્છામિ, ઠામિ આલોઉં જો, મે, દેવસિઓથી, તસ્સ મિચ્છા મિ દુક્કડં સુધીનો પૂરો પાઠ બોલવો. *

(બ) (ત્યાર પછી) નમસ્કારમંત્રનો પાઠ બોલવો.

(ક) (ત્યાર પછી) કરેમિ ભંતે ! સામાઈયં.... થી....અપ્પાણં વોસિરામિ સુધીનો પૂરો પાઠ બોલવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ : ૨૨ : માંગલિકનો પાઠ

('ચત્તારિ મંગલં' નો પાઠ બોલતાં સમયે જમણો ઢીંચણ ઊંચો કરી, ડાબો ઢીંચણ ધરતીએ સ્થાપીને, બંને હાથ જોડી, મસ્તકે અંજલી કરી બોલવો.)

| | | |
|---|---|---|
| **ચત્તારિ મંગલં** | - | સંસારમાં ચાર (અલૌકિક = લોકોત્તર) પદાર્થ મંગલ છે. |
| **અરિહંતા મંગલં** | - | અરિહંત દેવો મંગલ છે. |
| **સિદ્ધા મંગલં** | - | સિદ્ધ ભગવંતો મંગલ છે. |
| **સાહૂ મંગલં** | - | સાધુ (સાધ્વીજી)ઓ મંગલ છે. |
| **કેવલિ-પન્નત્તો** | - | કેવલી (સર્વજ્ઞ) પ્રરૂપિત |
| **ધમ્મો મંગલં** | - | ધર્મ મંગલ છે. |
| **ચત્તારિ લોગુત્તમા** | - | લોકને વિષે ચાર ઉત્તમ છે. |
| **અરિહંતા લોગુત્તમા** | - | અરિહંત દેવો લોકમાં ઉત્તમ છે. |
| **સિદ્ધા લોગુત્તમા** | - | સિદ્ધ ભગવંતો લોકમાં ઉત્તમ છે. |
| **સાહૂ લોગુત્તમા** | - | સાધુ (સાધ્વીજી)ઓ લોકમાં ઉત્તમ છે. |
| **કેવલિ-પન્નત્તો** | - | કેવલી પ્રરૂપિત |
| **ધમ્મો લોગુત્તમો** | - | ધર્મ લોક=સંસારમાં ઉત્તમ=શ્રેષ્ઠ છે. |
| **ચત્તારિ શરણં** | - | ચારનાં શરણાને |
| **પવજ્જામિ** | - | અંગીકાર કરું છું. |
| **અરિહંતા શરણં** | - | અરિહંત દેવોનું શરણ |
| **પવજ્જામિ** | - | અંગીકાર કરું છું. |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **સિદ્ધા શરણં** | - | સિદ્ધ ભગવંતોનું શરણ |
| **પવજ્જામિ** | - | અંગીકાર કરું છું. |
| **સાહૂ શરણં** | - | સાધુ (સાધ્વીજી)ઓનું શરણ |
| **પવજ્જામિ** | - | અંગીકાર કરું છું. |
| **કેવલિ પન્નત્તં** | - | કેવલી પ્રરૂપિત ધર્મનું શરણ |
| **ધમ્મં શરણં પવજ્જામિ** | - | અંગીકાર કરું છું. |

(છંદ)

એ ચાર શરણા, ચાર મંગલ, ચાર ઉત્તમ
કરે જેહ; ભવ સાગરમાં ન ડૂબે તેહ.
સકલ કર્મનો આણે અંત; મોક્ષ તણાં સુખ લહે અનંત,
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મોક્ષે જાય.
સંસારમાંહી શરણા ચાર; અવર શરણ નહિ કોય,
જે નરનારી આદરે; અક્ષય અવિચળ પદ હોય.
અંગૂઠે અમૃત વસે; લબ્ધિ તણા ભંડાર
ગુરુ ગૌતમને સમરીએ, મનવાંછિત ફળ દાતાર

(ક) આ સ્થાને ''ઇચ્છામિ, પડિક્કમિઉં જો, મે દેવસિઓ, અઈયારો....થી... તસ્સ મિચ્છા મિ દુક્કડં'' સુધીનો પૂરો પાઠ બોલવો.

(ખ) (ત્યાર પછી) ''ઇચ્છામિ, પડિક્કમિઉં, ઇરિયા વહિયાએ, વિરાહણાએ... થી... તસ્સ મિચ્છામિ દુક્કડં'' સુધીનો સામાયિક સૂત્રનો 'ઇર્યાપથિકસૂત્ર'નો પૂરો પાઠ બોલવો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આલોયણા

**ચાર ગતિ, ચોવીસ દંડક, ચોરાસી લાખ જીવાયોનિ, એક ક્રોડ સાડી સતાણું લાખ કુલ કોટીના જીવને મારા જીવે, (તમારા જીવે) આજના દિવસ સંબંધી આરંભે, સમારંભે, મન, વચન, કાયાએ કરી દુભવ્યા હોય; દ્રવ્યપ્રાણ, ભાવપ્રાણ દુભાવ્યા હોય; પરિતાપના કિલામના ઉપજાવી હોય; ક્રોધે, માને, માયાએ, લોભે, રાગે, દ્વેષે, હાસ્યે, ભયે, ખળાયે, ધીઠાયે, આપ-થાપનાએ, પરઉથાપનાએ, દુષ્ટ લેશ્યાએ, દુષ્ટ પરિણામે, દુષ્ટ ધ્યાને (આર્ત, રૌદ્રધ્યાને) કરીને, ઈર્ષ્યાએ, મમતે, હઠપણે, અવજ્ઞા કરી હોય; દુઃખમાં જોડ્યાં હોય, સુખથી ચુકવ્યા (છોડાવ્યા) હોય; પ્રાણ, પર્યાય, સંજ્ઞા, ઈન્દ્રિય આદિ લબ્ધિ-ઋદ્ધિથી ભ્રષ્ટ કર્યા હોય,; તો તે સર્વ અઢાર લાખ, ચોવીશ હજાર, એકસો વીસ પ્રકારે * પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત, અનંતા સિદ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

---

* સંસારી જીવનાં ૫૬૩ ભેદ-તેને અભિહયાથી જીવિયાઓ, વવરોવિયાના ૧૦ પદથી ગુણતાં ૫૬૩૦. તેને રાગ દ્વેષ-બેથી ગુણતાં ૧૧૨૬૦. તેને મન વચન કાયા ૩ થી ગુણતાં ૩૩૭૮૦. કરવું કરાવવું - અનુમોદવું ત્રણ થી ગુણતાં ૧૦૧૩૪૦. તેને ભૂત-ભવિષ્ય-વર્તમાન-૩ થી ગુણતાં ૩૦૪૦૨૦. તેને અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય,ગુરુ તથા પોતાનો આત્મા આ ૬ ની સાક્ષીથી ગુણતા ૧૮, ૨૪, ૧૨૦ પ્રકાર થયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રમણસૂત્ર

## પહેલું શ્રમણસૂત્ર *

### પાઠ : ૨૩ : શય્યા - સૂત્ર +

(નિદ્રાદોષથી નિવર્તવાનો પાઠ)

| | | |
|---|---|---|
| ઈચ્છામિ | - | (હું) ઈચ્છું છું. |
| પડિક્કમિઉં | - | પ્રતિક્રમણ કરવાને |
| પગામસિજ્જાએ | - | વધારે સૂતાં રહેવાથી |
| નિગામસિજ્જાએ | - | ઓઢવા-પાથરવાનાં ઘણાં ઉપકરણ રાખી, ઘણું સૂતાં રહેવાથી |
| સંથારા ઉવટ્ટણાએ | - | સૂતાં, સૂતાં વગર પૂંજ્યે પડખાં ફેરવવાથી |

---

* પાંચ 'શ્રમણસૂત્ર મુખ્યત્વે પૂ. સાધુ-સાધ્વીજીઓને આલોચવાના છે. પરંતુ વ્રતધારી શ્રાવક-શ્રાવિકાઓને અને તેમાંયે ખાસ કરીને પૌષધ આદિ વ્રતમાં નિદ્રાદિ દોષ અને અતિચારોની શુદ્ધિ માટે આવશ્યકતા રહે છે. તેથી શ્રાવકોએ પણ શ્રમણસૂત્ર બોલવામાં કોઈ વિરોધ સમજવો નહિ. તેમજ શ્રદ્ધા, પ્રરૂપણા માટે તો જરૂરી છે જ. તેથી બોલવા ઉચિત લાગે છે.

+ કોઈ પણ વ્રતમાં નિદ્રા કરેલ હોય ત્યારે નિદ્રામાંથી નિવૃત્ત થયા પછી પહેલા શ્રમણસૂત્ર (શય્યા-સૂત્ર) નો અંવશ્ય કાયોત્સર્ગ કરવાનો હોય છે. અને 'ચાર લોગસ્સ' નો કાયોત્સર્ગ પણ ભાવ વિશુદ્ધિ માટે કરવામાં આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| પરિયટ્ટણાએ | - | વારંવાર વગર પૂંજ્યે પડખા ફેરવવાથી, |
| આઉટ્ટણાએ પસારણાએ | - | વગર પૂંજ્યે હાથ, પગ વગેરે અંગો સંકોચવા અને લાંબા કરવાથી, |
| છપ્પઈ સંઘટ્ટણાએ | - | છપગી=જૂ વગેરે જીવ કચરવાથી, |
| કુઈએ | - | અયત્નાથી ખાંસી ખાવાથી. |
| કક્કરાઈએ | - | શય્યાના દોષો બોલવાથી અર્થાત્ શય્યા સંબંધી કચકચ કરવાથી તથા ઉઘાડે મોઢે બોલવાથી. |
| છીએ | - | (અયત્નાથી) છીંક ખાવાથી, |
| જંભાઈએ | - | (અવિધિથી) બગાસું ખાવાથી, |
| આમોસે | - | વગર પૂંજ્યે શરીર ખંજવાળવાથી |
| સસરક્ખામોસે | - | સચેત્ત રજ યુક્ત વસ્તુને સ્પર્શવાથી |
| આઉલમાઉલાએ | - | આકુળ - વ્યાકુળતાથી, |
| સોવણવત્તિયાએ | - | સ્વપ્નના નિમિત્તથી, |
| ઈત્થી * વિપ્પરિયાસિયાએ | - | સ્ત્રીના વિપર્યાસ ભ્રમથી, (સ્વપ્નામાં મૈથુન સેવવાની ઇચ્છા થઈ હોય) |
| દિટ્ઠી વિપ્પરિયાસિયાએ | - | દ્રષ્ટિના વિપર્યાસથી (સ્વપ્નમાં દ્રષ્ટિથી ક્રીડા કરી હોય) |
| મણ વિપ્પરિયાસિયાએ | - | મનના વિપર્યાસ થી (સ્વપ્નમાં મનથી ક્રીડા કરી હોય) |

* બહેનોએ 'પુરિસ વિપ્પરિયાસિયાએ' પાઠ બોલવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **પાણ ભોયણ** | – | પાણી અને ભોજનના વિપર્યાસથી |
| **વિપ્પરિયાસિયાએ** | – | (સ્વપ્નમાં સારા નરસા આહાર પાણીનો વિપર્યાસ થયો હોય. |

**જો મે દેવસિઓ+અઈયારો કઓ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

# પાઠ : ૨૪ બીજું શ્રમણસૂત્ર

## ગોચરચર્યાસૂત્ર

### (ગોચરીના દોષોથી નિવર્તવાનો પાઠ)

| | | |
|---|---|---|
| **પડિક્કમામિ** | – | પ્રતિક્રમણ-કરું છું. |
| **ગોચર ચરિયાએ** | – | ગાયના ચરવાની માફક જેમાં ફરવાનું છે એવી, |
| **ભિક્ખાયરિયાએ** | – | ભિક્ષા-ચર્યામાં (ક્યાં દોષ લાગ્યા ?) |
| **ઉગ્ઘાડ કવાડ** | – | અર્ધ ખુલ્લાં કમાડ (બારણા)ને |
| **ઉગ્ઘાડણાએ** | – | પૂરાં ખોલીને ભિક્ષા લેવા વડે, |
| **સાણા વચ્છા દારા** | – | કૂતરાં, વાછરડાં, બાળકને અડીને |

---

\+ યથાકાળ પ્રતિક્રમણમાં (૧) રાઈઓ (૨) પક્ખિઓ (૩) ચાઉમ્માસિઓ (૪) સંવચ્છરિઓ શબ્દ બોલવા.

* શ્રાવકોએ ગોચરી દયા (દશમું વ્રત) માં આહારાદિ લાવ્યા પછી 'ઈર્યાપથિકસૂત્ર' અને 'બીજા શ્રમણસૂત્ર' નો કાયોત્સર્ગ કરવાનો હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| સંઘટ્ટણાએ | - | કે ઓળંગીને જવા વડે, |
| મંડી પાહુડિયાએ | - | કોઈ નિમિત્તે રાખેલ હોય તે લેવા વડે. (અગ્રપિંડ=કૂતરા આદિને માટે બનાવેલ પહેલી રોટલી આદિ) |
| બલિ પાહુડિયાએ | - | ઉછાળવા માટે જે બાકુળા કર્યા હોય તે લેવા વડે, (બલિકર્મ) |
| ઠવણા પાહુડિયાએ | - | ભિક્ષુકોને દાન આપવા માટે સ્થાપિત કરી રાખેલ ભિક્ષા લેવા વડે, |
| સંકિએ | - | શંકાવાળો આહાર લેવા વડે, |
| સહસ્સાગારે | - | ઉતાવળથી લેવા વડે, |
| અણેસણાએ | - | સૂઝતા-અસૂઝતાની ગવેષણા કરી ન હોય, અસૂઝતું લેવા વડે, |
| પાણેસણાએ × | - | સૂઝતા-અસૂઝતા પાણીની ગવેષણા કરી ન હોય. |
| આણભોયણાએ × | - | સૂઝતા-અસૂઝતાની ગવેષણા કર્યા વગરનું ભોજન લેવા વડે |
| પાણ ભોયણાએ | - | પ્રાણીવાળું (વિકલેન્દ્રિયવાળું) ભોજન લેવા વડે, |
| બીય ભોયણાએ | - | બીજવાળું ભોજન લેવા વડે, |

× ઘણી આધુનિક પ્રતોમાં 'પાણેસણાએ', 'આણ ભોયણાએ' શબ્દો અહીં જોવા મળે છે. પરંતુ પ્રાચીન પ્રતોમાં આ શબ્દોનો ઉલ્લેખ જોવામાં આવેલ નથી. તત્વ કેવળી ગમ્ય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **હરિય ભોયણાએ** | - | લીલોતરીવાળી ભિક્ષા લેવા વડે, |
| **પચ્છાકમ્મિયાએ** | - | પશ્ચાત્ત કર્મવાળી ભિક્ષા લેવા વડે, (વહોરાવ્યા પછી સચેત્ત પાણીથી હાથ ધોવે વગેરે દોષો) |
| **પુરેકમ્મિયાએ** | - | પૂર્વ કર્મવાળી ભિક્ષા લેવા વડે, (વહોરાવ્યા પહેલા સચેત્ત પાણીથી હાથ ધોવે વગેરે દોષો) |
| **અદિટ્ઠહડાએ** | - | નજરે દેખાતું નથી, તેવા સ્થાનેથી લાવેલ ભિક્ષા લેવા વડે. |
| **દગ સંસટ્ઠહડાએ** | - | સચેત્ત પાણીના સ્પર્શવાળી ભિક્ષા લેવા વડે. |
| **રય સંસટ્ઠહડાએ** | - | સચેત્ત રજના સ્પર્શવાળી ભિક્ષા લેવા વડે. |
| **પારિસાડણિયાએ** | - | વેરાતી, ઢોળાતી, છાંટા પડતાં હોય, તેવી ભિક્ષા લેવા વડે, |
| **પારિટ્ઠાવણિયાએ** | - | ઘણાં કાંટા, ગોઠલી વગેરે યુક્ત આહાર કે જે પરઠવો પડે તેવો પરઠવા યોગ્ય આહાર (અર્થાત્ વધારે પ્રમાણમાં આહાર લીધેલ હોય; જેથી પરઠવો પડે.) લેવા વડે. |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **ઓહાસણભિકખાએ** | - | વિશિષ્ટ વસ્તુઓ માંગીને ભિક્ષા લેવા વડે. |
| **જં** | - | (અને) જે |
| **ઉગ્ગમેણં** | - | આધાકર્માદિ ૧૬ ઉદ્‌ગમના દોષ વહોરાવનાર (ગૃહસ્થ) થી લાગે તેવી, |
| **ઉપ્પાયણેસણાએ** | - | ઉપ્પાયણ=ઉત્પાદનના દોષો (વહોરનાર સાધુથી) એષણાએ = એષણાના દોષો (ગૃહસ્થ અને સાધુ બંનેથી) લાગે તેવી, |
| **અપરિસુદ્ધં** | - | અશુદ્ધ ભિક્ષા |
| **પરિગ્ગહિયં** | - | ગ્રહણ કરેલી હોય, |
| **પરિભુત્તં** | - | ભોગવેલી હોય, (વાપરી હોય) |
| **વા** | - | અથવા |
| **જં** | - | (અને) જે ભૂલથી ગ્રહણ કરેલી અશુદ્ધ ભિક્ષા. |
| **ન પરિટ્ઠવિયં** | - | પરઠવી ન હોય તો |
| **તસ્સ મિચ્છા મિ દુક્કડં** | - | તેનું મારું પાપ મિથ્યા થાઓ. |

**ત્રીજું શ્રમણસૂત્ર ×**

# પાઠ ૨૫ કાલપ્રતિલેખના - સૂત્ર

## (સ્વાધ્યાય અને પ્રતિલેખનના દોષથી નિવર્ત્તવાનો પાઠ)

| | | |
|---|---|---|
| **પડિક્કમામિ** | - | (હું) પ્રતિક્રમણ કરું છું. (કયા અતિચારોનું ?) |

---

× પૌષધ આદિ વ્રત આરાધનામાં પ્રતિલેખનથી નિવૃત્ત થયા પછી 'ત્રીજા શ્રમણસૂત્ર' નો કાયોત્સર્ગ કરવાની વિધિ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ચાઉક્કાલં | - | (સ્વાધ્યાય કરવાના) ચાર કાળ (દિવસ અને રાત્રિના પહેલા અને ચોથા પ્રહરમાં) |
| સજ્ઝાયસ્સ | - | સ્વાધ્યાયને, |
| અકરણયાએ | - | નહિ કરવા વડે (તેમજ) |
| ઉભઓકાલં | - | બંને કાળ (દિવસના પ્રથમ અને છેલ્લા પ્રહરમાં) |
| ભંડોવગરણસ્સ | - | પાત્ર અને વસ્ત્ર આદિ ઉપધિની |
| અપ્પડિલેહણાએ | - | પ્રતિલેખના ન કરવા વડે; |
| દુપ્પડિલેહણાએ | - | માઠી રીતે પ્રતિલેખના કરવા વડે, |
| અપ્પમજ્જણાએ | - | રજોહરણ આદિથી પ્રમાર્જના ન કરવાથી, |
| દુપ્પમજ્જણાએ | - | માઠી રીતે પ્રમાર્જના કરવાથી, |
| અઈક્કમે | - | અતિક્રમને વિષે |
| વઈક્કમે | - | વ્યતિક્રમને વિષે |
| અઈયારે | - | અતિચારને વિષે, અને |
| અણાયારે | - | અનાચારને વિષે |

**જો મે દેવસિઓ * અઈયારો કઓ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

---

* યથાકાળ પ્રતિક્રમણમાં (૧) રાઈઓ (૨) પક્ખિઓ (૩) ચાઉમ્માસિઓ અને (૪) સંવચ્છરિઓ શબ્દ બોલવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ચોથું શ્રમણસૂત્ર ×

# પાઠ : ૨૬ : અસંયમ - સૂત્ર

(૩૩ બોલમાં હેય, જ્ઞેય, ઉપાદેય સંબંધીનો પાઠ)

| | | |
|---|---|---|
| **પડિક્કમામિ** | – | હું નિવર્તું છું. |
| **એગવિહે** | – | એક પ્રકારના |
| **અસંજમે** | – | (અવિરતિરૂપ) અસંયમથી |
| **પડિક્કમામિ** | – | નિવર્તું છું. |
| **દોહિં બંધણેહિં** | – | બે પ્રકારનાં (સંસારના હેતુ રૂપ) બંધનોથી, |
| **રાગ બંધણેણં** | – | રાગના બંધનથી |
| **દોસ બંધણેણં** | – | દ્વેષના બંધનથી |
| **પડિક્કમામિ** | – | નિવર્તું છું. |
| **તિહિં દંડેહિં** | – | ત્રણ પ્રકારના (ચારિત્રરૂપ ઐશ્વર્ય અસાર બને તેવા) |

---

× ચોથા શ્રમણસૂત્રમાં એકથી તેત્રીશ બોલનું વર્ણન સુંદર રીતે કરવામાં આવેલ છે, તેત્રીશે બોલ જ્ઞેય (=જાણવા યોગ્ય) છે. વિરતિરૂપ પરિણામવાળા ઉપાદેય (= આદરવા યોગ્ય) છે અને આશ્રવ આદિના હેતુભૂત છે તે હેય (=ત્યાગવા યોગ્ય) છે.

÷ પડિક્કમામિ પાછો ફરૂં છું. જેનો નિષેધ છે, તેમાં પ્રવૃત્તિ કરવા વડે અને જેનો નિષેધ નથી અર્થાત્ જે આચરણીય છે તેમાં પ્રમાદવશ અતિચાર કરવા વડે અથવા નહીં આચરવા વિષે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| | | દંડથી |
| મણદંડેણં | – | મનના દંડથી (અશુભ વિચારોથી) |
| વયદંડેણં | – | વચનના દંડથી (અહિતકર વાણીથી) |
| કાયદંડેણં | – | કાયાના દંડથી (કાયાના અયત્નાપૂર્વકના પ્રવર્તનથી) |
| પડિક્કમામિ | – | નિવર્તુ છું. |
| તિહિં ગુત્તીહિં | – | ત્રણ પ્રકારની ગુપ્તિઓથી, (ગુપ્તિના પાલનમાં પ્રમાદવશ લાગેલાં અતિચારોથી) |
| મણ ગુત્તીએ | – | મન ગુપ્તિથી |
| વય ગુત્તીએ | – | વચન ગુપ્તિથી |
| કાય ગુત્તીએ | – | કાય ગુપ્તિથી |
| પડિક્કમામિ | – | નિવર્તુ છું. |
| તિહિંસલ્લેહિં | – | ત્રણ પ્રકારનાં શલ્ય=શૂળથી |
| માયા સલ્લેણં | – | કપટના શલ્યથી |
| નિયાણ સલ્લેણં | | નિદાનના શલ્યથી |
| મિચ્છા દંસણ સલ્લેણં | – | મિથ્યાત્વરૂપી શલ્યથી |
| પડિક્કમામિ | – | નિવર્તુ છું. |
| તિહિં ગારવેહિં | – | ત્રણ પ્રકારના; ગર્વ=ગારવથી |
| ઈડ્ઢી ગારવેણં | – | ઋદ્ધિના ગર્વથી (પદવી, સત્કાર, સન્માનાદિ પ્રાપ્તિમાં અભિમાન અને પ્રાપ્ત ન થવાથી લાલસા રાખવી તે) |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| રસ ગારવેણં | - | રસના ગર્વથી (સ્વાદની લોલુપતા) |
| સાયા ગારવેણં | - | શારીરિક, માનસિક સુખ શાતાનો ગર્વ કરવાથી |
| પડિક્કમામિ | - | નિવર્તું છું. |
| તિહિં વિરાહણાહિં | - | ત્રણ પ્રકારની વિરાધનાથી |
| નાણ વિરાહણાએ | - | જ્ઞાનની વિરાધનાથી (જ્ઞાન તથા જ્ઞાનીની નિંદા, જ્ઞાન ભણવામાં પ્રમાદ, બીજાને અંતરાય, અકાળમાં સ્વાધ્યાય આદિ) |
| દંસણ વિરાહણાએ | - | દર્શનની વિરાધનાથી (સમકિત અને સમકિતધારી સાધકની નિંદા, મિથ્યાત્વ; મિથ્યાત્વીની પ્રશંસા વગેરે) |
| ચરિત્ત વિરાહણાએ | - | ચારિત્રની વિરાધનાથી (વ્રત આદિમાં દોષ લગાડવા વગેરે) |
| પડિક્કમામિ | - | નિવર્ત્તુ છું. |
| ચઉહિં કસાએહિં | - | ચાર પ્રકારના, કષાયોથી |
| કોહ કસાએણં | - | ક્રોધ કષાયથી, |
| માણ કસાએણં | - | માન કષાયથી, |
| માયા કસાએણં | - | માયા=કપટ કષાયથી, |
| લોહ કસાએણં | - | લોભ કષાયથી, |
| પડિક્કમામિ | - | નિવર્ત્તુ છું. |
| ચઉહિં સન્નાહિં | - | ચાર પ્રકારની;સંજ્ઞા=ઇચ્છાઓથી |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| આહારસન્નાએ | - | આહારસંજ્ઞાથી, |
| ભયસન્નાએ | - | ભયસંજ્ઞાથી, |
| મેહુણસન્નાએ | - | મૈથુનસંજ્ઞાથી, |
| પરિગ્ગહસન્નાએ | - | પરિગ્રહસંજ્ઞાથી, |
| પડિક્કમામિ | - | નિવર્તું છું. |
| ચઉહિં વિકહાહિં | - | ચાર પ્રકારની; વિકથાઓથી |
| ઈત્થીકહાએ | - | સ્ત્રીના શૃંગારાદિની કથાથી, |
| ભત્તકહાએ | - | ભોજન સંબંધી કથાથી, |
| દેસકહાએ | - | દેશ સંબંધી કથાથી, |
| રાયકહાએ | - | રાજા, પ્રધાન વગેરેની કથાથી |
| પડિક્કમામિ | - | નિવર્તું છું. |
| ચઉહિં ઝાણેહિં | - | ચાર પ્રકારના; ધ્યાનોથી |
| અટ્ટેણં ઝાણેણં | - | આર્ત્તધ્યાન કરવાથી, |
| રુદ્દેણં ઝાણેણં | - | રૌદ્રધ્યાન કરવાથી, |
| ધમ્મેણં ઝાણેણં | - | ધર્મધ્યાન ન ધ્યાવવાથી, |
| સુક્કેણં ઝાણેણં | - | શુકલધ્યાન ન ધ્યાવવાથી, |
| પડિક્કમામિ | - | નિવર્તું છું. |
| પંચહિં કિરિયાહિં | - | પાંચ ક્રિયાઓથી (= પાપ આવવાના કારણોથી) |
| કાઈયાએ | - | કાયા દ્વારા (અયત્નાએ) થનારી ક્રિયા. તે કાયિકીક્રિયા. |
| અહિગરણિયાએ | - | જે ક્રિયા કરવાથી આત્મા નરક આદિ દુર્ગતિનો અધિકારી બને છે, તે અધિકરણિકી ક્રિયાથી. |
| પાઉસિયાએ | - | જીવ તથા અજીવ ઉપર |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| | | દ્વેષભાવ કરવો તે પ્રદ્વેષિકી ક્રિયાથી. |
| **પારિતાવણિયાએ** | - | પોતાને કે પરને મારપીટ વગેરેથી સંતાપ આપવો તે પારિતાપનિકી ક્રિયાથી. |
| **પાણાઈવાય કિરિયાએ** | - | સ્વ પરના પ્રાણનો નાશ થાય તે પ્રાણાતિપાતિકી ક્રિયાથી |
| **પડિક્કમામિ** | - | નિવર્તું છું. |
| **પંચહિં કામગુણેહિં** | - | પાંચ કામ ગુણોથી (વિષય ભોગને ઉત્તેજન આપનાર) |
| **સદ્દેણં** | - | શબ્દથી (વિકારી શબ્દો સાંભળવાથી ) |
| **રૂવેણં** | - | સ્ત્રી આદિના રૂપો નિરખવાથી |
| **ગંધેણં** | - | ગંધથી (સુગંધી, ફૂલ, સેંટ, અત્તરથી) |
| **રસેણં** | - | રસથી (પુષ્ટિકારક ભોજનથી) |
| **ફાસેણં** | - | સ્પર્શથી (કોમળ, મુલાયમ) |
| **પડિક્કમામિ** | - | નિવર્તું છું. |
| **પંચહિં મહવ્વએહિં** | - | પાંચ મહાવ્રતોમાં લાગેલા દોષો થકી જેવા કે |
| **સવ્વાઓ પાણાઈવાયાઓ** | - | સર્વ પ્રાણાતિપાત=જીવ હિંસાથી, |
| **વેરમણં** | - | વિરમણમાં |
| **સવ્વાઓ મુસાવાયાઓ** | - | સર્વ મૃષાવાદ=જૂઠું બોલવાથી, |
| **વેરમણં** | - | વિરમણમાં |
| **સવ્વાઓ અદિન્નાદાણાઓ** | - | સર્વ અદત્તાદાન=ચોરી |
| **વેરમણં** | - | કરવાથી, વિરમણ માં |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| સવ્વાઓ મેહુણાઓ | - | સર્વથા પ્રકારે મૈથુનથી |
| વેરમણં | - | વિરમણ=બ્રહ્મચર્ય મહાવ્રત |
| સવ્વાઓ પરિગ્ગહાઓ | - | સર્વથા પ્રકારે પરિગ્રહથી |
| વેરમણં | - | વિરમણ=અપરિગ્રહ મહાવ્રતમાં લાગેલા દોષોથી. |
| પડિક્કમામિ | - | નિવર્તુ છું. |
| પંચહિં સમિઈહિં | - | પાંચ પ્રકારની સમિતિમાં લાગેલા દોષોથી |
| ઈરિયાસમિઈએ | - | ઈર્યા (ગમનાદિક) સમિતિમાં |
| ભાસાસમિઈએ | - | ભાષા (સર્વ જીવોને હિત, મિત, પ્રિય બોલવું) સમિતિમાં |
| એસણાસમિઈએ | - | એસણા (૪૨ દોષ રહિત આહાર પાણી વ. લાવવા તે) સમિતિમાં. |
| આયાણ ભંડમત્ત નિક્ખેવણા સમિઈએ | - | વસ્ત્ર, પાત્ર, આદિ ઉપકરણ લેતાં - મૂકતાં યતના રાખવાની સમિતિમાં લાગેલ દોષોથી. |
| ઉચ્ચાર-પાસવણ-ખેલ જલ્લ-સિંઘાણ પારિટ્ઠાવણિયા સમિઈએ | - | વડીનીત, લઘુનીત, કફ, શરીરના મેલ, નાકનો મેલ તેને પરઠવાની સમિતિમાં લાગેલ દોષોથી. |
| પડિક્કમામિ | - | નિવર્તુ છું. |
| છહિં જીવનિકાએહિં | - | છ પ્રકારના; (જીવ=આત્મા અને નિકાય=સમૂહ) જીવ નિકાયોથી, અર્થાત્ જીવોની હિંસાના દોષોથી |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| પુઢવિકાએણં | - | પૃથ્વીકાયની હિંસાથી |
| આઉકાએણં | - | અપ્કાયની હિંસાથી, |
| તેઉકાએણં | - | તેઉ (અગ્નિ) કાયની હિંસાથી, |
| વાઉકાએણં | - | વાયુકાયની હિંસાથી |
| વણસ્સઈકાએણં | - | વનસ્પતિકાયની હિંસાથી, |
| તસકાએણં | - | ત્રસકાયના જીવોની હિંસાથી, |
| પડિક્કમામિ | - | નિવર્ત્તુ છું. |
| છહિં લેસાહિં | - | છ લેશ્યાઓથી, અર્થાત્ પહેલી ત્રણ અધર્મ-લેશ્યામાં પ્રવૃત્તિ કરવાથી અને અંતિમ ત્રણ ધર્મ લેશ્યાનું આચરણ ન કરવાથી. |
| કિણ્હલેસાએ | - | કૃષ્ણલેશ્યાથી (હિંસા આદિ અત્યંત મલિન પરિણામ) |
| નીલલેસાએ | | નીલલેશ્યાથી (ક્રોધ, દ્વેષ આદિ પરિણામ) |
| કાઉલેસાએ | - | કાપોતલેશ્યાથી (વિષય અભિલાષા આદિ પરિણામ) |
| તેઉલેસાએ | - | તેજોલેશ્યાથી (આત્માના શુભ પરિણામનું આચરણ ન કરવાથી,) |
| પઉમલેસાએ | - | પદ્મલેશ્યાથી (આત્માના શુભતર પરિણામનું આચરણ ન કરવાથી,) |
| સુક્કલેસાએ | - | શુક્લલેશ્યાથી (આત્માના શુભતમ પરિણામનું આચરણ ન |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| | | કરવાથી,) |
| પડિક્કમામિ | - | નિવર્ત્તું છું. |
| સત્તહિં ભયઠાણેહિં | | સાત+પ્રકારના ભયના સ્થાન સેવવાથી |
| અટ્ઠહિં મયઠાણેહિં | | આઠ પ્રકારના મદના × સ્થાન સેવવાથી |
| નવહિં બંભચેરગુત્તિહિં | | નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિમાં ÷પ્રમાદથી લાગેલા દોષો થકી |
| દસવિહે સમણધમ્મે ÷ | | દશ પ્રકારના સાધુ ધર્મમાં લાગેલા દોષોથી. |

---

+ ૧ આલોકભય, ૨ પરલોકભય, ૩ આદાન ભય, ૪ અકસ્માત ભય, ૫ આજીવિકાભય, ૬ મરણભય અને ૭ અપજશભય.

× આઠ મદ - ૧ જાતિમદ, ૨ કુળમદ, ૩ બળમદ, ૪ રૂપમદ, ૫ તપમદ, ૬ લાભમદ, ૭ શ્રુતમદ અને ૮ ઐશ્વર્ય મદ.

× બ્રહ્મચર્યની નવ ગુપ્તિ - (૧) પહેલી વાડે સ્ત્રી, પશુ અને નુપંસક સહિત સ્થાનક સેવવું નહિ, અને સેવે તો ઉંદર બિલાડીનું દ્રષ્ટાંત, (૨) બીજી વાડે સ્ત્રી પુરુષની વિષયરૂપ વિકથા કરવી નહિ, કરે તો લીંબુ ને દાઢનું દ્રષ્ટાંત, (૩) ત્રીજી વાડે સ્ત્રી પુરુષના આસન પર અંતર્મુહૂર્ત ગયા સિવાય બેસવું નહિ. બેસે તો કોળું ને કણકનું દ્રષ્ટાંત, (૪) ચોથી વાડે સ્ત્રી પુરુષના અંગોપાંગ વિષય-બુદ્ધિથી નિરખવાં નહિ, નિરખે તો સૂર્ય ને નેત્રનું દ્રષ્ટાંત, (૫) પાંચમી વાડે (કુડયાંતરે) ભીંત ખપેડાને આંતરે ગૃહસ્થ વસતા હોય ત્યાં બ્રહ્મચારીએ વસવું નહિ. વસે તો લાખ, અગ્નિ અને મીણનું દ્રષ્ટાંત, (૬) છઠ્ઠી વાડે પૂર્વે ભોગવેલા કામભોગ સંભારવા નહિ, સંભારે તો મુસાફરને (સાપના વલોણાંની) છાશનું દ્રષ્ટાંત; (૭) સાતમી વાડે પ્રતિદિન અતિશય સરસ આહાર કરવો નહિ, કરે તે સન્નિપાતવાળાને દૂધ સાકરનું દ્રષ્ટાંત (૮) આઠમી વાડે અતિશય ચાંપીને આહાર કરવો નહિ, કરે તો શેરની તોલડી અને બશેરનું દ્રષ્ટાંત, (૯) નવમી વાડે શરીર ઉપર શોભા શણગાર કરવા નહિ, કરે તો રાંક ને રત્નનું દ્રષ્ટાંત,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **એક્કારસહિં** | - | અગિયાર પ્રકારની શ્રાવકની |
| **ઉવાસગપડિમાહિં ×** | | પડિમા સંબંધી લાગેલા દોષોથી. |
| **બારસહિં ભિક્ખુ પડિમાહિં +** | | બાર પ્રકારની સાધુજીની પડિમામાં લાગેલા દોષથી નિવર્તું છું. |

÷ દશવિધ શ્રમણ ધર્મ - ૧ ક્ષમા, ૨ નિર્લોભતા, ૩ આર્જવ - સરળતા, ૪ માર્દવ - નિરાભિમાનપણું, ૫ લઘુતા, ૬ સત્ય, ૭ સંયમ, ૮ તપ, ૯ ત્યાગ અને ૧૧ બ્રહ્મચર્ય.

× શ્રાવકની ૧૧ પડિમા - ૧ દર્શન પડિમા - એક માસ પર્યંત નિર્મળ સમકિત પાળે, શંકા, કંખા આદિ અતિચાર સેવે નહિ; ૨. વ્રત પડિમા - બે માસ પર્યંત સમ્યકત્વપૂર્વક વ્રત પ્રત્યાખ્યાન નિરતિચાર પાળે; ૩. સામાયિક પડિમા ત્રણ માસ પર્યંત સમકિત અને વ્રતો સહિત પ્રાતઃ અને સંધ્યા એમ પ્રતિદિન બે સામાયિક નિરતિચાર કરે; ૪. પૌષધપડિમા - ચાર માસ પર્યંત પૂર્વોક્ત ત્રણે બોલના આરાધન સહિત, અઢાર દોષ રહિત દર માસે છ પોષા કરે; ૫ નિયમ પડિમા - પાંચ માસ સુધી ઉપરના ચારે બોલ પાળવા ઉપરાંત પાંચ પ્રકારના નિયમ પાળે - ૧. સ્નાન કરે નહિ, ૨. રાત્રિ ભોજન કરે નહિ, ૩. ધોતિયાની કાછડી વાળે નહિ, ૪. દિવસે બ્રહ્મચર્ય પાળે, ૫. રાત્રે બ્રહ્મચર્યનું પરિમાણ કરવું, ૬. બ્રહ્મચર્ય પડિમા-છ મહિના સુધી ઉપરના બોલ પાળવા, ઉપરાંત દિવસે અને રાત્રે નિરતિચાર બ્રહ્મચર્ય પાળે; ૭. સચિત્તપરિત્યાગ પડિમા-સાત મહિના સુધી ઉપરના બોલ પાળવા, ઉપરાંત સચિત્ત આહારનો ત્યાગ કરે; ૮. અણારંભ પડિમા-આઠ મહિના સુધી ઉપરના બોલ પાળવા, ઉપરાંત છકાયનો સ્વયં આરંભ કરે નહિ; ૯. પ્રેષ્યારંભ પડિમા-નવ માસ સુધી ઉપરના બોલ પાળવા, ઉપરાંત અન્ય પાસે આરંભ કરાવે નહિ, ૧૦. ઉદ્દિષ્ટ ભક્ત પડિમા-દશ માસ સુધી ઉપલા બોલ પાળવા, ઉપરાંત કેશલોચ કરે અથવા શીખા રાખે પોતાને ઉદ્દેશી થયેલા આહારાદિ ગ્રહણ કરે નહિ; ૧૧. સમણભૂય પડિમા-અગિયાર માસ સુધી ઉપરના બોલ પાળવા ઉપરાંત મસ્તક, દાઢી, મૂછનો લોચ કરે, સાધુ જેવો વેષ રાખે. રજોહરણની દાંડી પર કપડું ન લપેટે, સ્વજાતિમાંથી નિર્દોષ ગોચરી કરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **તેરસહિં કિરિયાઠાણેહિં÷** | તેર ક્રિયાના સ્થાનકો સંબંધી લાગેલા દોષોથી નિવર્ત્તુ છું. |
| **ચઉદસહિં ભૂયગામેહિં + -** | ચૌદ પ્રકારના ભૂતગ્રામ એટલે-પ્રાણી સમુદાય સંબંધી લાગેલા દોષોથી નિવર્ત્તુ છું. |

---

+ બાર પ્રકારની ભિક્ખુની પડિમા - પહેલી એક માસની તે એક માસ સુધી આહાર પાણીની એક એક દાત (અખંડિત ધાર) ગ્રહણ કરે, બીજી બે માસની તેમાં આહાર પાણીની બે દાત ગ્રહણ કરે, એમ અનુક્રમે એકેક વધારતાં સાતમી પડિમા સાત માસની તેમાં સાત દાત ગ્રહણ કરે, આઠમી પડિમા સાત અહો રાત્રિની-તેમાં એકાંતર ચોવિહારો ઉપવાસ કરે, ગામની બહાર કાઉસ્સગ્ગ કરે, ઉત્તાનાદિ આસને રહી ઉપસર્ગ સહન કરે, નવમી પડિમા સાત અહોરાત્રિની. તેમાં ઉત્કટ આસને અથવા દંડાસને રહે, ચઉવિહારા ઉપવાસ કરે, ગામ બહાર કાઉસ્સગ્ગ કરી ઉપસર્ગ સહન કરે, દશમી પડિમા ૭ અહોરાત્રિની, પૂર્વોક્ત ક્રિયા સહિત વીરાસનાદિ આસને રહે, ૧૧મી પડિમા એક અહોરાત્રિની તેમાં ચોવિહારો છઠ કરે; બીજે દિવસે ગામ બહાર એક અહોરાત્રિનો કાઉસ્સગ્ગ કરે. ૧૨મી પડિમા એક રાત્રિની, તેમાં અઠમભક્ત ચોવિહાર કરે, સ્મશાનભૂમિમાં એક પુદ્‌ગલ ઉપર સ્થિર દૃષ્ટિ રાખી એક રાત્રિનો કાઉસ્સગ્ગ કરે, આઠમીથી બારમી પ્રતિમા સુધી દેવ, મનુષ્ય અને તિર્યંચના ઉપસર્ગો સહન કરે.

ક્રિયાના તેર સ્થાનક - ૧. અર્થદંડ (પોતાના પ્રયોજન માટે), ૨. અનર્થદંડ (કારણ વિના ક્રિયા કરે), ૩. હિંસા કરવાનો સંકલ્પ કરી હિંસા કરે, ૪. અકસ્માત ક્રિયા તે જેમ કોઈ હરણને તીર મારવા જતાં માણસને વાગે અને તેનો જીવ જાય. ૫. દૃષ્ટિ વિપર્યાસ દંડ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પન્નરસહિં પરમાહમ્મિએહિં×** - પંદર પ્રકારના પરમાધામીના પાપની અનુમોદના વગેરે દોષોથી નિવર્ત્તું છું.

**સોલસહિં ગાહાસોલસએહિં** - સૂયગડાંગસૂત્રના પ્રથમ શ્રુત-સ્કંધના ૧૬ અધ્યયન - સંબંધી અશ્રદ્ધા, ઉત્સૂત્ર પ્રરૂપણા આદિ

---

પત્થર સમજીને તેતર ચકલી આદિની હિંસા થવી તે, ૬. મુસાવાઈક્રિયા તે જૂઠું બોલવાથી લાગે, ૭. અદત્તાદાન ક્રિયા તે ચોરી કરવાથી લાગે, ૮. અધ્યાત્મ પ્રાત્યયિક ક્રિયા તે આર્ત-રૌદ્ર ધ્યાન ધરવું, ૯. માણવત્તિયા ક્રિયા તે અહંકાર કરવાથી લાગે, ૧૦. અમિત્ત (ક્રિયા) તે પુત્ર, સેવક આદિને થોડે અપરાધે ઘણો દંડ કરે તે, ૧૧. માયાવત્તિયા તે કપટ કરવું તે, ૧૨ લોભવત્તિયા તે લોભ કરવો તે અને ૧૩. ઈરિયાવહિયા ક્રિયા તે અકષાયી મુનિ તથા કેવળીને યોગોના પ્રવર્તનથી હોય.

+ સૂક્ષ્મ એકેંદ્રિયનો અપર્યાપ્તો, ૨. સૂક્ષ્મ એકેંદ્રિયનો પર્યાપ્તો, ૩. બાદર એકેંદ્રિયનો અપર્યાપ્તો, ૪. બાદર એકેંદ્રિયનો પર્યાપ્તો, ૫-૬ બેઈન્દ્રિયનો અપર્યાપ્તો અને પર્યાપ્તો, ૭-૮ તેઈન્દ્રિયનો અપર્યાપ્તો અને પર્યાપ્તો, ૯-૧૦ ચૌરિન્દ્રિયનો અપર્યાપ્તો અને પર્યાપ્તો, ૧૩-૧૪ સંજ્ઞી પંચેન્દ્રિયનો અપર્યાપ્તો-પર્યાપ્તો, એ જીવના ચૌદ ભેદ.

× ભવનપતિની જાતિમાં આવા પરમ અધર્મી દેવો ૧૫ પ્રકારના હોય છે. તેઓ નારકી જીવોને મહાદુઃખો આપવામાં જ આનંદ માને છે; તેના નામ-અંબ, અંબરિષ, શ્યામ, શબલ, રૌદ્ર, મહારૌદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, ધનુ, કુંભ, વાલુ, વૈતરણિ, ખરસ્વર અને મહાઘોષ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| | | દોષોથી નિવર્તું છું. |
| સત્તરસવિહે × અસંજમે | - | સત્તર પ્રકારના અસંયમથી નિવર્તું છું. |
| અટ્ઠારસવિહે અબંભે × | - | અઢાર પ્રકારના અબ્રહ્મચર્યથી નિવર્તું છું. |
| એગૂણવીસાએ નાયજ્ઝયણેહિં× | - | શ્રી જ્ઞાતાજીસૂત્રના ૧૯ અધ્યયનો સંબંધી દોષોથી નિવર્તું છું. |

---

× સત્તર પ્રકારનો અસંયમ - ૧. પૃથ્વી, ૨. પાણી, ૩. અગ્નિ, વાયરો, ૫ વનસ્પતિ, ૬. બેઈન્દ્રિય, ૭. તેઈન્દ્રિય, ૮. ચઉરિંદ્રિય, ૯. પંચેન્દ્રિય. એ નવને હણવા તે અસંયમ, ૧૦. અજીવ તે અજતનાથી વસ્તુ વાપરે અગર ઊપકરણાદિનો નાશ કરે, ૧૧. પેહા તે જોયા વિના જમીન પર બેસે, ૧૨. ઉપેહા એટલે સંયમને વિષે બેદરકારી, ૧૩. અપમજ્જણા તે પાત્રાદિકને બરાબર પૂંજે નહિ, ૧૪. પરિઠવણા-પાત્રાદિકને અવિધિએ પરઠવે, ૧૫ મન અસંયમ, ૧૬. વચન અસંયમ અને ૧૭ કાયા અસંયમ.

× અઢાર પ્રકારના અબ્રહ્મચર્ય - ઔદારિક (મનુષ્ય તિર્યંચ) સાથે વિષય સેવવો, સેવરાવવો અને અનુમોદવો એ ત્રણ મને કરી, ૨ વચને કરી અને ૩ કાયાએ કરી એમ નવ અને તેવી જ રીતે વૈક્રિય શરીર (દેવ-દેવી) સંબંધી નવ પ્રકાર  એટલે કુલ ૧૮ પ્રકારનું અબ્રહ્મચર્ય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **વીસાએઅસમાહિ ઠાણેહિં ÷** | - | ૨૦ પ્રકારના અસમાધિ સ્થાનોથી નિવર્તુ છું. (પોતાને અને પરને અસમાધિ એટલે ચિત્તાની અસ્થિરતા ઉપજાવતાં સ્થાનક) |
| **ઈક્કવીસાએ સબલેહિં +** | - | એકવીશ પ્રકારના સબળા દોષો કે જેથી ચારિત્રને હાનિ પહોંચે તેથી નિવર્ત્તું છું. |

---

× ૧ મેઘકુમારનું, ૨ વિજયચોર ને ધન્નાશેઠનું, ૩ મોરના ઈંડાનું, ૪ કાચબાનું, ૫ થાવચ્ચા પુત્રનું, ૬ તુંબડીનું, ૭ રોહિણીનું, ૮ મલ્લિનાથનું, ૯ જિનરક્ષિત જિનપાલનું, ૧૦ ચંદ્રનું, ૧૧ વૃક્ષને દ્રષ્ટાંતે સંસારની અસારતાનું, ૧૨ ખાઈના પાણીનું, ૧૩ નંદમણિયારનું, ૧૪. તેતલીપુત્ર પ્રધાનનું, ૧૫ નંદીફળ (સમુદ્રના વૃક્ષનું), ૧૬ દ્રૌપદીનું, ૧૭ અકીર્ણક દ્વીપના ઘોડાનું, ૧૮ સુસુમા કુંવરીનું, ૧૯ પુંડરીક કંડરીકનું.

÷ વીશ અસમાધિના ઠેકાણા - ૧. ઉતાવળો ચાલે, ૨ વગર પોંજ્યે ચાલે, ૩ જેમ તેમ પોંજીને ચાલે, ૪ વધારે પાટ પાટલા ભોગવે, ૫ ગુરુ સામું બોલે, ૬ સાધુની ઘાત ચિંતવે, ૭ પ્રાણીની ઘાત ચિંતવે, ૮ વારંવાર ક્રોધ કરે, ૯ પારકું વાંકું બોલે, ૧૦ નિશ્ચયકારી ભાષા બોલે, ૧૧ કલેશ કરે, ૧૨ ઉપશાંત ક્લેશની ઉદીરણા કરે, ૧૩ અકાળે સજ્ઝાય કરે, ૧૪ બહારથી આવ્યા પછી હાથ પગ પૂંજ્યા વગર બેસે, ૧૫ પહોર રાત્રિ ગયા પછી ઉંચે સાદે બોલે, ૧૬ માંહોમાંહે કજિયા કરે, ૧૭ ગચ્છ ભેદ કરે - તડ પડાવે, ૧૮ પોતે તપે-બીજાને તપાવે, ૧૯ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખા ખા કરે અને ૨૦ અનૈષણિક આહાર આદિનું સેવન કરવું.

+ એકવીશ પ્રકારના સબળા દોષ - ૧ હસ્તકર્મ કરે તો સબળો દોષ લાગે, ૨ મૈથુન સેવે તો, ૩ રાત્રિ ભોજન કરે તો, ૪ દોષ સહિત લીધેલો આહાર જમે તો, ૫ રાજપિંડ ભોગવે તો, ૬ સાધુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાવીસાએ × પરિસહેહિં** - બાવીશ પરિષહોમાં લાગેલા દોષોથી નિવર્તું છું.

**તેવીસાએ સૂયગડજ્ઝયણેહિં** - સૂયગડાંગસૂત્રના પહેલાં અને બીજા શ્રુતસ્કંધના મળીને ૨૩ અધ્યયન છે. (તેમાં વિપરીત શ્રદ્ધા-પ્રરૂપણા આદિ દોષોથી નિવર્તું છું.

---

નિમિત્તે ખરીદેલો, ઉધાર દીધેલો, એ પાંચ દોષયુક્ત આહારાદિ ભોગવે તો, ૭ વારંવાર પચ્ચક્ખાણ લઈને ભાંગે તો, ૮ વગર પ્રયોજને છ માસની અંદર સંપ્રદાય બદલે તો, ૯ એક મહિનામાં ત્રણ નદી ઉતરે તો, ૧૦ એક મહિનામાં ત્રણ માયાના સ્થાન સેવે તો, ૧૧ મકાનમાં ઉતરવાની આજ્ઞા આપનારના ઘરનો આહાર ભોગવે તો, ૧૨ જાણી જોઈને હિંસા કરે; ૧૩ જાણી જોઈને અસત્ય બોલે, ૧૪ જાણી જોઈને ચોરી કરે, ૧૫ સચેત પૃથ્વી પર બેસે, ૧૬ પાણીથી ભીંજાયેલી જમીન પર બેસવું, ૧૭ સચેત કે જીવજંતુવાળી જમીન કે પાટપાટલા પર બેસે, ૧૮ મૂળ, કંદ, સ્કંધ, શાખા, પ્રતિશાખા, ત્વચા, પ્રવાલ, પાંદડાં, ફૂલ, ફળ અને બીજ એ દશ પ્રકારની કાચી વનસ્પતિ ભોગવે, ૧૯ એક વર્ષમાં દશ વખત નદી ઉતરે, ૨૦ એક વર્ષમાં દશ વખત માયાનાં સ્થાન સેવે, ૨૧ સચેત વસ્તુએ કરી હાથ કે વાસણ ખરડાયેલ હોય તેવા પાસેથી આહાર લે, એમ એકવીશ પ્રકારે સબળા દોષ લાગે.

× બાવીસ પરિષહ - ૧ ભૂખનો, ૨ તરસનો, ૩ ટાઢનો, ૪ તડકાનો, ૫ ડાંસ મચ્છરનો, ૬ અચેલનો (વસ્ત્ર જોઈતાં નહિ મળવાનો), ૭ અરતિનો, ૮ સ્ત્રીનો, ૯ ચર્યા (ચાલવા)નો, ૧૦ બેસવાનો, ૧૧ સેજ્જા (સ્થાનક)નો, ૧૨ આક્રોશ વચનનો, ૧૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **ચઉવીસાએ દેવેહિં –** - | ચોવીસ જાતના દેવોની આશાતનાનો દોષ લાગ્યો હોય તેથી નિવર્તું છું. |
| **પણવીસાએ ભાવણાહિં +** - | પાંચ મહાવ્રતોની પચીસ પ્રકારની ભાવનાઓ નહિ ભાવવાથી અથવા તે સંબંધી લાગેલા દોષોથી નિવર્તું છું. |

---

વધ (માર)નો, ૧૪ જાચવાનો, ૧૫ અલાભનો, ૧૬ રોગનો, ૧૭ તૃણસ્પર્શનો, ૧૮ મેલનો, ૧૯ સત્કાર પુરસ્કારનો, ૨૦ પ્રજ્ઞાનો, ૨૧ અજ્ઞાનનો અને ૨૨ દર્શનનો.

– ચોવીસ દેવો - ૧૦ ભવનપતિ, ૮ વ્યંતર, ૫ જ્યોતિષી અને ૧ વૈમાનિક એ કુલ ૨૪ જાતના દેવતા તેમજ ચોવીસ તીર્થંકર દેવો.

+ પચ્ચીસ પ્રકારની ભાવના - પાંચ મહાવ્રતની દરેકની પાંચ પાંચ ભાવના એ પ્રમાણે - પહેલા મહાવ્રતની પાંચ - (૧) ઈરિયા-ભાવના, (૨) મન ભાવના, (૩) વચનભાવના, (૪) એષણાભાવના, (૫) નિક્ખેવણા ભાવના. બીજા મહાવ્રતની પાંચ ભાવના -૧ ભાષા વિચારીને બોલે. ૨ હાંસીથી જાુઠુ ન બોલે. ૩ ક્રોધથી જાુઠુ ન બોલે. ૪ લોભથી જાુઠુ ન બોલે. ૫ ભયથી જાુઠુ ન બોલે. ત્રીજા મહાવ્રતની પાંચ-૧ જે સ્થાનમાં રહે તેના માલિકની અથવા તેના માણસની આજ્ઞા લઈને રહેવું, ૨ તેમાંની વસ્તુ રજા લીધા વિના ભોગવવી નહિ, ૩ સ્થાનક સમારવું નહિ, ૪ સ્વધર્મી સાથે સંવિભાગ કરી વસ્તુ ભોગવવી, ૫ મોટેરાનો વિનય કરવો. ચોથા મહાવ્રતની પાંચ-૧ સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાનક સેવવું, ૨ સ્ત્રીની કથા કરવી નહિ, ૩ પૂર્વના કામભોગ સંભારવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**છવ્વીસાએ દસાકપ્પવવહારાણં- ઉદ્દેસણ કાલેહિં** શ્રી દશાશ્રુતસ્કંધના ૧૦ બૃહતકલ્પના ૬ અને વ્યવહાર સૂત્રનાં ૧૦ ઉદ્દેશા એ કુલ ૨૬ ઉદ્દેશા છે તેને વિશે શ્રદ્ધા-પ્રરૂપણા તથા ફરસના સંબંધી કઈ પણ દોષ લાગ્યા હોય તો તેથી નિવર્તું છું:

**સત્તાવીસાએ અણગાર ગુણેહિં-** સાધુજીના સત્તાવીશ ગુણો સંબંધી * લાગેલા દોષોથી નિવર્તું છું.

**અઠ્ઠાવીસાએ આયારપ્પકપ્પેહિં-** સાધુજીના આચારના અઠ્ઠાવીશ કલ્પ (૨૫ આચારાંગના અને ત્રણ નિશિથસૂત્રના એમ ૨૮ અધ્યયનો વિરુદ્ધ શ્રદ્ધા પ્રરૂપણા

---

નહિ, ૪ સરસ સરસ આહાર કરવો નહિ, ૫ સ્ત્રીને આસને બેસવું નહિ. પાંચમા મહાવ્રતની પાંચ-૧ શ્રોતેંદ્રિય વશ રાખવી, ૨ ચક્ષુઇન્દ્રિય ૩ ઘ્રાણેન્દ્રિય, ૪ રસેન્દ્રિય અને ૫ સ્પર્શેન્દ્રિય વશ રાખવી, એ કુલ ૨૫ ભાવના.

* સાધુના ૨૭ ગુણો - ૫ મહાવ્રતોનું પાલન, ૫ ઈન્દ્રિયોનો નિગ્રહ, ૪ કષાયનો ત્યાગ, એ ચૌદ, ૧૫ ભાવસત્ય, ૧૬ કરણસત્ય, ૧૭ જોગસત્ય, ૧૮ ક્ષમા, ૧૯ વૈરાગ્ય, ૨૦ મનોગુપ્તિ, ૨૧ વચનગુપ્તિ, ૨૨ કાયગુપ્તિ. ૨૩ જ્ઞાનસંપન્નતા, ૨૪ દર્શનસંપન્નતા, ૨૫ ચારિત્રસંપન્નતા, ૨૬ પરિષહ સહન; ૨૭ મરણથી ડરે નહિ. (આ ગુણો જુદી જુદી અનેક રીતે શાસ્ત્રોમાં છે.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| | | દ્વારા લાગેલા અતિચારથી નિવર્તું છું.) |
| એગૂણત્તીસાએ પાવ સુયપ્પસંગેહિં+ | - | ઓગણત્રીશ પાપસૂત્રના પ્રસંગોથી નિવર્તું છું. |
| તીસાએ મહામોહણીય ઠાણેહિં × | - | ત્રીસ મહામોહનીયના સ્થાનકોનું સેવન કરવાથી નિવર્તું છું. |

+ ૨૯ પાપસૂત્રો - ૧ હાસ્યાદિકનો ગ્રંથ, ૨ રૂધિરાદિક વરસે તેનો ગ્રંથ, ૩ ગ્રહના ચાળાના ફળ લખ્યાં હોય તે, ૪ ધરતીકંપના ફળનું જ્ઞાન બતાવે તે, ૫ શરીરનાં લક્ષણ સંબંધી ગ્રંથ, ૬ મસ તિલાદિના જ્ઞાન સંબંધી ગ્રંથ ૭ હાથ પગની રેખા પ્રમુખનું જ્ઞાન બતાવનાર ગ્રંથ, ૮ સ્વરનાં લક્ષણ સંબંધી ગ્રંથ. આ આઠ મૂળ, આઠ તેની વૃત્તિ અને આઠ વાર્તિક એમ દરેકના ત્રણ ત્રણ ભેદ ગણતાં ૨૪ થયા, ૨૫ ગંધર્વ, ૨૬ નાટક, ૨૭ વાસ્તુવિદ્યાના શાસ્ત્ર, ૨૮ આયુર્વેદ અને ૨૯ ધનુર્વેદ, એ ઓગણત્રીસ પાપસૂત્ર.

× ત્રીશ મહામોહનીયનાં સ્થાનક - ૧. ત્રસ જીવને પાણીમાં ડુબાડીને મારે. ૨. લીલાં ચામડાથી માથું બાંધીને મારવું, ૩. મોઢે ડુચો દઈ શ્વાસ વગેરે રોકીને મારવાં, ૪. અગ્નિ, ધૂમાડા વગેરેનો પ્રયોગથી મારવાં. ૫. મસ્તક પર ખડ્ગ આદિનો પ્રહાર કરી મારવાં, ૬. કપટ કરી અથવા મંત્રેલા ફળથી મારવા, ૭. ગુપ્ત પાપાચરણ કરી માયાચારથી છુપાવે અથવા સૂત્ર-અર્થ ને છુપાવે. ૮. પોતે કરેલા ઋષિઘાતાદિ પાપનો બીજા પર આરોપ મૂકવો, ૯. સત્ય જાણતા છતાં સભામાં મિશ્ર ભાષા બોલવી, ૧૦. રાજાની આમદાની રોકી રાજ્યને પોતાના કબજામાં લેવું, ૧૧. પોતે કુંવારો ન હોવા છતાં કુવાંરો છું એમ કહેવું, ૧૨. બ્રહ્મચારી નહિ હોવા છતાં બ્રહ્મચારી કહેવરાવવું, ૧૩. જેના આશ્રયે પોતાની ઉન્નતિ થઈ હોય તે જ માણસનાં મૂળ કાઢવા, ૧૪. જે માણસનાં સમુદાયથી ઉચ્ચ અધિકાર મળ્યો હોય તેનું જ અનિષ્ટ કરવું, ૧૫. પોતાના રક્ષકનો વિનાશ કરવો, ૧૬. દેશનાં રાજાનો ઘાત ચિંતવવો અથવા ઘાત કરવો, ૧૭. અનેક દેશનાં સ્વામી રાજા અથવા ધર્માત્માનો ઘાત કરવો, ૧૮. દીક્ષા લેવા તૈયાર થયેલાં પુરુષનાં પરિણામને પાછા હઠાવી દેવા, ૧૯. વીતરાગના અવર્ણવાદ કરવા, ૨૦. મોક્ષમાર્ગનો અપકાર અથવા અવર્ણવાદ કરવા, ૨૧. આચાર્ય, ઉપાધ્યાય આદિથી સૂત્ર વિનય આદિ શીખ્યા હોય તેમની નિન્દા કરવી, ૨૨. આચાર્ય, ઉપાધ્યાય આદિની યથાશક્તી વૈયાવચ્ચન ન કરવી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એગતીસાએ સિદ્ધાઈ ગુણેહિં** × સિદ્ધ ભગવંતના એકત્રીસ ગુણો (વિરુદ્ધ શ્રદ્ધા પ્રરૂપણા દ્વારા લાગેલા દોષોથી નિવર્ત્તુ છું.)

---

૨૩. બહુશ્રુત નહિ હોવા છતાં પોતે બહુશ્રુત છે એમ કહેવું, ૨૪. તપસ્વી નહિ હોવા છતાં તપસ્વી છું એમ કહેવું, ૨૫. ગ્લાન આદિની યથાશક્તિ વૈયાવચ્ચ ન કરવી, ૨૬. હિંસાનો ઉપદેશ આપવો અથવા સંઘમાં છેદ-ભેદ પાડવો, ૨૭. પોતાની બડાઈ માટે વારંવાર વશીકરણ આદિ અધાર્મિક પ્રયોગ કરવો, ૨૮. આ લોક અથવા પરલોક સંબંધી કામ-ભોગની તીવ્ર લાલસા કરવી, ૨૯. ઋદ્ધિયુક્ત દેવોનો અવર્ણવાદ બોલવો, ૩૦. દેવતાને નહિ જોવા છતાં હું જોઉં છું તેમ કહેવું.

× **શ્રી સિદ્ધ ભગવંતના ૩૧ ગુણો** - ૫ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય, ૨ વેદનીય, ૨ મોહનીય, ૪ આયુ, ૨ નામ, ૨ ગૌત્ર અને ૫ અંતરાયકર્મની પ્રકૃતિઓએ કુલ ૩૧ પ્રકૃતિના ક્ષયરૂપ એકત્રીશ ગુણો.

× **બત્રીશ યોગસંગ્રહ** - ૧ ગુરૂપાસે જઈ પાપની આલોચના કરવી, ૨. બીજાના પાસે શિષ્યોની આલોચન જાહેર કરવી નહિ, ૩. આપત્તિકાળે પણ ધર્મમાં દ્રઢ રહેવું, ૪. ફળની વાંછા રહિત તપ કરવો, ૫. શિક્ષા મળી છે તે પ્રમાણે વર્તવું અને ગ્રહણ કરતા જવું, ૬. શરીર સંસ્કારનો પરિત્યાગ ૭ છાનો તપ કરવો, ૮ નિર્લોભપણું રાખવું, ૯. પરિષહ જીતવો, ૧૦. સરળ ચિત્ત રાખવું, ૧૧. શુદ્ધ સંયમ પાળવો, ૧૨. સમકિત શુદ્ધ રાખવું, ૧૩. ચિત્તની સમાધિ રાખવી, ૧૪. કપટ રહિત આચાર પાળવો, ૧૫. વિનય બરાબર કરવો, ૧૬. સંતોષ રાખવો, ૧૭. વૈરાગ્યભાવ રાખવો, ૧૮. કપટરહિતપણું, ૧૯. શુદ્ધ કરણી, ૨૦. સંવર, ૨૧ પોતાના દોષ ટાળવા, ૨૨ વિષયોથી વિરમવું, ૨૩ મૂળગુણ પચ્ચકખાણ, (પહેલા પાંચ વ્રતોનું પાલન, ૨૪ ઉત્તરગુણ પચ્ચકખાણ (દ્રવ્યથી ઉપધિ ત્યાગ, ભાવથી ગર્વાદિકનો ત્યાગ કરવો) ૨૫ ભાવ સહિત કાઉસ્સગ્ગ કરે, ૨૬ પ્રમાદ રહિત વર્તે, ૨૭ હંમેશા ચારિત્રને વિષે સાવધાન રહે. ૨૮ ધ્યાન ધરે, (સંવર યોગ કરે) ૨૯ મરણાંત દુઃખ પડયે ભય ન પામે, ૩૦ સ્ત્રી આદિનાં સંગને છાંડે, (સ્વજનાદિકનો ત્યાગ કરે) ૩૧ પ્રાયશ્ચિત લે (વિશુદ્ધિ કરે.) ૩૨ મરણકાળે આરાધના કરે (આરાધિક પંડિત મરણ થાય તેમ આરાધના કરે.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બત્તીસાએ જોગસંગહેહિં - બત્રીસ પ્રકારના શુભ યોગ સંગ્રહ (સંબંધી પ્રમાદાદિદ્વારા લાગેલા અતિચારોથી નિવર્તું છું.)

તેત્તીસાએ આસાયણાએ - તેત્રીશ પ્રકારની અશાતના અને અવિનયને ટાળવો.

અરિહંતાણં આસાયણાએ(૧)- અરિહંત દેવની આશાતના કરી હોય એટલે તેના વિષે કાંઈ ખોટું ચિંતવ્યું હોય તેનું નિવારણ કરું છું.

સિદ્ધાણં આસાયણાએ (૨) - સિદ્ધ ભગવાનની આશાતના કરી હોય તે વિષે કાંઈ સંદેહ આણ્યો હોય.

આયરિયાણં આસાયણાએ (૩)-આચાર્યજીની આશાતના કરી હોય

ઉવજ્ઝાયાણં આસાયણાએ(૪)- ઉપાધ્યાયજીની આશાતના કરી હોય.

સાહૂણં આસાયણાએ (૫) - સાધુની આશાતના કરી હોય.

સાહૂણીણં આસાયણાએ(૬)- સાધ્વીની આશાતના કરી હોય.

સાવયાણં આસાયણાએ(૭) - શ્રાવકોની આશાતનાથી.

સાવિયાણં આસાયણાએ(૮)- શ્રાવિકાઓની આશાતનાથી.

દેવાણં આસાયણાએ (૯) - દેવોની આશાતનાથી.

દેવીણં આસાયણાએ(૧૦) - દેવીઓની આશાતનાથી.

ઇહલોગસ્સ આસાયણાએ(૧૧)-આ લોકની આશાતનાથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| પરલોગસ્સ આસાયણાએ(૧૨) | | પરલોકની આશાતનાથી. |
| કેવલિ પન્નત્તસ્સ ધમ્મસ્સ* આસાયણાએ (૧૩) | - | કેવલી= સર્વજ્ઞ દ્વારા પ્રરૂપિત ધર્મની આશાતનાથી. |
| સદેવ મણુય આસુરસ્સ | - | દેવ સહિત, મનુષ્ય સહિત, અસુર |
| લોગસ્સ આસાયણાએ (૧૪) | - | સહિત સમગ્ર લોકની આશાતનાથી. |
| સવ્વ પાણ ભૂય જીવ | - | બધાં પ્રાણી (= વિકલેન્દ્રિય) |
| સત્તાણં આસાયણાએ(૧૫) | - | ભૂત (= વનસ્પતિ) જીવ (= પંચેન્દ્રિય,) સત્વો=પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ) એ જીવોને જીવ નથી એમ માનવા રૂપ આશાતનાથી. |
| કાલસ્સ આસાયણાએ (૧૬) | - | ત્રણે કાળની (ભૂત, વર્તમાન, ભવિષ્ય) આશાતનાથી. |
| સુયસ્સ આસાયણાએ (૧૭) | - | શ્રુતની આશાતનાથી. |
| સુયદેવયાએઆસાયણાએ(૧૮) | | શ્રુતદેવતા = ગણધરની આશાતનાથી. |
| વાયણારિયસ્સ આસાયણાએ (૧૯) | - | વાચનાચાર્ય (= વાંચણી આપનાર)ની આશાતનાથી (જે દોષ લાગ્યા હોય) નિવર્ત્તું છું. |
| જં | - | અને જે (આગમ ભણતાં થકાં) |
| વાઈદ્ધં (૨૦) | - | સૂત્રો આઘા-પાછાં ભણાયાં હોય. |
| વચ્ચામેલિયં (૨૧) | - | ધ્યાન વિના સૂત્રો ભણાયાં હોય. |
| હીણક્ખરં (૨૨) | - | અક્ષરો ઓછાં ભણાયાં હોય. |

* અહીં 'કેવલીણં આસાયણાએ' આવો પાઠ જૂની પ્રતોમાં નથી. વળી આ પદોને આશાતનાનાં ૩૩ બોલ તરીકે ગણાવેલ છે. અને ઉપરોક્ત પદ સહિત ૩૪ થઈ જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અચ્ચક્ખરં (૨૩) - અક્ષરો અધિક ભણાયાં હોય.
પયહીણં (૨૪) - પદ ઓછું ભણાયું હોય.
વિણયહીણં (૨૫) - વિનય રહિત ભણાયું હોય.
જોગહીણં (૨૬) - મન, વચન, કાયાના અસ્થિર યોગે ભણાયું હોય.
ઘોસહીણં (૨૭) - શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય.
સુટ્ઠુદિન્નં (૨૮) - રૂડુ જ્ઞાન અવિનીતને દીધું હોય.
દુટ્ઠુ પડિચ્છિયં (૨૯) - સૂત્રજ્ઞાનને દુષ્ટ ભાવથી ગ્રહણ કરેલ હોય - ભણેલ હોય.
અકાલે કઓ સજ્ઝાઓ(૩૦)- અકાળે સ્વાધ્યાય કરી હોય.
કાલે ન કઓ સજ્ઝાઓ(૩૧)- સ્વાધ્યાય કાલનાં સમયે સ્વાધ્યાય ન કરી હોય.
અસજ્ઝાઈએ સજ્ઝાઈયં(૩૨)- સ્વાધ્યાય ન કરવા યોગ્ય સ્થળે સ્વાધ્યાય કરી હોય.
સજ્ઝાઈએ ન સજ્ઝાઈયં (૩૩) - સ્વાધ્યાય કરવા યોગ્ય સ્થળે સ્વાધ્યાય ન કરી હોય.
તસ્સ મિચ્છા મિ દુક્કડં - તેનું મારું પાપ મિથ્યા થાઓ.

**એમ એક બોલથી માંડીને તેત્રીસ બોલ સુધી મારા જીવે; (તમારા જીવે), જાણવા જોગ બોલ જાણ્યા ન હોય; આદરવા જોગ બોલ આદર્યા ન હોય; અને છાંડવા જોગ બોલ છાંડ્યા ન હોય, તો અરિહંત, અનંત સિદ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

**ધન્ય છે એ મહાપુરૂષોને ! જેઓ જાણવા જોગ બોલ જાણતાં હશે, આદરવા જોગ આદરતા હશે અને છાંડવા જોગ છાંડતા હશે. તેમને મારી (તમારી) સમય સમયની વંદના હોજો.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાંચમું શ્રમણસૂત્ર

## પાઠ : ૨૭ : પ્રતિજ્ઞા-સૂત્ર
## (નિર્ગ્રંથપ્રવચન વિશુદ્ધિનો પાઠ)

| | |
|---|---|
| **નમો** | - નમસ્કાર હોજો |
| **ચઉવીસાએ તિત્થયરાણં** | - ચોવીશે તીર્થંકરોને |
| **ઉસભાઈ મહાવીર પજ્જવસાણાણં** | - ઋષભદેવથી માંડીને મહાવીર-સ્વામી પર્યંતનાં. |
| **ઈણમેવ** | - આ જ |
| **નિગ્ગંથં** | - નિર્ગ્રંથ |
| **પાવયણં** | - પ્રવચન |
| **સચ્ચં** | - સત્ય છે |
| **અણુત્તરં** | - અનુત્તર=સર્વોત્તમ છે. |
| **કેવલિયં** | - કેવલ=અદ્વિતીય છે અથવા કેવલિક=કેવલજ્ઞાનીઓ દ્વારા પ્રરૂપિત છે. |
| **પડિપુન્નં** | - પ્રતિપૂર્ણ છે. |
| **નેઆઉયં** | - ન્યાયયુક્ત છે. |
| **સંસુદ્ધં** | - પૂર્ણશુદ્ધ અર્થાત્ નિષ્કલંક છે. |
| **સલ્લકત્તણં** | - માયા આદિ શલ્યોને (કાતરની જેમ) કાપનાર; નાશ કરનાર છે. |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| સિદ્ધિમગ્ગં | - | સિદ્ધ થવાનો માર્ગ છે. |
| મુત્તિમગ્ગં | - | આઠ કર્મોથી મુક્તિનો માર્ગ છે. |
| નિજ્જાણમગ્ગં | - | સંસારથી નીકળવાનો માર્ગ છે. મોક્ષ સ્થાનનો માર્ગ છે. |
| નિવ્વાણમગ્ગં | - | નિર્વાણનો માર્ગ છે. પરમ શાંતિનો માર્ગ છે. |
| અવિતહમવિસંધિ | - | અવિતહં=મિથ્યાત્વ રહિત છે. સત્ય છે, યથાર્થ છે. અવિસંધિ=વિચ્છેદ રહિત અર્થાત્ સદા શાશ્વત છે. |
| સવ્વ દુક્ખ પહીણમગ્ગં | - | સર્વ દુ:ખોનો પૂર્ણ રીતે ક્ષય કરવાનો માર્ગ છે. |
| ઈત્થં | - | આ નિર્ગ્રંથ પ્રવચનમાં |
| ઠિઆ | - | સ્થિત રહેલાં |
| જીવા | - | જીવો |
| સિજ્ઝંતિ | - | સિદ્ધ થાય છે. |
| બુજ્ઝંતિ | - | બુદ્ધ (=સર્વજ્ઞ) થાય છે. |
| મુચ્ચંતિ | - | ભવોપગ્રાહી કર્મોથી મુક્ત થાય છે. |
| પરિનિવ્વાયંતિ | - | સર્વ પ્રકારે શીતલીભૂત થાય છે. |
| સવ્વ દુક્ખાણ મંતં કરન્તિ | - | શારીરિક, માનસિક દુ:ખોનો અંત=ક્ષય કરે છે. |
| તં ધમ્મં | - | તે, ધર્મની |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **સદ્દહામિ** | - | શ્રદ્ધા કરું છું. |
| **પત્તિઆમિ** | - | પ્રતીતિ કરું છું. |
| **રોએમિ** | - | રુચિ કરું છું. |
| **ફાસેમિ** | - | સ્પર્શના કરું છું. |
| **પાલેમિ** | - | પાલના કરું છું. |
| **અણુપાલેમિ** | - | અણુ=વિશેષ રૂપથી નિરંતર પાલેમિ=પાલના કરું છું. |
| **તં ધમ્મં** | - | તે, ધર્મની |
| **સદ્દહંતો** | - | શ્રદ્ધા કરતો થકો |
| **પત્તિઅંતો** | - | પ્રતીતિ કરતો થકો |
| **રોઅંતો** | - | રુચિ કરતો થકો |
| **ફાસંતો** | - | સ્પર્શના કરતો થકો |
| **પાલંતો** | - | પાલના કરતો થકો |
| **અણુપાલંતો** | - | વિશેષે નિરંતર પાળતો થકો |
| **તસ્સ ધમ્મસ્સ** | - | તે, ધર્મની |
| **કેવલી પન્નત્તસ્સ** | - | કેવલી પ્રરૂપિત |
| **અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ** | - | આરાધનામાં હું ઉદ્યમવંત થયો છું. |
| **વિરઓમિ વિરાહણાએ** | - | વિરાધનાથી નિવૃત્ત થયો છું. |

---

* અસંયમ આદિને 'જ્ઞ' પરિજ્ઞાથી જાણી અને 'પ્રત્યાખ્યાન' પરિજ્ઞાથી ત્યાગીને સાવદ્ય અનુષ્ઠાનને જાણું છું અને ત્યાગું છું. સંયમ આદિ અનુષ્ઠાનોનો સ્વીકાર કરું છું. આ રીતે બધામાં સમજી લેવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| અસંજમ પરિયાણામિ | - | * અસંયમ આદિને જ્ઞ પરિજ્ઞાથી જાણું છું અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગું છું. |
| સંજમં ઉવસંપજ્જામિ | - | સંયમને અંગીકાર કરું છું. |
| અબંભં પરિયાણામિ | - | અબ્રહ્મચર્યને જાણું છું. અને ત્યાગું છું. |
| બંભં ઉવસંપજ્જામિ | - | બ્રહ્મચર્યને અંગીકાર કરું છું. |
| અકપ્પં પરિયાણામિ | - | અકલ્પ=અકૃત્યને જાણું છું અને ત્યાગું છું. |
| કપ્પં ઉવસંપજ્જામિ | - | કલ્પ=કૃત્યને અંગીકાર કરું છું. |
| અન્નાણં પરિયાણામિ | - | અજ્ઞાનને જાણું છું અને ત્યાગું છું. |
| નાણં ઉવસંપજ્જામિ | - | જ્ઞાનને અંગીકાર કરું છું. |
| અકિરિયં પરિયાણામિ | - | અક્રિયા=નાસ્તિકવાદને જાણું છું. અને ત્યાગું છું. |
| કિરિયં ઉવસંપજ્જામિ | - | ક્રિયા=સમ્યગ્વાદને સ્વીકારું છું. |
| મિચ્છત્તં પરિયાણામિ | - | મિથ્યાત્વને જાણું છું અને ત્યાગું છું. |
| સમ્મતં ઉવસંપજ્જામિ | - | સમક્તિને અંગીકાર કરું છું. |
| અબોહિં પરિયાણામિ | - | મિથ્યાત્વના કાર્યને જાણું છું અને ત્યાગું છું. |
| બોહિં ઉવસંપજ્જામિ | - | સમ્યક્ત્વકાર્યને સ્વીકારું છું. |
| અમગ્ગં પરિયાણામિ | - | જિનમાર્ગથી વિપરીત એવા ઉન્માર્ગને જાણું છું અને ત્યાગું છું. |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **મગ્ગં ઉવસંપજ્જામિ** | - | મોક્ષમાર્ગ (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ)ને અંગીકાર કરું છું. |
| **જં સંભરામિ** | - | જે દોષ મને યાદ છે. |
| **જં ચ ન સંભરામિ** | - | અને જે દોષ મને યાદ નથી, |
| **જં પડિક્કમામિ** | - | જેનું પ્રતિક્રમણ કરું છું. |
| **જં ચ ન પડિક્કમામિ** | - | અને જેનું પ્રતિક્રમણ કરી શક્યો નથી. |
| **તસ્સ સવ્વસ્સ** | - | તે સર્વ |
| **દેવસિયસ્સ ×** | - | દિવસ સંબંધી |
| **અઈયારસ્સ** | - | અતિચારોનું |
| **પડિક્કમામિ** | - | પ્રતિક્રમણ કરું છું. |
| **સમણોડહં** | - | હું શ્રમણ છું. |
| **સંજય** | - | સંયતિ છું. |
| **વિરય** | - | પાપથી નિવૃત્ત છું. |
| **પડિહય** | - | રોકી દીધાં છે |
| **પચ્ચક્ખાય** | - | પ્રત્યાખ્યાન કરીને |
| **પાવકમ્મો** | - | પાપકર્મોને જેણે એવો હું છું. |
| **અનિયાણો** | - | નિદાન રહિત છું. |
| **દિટ્ઠિ સંપન્નો** | - | સમ્યગ્દૃષ્ટિથી યુક્ત છું. |

× યથાકાળ પ્રતિક્રમણ (૧) રાઈયસ્સ, (૨) પક્ખિયસ્સ, (૩) ચાઉમાસ્સિયસ્સ અને (૪) સંવચ્છરિયસ્સ શબ્દ બોલવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| માયામોસો વિવજ્જિઓ | - | કપટ સહિત જૂઠથી સર્વથા રહિત થયો છું (તેથી) |
| અડ્ઢાઈજેસુ દીવસમુદેસુ | - | અઢી દ્વીપ અને બે સમુદ્રને વિષે |
| પન્નરસ કમ્મભૂમિસુ | - | પંદર કર્મભૂમિઓમાં (૫ ભરત + ૫ ઐરવત + ૫ મહાવિદેહ = ૧૫) |
| જાવંતિ | - | જેટલાં પણ |
| કેઈ | - | કોઈ |
| સાહૂ રયહરણ ગુચ્છગ | - | સાધુઓ રહેલાં છે (કેવાં છે ?) |
| પડિગ્ગહધરા | - | રજોહરણ, ગુચ્છો અને પાત્રાના ધારક છે. |
| પંચ મહવ્વયધરા | - | પાંચ મહાવ્રતના ધારક છે. |
| અટ્ઠારસ સહસ્સ | - | અઢાર હજાર શીલરૂપી રથના |
| સીલાંગ રહધરા | - | ધારક છે. |
| અક્ખય આયાર ચરિત્તા | - | અક્ષત=પરિપૂર્ણ આચારયુક્ત ચારિત્રના ધારક છે. |
| તે સવ્વે | - | તે સર્વને |
| સિરસા | - | શિરથી (ઉત્તમ અંગ વડે) |
| મણસા | - | શુદ્ધ અંતઃકરણથી (મનથી) |
| મત્થએણં વંદામિ | - | મસ્તક નમાવીને વંદન કરું છું. |

ઈતિ અતિચાર આલોવ્યા, પડિક્કમ્યા, નિંદ્યા, નિઃશલ્ય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયા. વિશેષે વિશેષે અરિહંત, સિદ્ધ, કેવલી, ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ-સાધ્વી, ગુરુ આદિને ભુજ્જો ભુજ્જો કરી ખમાવું છું.

अयमाउसो !
''निग्गंथे पावयणे' अट्ठे, अयं परमट्ठे,
सेसे अणट्ठे !
**હે આયુષ્યમાન્ !**
**આ નિર્ગ્રંથ પ્રવચન જ અર્થ (સારભૂત) છે.**
**એ જ પરમાર્થ (વાસ્તવિક) છે.**
**બાકી સર્વ વચન અનર્થનાં કારણરૂપ છે.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ : ૨૮ પહેલા ખામણા

## (અરિહંત ભગવંતોને)

## ખામણાની વિધિ

(ભૂમિ ઉપર બંને ઢીંચણ ઢાળી, બંને હાથની કોણીઓ-નાભિએ અડાડીને રાખવી તથા બંને હાથ જોડી રાખી સ્થિર ચિત્તે ખામણા બોલવા)

## પહેલા ખામણા

પહેલા ખામણા પંચમહાવિદેહ ક્ષેત્રને વિષે જયવંતા તીર્થંકરદેવ બિરાજે છે તેઓને કરૂં છું. તે જઘન્ય તીર્થંકર ૨૦ અને ઉત્કૃષ્ટા હોય તો ૧૭૦ તેમને મારા તમારા સમય સમયના નમસ્કાર હોજો. તે સ્વામીના ગુણગ્રામ કરતાં જઘન્ય રસ ઉપજે તો કર્મની ક્રોડું ખપે, ઉત્કૃષ્ટો રસ ઉપજે તો આ જીવ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જે. તે વીશ સ્વામીના નામ કહું છું. ૧. શ્રી સીમંધરસ્વામી, ૨. શ્રી જુગમંધરસ્વામી, ૩. શ્રી બાહુસ્વામી, ૪. શ્રી સુબાહુસ્વામી, ૫. શ્રી સુજાતનાથસ્વામી, ૬. સ્વયંપ્રભસ્વામી ૭. શ્રી ઋષભાનનસ્વામી, ૮. શ્રી અનંતવીર્ય સ્વામી, ૯. શ્રી સુરપ્રભસ્વામી, ૧૦. શ્રી વિશાળપ્રભસ્વામી, ૧૧. શ્રી વજ્રધરસ્વામી, ૧૨. શ્રી ચંદ્રાનનસ્વામી, ૧૩. શ્રી ચંદ્રબાહુસ્વામી, ૧૪. શ્રી ભુજંગદેવસ્વામી, ૧૫. શ્રી ઈશ્વરસ્વામી, ૧૬. શ્રી નેમપ્રભસ્વામી, ૧૭. શ્રી વીરસેનસ્વામી; ૧૮. શ્રી મહાભદ્રસ્વામી, ૧૯. શ્રી દેવજશસ્વામી, ૨૦. શ્રી અજિતસેનસ્વામી, તેમને મારી તમારી સમય સમયની વંદના હોજો, તે સ્વામી કેવા છે ? મારા તમારા મન મનની વાત જાણી દેખી રહ્યા છે, ઘટ ઘટની વાત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણી દેખી રહ્યા છે, સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે, ચૌદ રાજલોક હસ્તકમલવત્ જાણી દેખી રહ્યા છે, તે સ્વામીને અનંતુ જ્ઞાન છે, અનંતુ દર્શન છે, અનંતુ ચારિત્ર છે, અનંતુ તપ છે, અનંતુ ધૈર્ય છે, અનંતુ વીર્ય છે, ષટે ગુણે કરી સહિત છે, ચોત્રીશ અતિશયે કરી બિરાજમાન છે, પાંત્રીશ પ્રકારની સત્યવચન વાણીના ગુણે કરી સહિત છે, એક હજાર ને અષ્ટ ઉત્તમ લક્ષણના ધરણહાર ચાર ઘનઘાતિ કર્મ ક્ષય કર્યાં છે, બાકીનાં ચાર કર્મ પાતળાં પાડ્યાં છે, મુક્તિ જવાના કામી થકા વિચરે છે, ભવ્ય જીવના સંદેહ ભાંગે છે, સજોગી, સશરીરી, કેવળજ્ઞાની, કેવળદર્શની, યથાખ્યાત ચારિત્રના ધારણહાર છે, ક્ષાયક સમકિત, શુક્લધ્યાન, શુક્લલેશ્યા, શુભધ્યાન, શુભજોગ, સહિત છે, ચોસઠ ઈંદ્રના પૂજનિક છે, વંદનિક, અર્ચનિક છે, પંડિતવીર્ય આદિ અનંત ગુણે કરી સહિત છે. ધન્ય તે સ્વામીનાથ ગામ, નગર, રાયહાણી, ખેડ, કવડ, પુરપાટણ, એક ગામથી બીજે ગામ. વિહાર કરતા હશે. *

ધન્ય તે ભગવંત જ્યાં દેશના દેતા થકા વિચરતા હશે ત્યાં રાઈસર, તલવર, માડંબિય, કોડંબિય, શેઠ સેનાપતિ, ગાથાપતિ, સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, દર્શન દેદાર કરી

* ત્યાં જિનેંદ્રદેવરૂપી સૂર્ય આગળ ચાલે. તે વાંસે ગણધર ચાલે, તે વાંસે શેષ સાધુ ચાલે, સ્વામી પગ ધરે ત્યાં લાખ પાંખડીનું પદ્મકમળ-ફૂલ થઈ આવે, પાછો પગ ઉપાડે ત્યારે વિસરાળ થઈ જાય, નદી - નાળાં આવે ત્યાં પાળ બંધાઈ જાય, કાંટા સમે મુખે હોય તે ઉંધે મુખે થઈ જાય. સ્વામીજી હજારો ગાઉનો વિહાર કરી બાગ બગીચામાં વનપાળની આજ્ઞા લઈ સમોસરે, ત્યાંથી પચીસ પચીસ જોજનમાં માર નહિ, મરકી નહિ, સ્વચક્ર પરચક્રનાં ભય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેત્ર પવિત્ર કરતા હશે. અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે. ધન્ય સ્વામીનાથ આપ પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે બિરાજો છો, હું અપરાધી, દીનકિંકર, ગુણહીન અહીં બેઠો છું. આપના કેવળજ્ઞાન, કેવળદર્શન ચારિત્ર, તપ સંબંધી અવિનય અભક્તિ, આશાતના, અપરાધ કર્યો હોય તો મન વચન કાયાએ કરી, હાથ જોડી, મસ્તક નમાવી,ભુજો ભુજો કરી ખમાવું છું. (તિક્ખુત્તોનો પાઠ ત્રણ વાર કહેવો).

---

નહિ, સાત પ્રકારની ભીતિ માત્ર રહે નહિ, ઝાઝું મિથ્યાત્વ હોય ત્યાં ત્રિગડા ગઢની રચના થઈ આવે, રૂપાનો ગઢ ને સોનાના કાંગરા, સોનાનો ગઢ ને રત્નના કાંગરા, રત્નનો ગઢ અને મણિરત્નના કાંગરાં, ચાર દિશાએ ચાર ચાર દરવાજા થઈ આવે, એક એક દરવાજે વીશ વીશ હજાર પગથિયાં થઈ આવે, સમોસરણને મધ્ય ભાગે સ્ફટિક રત્નનું સિંહાસન થઈ આવે, ઉપર ચોવીસ જોડાં ચામરના થઈ આવે, વનપાળ જઈ રાજાદિને વધામણી આપે, બાર પ્રકારની પ્રખદા વખાણવાણી સાંભળે, સૌ સૌની ભાષામાં સૌ સમજી જાય, કોઈને શંકા ઉપજે નહિ, ભવનપતિ અને તેની દેવી, વાણવ્યંતર અને તેની દેવી, જ્યોતિષી અને તેની દેવી, વૈમાનિક અને તેની દેવી. મનુષ્ય અને મનુષ્યાણી, તિર્યંચ અને તિર્યંચાણી એ બાર જાતની પ્રખદા વખાણવાણી સાંભળતાં કોઈ કોઈનું વેર ઉલ્લસે નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ ૨૯ બીજા ખામણા

## (સિદ્ધ ભગવંતોને)

બીજા ખામણા અનંતા સિદ્ધ ભગવંતોને કરૂં છું. તે ભગવંતોના ગુણગ્રામ કરતાં જઘન્ય રસ આવે તો કર્મની ક્રોડો ખપે, ઉત્કૃષ્ટો રસ ઉપજે તો આ જીવ-તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જે.

આ ભરતક્ષેત્રને વિષે છેલ્લા ચોવીસ તીર્થંકર ભગવંતો સિદ્ધ થયા. તેમના નામ કહું છું ૧ શ્રી ૠષભદેવસ્વામી, ૨. શ્રી અજિતનાથસ્વામી, ૩. શ્રી સંભવનાથસ્વામી, ૪. શ્રી અભિનંદન સ્વામી, ૫. શ્રી સુમતિનાથસ્વામી, ૬. શ્રી પદ્મપ્રભસ્વામી, ૭. શ્રી સુપાર્શ્વનાથસ્વામી, ૮. શ્રી ચંદ્રપ્રભસ્વામી, ૯. શ્રી સુવિધિનાથ સ્વામી, ૧૦. શ્રી શીતલનાથસ્વામી, ૧૧. શ્રી શ્રેયાંસનાથસ્વામી, ૧૨. શ્રી વાસુપૂજ્યસ્વામી, ૧૩. શ્રી વિમળનાથસ્વામી, ૧૪. શ્રી અનંતનાથસ્વામી, ૧૫. શ્રી ધર્મનાથસ્વામી, ૧૬. શ્રી શાંતિનાથ સ્વામી, ૧૭. શ્રી કુંથુનાથસ્વામી, ૧૮. શ્રી અરનાથસ્વામી, ૧૯. શ્રી મલ્લિનાથસ્વામી, ૨૦. શ્રી મુનિસુવ્રતસ્વામી, ૨૧. શ્રી નમિનાથસ્વામી, ૨૨. શ્રી નેમનાથસ્વામી, ૨૩. શ્રી પાર્શ્વનાથસ્વામી, ૨૪. શ્રી મહાવીરસ્વામી, આ ચોવીશી, અનંત ચોવીશી પંદર ભેદે સીઝી, બૂઝી, આઠ કર્મ ક્ષય કરી મોક્ષ પધાર્યા છે. તે આઠ કર્મ કયા ? ૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. વેદનીય, ૪. મોહનીય, ૫. આયુષ્ય, ૬. નામ, ૭. ગોત્ર, ૮. અંતરાય. એ આઠ કર્મ ક્ષય કરી સિધ્ધક્ષેત્રમાં પહોંચ્યા છે તે સિધ્ધક્ષેત્ર ક્યાં છે ? સમપૃથ્વીથી સાતસેં નેવું જોજન ઊંચપણે તારા મંડળ આવે. ત્યાંથી દશ જોજન ઊંચપણે સૂર્યનું વિમાન છે, ત્યાંથી એંશી જોજન ઊંચપણે ચંદ્રમાનું વિમાન છે, ત્યાંથી ચાર જોજન ઊંચપણે નક્ષત્રના વિમાન છે, ત્યાંથી ચાર જોજન ઊંચપણે બુધનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે શુક્રનો તારો છે; ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે બૃહસ્પતિનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે મંગળનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે શનિશ્ચરનો તારો છે, એમ નવસેં જોજન લગી જ્યોતિષચક્ર છે. તે ઉપર અસંખ્યાતા જોજન કોડાક્રોડી ઊંચપણે પહેલું સુધર્મ નામે અને બીજું ઈશાન નામે દેવલોક છે. એકેકું અર્ધચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે, પહેલામાં બત્રીશ લાખ વિમાન છે, બીજામાં અઠ્ઠાવીશ લાખ વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર ત્રીજું સનત્કુમાર અને ચોથું માહેંદ્ર એ બે દેવલોક છે. એકેકુ અર્ધચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. ત્રીજામાં બાર લાખ અને ચોથામાં આઠ લાખ વિમાન છે. તે ઉપર અસંખ્યાતા જોજન ઊંચે પાંચમું બ્રહ્મલોક દેવલોક છે. એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં ચાર લાખ વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર છઠ્ઠું લાંતક દેવલોક છે. એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં પચાસ હજાર વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર સાતમું મહાશુક્ર દેવલોક છે. એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં ચાલીસ હજાર વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર આઠમું સહસ્રાર દેવલોક છે. એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં છ હજાર વિમાન છે, ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર નવમું આણત અને દશમું પ્રાણત એ બે દેવલોક જોડાજોડ છે. એકેકુ અર્ધ ચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે, બેમાં મળીને ચારસો વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર અગ્યારમું આરણ અને બારમું અચ્યુત્ એ બે દેવલોક જોડા જોડ છે. એકેકું અર્ધ ચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. બેમાં મળી ત્રણસો વિમાન છે, ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર નવ ગ્રૈવેયક છે. તેના–નામ ભદ્દે, સુભદ્દે, સુજાએ, સુમાણસે, પિયદંસણે, સુદંસણે, આમોહે, સુપડિબદ્ધે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જસોધરે, તેની ત્રણ ત્રિક છે. તે ગાગર બેડાને આકારે છે. તેમાં પહેલી ત્રિકમાં એકસો અગિયાર વિમાન છે, બીજી ત્રિકમાં એકસો સાત વિમાન છે, અને ત્રીજી ત્રિકમાં એકસો વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે પાંચ અનુત્તર વિમાન છે, તેનાં નામ- વિજય, વિજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ. તે સર્વાર્થસિધ્ધ મહાવિમાનની ધ્વજા થકી બાર જોજન ઊંચપણે મુક્તિશિલા છે. તે મુક્તિશિલા કેવી છે ? પિસ્તાલીસ લાખ જોજનની લાંબી પહોળી ગોળાકાર છે. મધ્યે આઠ જોજનની જાડી છે, ઊતરતા છેડે માખીની પાંખ થકી અધિક પાતળી છે, ઊજળી, ગોખીર, શંખ, ચંદ્ર, અંકરત્ન, રૂપાનો પટ, મોતીના હાર, ક્ષીરસાગરના પાણી થકી પણ અધિક ઉજળી છે. તે સિદ્ધશિલા ઉપર એક જોજન તેના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગને વિષે સિદ્ધ ભગવંતજી બિરાજી રહ્યા છે. તે સ્વામી કેવા છે ? અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, અવિનાશી, ભૂખ નહિ, દુઃખ નહિ, રોગ નહિ, શોક નહિ, જન્મ નહિ, જરા નહિ, મરણ નહિ. કાયા નહિ, કર્મ નહિ, અનંત અનંત સુખની લહેરમાં બિરાજી રહ્યા છે. ધન્ય સ્વામીનાથ ! આપ ત્યાં બિરાજો છો, હું અપરાધી દીનકિંકર ગુણહીન અહીં બેઠો છું. આપના કેવળજ્ઞાન, કેવળદર્શન સંબંધી * અવિનય, આશાતના, અભક્તિ અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી, હાથ જોડી, મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું. (તિક્ખુત્તોનો પાઠ ત્રણ વખત કહેવો.)

---

૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા સિદ્ધ થયા તે ૩૩૩ ધનુષ્ય ૩૨ આંગળ પ્રમાણ ક્ષેત્ર અવગાહી રહેલ છે. ૭ હાથના સિદ્ધ થયા તે ૪ હાથને ૧૬ આંગળ પ્રમાણ ક્ષેત્ર અવગાહી રહેલ છે અને ૨ હાથના સિદ્ધ થયા તે ૧ હાથ ને આઠ આંગુલ પ્રમાણ ક્ષેત્રને અવગાહીને રહેલ છે - જ્યાં એક સિદ્ધ ત્યાં અનંતા સિદ્ધ અને જ્યાં અનંતા સિદ્ધ ત્યાં એક સિદ્ધ એમ સિદ્ધ સિદ્ધમાં અંતર નથી અને તેઓ જગ્યા રોકતા નથી.

* સિદ્ધ ભગવંતોને ચારિત્ર, તપ કે વીર્ય કાંઈ ન હોય, તેમને ફક્ત અનંતજ્ઞાન અને અનંતદર્શન જ હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ : ૩૦ : ત્રીજા ખામણા

## (કેવલી ભગવંતોને)

ત્રીજા ખામણા પંચ મહાવિદેહક્ષેત્રને વિષે બિરાજતાં જયવંતા કેવલી ભગવંતોને કરું છું. તે સ્વામી જઘન્ય હોય તો બે ક્રોડ અને ઉત્કૃષ્ટ હોય તો નવ ક્રોડ કેવલી. એ સર્વને મારી તમારી સમય સમયની વંદના હોજો.

તે સ્વામી કેવા છે ? મારા તમારા મન મનની વાત જાણી દેખી રહ્યા છે. ઘટ ઘટની વાત જાણી દેખી રહ્યા છે. સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે. ચૌદ રાજલોક અંજલિ જલ પ્રમાણે જાણી દેખી રહ્યા છે. તેમને અનંતજ્ઞાન છે, અનંતદર્શન છે, અનંત ચારિત્ર છે, અનંતતપ છે, અનંતધૈર્ય છે, અનંતવીર્ય છે. એ છ (ષટે) ગુણે કરી સહિત છે. ચાર કર્મ ઘનઘાતી ક્ષય કર્યા છે. બાકીના ચાર કર્મ બળેલી દોરડી સમાન પાતળા પાડ્યા છે. મુક્તિ જવાના કામી થકા સ્વામી વિચરે છે. ભવ્ય જીવોના સંદેહ ભાંગે છે. સજોગી, સશરીરી, કેવલજ્ઞાની, કેવલદર્શની, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે. ક્ષાયિક-સમકિત, શુકલધ્યાન, શુકલલેશ્યા, શુભધ્યાન, શુભજોગ, પંડિતવીર્ય આદિ અનંત ગુણે કરી સહિત છે.

ધન્ય સ્વામીનાથ ! આપ ગામ, નગર, રાયહાણી,ખેડ,કવડ, પુર, પાટણને વિષે જ્યાં જ્યાં દેશના દેતાં થકા વિચરતાં હશે, ત્યાં ત્યાં રાઈસર, તલવર, માડંબિય, કોડંબિય, શેઠ, સેનાપતિ, ગાથાપતિ સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે તેમને ધન્ય છે, સ્વામીના દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે તેમને ધન્ય છે, સ્વામીને અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે તેમને પણ ધન્ય છે.

ધન્ય સ્વામીનાથ ! આપશ્રી પંચ મહાવિદેહક્ષેત્રને વિષે બિરાજો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. હું અપરાધી, દીનકિંકર, ગુણહીન અહીં બેઠો છું. આજના દિવસ સંબંધી આપના કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાત ચારિત્ર, અને તપને વિષે અવિનય, આશાતના, અભક્તિ અપરાધ થયો હોય; તો હાથ જોડી, માન મોડી મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું.

## પાઠ : ૩૧ : ચોથા ખામણા

### (ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજીને)

ચોથા ખામણા ગણધરજી આચાર્યજી ઉપાધ્યાયજીને કરું છું. ગણધરજી બાવનગુણે કરી સહિત છે. આચાર્યજી છત્રીસ ગુણે કરી સહિત છે. ઉપાધ્યાયજી પચીસ ગુણેથી સહિત છે. તેમને કરવાના છે. મારા તમારા ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મ ઉપદેશના દાતાર મહાપુરુષ પંડિતરાજ, મુનિરાજ, ગીતાર્થ, બહુસૂત્રી, સૂત્ર સિદ્ધાંતના પારગામી, તરણ તારણતારણી નાવા સમાન, સફરી જહાજ સમાન, રત્ન ચિંતામણિ સમાન, પાર્શ્વમણિ સમાન, જિનશાસનના શણગાર, ધર્મના અગ્રેસર, ધર્મના નાયક, ધર્મના મુખી, સંઘના નાયક, સંઘના મુખી આદિ અનેક શુભોપમાએ કરી બિરાજમાન હતા. પૂજ્ય સાહેબ શ્રી ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્તજી, સુધર્માસ્વામી, મંડિતજી, મૌર્યપૂત્ર, અકંપિતજી, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ, આદિ ગણધરો તથા જંબુસ્વામી, પ્રભવસ્વામી, સ્વયંપ્રભસ્વામી યુગભદ્રસ્વામી સંભૂતિવિજયસ્વામી, ભદ્રબાહુસ્વામી, સ્થુલિભદ્ર સ્વામી, તથા સૂત્રો લિપિબદ્ધ કરનાર દેવર્ધિગણિ ક્ષમા શ્રમણ આદિ પૂર્વધરો, તેમજ ધર્મના શુદ્ધ સ્વરૂપને ઓળખાવનાર લવજીઋષિ, ધર્મસિંહજી મહારાજ તથા ધર્મદાસજી મહારાજશ્રી આદિ મહાપુરુષો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા તેમની પાટાનુપાટે જે સાધુ-સાધ્વી....આલોવી પડિક્કમ્મી નિન્દી નિશલ્ય થઈ, મોક્ષગતિમાં તથા પ્રાયઃ દેવલોકે પધાર્યા છે, તે બધાનો આપણા ઉપર મહાન ઉપકાર છે.

આજ વર્તમાનકાળે તરણ તારણતારણી નાવા સમાન, સફરી, જહાજ સમાન, રત્નચિંતામણિ સમાન, જિનશાસનના શણગાર, ધર્મના અગ્રેસર, ધર્મના નાયક, સંઘના મુખી, સંઘના નાયક આદિ અનેક શુભોપમાએ કરી જે જે આચાર્યજી ઉપાધ્યાયજીઓ વીતરાગ-દેવની આજ્ઞામાં બિરાજતા હોય તે સર્વને મારી તમારી સમય સમયની વંદણા હોજો. તે સ્વામિ કેવા છે ? શુદ્ધ પંચ મહાવ્રતના પાલણહાર, પાંચ સમિતિથી સમિતા, ત્રણ ગુપ્તિએ ગુપ્તા છકાયના પીયર, છકાયના પાલણહાર; સાત ભયના ટાળનાર, આઠ મદના ગાળનાર, નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાળનાર, દશવિધ યતિધર્મના અજવાળિક, અગિયાર શ્રાવકની અને બાર સાધુની પડિમાના જાણ બાર ભેદે તપશ્ચર્યાના કરણહાર, સત્તર ભેદે સંયમના ધરણહાર, વીસઅસમાધિ દોષના ટાલણહાર, બાવીસ પરિષહના જિતણહાર; સત્તાવીશ સાધુજીના ગુણે કરી સહિત, તેત્રીસ આશાતનાના ટાલણહાર,૪૨-૪૭-૯૬ દોષ રહિત આહાર પાણીના લેવણહાર; બાવન અનાચારના ટાલણહાર, સચેતના ત્યાગી, અચેતના ભોગી; કંચન-કામિનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, મહા વૈરાગી, સમતાના સાગર, દયાના આગર; આદિ અનેક ગુણે કરી સહિત છે.

ધન્ય ગુરૂ ભગવંતો ! આપશ્રી ગામ, નગર, રાયહાણી, પુર, પાટણને વિષે બિરાજો છો. હું અપરાધી, દીનકિંકર, ગુણહીન અહીં બેઠો છું. આજના દિવસ સંબંધી આપના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિષે અવિનય, અભક્તિ આશાતના, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી પંચઅંગ નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ : ૩૨ : પાંચમા ખામણા

## (સાધુ-સાધ્વીજીઓને)

પાંચમા ખામણા પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ; એ અઢીદ્વીપ ક્ષેત્રને વિષે બિરાજતા સાધુ-સાધ્વીજીઓને કરું છું. તેઓ જઘન્ય હોય તો બે હજાર ક્રોડ સાધુ-સાધ્વી, અને ઉત્કૃષ્ટ હોય તો નવ હજાર ક્રોડ સાધુ-સાધ્વી તેમને મારી તમારી સમય-સમયની વંદના હોજો.

તે સ્વામી કેવા છે ! પાંચ મહાવ્રતના પાલણહાર છે, પાંચ સમિતિએ અને ત્રણ ગુપ્તિએ સહિત, છ કાયના પિયર, છ કાયના નાથ, સાત ભયના ટાલણહાર, આઠ મદના ગાલણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દશવિધ યતિધર્મના અજવાલિક, અગિયાર શ્રાવકની તથા બાર ભિક્ષુની પડિમાના જાણ, બાર ભેદે તપશ્ચર્યાના કરણહાર, સત્તર ભેદે સંયમના ધરણહાર, વીસ અસમાધિના ટાલણહાર, બાવીશ પરિષહના જિતણહાર, સત્તાવીશ સાધુજીના ગુણે કરી સહિત, તેત્રીસ આશાતનાના ટાલણહાર, ૪૨-૪૭-૯૬ દોષ રહિત આહાર પાણીના લેવણહાર, બાવન અનાચારના ટાલણહાર, સચેતના ત્યાગી, અચેતના ભોગી, કંચન-કામિનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, મહાવૈરાગી, સમતાના સાગર, દયાના સાગર આદિ અનેક ગુણે કરી સહિત છે.

ધન્ય સ્વામીનાથ ! આપશ્રી ગામ, નગર, રાયહાણી, પુર, પાટણને વિષે બિરાજો છો. હું અપરાધી, દીનકિંકર, ગુણહીન અહીં બેઠો છું. આજના દિવસ સંબંધી આપના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિષે અવિનય,અભક્તિ, આશાતના, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી પંચ અંગ નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(અહીં સાધુ-સાધ્વીજી બિરાજતાં હોય, તો તેમની પાસે જઈ નીચેની ગાથા બોલી ત્રણ વખત વિધિપૂર્વક વંદના કરવી.)

સાધુ વંદે તે સુખીયા થાય, ભવો ભવનાં તો પાતક જાય;
ભાવ ધરીને વંદે જેહ, વહેલો મુક્તિમાં જાશે તેહ.

# પાઠ : ૩૩ : છઠ્ઠા ખામણા

## (શ્રાવક-શ્રાવિકાજીઓને)

છઠ્ઠા ખામણા અઢીદ્વીપ માંહેના સંખ્યાતા, અઢીદ્વીપ બહારના અસંખ્યાતા×શ્રાવક-શ્રાવિકાજીઓને કરું છું. તે શ્રાવક-શ્રાવિકાજીઓ કેવા છે ?

મુજથી, તમથી, દાને, શીલે, તપે, ભાવે ગુણે કરી અધિક છે. બે વખત આવશ્યક પ્રતિક્રમણના કરનાર છે. મહિનામાં બે, ચાર છ પૌષધના કરનાર છે. સમકિત સહિત બાર વ્રતધારી, અગિયાર પડિમાના સેવણહાર છે. ત્રણ મનોરથના ચિંતવનાર છે. (૧) × ક્યારે આરંભ અને પરિગ્રહ ઓછો કરું. (૨) ક્યારે સંયમ અંગીકાર કરું. (૩) ક્યારે સંથારો કરી પંડિત મરણે મરું. દૂબળા-પાતળા જીવની દયાના આણનાર છે, જીવ, અજીવ આદિ નવ તત્ત્વના જાણનાર છે. શ્રાવકજીના એકવીશ ગુણે સહિત છે. પર ધન પત્થર સમાન લેખે છે. પરસ્ત્રી માતા - બેન સમાન લેખે છે.

---

× મનુષ્યો સંખ્યાતા જ હોય છે, તેથી શ્રાવક-શ્રાવિકા સંખ્યાતા હોવા જોઈએ, પણ અઢી દ્વીપની બહારના તિર્યંચો પણ શ્રાવકના વ્રતો ધારણ કરે છે. આ તિર્યંચોને ચંદ્રસૂર્યના માંડલા વગેરેને જોવાથી જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે. અને તેઓ દેશવિરતિ ધર્મની પાલના કરે છે. આ હિસાબે શ્રાવક-શ્રાવિકા અસંખ્યાત કહેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(બહેનો માટે પરપુરુષ પિતા-ભાઈ સમાન એમ બોલવું) દૃઢધર્મી 'પ્રિયધર્મી', દેવતાના ડગાવ્યા ડગે નહિ એવા છે, ધર્મનો રંગ હાડ-હાડની મિંજ્જાએ લાગ્યો છે. એવા શ્રાવક શ્રાવિકાજી સંવર, પૌષધ, પ્રતિક્રમણમાં બિરાજતા હશે, તેમનો આજના દિવસ સંબંધી અવિનય, અભક્તિ આશાતના, અપરાધ કર્યો હોય તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું.

સાધુ-સાધ્વીજીઓને વાંદુ છું. શ્રાવક-શ્રાવિકાજીઓને ખમાવું છું. સમકિતદૃષ્ટિ જીવોને ખમાવું છું. ઉપકારી ભાઈ-બહેનોને ખમાવું છું તથા ચોરાશી લાખ જીવાયોનિના જીવોને ખમાવું છું.

## ચોરાશી લાખ જીવાયોનિ - સૂત્ર

**સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપકાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઈન્દ્રિય, બે લાખ તેઈન્દ્રિય, બે લાખ ચૌરેન્દ્રિય, ચાર લાખ નારકી, ચાર લાખ દેવતા, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય, ચૌદ લાખ મનુષ્યની જાતિ (કુલ ૮૪ લાખ જીવાયોનિ)**

**આ ચોરાશી લાખ જીવાયોનિના જીવોને મારા જીવે, તમારા જીવે હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં, જાણતાં-અજાણતાં, હણયા હોય; હણાવ્યા હોય, છેદ્યા હોય, ભેદ્યા હોય, પરિતાપના-કિલામના ઉપજાવી હોય, તો અરિહંત, અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ : ૩૫ : ક્ષમાપના-સૂત્ર

(અનુષ્ટુપ છંદ)

ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા વિ ખમન્તુ મે
મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧
એવમહં આલોઈયં, નિંદિયં ગરહિયં - દુગંછિયં,
સમ્મં તિવિહેણં પડિક્કંતો, વન્દામિ જિણે ચઉવ્વીસં. ૨

| | | |
|---|---|---|
| **ખામેમિ** | - | ખમાવું છું, |
| **સવ્વે** | - | સર્વ (બધાં) |
| **જીવા** | - | જીવોને |
| **સવ્વે** | - | સર્વ |
| **જીવા** | - | જીવો |
| **ખમંતુ** | - | મારા અપરાધની ક્ષમા કરે. |
| **મે** | - | મને |
| **મિત્તી** | - | (કેમ કે) મિત્રતા છે. |
| **મે** | - | મારી |
| **સવ્વભૂએસુ** | - | બધા જીવોથી |
| **વેરં** | - | વૈરભાવ (શત્રુતા) |
| **મજ્ઝં** | - | મારે |
| **ન** | - | નથી |
| **કેણઈ** | - | કોઈની સાથે |
| **એવ** | - | આ રીતે |
| **મહં** | - | હું |
| **આલોઈયં** | - | આલોચના કરીને |
| **નિંદિયં** | - | આત્મ સાક્ષીએ નિંદા કરીને |
| **ગરહિયં** | - | ગુરુ સાક્ષીએ ગર્હા કરીને |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| દુગંછિયં | - | જુગુપ્સા (ગ્લાનિ-ઘૃણા) કરીને |
| સમ્મં | - | સમ્યક્ પ્રકારે |
| તિવિહેણ | - | ત્રણે યોગોથી |
| પડિક્કંતો | - | પાપકર્મોથી નિવૃત્ત થઈને |
| વંદામિ | - | વંદન કરું છું |
| જિણ | - | અરિહંત ભગવંતોને |
| ચઉવ્વીસં | - | ચોવીશે |

**ઈતિ અતિચાર આલોવ્યા; પડિક્કમ્યા, નિંદ્યા, ગર્હ્યા નિઃશલ્ય થયા. વિશેષ વિશેષે અરિહંત, સિદ્ધ, કેવલી, ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ, સાધ્વી, ગુરુ આદિને ભુજો-ભુજો કરી ખમાવ્યા છે.**

(આ સ્થાને પ્રતિક્રમણ સૂત્રનો ત્રીજો **'દ્વાદશાવર્ત્ત' ગુરુવંદન સૂત્ર'** નો ''પાઠ ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં..... થી.....વોસિરામિ.'' સુધી. બે વાર ઉત્કટુક આસને બોલવો. (ત્યાર પછી)

**સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસત્થો બે, વંદના ત્રણ અને પ્રતિક્રમણ ચાર. આ ચાર આવશ્યક પૂરાં થયાં. એને વિષે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડુ , પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અરિહંત, અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

**(ઈતિ ચોથો પ્રતિક્રમણ આવશ્યક સમાપ્ત)**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐

# કાયોત્સર્ગ અધ્યયન

**શ્રી ગૌતમસ્વામી : -**

હે ભગવાન ! કાયોત્સર્ગ કરીને જીવ શું ઉત્પન્ન કરે ?

**શ્રી મહાવીરપ્રભુ : -**

હે ગૌતમ ! કાયોત્સર્ગ કરીને જીવ અતીત અને પ્રત્યુત્પન્ન (વર્તમાન) પ્રાયશ્ચિત્ત યોગ્ય અપરાધને વિશુદ્ધ કરે છે. પ્રાયશ્ચિત્ત વડે વિશુદ્ધ થયેલો જીવ નિવૃત્ત હૃદય થાય છે અર્થાત્ પોતાના ચિત્તને વિષે નિવૃત્તિને પામે છે. (કોની જેમ ?)

ઉતાર્યો છે ભાર જેણે એવા ભારવાહક (મજૂર)ની જેમ અતિચારરૂપ ભાર ઉતારવાથી ચિત્તમાં નિવૃત્તિ પામે છે અને તેથી કરીને પ્રશસ્ત ધ્યાનને પામ્યો થકો સુખે સુખે વિચરે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
અ. ૨૯ બોલ-૧૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૫) કાઉસ્સગ્ગ આવશ્યક

(અહીં ઊભા થઈને સવિધિ વંદના કરીને પાંચમા આવશ્યકની આજ્ઞા માંગવી.)

| | | |
|---|---|---|
| **દેવસિય** | – | દિવસ સંબંધી |
| **પાયચ્છિત્ત** | – | પ્રાયશ્ચિત્ત (સ્થાન, અતિચારો)ની |
| **વિશુદ્ધનાર્થં** | – | વિશેષ શુદ્ધિ કરવા માટે |
| **કરેમિ** | – | કરું છું |
| **કાઉસ્સગ્ગં** | – | કાયોત્સર્ગ (શરીરના વ્યાપારનો ત્યાગ) |

## ભૂમિકા :

(ક) અહીં 'નમસ્કાર મંત્ર'નો પાઠ. (ત્યાર પછી)

(ખ) કરેમિ ભન્તે ! સામાઈયં....'જાવ' પજ્જુવાસામિ.

(ગ) ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં.....'જાવ' જં ખંડિયં, જં વિરાહિયં તસ્સ મિચ્છા મિ દુક્કડં.

(ઘ) તસ્સ ઉત્તરી કરણેણં.... 'જાવ' અપ્પાણં વોસિરામિ.

## ● કાયોત્સર્ગ ●

દેવસિય પ્રતિક્રમણમાં ચાર ''લોગસ્સ''નો કાયોત્સર્ગ કરવો. રાત્રિ પ્રતિક્રમણમાં ચાર લોગસ્સનો કાયોત્સર્ગ કરવો.

કોઈ કોઈ સંપ્રદાયમાં 'ધર્મધ્યાન'નો કાઉસ્સગ્ગ પણ થાય છે તેથી અહીં આપેલ છે.

---

નોંધ:

પક્ખિ પ્રતિક્રમણમાં ૮ અથવા ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.
ચૌમાસી પ્રતિક્રમણમાં ૧૨ અથવા ૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.
સંવત્સરી પ્રતિક્રમણમાં ૨૦ અથવા ૪૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ

| | | |
|---|---|---|
| સેકિંતં ધમ્મજ્ઝાણે ? | - | ધર્મધ્યાન તે શું છે ? |
| ધમ્મજ્ઝાણે ચઉવ્વિહે | - | ધર્મધ્યાન ચાર પ્રકારનાં છે. |
| ચઉપ્પડિયારે | - | તે દરેકનાં ચાર ચાર પડભેદ. |
| પન્નત્તે | - | પ્રરૂપ્યા. |
| તં જહા | - | તે આ પ્રમાણે, |
| આણાવિજએ | - | આજ્ઞાનો વિચાર ચિંતવવો. |
| અવાયવિજએ | - | દુઃખનો વિચાર ચિંતવવો. |
| વિવાગવિજએ | - | જીવ સુખ-દુઃખ શાથી ભોગવે છે; તેનો વિચાર ચિંતવવો. |
| સંઠાણવિજએ | - | લોકના આકારનો વિચાર ચિંતવવો. |
| ધમ્મસ્સ ણં ઝાણસ્સ | - | ધર્મધ્યાનના |
| ચત્તારિ લક્ખણા પન્નત્તા | - | ચાર લક્ષણ પ્રરૂપ્યા |
| તં જહા | - | તે આ પ્રમાણે, |
| આણારુઈ | - | આજ્ઞાની રુચિ. |
| નિસ્સગ્ગરુઈ | - | શ્રદ્ધાની રુચિ. |
| ઉવએસરુઈ | - | ઉપદેશની રુચિ. |
| સુત્તરુઈ | - | સૂત્ર-સિદ્ધાંતની રુચિ. |
| ધમ્મસ્સ ણં ઝાણસ્સ | - | ધર્મધ્યાનના |
| ચત્તારિ આલંબણા પન્નત્તા | - | ચાર આલંબન પ્રરૂપ્યા. |
| તં જહા | - | તે આ પ્રમાણે, |
| વાયણા | - | વાંચવું. |
| પુચ્છણા | - | પૂછવું. |
| પરિયટ્ટણા | - | શીખેલું સંભાળવું. |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ધમ્મકહા | - | ધર્મકથા કરવી. |
| ધમ્મસ્સ ણં ઝાણસ્સ | - | ધર્મધ્યાનની, |
| ચત્તારિ અણુપ્પેહાઓ | - | ચાર અનુપ્રેક્ષાઓ, (વિચારણા) |
| પન્નત્તાઓ | - | પ્રરૂપી |
| તં જહા | - | તે આ પ્રમાણે, |
| એગચ્ચાણુપ્પેહા | - | એકલાપણાનો વિચાર ચિંતવવો. (કે-આ જીવ એકલો આવ્યો છે; અને એકલો જ જશે.) |
| અણિચ્ચાણુપ્પેહા | - | અનિત્યપણાનો વિચાર ચિંતવવો (કે-સંસાર અનિત્ય છે. વગેરે) |
| અસરણાણુપ્પેહા | - | અશરણપણાનો વિચાર ચિંતવવો. (કે-સંસારમાં કોઈ કોઈને ત્રાણ-શરણભૂત નથી. વગેરે) |
| સંસારાણુપ્પેહા | - | સંસાર વિષે વિચાર ચિંતંવવો. (કે-સંસાર કેવો વિચિત્ર છે. વગેરે) |

**આ ધર્મધ્યાનનો સૂત્ર પાઠ કહ્યો હવે તેના અર્થ કહે છે.**

## ધર્મધ્યાનના પહેલા ચાર ભેદ

**(૧) આણાવિજએ** **(૨) અવાયવિજએ**

**(૩) વિવાગવિજએ** **(૪) સંઠાણવિજએ**

**પહેલો ભેદ - આણાવિજએ :**

આણાવિજએ કહેતાં વીતરાગદેવની આજ્ઞાનો વિચાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિંતવવો. વીતરાગદેવની આજ્ઞા એવી છે કે - સમકિત સહિત શ્રાવકના બાર વ્રત, અગિયાર પડિમા, સાધુજીનાં પાંચ મહાવ્રત તથા બાર ભિક્ષુની પડિમા, શુભધ્યાન. શુભજોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને છકાય જીવની રક્ષા : એ વીતરાગદેવની આજ્ઞા આરાધવી. તેમાં સમય માત્રનો પ્રમાદ ન કરવો. ચતુર્વિધ સંઘના ગુણકીર્તન કરવા. આ ધર્મધ્યાનનો પહેલો ભેદ કહ્યો.

**બીજો ભેદ - અવાયવિજએ :**

અવાયવિજએ કહેતાં - જીવ સંસારમાં દુઃખ શા માટે ભોગવે છે ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે - મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ, અઢાર પાપસ્થાનક અને છકાય જીવની હિંસા. એથી કરીને જીવ દુઃખ પામે છે. માટે એવું દુઃખનું કારણ જાણી, એવો આશ્રવમાર્ગ ત્યાગી, સંવરમાર્ગ આદરવો. જેથી જીવ દુઃખ ન પામે. આ ધર્મધ્યાનનો બીજો ભેદ કહ્યો.

**ત્રીજો ભેદ - વિવાગવિજએ :**

વિવાગવિજએ કહેતાં-જીવ સંસારમાં સુખ અને દુઃખ ભોગવે છે તે શા થકી ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે - જીવે જેવે રસે કરી પૂર્વે જેવાં શુભાશુભ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ ઉપાર્જન કર્યા છે, તે શુભાશુભ કર્મના ઉદયથી, જીવ તે પ્રમાણે સુખ અને દુઃખ અનુભવે છે. તે અનુભવતાં થકા કોઈ ઉપર રાગ-દ્વેષ ન આણી, મમતાભાવ રાખી, મન, વચન, કાયાના શુભ યોગ સહિત શ્રી જૈનધર્મને વિષે પ્રવર્તીએ. જેથી નિરાબાધ પરમસુખને પામીએ. આ ધર્મધ્યાનનો ત્રીજો ભેદ કહ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોથો ભેદ - સંઠાણવિજએ : -**

સંઠાણવિજએ કહેતાં-ત્રણ લોકના આકારનો વિચાર ચિંતવવો. ત્રણ લોકના આકારનું સ્વરૂપ સુપઈઠીક (= સરાવલા) ને આકારે છે. લોક જીવ-અજીવથી સંપૂર્ણ ભર્યો છે. મધ્યભાગે અસંખ્યાતા જોજનની ક્રોડા-કોડી પ્રમાણે તિર્ચ્છોલોક છે. તેમાં અસંખ્યાતા દ્વીપ-સમુદ્ર છે. અસંખ્યાતા વાણવ્યંતરના નગરો છે. અસંખ્યાતા જ્યોતિષીના વિમાનો છે તથા અસંખ્યાતી દેવતાની રાજધાનીઓ છે. તેને મધ્યભાગે અઢીદ્વીપ છે. તેમાં જઘન્ય તીર્થંકર વીસ અને ઉત્કૃષ્ટ હોય તો ૧૬૦ અથવા ૧૭૦. જઘન્ય બે ક્રોડ કેવલી અને ઉત્કૃષ્ટ હોય તો નવ ક્રોડ કેવલી તથા જઘન્ય બે હજાર ક્રોડ સાધુ-સાધ્વી અને ઉત્કૃષ્ટ હોય તો નવ હજાર ક્રોડ સાધુ-સાધ્વી તેમને વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલં, દેવયં, ચેઈયં, પજ્જુવાસામિ તેમજ તિર્ચ્છાલોકમાં અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકાજીઓ છે, તેમના ગુણગ્રામ કરવા.

તિર્ચ્છાલોકથી અસંખ્યાત ગુણો અધિક (મોટો) ઉર્ધ્વલોક છે. તેમાં બાર દેવલોક; નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન છે. તે સર્વ મળીને કુલ ચોરાશી લાખ, સત્તાણું હજાર, ત્રેવીશ (૮૪,૯૭,૦૨૩) વિમાનો છે. તે ઉપર (લોકાગ્રે) સિદ્ધક્ષેત્ર છે. ત્યાં સિદ્ધ ભગવંતજી નિરંજન, નિરાકાર બિરાજી રહ્યા છે. તેમને વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલ, દેવયં, ચેઈયં, પજ્જુવાસામિ.

તે ઉર્ધ્વલોકથી કાંઈક વિશેષ અધિક (મોટો) અધોલોક છે. તેમાં સાત નરકના ચોરાશી લાખ નરકાવાસા છે. સાત કરોડ બહોંતેર લાખ ભવનપતિના ભવનો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા ત્રણે લોકના સર્વ સ્થાનોમાં (પાંચ અનુત્તર વિમાનનાં દેવો સિવાય) સમકિત રહિત કરણી કરીને, આ જીવે અનંતીવાર જન્મ-મરણે કરી સ્પર્શી મૂક્યા છે. તો પણ આ જીવનો પાર આવ્યો નહિ. એવું જાણી સમકિત સહિત શ્રુત (જ્ઞાન, દર્શન) અને ચારિત્ર ધર્મની આરાધના કરવી. જેથી અજર, અમર, નિરાબાધ, પરમ સુખને પામીએ. આ ધર્મધ્યાનનો ચોથો ભેદ કહ્યો.

**ઈતિ ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ સમાપ્ત**

(ક) અહીં કાઉસ્સગ્ગ પાળીને સામાયિક સૂત્રનો પાંચમો પાઠ **"ચતુર્વિંશતિ સ્તવ-લોગસ્સ સૂત્ર"** કાવ્યરુપે બોલીને તીર્થંકરોના ગુણકીર્તન કરવા.

(ખ)ત્યાર પછી ''દ્વાદશાવર્ત્ત ગુરુવંદના સૂત્ર'' પ્રતિક્રમણ સૂત્રનો ત્રીજો પાઠ-**ઈચ્છામિ ખમાસમણો ! થી વોસિરામિ.** સુધીનો પાઠ બે વાર ઉભડક (ઉત્કટુક) આસને બોલવો.

**સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસત્થો બે, વંદના ત્રણ, પ્રતિક્રમણ ચાર અને કાઉસ્સગ્ગ પાંચ. આ પાંચે આવશ્યક પૂરાં થયાં. એને વિષે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડુ, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અરિહંત, અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

## પચ્ચક્ખાણ આવશ્યક

(પૂજ્ય સાધુ-સાધ્વીજીઓ બિરાજતા હોય તો તેમને સવિધિ ત્રણ વંદના કરી અને 'પચ્ચક્ખાણ ફરમાવશોજી' એમ વિનંતિ કરી અને પચ્ચક્ખાણ કરવા. પૂ. સાધુ-સાધ્વીજી બિરાજતા ન હોય તો વડિલ શ્રાવકજીને વિનંતિ કરવી અને કોઈ ન હોય તો પોતાની મેળે નીચે મુજબ પ્રત્યાખ્યાનનો પાઠ બોલી પચ્ચક્ખાણ કરવા.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રત્યાખ્યાન અધ્યયન

શ્રી ગૌતમસ્વામી :

હે પૂજ્ય ! પ્રત્યાખ્યાન કરીને જીવને શો લાભ પ્રાપ્ત થાય ?

શ્રી મહાવીરપ્રભુ : -

હે શિષ્ય ! મૂળગુણ અને ઉત્તરગુણના સ્વીકારરૂપી પ્રત્યાખ્યાન વડે જીવ હિંસાદિક આશ્રવના દ્વારોને રુંધે છે. ઉપલક્ષણથી પૂર્વે ઉપાર્જન કરેલા કર્મોને ખપાવે છે.

પ્રત્યાખ્યાન (ત્યાગ) થી ઈચ્છાનો નિરોધ થાય છે. ઈચ્છાનિરોધથી સર્વ દ્રવ્યોની લાલસારૂપ અગ્નિનો નાશ થાય છે. આથી જીવ શાન્તચિત્તયુક્ત બની સુખપૂર્વક વિહાર કરે છે.

ઉત્તરાધ્યયન સૂત્ર
અ. ૨૯ બોલ-૬૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ચૌવિહારના પચ્ચક્ખાણ :-

ધારણા પ્રમાણે ચઉવ્વિહં પિ આહારં પચ્ચક્ખામિ-અસણં; પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વંસમાહિ વત્તિયાગારેણં અપ્પાણં વોસિરામિ.

## પ્રતિક્રમણ સમાપ્તિ - સૂત્ર

સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસત્થો બે, વંદના ત્રણ, પ્રતિક્રમણ ચાર, કાઉસ્સગ્ગ પાંચ અને છઠ્ઠા પચ્ચક્ખાણ. આ છ એ આવશ્યક પૂરાં થયા એને વિષે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડું, પદ, હ્રસ્વ અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અરિહંત અનંતા સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

મિથ્યાત્વનું પ્રતિક્રમણ, અવ્રતનું પ્રતિક્રમણ, પ્રમાદનું પ્રતિક્રમણ, કષાયનું પ્રતિક્રમણ; અશુભયોગનું પ્રતિક્રમણ. આ સર્વ મળી ૮૨ બોલનું પ્રતિક્રમણ ૧૨૪ દોષ ટાળી સમીરીતે ન પડિકમ્યું હોય. એને વિષે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર, જાણતાં-અજાણતાં, મન, વચન, કાયાએ કરી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય, તો અરિહંત અનંતા સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાન કાળનો સંવર અને આવતાં કાળના પચ્ચક્ખાણ. એને વિષે કોઈ પાપ દોષ લાગ્યો હોય, તો અરિહંત અનંતા સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અને આસ્થા. સાચાની શ્રદ્ધા, ખોટાનું વારંવાર મિચ્છા મિ દુક્કડં.

દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ, કેવલી ભાષિત દયામય ધર્મ. આ ત્રણ તત્ત્વ સાર, સંસાર અસાર.

ભગવંત ! આપનો માર્ગ સત્ય છે.

તમેવ સચ્ચં ! તમેવ સચ્ચં !

કરેમિ મંગલં, મહામંગલં, થવ થુઈ મંગલં.

અહીં ત્રણ ''નમોત્થુણં'' બોલવા.

## ક્ષેત્રવિશુદ્ધિની વિધિ :

પૌષધ, સંવર, યા સામાયિક ગ્રહણ કરેલ હોય. અને ૨૪ મિનિટ (= ૧ ઘડી) થઈ ગયેલ હોય, તો ''ક્ષેત્રવિશુદ્ધિ'' ની આજ્ઞા એમ બોલીને પૂર્વ તથા ઉત્તરદિશા (ઈશાનકોણ) તરફ મુખ કરીને સીમંધરસ્વામીને સવિધિ ત્રણ વંદના કરવી. (પૂ. સાધુ-સાધ્વીજીઓ બિરાજતાં હોય તો તેઓને વંદના કરી આજ્ઞા લેવી.)

યથાશક્તિ ઊભા રહીને 'સામાયિકસૂત્ર' ના ૧ થી ૪ પાઠ બોલવા. ત્યારપછી કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગમાં ''ઈચ્છામિ પડિક્કમિઉં થી....તસ્સ આલોઉં'' (કાઉસ્સગ્ગમાં 'મિચ્છા મિ દુક્કડં' શબ્દ બોલવો નહિ.) સુધી મનમાં બોલી પ્રગટ પણે ''નમો અરિહંતાણં'' બોલી કાઉસ્સગ્ગ પારવો. ત્યાર પછી ''લોગસ્સ'' બોલવો. ત્યાર પછી ડાબો ઢીંચણ ઊભો રાખીને ''ત્રણ નમોત્થુણં બોલવા.

**ક્ષેત્રવિશુદ્ધિની વિધિ સમાપ્ત**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રતિક્રમણ કરવાની વિધિ

પૂ. સાધુ-સાધ્વીજીઓ બિરાજતાં હોય તો સવિધિ ત્રણ વંદના કરી. ''દેવસિય પ્રતિક્રમણ''ની આજ્ઞા માગવી, બિરાજમાન ન હોય તો ઈશાનકોણમાં સીમંધરસ્વામીને સવિધિ ત્રણ વંદના કરી આજ્ઞા લેવી. **યથાશક્તિ પ્રતિક્રમણ ઊભા રહીને કરવું.**

'ઇચ્છામિણં ભંતે !' અને 'નમસ્કારમંત્ર'નો પાઠ બોલીને સવિધિ વંદના કરીને પહેલા આવશ્યકની આજ્ઞા એમ કહીને

(૧) સામાયિક આવશ્યકમાં 'કરેમિ ભંતે ! 'ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં' અને 'તસ્સ ઉત્તરી કરણેણં' ના પાઠ બોલી કાઉસ્સગ્ગ કરવો, કાઉસ્સગ્ગમાં ૯૯ અતિચાર બોલવા. (૯૯ અતિચાર ન આવડતાં હોય તો ૪ લોગસ્સ યા ૩૨ નમસ્કારમંત્રનો કાઉસ્સગ્ગ કરવામાં આવે છે.) ૯૯ અતિચારમાં ''જં વાઈદ્ધં...આદિ કામભોગાસંસપ્પઓગે 'તસ્સ મિચ્છા મિ દુક્કડં.' સુધી બોલી 'નમો અરિહંતાણં બોલી કાઉસ્સગ્ગ પાળવો. ત્યાર પછી 'કાઉસ્સગ્ગમાં કાનો, માત્રા,... તસ્સ મિચ્છા મિ દુક્કડં. સુધીનો 'કાઉસ્સગ્ગ શુદ્ધિ પાઠ' બોલવો. અહીં પહેલો સામાયિક આવશ્યક સમાપ્ત થયો. ત્યાર પછી સવિધિ વંદના કરી બીજા આવશ્યકની આજ્ઞા એમ કહીને.

૨ ચઉવીસત્થો આવશ્યકમાં 'લોગસ્સ' નો પાઠ બોલવો. અહીં બીજો 'ચઉવીસત્થો આવશ્યક' સમાપ્ત થયો. ત્યાર પછી ત્રીજા આવશ્યકની આજ્ઞા એમ કહીને.

(૩) વંદના આવશ્યકમાં 'ઇચ્છામિ ખમાસમણો ! આ પાઠ ઉત્કટુક આસને વિધિપૂર્વક બે વાર બોલવો. અહીં ત્રીજો આવશ્યક સમાપ્ત થયો. સવિધિ વંદના કરી ચોથા આવશ્યકની આજ્ઞા. એમ કહીને.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) પ્રતિક્રમણ આવશ્યકમાં ઊભા થઈને પાઠ : ૪ 'જ્ઞાનના અતિચાર' થી શરૂ કરી ક્રમશ પાઠ : ૨૧ સુધી બોલવા ત્યારપછી ''ઇચ્છામિ પડિક્કમિઉં જો મે * (બીજો પાઠ) 'નમસ્કાર મંત્ર' અને 'કરેમિ ભંતે' ના પાઠ બોલવા. ત્યારપછી જમણો ઢીંચણ ઊભો રાખી 'મંગલ સૂત્ર-માંગલિક' કહેવું, ત્યાર પછી શ્રમણસૂત્રની ભૂમિકારૂપે 'ઇચ્છામિ પડિક્કમિઉં, જો મે દેવસિંઓથી ત.મિ. દુક્કડં,'' અને 'ઇચ્છામિ પડિક્કમિઉં ઇરિયાવહિયાએનો પૂરો પાઠ બોલી, ''આલોયણા'' બોલવી. ત્યાર પછી ''પાંચ શ્રમણસૂત્ર'' બોલવા. તે આ પ્રમાણે પહેલું શ્રમણસૂત્ર ''શય્યા-સૂત્ર'' બીજું શ્રમણસૂત્ર-''ગોચર-ચર્યાસૂત્ર'' ત્રીજું શ્રમણસૂત્ર-''કાલ પ્રતિલેખના સૂત્ર'' ચોથું શ્રમણસૂત્ર-''અસંયમસૂત્ર'' પાંચમું શ્રમણ સૂત્ર ''પ્રતિજ્ઞા સૂત્ર'' પછી ''ઇતિ અતિચાર આલોવ્યા બોલીને ધરતી ઉપર બંને પગના ઢીંચણ સ્થાપીને ખામણા બોલવા.

દરેક ખામણાના અંતમાં બેઠા-બેઠા ''વંદામિ...નમંસામિથી પજ્જુવાસામિ'' સુધી પૂરો પાઠ ત્રણ વાર બોલવો. પાંચમા ખામણા પૂરાં થયા પછી 'સાધુ વંદે તે સુખીયા થાય...' દોહો બોલી સવિધિ ત્રણ વંદના કરવી. ત્યાર પછી છઠ્ઠા ખામણા, 'ચોરાશી લાખ જીવાયોનિ તથા ખામેમિ સવ્વે જીવાની ગાથા બોલવી. ત્યારપછી બધાંની સાથે ખમત-ખામણા કરવા, ઇતિ અતિચાર આલોવ્યા બોલ્યા પછી સ્વામીનાથ ! સામાયિક એક આવશ્યક સમાપ્તિ પાઠ બોલવો. અહીં ચોથો પ્રતિક્રમણ આવશ્યક સમાપ્ત થયો. ફરી 'તિક્ખુત્તોના પાઠથી સવિધિ વંદના કરી પાંચમા આવશ્યકની આજ્ઞા, એમ કહીને.

પાંચમા કાઉસ્સગ્ગ આવશ્યકમાં (૧) 'દેવસિય પાયચ્છિત્તનો પાઠ, (૨) 'નમસ્કારમંત્ર', (૩) 'કરેમિભંતે !' (૪) 'ઇચ્છામિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઠામિ કાઉસ્સગ્ગં તથા (૫) તસ્સ ઉત્તરી સૂત્રના પાઠ બોલીને કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગમાં 'ચાર લોગસ્સ'નો કાઉસ્સગ્ગ અથવા ધર્મધ્યાનનો (પરંપરા પ્રમાણે) કાઉસ્સગ્ગ કરવો, 'નમો અરિહંતાણં' પ્રગટપણે બોલીને કાઉસ્સગ્ગ પાળવો.

ત્યાર પછી 'લોગસ્સ-સૂત્ર' પ્રગટપણે બોલીને ઉત્કટુક આસને 'ઈચ્છામિ ખમાસમણો ! નો પાઠ બે વાર બોલવો. સ્વામીનાથ ! સામાયિક એક, આવશ્યક સમાપ્તિ પાઠ બોલવો. અહીં પાંચમો કાઉસ્સગ્ગ આવશ્યક સમાપ્ત થયો. 'તિક્ખુત્તો'નાં પાઠથી સવિધિ વંદના કરી છટ્ઠા આવશ્યકની આજ્ઞા.' એમ કહીને....

(૬) પચ્ચક્ખાણ આવશ્યકમાં યથાશક્તિ પચ્ચક્ખાણ કરવા. ત્રણ નમોત્થુણં બોલવા.

# દેશાવગાશિકની વિધિ

આ પ્રદેશમાં જે વિધિથી આ વ્રતનું પાલન થાય છે તે લખું છું.

એક દિવસ રાત્રિ ધર્મસ્થાનમાં રહેવું; સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો; ઉઘાડે મુખે બોલવું નહિ; પગરખાં પહેરવાં નહિ, સ્ત્રીનો સ્પર્શ કરવો નહિ. વ્યવહારિક વ્યાપાર કરવો નહિ. નિરારંભી આહાર જેમ બને તેમ ઓછો પેટને ભાડા પૂરતો એક ટંક લેવો; આ પ્રમાણે રહી દિવસ રાત્રિ ધર્મધ્યાન, જ્ઞાનાભ્યાસ વગેરેમાં પસાર કરવાં. આ ક્રિયાને 'દયાપાલન વ્રત' પણ કહે છે.

## વ્રત અંગીકાર

સામાયિક - અંદરના પહેલેથી પાંચ પાઠ સુધીના પાઠ અને વિધિ સરખાં છે.

ત્યારબાદ ગુરુ મહારાજને સવિનય નમસ્કાર કરી નીચેનો પાઠ બોલવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(દ્રવ્ય થકી સાવજ્જજોગ સેવવાનાં પચ્ચક્ખાણ, ક્ષેત્ર થકી, આખા લોક પ્રમાણે, કાળ થકી દિવસ ઉગ્યા સુધી અને ભાવ થકી ઉપયોગ સહિત છ કોટિએ પચ્ચક્ખાણ.)

કરેમિભંતે ! દેસાવગાસિયં; જાવ અહોરત્તં પજ્જુવાસામિ ક્ષેત્ર સંબંધી દુવિહં તિવિહેણં, ન કરેમિ,ન કારવેમિ, મણસા વયસા કાયસા ઉપભોગ પરિભોગ સંબંધી એગવિહં તિવિહેણં ન કરેમિ મણસા વયસા કાયસા તસ્સ ભન્તે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

ત્યારબાદ સામાયિકની માફક નમોત્થુણં ગણવાં.

આખા દિવસ રાત્રિનો ક્રિયા-વિધિ પૌષધ-વ્રત પ્રમાણે જાણવો.'

બીજે દિવસે સવારે પડિલેહણ કરવું તે પહેલા વ્રત પળાય નહિ.

## દેશાવગાશિકવ્રત પારવાની વિધિ

*સામાયિકની માફક પહેલા પાઠથી પાંચમાં પાઠ સુધીનાં બોલવા* અને વિધિ સરખી જાણવી. ત્યારબાદ નીચેનો પાઠ બોલવો.

એઅસ્સ દસમસ્સ દેસાવગાસિયવયસ્સ સમણોવાસએણ પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉ -

આણવણપ્પઓગે, પેસવણપ્પઓગે, સદ્દાણુવાએ, રૂવાણુંવાએ, બહિયાપોગ્ગલપક્ખેવે તસ્સ મિચ્છા મિ દુક્કડં.

દેસાવગાસિયં સમ્મંકાએણં, ન ફાસિયં, ન પાલિયં, ન સોહિયં, ન તિરિયં, ન કિટ્ટિયં, ન આરાહિયં, આણાએ અણુપાલિયં, ન ભવઈ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

દેશાવગાશિક વ્રતમાં લાગતા દોષ માંહિલો જે કોઈ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશાવગાશિકવ્રતમાં સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, રાજકથા આ ચાર વિકથા માંહેલી કોઈ વિકથા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

દેશાવગાશિક વ્રતમાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, એ ચાર સંજ્ઞા માંહેલી કોઈ સંજ્ઞા સેવી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

દેશાવગાશિક વ્રત વિધિએ લીધું, વિધિએ પાળ્યું છતાં અવિધિએ થયું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

દેશાવગાશિક વ્રતમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર, જાણતાં અજાણતાં, મન વચન અને કાયાએ કરી જ્ઞાન દર્શન ચારિત્ર અને તપ સંબંધી કાંઈ દોષ લાગ્યા હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

કાનો, માત્રા, અનુસ્વાર પદ, ગાથા, સૂત્ર, - ઓછું અધિક કે વિપરીત ભણાયું હોય તો અનન્ત સિદ્ધ કેવલી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

ત્યારબાદ સામાયિકની માફક 'નમોત્થુણં' ગણવા છેવટે ત્રણ નમસ્કારસૂત્રનો કાયોત્સર્ગ કરવો.

**વિધિ સંપૂર્ણ**

## પૌષધોપવાસ અંગીકાર

સામાયિકની માફક પ્રથમથી પાંચમા પાઠ સુધીના પાઠ અને ક્રિયા સરખા છે. ત્યારબાદ ગુરુમહારાજ (હાજર ન હોય તો શ્રી સીમંધરપ્રભુ)ને સવિનય વંદન કરી પૌષધવ્રત લેવાની આજ્ઞા માગવાને નીચેનો પાઠ બોલવો.

કરેમિ ભન્તે ! પડિપુણ્ણપોસહં; અસણં, પાણં, ખાઈમં સાઈમં, પચ્ચક્ખામિ; અબંભંપચ્ચક્ખામિ; ઉમ્મુક્ક મણિસુવણ્ણં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પચ્ચક્ખામિ; માલાવણ્ણગ વિલેવણં પચ્ચક્ખામિ; સત્થમુસલાદિ સાવજ્જં જોગં પચ્ચક્ખામિ; જાવ અહોરત્તં અથવા જાવ નિયમં પજ્જુવાસામિ; દુવિહં તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મણસા, વયસા, કાયસા; તસ્સ ભન્તે ! પડિક્કમામિ, નિંદામિ ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

ત્યારબાદ સામાયિકની જેમ નમોત્થુણં ગણવાં.

## પૌષધોપવાસ પારવાની વિધિ

દશમા વ્રતની જેમ જ પરંતુ જ્યાં દશમુવ્રત છે ત્યાં અગ્યારમા વ્રતમાં એમ બોલવું અને અતિચાર અગ્યારમાં વ્રતના બોલવા. તથા પૌષધના ૧૮ દોષ માંહેના કોઈ દોષનું સેવન થયું હોય તો મિચ્છા મિ દુક્કડં બોલવું.

## પૌષધનાં ૧૮ દોષ

### પૌષધ કરવાનાં આગળના દિવસે લાગતા દોષો

(૧) ચાંપી ચાંપીને વધારે ખાવું.
(૨) નખ-વાળ વગેરે સજાવવા
(૩) મૈથુન સેવન કરવું
(૪) પૌષધ માટેનાં વસ્ત્રાદિ ધોવા કે ધોવરાવવા.
(૫) શરીરની સ્નાનાદિ સુશ્રુષા કરવી.
(૬) પૌષધ નિમિત્તે આભૂષણો પહેરવા.
(૭) અવિરતિ પાસે પોતાની સેવા કરાવવી.
(૮) શરીર પરનો મેલ ઉતારવો.
(૯) પૂંજ્યા વગર શરીર ખંજોળવું.
(૧૦) દિવસે કે એક પ્રહર રાત્રિ ગયાં પહેલાં ઉંઘવું અને રાત્રે છેલ્લા પહોરમાં ધર્મ જાગરણ ન કરવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૧) પૂંજ્યા વગર પરઠવું.
(૧૨) નિંદા - વિકથા કરવી - હાસ્ય, ઠઠ્ઠા મશ્કરી કરવાં.
(૧૩) સાંસારિક વિષયોની ચર્ચા, વાર્તા કરવી.
(૧૪) પોતે ડરવું કે બીજાને ડરાવવા.
(૧૫) કલેશ કરવો.
(૧૬) અયતનાથી (ખુલ્લે મોઢે તથા સાવદ્ય ભાષા વ.) બોલવું.
(૧૭) સ્ત્રીનાં અંગોપાંગ નિરખવા - મોહક દ્રશ્યો જોવા - મોહક રાગ સાંભળવા - સુગંધ સુંઘવી વ. ઇન્દ્રિયનાં વિષયો પોષવા
(૧૮) સાંસારિક સંબંધથી કોઈને બોલાવવા.

ઉપરોક્ત અઢાર દોષ રહિત શુદ્ધ પૌષધ કરવો જોઈએ.

**તા.ક.**

આ દોષો ફકત જાણ પણા માટે છે. પરીક્ષામાં પૂછાશે નહીં.

**-: વિધિ સમાપ્ત :-**





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અરિહંતના ૧૨ ગુણો

૧. અનંતજ્ઞાન, ૨. અનંત દર્શન, ૩. અનંત ચારિત્ર, ૪. અનંત તપ, ૫. અનંત બળવીર્ય, ૬. અનંત ક્ષાયક સમ્યક્ત્વ ૭. પ્રજ્ત્રઋષભ નારાચ સંહનન, ૮. સમચતુરસ્ત્ર સંસ્થાન, ૯. ચોત્રીસ અતિશય, ૧૦. પાંત્રીસ વાણીના ગુણો, ૧૧. એક હજાર આઠ ઉત્તમ લક્ષણના ધારણહાર અને ૧૨. ચોસઠ ઈન્દ્રોના પૂજનીય આ ૧૨ ગુણોથી યુક્ત અરિહંત ભગવાન હોય છે.

## સિદ્ધના ૮ ગુણ

૧. પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંત કેવળજ્ઞાન ગુણ પ્રગટ થયો છે, જેથી સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણે છે.
૨. નવ પ્રકારના દર્શનાવરણીયકર્મનો ક્ષય થવાથી અનંત કેવળ-દર્શન ગુણ પ્રગટ થયો છે જેથી સર્વ દ્રવ્યો દેખે છે.
૩. બંને પ્રકારનું વેદનીયકર્મક્ષય થવાથી નિરાબાધ (વ્યાધિ વેદના રહિત) આત્મિક સુખને પ્રાપ્ત થાય છે.
૪. બે પ્રકારના મોહનીયકર્મનો ક્ષય થવાથી ક્ષાયક સમકિત અને સર્વ ગુણોની સ્થિરતા પામ્યા છે.
૫. ચાર પ્રકારના આયુષ્યકર્મ ક્ષય થવાથી અજરામર થયા છે.
૬. બે પ્રકારના નામકર્મ ક્ષય થવાથી અમૂર્ત (નિરાકાર) થયા છે.
૭. બે પ્રકારના ગોત્રકર્મ ક્ષય થવાથી અખોડ (અપલક્ષણ રહિત) આગુરુ-લઘુ થયા છે.
૮. પાંચ પ્રકારનાં અંતરાયકર્મ ક્ષય થવાથી અનંત શક્તિવંત થયા છે.

## આચાર્યજીના ૩૬ ગુણ

ગાથાઃ-

पंचिदिय संवरणो, तह नवविह बंभचेर गुत्तिधरो.
चउविह कसाय मुक्को इह अट्ठारस गुणेहिं संजुतो ॥१॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पंच महव्वयं जुतो पंचविहायार पालण समत्थो
पंच समिइ ति गुत्तो, इह छत्तीस गुणेहिं गुरू मज्झं ॥२॥

અર્થ :-

૫ મહાવ્રતનું પાલન કરે અને કરાવે (અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ) ૫ આચારનુ પાલન કરે અને કરાવે (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર) +, ૫ સમિતિ ( ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન ભંડમતનિક્ષેપણાસમિતિ, પારિઠાવણિયા સમિતિ. ૩ ગુપ્તિ સહિત છે. (મન ગુપ્તિ, વચન ગુપ્તિ, કાય ગુપ્તિ) ૫ ઈંદ્રિય વશ કરે, ૯ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળે અને ૪ કષાયને ત્યાગે. (ક્રોધ, માન, માયા, લોભ) એ ૩૬ ગુણોથી યુક્ત આચાર્યજી છે.

**ઉપાધ્યાયજીના ૨૫ ગુણો.**

ગાથા : बारसग विउ बुद्धा, करण चरण जुओ ।
पब्भावणा, जोग निग्गो, उवज्झाय गुणं वंदा ॥

અર્થ-૧૨ અંગના પાઠક (૧) આચારાંગ સૂત્ર (૨) સૂયગડાંગ સૂત્ર (૩) ઠાણાંગસૂત્ર (૪) સમવાયાંગ સૂત્ર (૫) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર) (૬) જ્ઞાતાધર્મકથા (૭) ઉપાસક દશાંગ (૮) અંતગડદશાંગ સૂત્ર (૯) અનુત્તરોવવાઈ સૂત્ર (૧૦) પ્રશ્નવ્યાકરણ સૂત્ર (૧૧) વિપાકસૂત્ર (૧૨) દૃષ્ટિવાદ સૂત્ર (બારમું સૂત્ર વર્તમાનમાં હાલ વિચ્છેદ ગયેલ છે.) ૧૩-૧૪ કરણસિત્તરી (૪ પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઈન્દ્રિયનિગ્રહ, ૨૫ પ્રતિલેખના, ૩ ગુપ્તિ અને ૪ અભિગ્રહ એમ કુલ ૭૦ બોલ કરણસિત્તરીના છે.) ચરણસિત્તરી (મહાવ્રત પાંચ, શ્રમણધર્મ દસ પ્રકારનો, સત્તર પ્રકારે સંજમ, દસ પ્રકારે વૈયાવચ્ચ, નવ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ ત્રણ પ્રકારે જ્ઞાનાદિ રત્ન, બાર પ્રકારે તપ, અને ચાર પ્રકારે ક્રોધાદિ કષાયનો નિગ્રહ એ પ્રમાણે ચારિત્ર ગુણના કુલ ૭૦ બોલ છે.) તેના ગુણયુક્ત, ૧૫-૨૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠ પ્રભાવનાથી જૈન ધર્મને દીપાવે (૧) પ્રવચન પ્રભાવના (૨) ધર્મકથા પ્રભાવના (૩) નિરાપવાદ પ્રભાવના (૪) ત્રિકાળ પ્રભાવના(૫) તપ પ્રભાવના (૬) વ્રત પ્રભાવના (૭) વિદ્યા પ્રભાવના (૮) કવિ પ્રભાવના . ૨૩-૨૫ મન, વચન, કાયાના યોગને કાબૂમાં રાખે તેવા ગુણયુક્ત ઉપાધ્યાયજીને વંદન કરૂં છું.

**સાધુના ૨૭ ગુણ**

(૧ થી ૫) પાંચ મહાવ્રતો, પચીસ પ્રકારની ભાવના સાથે નિર્દોષ પાળે. (૬ થી ૧૦) પાંચ ઈન્દ્રિયોના ત્રેવીસ જાતના વિષયોથી નિવર્તે. (૧૧ થી ૧૪) ચાર પ્રકારના કષાયથી નિવર્તે. (૧૫) ''મન સમાધારણયા'' પાપમાંથી મનને ખેંચીને ધર્મમાર્ગમાં જોડે. (૧૬) ''વય સમાધારણયા'' ખપજોગી નિર્દોષ વાણી બોલે, (૧૭) ''કાય સમાધારણયા'' કાયાની ચપળતા રોકે. (૧૮) 'ભાવ સચ્ચે'-અંતઃકરણના ભાવો નિર્મળ કરી ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં આત્માને જોડે. (૧૯) 'કરણ સચ્ચે' કરણસિત્તરીના સિત્તેર ગુણો સહિત છે તથા સાધુને જે જે ક્રિયાઓ જે જે રીતે કરવાનું શાસ્ત્રમાં ફરમાવ્યું છે, તે સદા યોગ્ય વખતે કરે. (૨૦) 'જોગ સચ્ચે'-મન, વચન અને કાયાના યોગની સત્યતા તથા સરળતા રાખે. (૨૧) 'સંપન્નતિઉ'-સાધુ ત્રણ વસ્તુ સહિત છે. (૧) સમ્યગ્ જ્ઞાન સંપન્ન (૨) સમ્યગ્દર્શન સંપન્ન (૩) સમ્યગ્ચારિત્ર સંપન્ન. (૨૪) 'ખંતી'-ક્ષમાવંત. (૨૫) 'સંવેગ'-સદા વૈરાગ્યવંત. (૨૬) વેદના સમ અહિયાસણયાએ-ક્ષુધા, તૃષા, વગેરે ૨૨ પરિષહ ઉત્પન્ન થાય, તો તે સમ પરિણામથી સહન કરે. (૨૭) 'મારણંતિય સમ અહિયાસણયાએ'-મારણાંતિક કષ્ટ આવે તો તે વખતે અને મરણ સમયે જરા પણ ન ડરે; પરંતુ સમાધિમરણથી આયુષ્ય પૂર્ણ કરે. આ પ્રમાણે સાધુજીના ૨૭ ગુણો છે.

**તા.ક.**

ઉપર મુજબના પંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણ માત્ર વિશેષ જાણકારી માટે છે. પરીક્ષામાં પૂછાશે નહીં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સામાયિક સૂત્ર - પ્રશ્નોત્તર

## (૧) નમોક્કાર મંત્ર – પંચ પરમેષ્ઠી - સૂત્ર

પ્રશ્ન ૧ :- નમસ્કાર એટલે શું ?

ઉત્તર :- નમસ્કાર એટલે નમવું. વિનમ્ર થઈને ઝૂકવું. બે હાથ જોડી, લલાટ (કપાળ) પર લગાવીને મસ્તક ઝૂકાવવું, વંદન કરવું. તેને નમસ્કાર કહેવાય છે.

પ્રશ્ન ૨ :- મંત્ર કોને કહે છે ?

ઉત્તર :- જેમાં અક્ષર થોડાં હોય અને ભાવ ઘણાં હોય. જેનું ચિંતન - મનન કરવાથી દુ:ખોથી રક્ષણ થઈ શકે. મનોરથ પૂર્ણ થતાં હોય તેને 'મંત્ર' કહેવાય છે.

પ્રશ્ન ૩ :- સર્વથી શ્રેષ્ઠ મંત્ર કયો છે ?

ઉત્તર :- જગતમાં સર્વથી શ્રેષ્ઠ મંત્ર ''નમસ્કાર મહામંત્ર'' છે. તેથી અન્ય મંત્રોની આરાધના કરવી જોઈએ નહિ.

પ્રશ્ન ૪ :- અરિહંત કોને કહે છે ?

ઉત્તર :- અરિ=દુશ્મન,=હંત=હણનાર.

દ્રવ્યથી -(૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) મોહનીય અને (૪) અંતરાય. આ ચાર ઘાતીકર્મોનો નાશ કર્યો છે. તથા ભાવથી- રાગ-દ્વેષરૂપી ભાવશત્રુ - આત્મ-શત્રુઓનો નાશ કર્યો છે. એવા સદેહી, સર્વજ્ઞ, વીતરાગ પ્રભુને 'અરિહંત' કહેવાય છે.

પ્રશ્ન ૫ :- ઘાતી-કર્મ કોને કહે છે ?

ઉત્તર :- જે કર્મ ઉદયમાં આવતાં આત્માના - જ્ઞાનાદિક ગુણોનો ઘાત કરે. તેને ''ઘાતી-કર્મ'' કહેવાય છે. તે ઉપર લખેલ ચાર છે. તે દૂર કરવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણા કઠણ છે.

પ્રશ્ન ૬ :- સિદ્ધ કોને કહે છે ?

ઉત્તર :- સિદ્ધ એટલે જેઓના સર્વ કાર્ય પૂરાં થઈ ગયા છે. ઘાતી અને અઘાતી બંને પ્રકારના કર્મ અર્થાત્ આઠે કર્મોનો નાશ કરીને લોકના અગ્રભાગે મોક્ષસ્થાનમાં બિરાજમાન છે. તેને ''સિદ્ધ'' ભગવાન કહેવાય છે.

પ્રશ્ન ૭ :- અઘાતી-કર્મ કોને કહે છે ?

ઉત્તર :- જે કર્મ ઉદયમાં આવતાં આત્માના મૂળગુણોનો ઘાત ન કરે. તેને ''અઘાતી-કર્મ'' કહેવાય છે. તે ચાર છે. (૧) વેદનીય (૨) આયુષ્ય (૩) નામ અને (૪) ગોત્રકર્મ.

પ્રશ્ન ૮ :- આચાર્ય કોને કહે છે ?

ઉત્તર :- સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘનું નેતૃત્વ કરતા હોય. પોતે (૧) જ્ઞાનાચાર (૨) દર્શનાચાર (૩) ચારિત્રાચાર (૪) તપાચાર અને (૫) વીર્યાચાર.

આ પાંચ આચારોનું પાલન કરી અન્યને આચાર પાલનની પ્રેરણા આપનારને ''આચાર્ય'' મહારાજ કહેવાય છે.

પ્રશ્ન ૯ :- ઉપાધ્યાય કોને કહે છે ?

ઉત્તર :- જે સ્વયં જૈન આગમ=સિદ્ધાંતને ભણે અને બીજાને ભણાવે. તેમજ શંકાઓનું શાસ્ત્રસંમત્ત સમાધાન કરે. ''ઉપાધિ ટાળીને સમાધિ આપે તે ઉપાધ્યાય કહેવાય છે.

પ્રશ્ન ૧૦:- સાધુ કોને કહે છે ?

ઉત્તર :- વૈરાગ્યભાવને પ્રાપ્ત કરી, સળગતાં સંસારનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરીને અરિહંત ભગવાનની આજ્ઞાનુસાર ''અત હિયટ્ઠયાએ '- એકાંત આત્માના હિત માટે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિ શ્રમણધર્મનું જિંદગીપર્યંત પાલન કરનારને ''સાધુ''



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિરાજ કહેવાય છે.

પ્રશ્ન ૧૧:- પદ કોને કહે છે ? પાંચ પદોને નમસ્કાર શા માટે ?

ઉત્તર :- યોગ્યતાને પ્રાપ્ત થયેલા (પૂજ્ય) સ્થાનને ''પદ'' કહેવાય છે. આવા નમન કરવા લાયક પદ આખાયે જગતમાં પાંચ જ છે. (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય અને (૫) સાધુપદ. તેથી આ પાંચ પદોને જ નમસ્કાર કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૨:- નમસ્કારમંત્રના રટણથી શું લાભ થાય છે ?

ઉત્તર :- નમસ્કાર મહામંત્રની આરાધના તથા તેનું સ્મરણ, રટણ, જાપ કે ચિંતનથી આત્મામાં રહેલા શુદ્ધ ગુણોનું પ્રગટીકરણ થાય છે. બધા પાપોનો નાશ થાય છે. માટે સૂતાં – ઉઠતાં, જમતાં, બહાર જતાં કોઈપણ કાર્યની શરૂઆત કરતાં પહેલા 'નમસ્કારમંત્ર' ભાવપૂર્વક બોલવા જોઈએ.

પ્રશ્ન ૧૩:- નમસ્કારમંત્રના બીજા કયા કયા નામો છે ?

ઉત્તર :- (૧) 'પંચ પરમેષ્ઠી મંત્ર' અરિહંત આદિ પાંચ પદ જગતમાં સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ ગુણોના સ્વામી છે. ઊંચામાં ઊંચા પદ ઉપર રહેલા છે. તેથી ''પંચ પરમેષ્ઠી'' નામ પણ કહેવાય છે.

(૨) ''નવકારમંત્ર'' – આ નામ લોકોમાં વિશેષ પ્રચલિત છે. 'નમો અરિહંતાણં' આદિ મૂલ પાંચ પદ તથા ચૂલિકાના ચાર પદ :

ચૂલિકા – મહિમા શ્લોક

એસો પંચ નમુક્કારો – આ પાંચ પરમેષ્ઠીને કરેલા નમસ્કાર છે.

સવ્વ પાવપ્પણાસણો – બધા પાપોનો નાશ કરનાર છે.

મંગલાણં ચ સવ્વેસિં – અને બધાં જ મંગલોમાં

પઢમં હવઈ મંગલં – પ્રથમ (સર્વશ્રેષ્ઠ) મંગલ છે.

આ રીતે (૫ + ૪ = ૯) નવપદ થવાથી 'નવકાર-મંત્ર' કહેવાય છે.

એક પરંપરા બીજી રીતે પણ નવ પદ માને છે : 'નમો અરિહંતાણં' આદિ મૂલ પાંચ પદ અને બીજા આ ચાર પદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમો નાણસ્સ - જ્ઞાનને નમસ્કાર હો.

નમો દંસણસ્સ - દર્શનને નમસ્કાર હો.

નમો ચરિત્તસ્સ - ચારિત્રને નમસ્કાર હો.

નમો તવસ્સ - તપને નમસ્કાર હો.

આ રીતે નવપદ થવાથી પણ 'નવકાર-મંત્ર' કહેવાય છે. પાછળના ચાર પદો આચાર્યો દ્વારા રચિત છે.

પ્રશ્ન ૧૪:- નમસ્કારમંત્રમાં પહેલાં 'અરિહંતો' ને પછી સિદ્ધોને નમસ્કાર શા માટે કરેલ છે ?

ઉત્તર :- અરિહંત ભગવાનો તીર્થપ્રણેતા હોવાથી તથા મોક્ષમાં બિરાજમાન સિદ્ધ ભગવાનોનું સ્વરૂપ સમજાવનારા હોવાથી, આપણા માટે સિદ્ધ ભગવાનની અપેક્ષાએ અરિહંત ભગવાન વિશેષ ઉપકારી છે. આથી 'નમસ્કાર-મંત્ર'માં પહેલા અરિહંતોને નમસ્કાર કરેલ છે. આ વ્યાવહારિક દ્રષ્ટિની વિશેષતા છે.

પ્રશ્ન ૧૫:- નમસ્કારમંત્ર શાશ્વત છે કે અશાશ્વત ?

ઉત્તર :- નમસ્કારમંત્ર દ્વાદશાંગીરૂપ નિર્ગ્રંથ પ્રવચનનું જ એક અવયવ - ભાગ છે અને દ્વાદશાંગી ગણિપિટક શાશ્વત છે. મહાવિદેહક્ષેત્રની અપેક્ષાએ પ્રત્યેક સમયે નમસ્કારમંત્ર છે જ. તેથી 'નમસ્કારમંત્ર' અનાદિથી છે; શાશ્વત છે.

પ્રશ્ન ૧૬:- નમસ્કારમંત્રના અક્ષર, ગુણ વગેરે કેટલા છે.

| ઉત્તર :- પદનું નામ | અક્ષર | ગુણ | દેવકેગુરુ |
|---|---|---|---|
| નમો અરિહંતાણં | ૭ | ૧૨ | દેવ |
| નમો સિદ્ધાણં | ૫ | ૮ | દેવ |
| નમો આયરિયાણં | ૭ | ૩૬ | ગુરુ |
| નમો ઉવજ્ઝાયાણં | ૭ | ૨૫ | ગુરુ |
| નમો લોએ સવ્વસાહૂણં | ૯ | ૨૭ | ગુરુ |
| અક્ષર : | ૩૫ : | ગુણ ૧૦૮ | |

પંચ પરમેષ્ઠી પદના કુલ ગુણો ૧૦૮ છે. તેથી માળાના મણકા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પારા, મોતી) પણ ૧૦૮ હોય છે.

પ્રશ્ન ૧૭:- ''ૐ નમો અરિહંતાણં'' બોલવું ઉચિત છે ?

ઉત્તર :- ઓંકાર એ મૂળમાં તો અન્યતીર્થિઓનો મંત્રાક્ષર છે. નમસ્કારમંત્ર તો અનાદિકાળથી છે. જ્યારે ગણધરોએ ''નમો અરિહંતાણં'' ના રૂપમાં તેની ગુંથણી કરેલી છે. ત્યારે તેમાં વધઘટ કરવી ઉચિત ગણાય ? દેખાદેખીથી કોઈ પણ શાસ્ત્રના પદની આગળ 'ૐ' શબ્દ જોડનાર ભગવંતોની આશાતના નથી કરતા ? ચતુર્વિધ સંઘના સદસ્યોએ આમ કરવું ઉચિત નથી. માટે 'ૐ' બોલવું જોઈએ નહિ.

પ્રશ્ન ૧૮:- નમસ્કારમંત્રના પાંચ પદ કયા સૂત્રમાં છે ?

ઉત્તર :- મંત્રાધિરાજ નમસ્કાર મહામંત્રના પાંચ પદ (૧) 'ભગવતીસૂત્ર' (૨) 'જંબુદ્વિપ-સૂત્ર' અને (૩) 'સૂર્યપ્રજ્ઞપ્તિ - સૂત્ર'ના મંગલાચરણમાં જ આપવામાં આવેલ છે

# (૨) તિક્ખુત્તો - ગુરુવંદન - સૂત્ર

પ્રશ્ન ૧૯:- પ્રદક્ષિણા કોને કહે છે ?

ઉત્તર :- બે હાથ જોડીને પોતાનાં જમણાં કાનથી શરૂ કરીને ફરીથી જમણા કાન સુધી લઈ જવા. ત્યાર પછી માથા પર લઈ જઈને વંદના કરવી. તેને 'પ્રદક્ષિણા' (આવર્તન) કહેવાય છે.

પ્રશ્ન ૨૦:- પ્રદક્ષિણા ત્રણ વાર શા માટે ?

ઉત્તર:- વંદનીય (પૂ. ગુરુભગવંતો)માં રહેલા (૧) સમ્યગ્જ્ઞાન (૨) સમ્યગ્ દર્શન અને (૩) સમ્યગ્ ચારિત્ર. આ રત્નત્રયી (ત્રણ ગુણો)ને વંદન કરવા માટે ત્રણ વાર 'પ્રદક્ષિણા' કરવામાં આવે છે.

પ્રશ્ન ૨૧:- સત્કાર કોને કહે છે ?

ઉત્તર :- ગુરુ ભગવંત આદિનું સ્વાગત કરવું, તેઓને નિર્દોષ વસ્ત્રપાત્ર આદિ આપવા તેને સત્કાર કહે છે.

પ્રશ્ન ૨૨:- સન્માન કોને કહે છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર :- અરિહંત આદિને મોટા માનવા, ઊંચુ આસન આપવું. વંદન કરતા સમયે મનને ખાલી ન રાખતા શ્રદ્ધા અને પૂજ્યભાવના અમૃતથી છલોછલ (ભરપૂર) ભરી દેવું. આદર રાખવો. તેને સન્માન કહેવાય છે.

પ્રશ્ન ૨૩:- પર્યુપાસના કેટલા પ્રકારની છે ?

ઉત્તર :- ત્રણ પ્રકારની (૧) કાયિક પર્યુપાસના -મસ્તક, બે હાથ અને બંને ઢીંચણ, એમ પંચાંગ નમાવીને નમસ્કાર કરવા. તથા વિનમ્ર થઈને, બંને હાથ જોડી રાખી, ગુરુની સામે મુખ રાખી, સેવા - ઉપાસના કરવી 'કાયિક - પર્યુપાસના' છે.

(૨) વાચિક - પર્યુપાસના - ગુરુદેવોના વચનોનો વાણી દ્વારા સત્કાર કરવો. જેમકે- ભગવાન ! ગુરુદેવ ! આપ ફરમાવો છો. તે સત્ય છે. યથાર્થ છે. નિઃશંક છે. એમ આદરભર્યા વચનોથી સ્વીકાર કરવો. તે 'વાચિક - પર્યુપાસના' છે.

(૩) માનસિક - પર્યુપાસના - હૃદયમાં મહાન સંવેગ (=મોક્ષની અભિલાષા, સંસારથી ઉદાસીનતા) ઉત્પન્ન કરીને, ઉપદેશ પ્રત્યે અનુરાગ રાખવો. તે 'માનસિક - પર્યુપાસના' છે.

પ્રશ્ન ૨૪:- પર્યુપાસનાથી શું લાભ થાય છે ?

ઉત્તર :- શુદ્ધ ચારિત્ર પાલનવાળા શ્રમણ-નિર્ગ્રંથોની પર્યુપાસના = સેવા, ઉપાસના, સત્સંગ કરવાથી અશુભકર્મોની નિર્જરા અને મહાન પુણ્ય ઉપાર્જન થાય છે. ભાવોની વિશુદ્ધિ થાય છે.

પ્રશ્ન ૨૫:- ગુરુવંદન કેટલા પ્રકારના છે ?

ઉત્તર :- ગુરુવંદન ત્રણ પ્રકારના છે.

(૧) જઘન્ય ફિટ્ટાવંદન, ફિટ્ટા એટલે રસ્તો માર્ગ.

રસ્તામાં ગુરુદેવ મળી જાય, તો તેમને બે હાથ જોડીને માથું નમાવવું. અને વચન વડે ''મત્થએણ વંદામિ'' શબ્દો બોલીને નમસ્કાર કરવા. તે જઘન્ય (નાનું) ફિટ્ટાવંદન.

(૨) મધ્યમ : થોભવંદન. થોભ એટલે થોભીને....ઉભા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહીને.... પંચાંગ અર્થાત્ માથું, હાથ અને ઢીંચણ જમીનને અડાડીને 'તિક્ખુત્તો' ના પાઠ વડે કરવામાં આવતું વંદન.

(૩) ઉત્કૃષ્ટ : દ્વાદશાવર્ત્ત વંદન. દ્વાદશાવર્ત્ત એટલે બાર આવર્તનવાળું વંદન.

પ્રતિક્રમણ સૂત્રના 'ઈચ્છામિ ખમાસમણો !' ના પાઠથી ત્રીજા વંદન આવશ્યકમાં (૬ + ૬ = ૧૨) બાર આવર્તન વડે કરવામાં આવતું વંદન.

પ્રશ્ન ૨૬:- ગુરુવંદનનો પાઠ કયા સૂત્રમાં છે ?

ઉત્તર :- ગુરુવંદન (તિક્ખુત્તો)નો પાઠ ભગવતીસૂત્ર, ઉવવાઈયસૂત્ર, રાયપ્પસેણીયસૂત્ર આદિ સૂત્રોમાં છે.

# (૩) ઇરિયાવહિયં - આલોચના - સૂત્ર

પ્રશ્ન ૨૭:- 'ઇરિયાવહિયં'ને 'આલોચના'નો પાઠ શા માટે કહે છે ?

ઉત્તર :- આ પાઠથી જીવ-વિરાધનાની આલોચના કરવામાં આવે છે. તેથી 'આલોચન-સૂત્ર' કહેવાય છે.

પ્રશ્ન ૨૮ :- વિરાધના કોને કહે છે ?

ઉત્તર :- વ્રતને દૂષિત કરવાવાળી પ્રવૃત્તિથી વિરાધના થાય છે. શાસ્ત્રવિધિ અનુસાર આચરણ ન કરવું તે વિરાધના છે.

પ્રશ્ન ૨૯ :- ઇરિયાવહિયંના પાઠમાં ચાલવાથી થવાવાળી ક્રિયાની આલોચના શા માટે કરવામાં આવી ?

ઉત્તર :- ચાલવાથી થવાવાળી ક્રિયાની તેમજ ઉપલક્ષણથી અન્ય બધી ક્રિયાઓની આલોચના પણ સમજી લેવી જોઈએ.

પ્રશ્ન ૩૦ :- જીવ વિરાધના કેટલા પ્રકારે થાય છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર :- જીવોની વિરાધના દશ પ્રકારે થવા સંભવ છે. ''અભિહયા...થી...જીવિયાઓ વવરોવિયા'' સુધીના દશ પદ.

દરેક પ્રવૃત્તિ યત્નાપૂર્વક કરવાથી જીવોની વિરાધનાથી બચી શકાય છે. પાપથી પણ બચી શકાય છે.

પ્રશ્ન ૩૧ :- 'ઇરિયાવહિયં''ના પાઠથી કેટલા જીવો સાથે 'મિચ્છામિ દુક્કડં'' થાય છે ?

ઉત્તર :- સંસારમાં જેટલા પણ જીવો છે, તે સર્વના મળીને ૫૬૩ ભેદ થાય છે. ઓછાં પણ નહિ અને વધુ પણ નહિ. ઉપરોક્ત ૫૬૩ ભેદોમાં પૃથ્વી આદિ પાંચ સ્થાવર તથા મનુષ્ય, તિર્યંચ નારક, દેવ આદિ ત્રસ; બધાં જીવોનો સમાવેશ થઈ જાય છે. ૫૬૩ ભેદોને 'અભિહયાથી' જીવિયાઓ વવરોવિયા' સુધીના ૧૦ પદ વડે (જે જીવોની વિરાધના હિંસા સંબંધી છે.) ગુણતાં ૫૬૩૦ થાય.

વિરાધના અર્થાત્ હિંસા, રાગ અને દ્વેષના કારણે થાય છે. તેથી બે વડે ગુણતાં ૧૧,૨૬૦ ભેદ થાય. આ વિરાધના મન, વચન, કાયાથી થાય છે. તેથી ત્રણ વડે ગુણતાં ૩૩,૭૮૦ ભેદ થયા. વિરાધના કરવી, કરાવવી અને અનુમોદવી. એ ત્રણ વડે ગુણતાં ૧, ૦૧,૩૪૦ ભેદ થાય. આ બધાંને ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ એમ ત્રણ વડે ગુણતાં ૩,૦૪,૦૨૦ ભેદ થાય. તેને પણ (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય (૫) સાધુ અને (૬) પોતાનો આત્મા : આ છ ની સાક્ષીથી ગુણતાં ૧૮, ૨૪,૧૨૦ ભેદ થાય છે.

[૫૬૩ × ૧૦ × ૨ × ૩ × ૩ × ૩ × ૬ = ૧૮,૨૪,૧૨૦ ]

આ રીતે સંસારી સર્વ જીવો સાથે, સર્વ પ્રકારે ''મિચ્છામિ દુક્કડં – ખમતખામણા'' થાય છે.

પ્રશ્ન ૩૨ :- ઇરિયાવહિયંનો પાઠ કયા સૂત્રમાં છે ?

ઉત્તર :- બત્રીશમાં 'આવશ્યક-સૂત્ર'માં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૪) ઉતરીકરણ - કાયોત્સર્ગ - સૂત્ર

પ્રશ્ન ૩૩ :- 'તસ્સ ઉત્તરી' સૂત્રનું બીજું નામ શું છે ?

ઉત્તર :- બીજું નામ 'ઉત્તરીકરણ' સૂત્ર છે.

પ્રશ્ન ૩૪ :- ઉત્તરીકરણ શા માટે કહે છે ?

ઉત્તર :- 'ઇરિયાવહિયં'ના પાઠથી આત્માને લાગેલા પાપોની આલોચના કરી. છતાં હજી આત્મામાં બાકી રહેલી સૂક્ષ્મ મલિનતાને પણ દૂર કરવાને માટે; આત્માની વિશેષ શ્રેષ્ઠતાને માટે કરવામાં આવતી ક્રિયાને 'ઉત્તરી કરણ' કહેવાય છે. તેમજ વિશેષ શુદ્ધિ માટે કાયોત્સર્ગની પ્રતિજ્ઞા કરવામાં આવે છે. તેથી 'કાયોત્સર્ગ-સૂત્ર' પણ કહી શકાય.

પ્રશ્ન ૩૫ :- પ્રાયશ્ચિત્ત કોને કહે છે ?

ઉત્તર :- જેનાથી પાપનો નાશ થાય. અથવા જેનાં વડે ચિત્તની વિશુદ્ધિ થાય. તેને 'પ્રાયશ્ચિત્ત' કહેંવાય છે.

પ્રશ્ન ૩૬ :- શલ્ય કોને કહે છે ? તે કેટલા છે ?

ઉત્તર :- જેનાથી પીડા = દુ:ખ થાય. તેને શલ્ય કહેવાય છે. શૂળ, તીર વગેરે 'દ્રવ્ય શલ્ય' છે.

ભાવશલ્યના ત્રણ ભેદ - [૧] માયાશલ્ય = હૃદયમાં કપટભાવ રાખવો તે. [૨] નિદાનશલ્ય = રાજા, દેવતા આદિની ઋદ્ધિ જોઈને યા સાંભળીને તેવાં ફળની ઇચ્છા કરવી તે. [૩] મિથ્યાદર્શનશલ્ય = સુદેવ, સુગુરુ અને સુધર્મમાં શ્રદ્ધા ન રાખવી, અસત્યનો આગ્રહ રાખવો તે.

પ્રશ્ન ૩૭ :- આગાર કોને કહે છે ?

ઉત્તર :- કાઉસ્સગ્ગમાં રહેવાવાળી મર્યાદા અથવા છૂટછાટોને 'આગાર' કહેવાય છે.

પ્રશ્ન ૩૮ :- આગાર કેટલા છે ?

ઉત્તર :- 'ઊસસિએણંથી સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં સુધીના કાયિક બાર આગારો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન ૩૯ :- આ પાઠ કયા સૂત્રમાં છે ?

ઉત્તર :- બત્રીશમાં 'આવશ્યક સૂત્ર'માં છે.

## (૫) ઉત્કીર્તન - લોગસ્સ સૂત્ર

પ્રશ્ન ૪૦ :- આ પાઠનું બીજું નામ શું છે ?

ઉત્તર :- બીજું નામ ચતુર્વિંશતિ - સ્તવ અર્થાત્ ચઉવીસત્થો (ચઉવીસંથો) છે.

પ્રશ્ન ૪૧ :- ચતુર્વિંશતિ-સ્તવ શા માટે કહે છે ?

ઉત્તર :- વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા ૨૪ તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવેલ છે. તેથી 'ચતુર્વિંશતિ સ્તવ' અર્થાત્ ચઉવીસત્થો કહેવાય છે.

પ્રશ્ન ૪૨ :- તીર્થંકરો કોઈ ઉપર પ્રસન્ન થાય છે ?

ઉત્તર :- તીર્થંકરો રાગ-દ્વેષથી રહિત હોય છે. તેથી કોઈ ઉપર પ્રસન્ન થતાં નથી.

પ્રશ્ન ૪૩ :- 'તિત્થયરા મે પસીયંતુ' - આવી પ્રાર્થના શા માટે કરવામાં આવે છે ?

ઉત્તર :- આવી પ્રાર્થનાથી આપણામાં પણ મોક્ષ પ્રાપ્તિની યોગ્યતા આવે છે. આપણામાં 'યોગ્યતા' આવવી તેને જ 'તીર્થંકરોનું પ્રસન્ન થવું' કહેવામાં આવેલ છે.

પ્રશ્ન ૪૪ :- તીર્થંકર મોક્ષ પધારી ગયા છે. ઉપદેશ પણ આપતા નથી. તો પછી આવી પ્રાર્થના શા માટે કરવામાં આવે છે ?

ઉત્તર :- તીર્થંકર ભગવંતો મોક્ષમાં પધારી ગયા છે. તેઓના ગુણ આપણામાં પણ પ્રગટ થાય. આવી વિનમ્ર પ્રાર્થનાથી તેઓનો ઉપદેશ અંગીકાર કરવાથી આપણી ભાવના દૃઢ બની રહે છે. અને તેનાથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણે મોક્ષની નજીક થઈએ છીએ. તેથી આવી પ્રાર્થના કરવામાં આવે છે.

પ્રશ્ન ૪૫ :- કીર્તન એટલે શું ?

ઉત્તર :- વાણીથી સ્તુતિ કરવી તે 'કિત્તિયં'.

પ્રશ્ન ૪૬ :- વંદન એટલે શું ?

ઉત્તર :- કાયાથી પંચાંગ નમસ્કાર કરવા તે 'વંદિયં'.

પ્રશ્ન ૪૭ :- પૂજન એટલે શું ?

ઉત્તર :- ભાવથી સ્મરણ કરવું તે 'મહિયા'.

પ્રશ્ન ૪૮ :- કીર્તન અને વંદનથી શું લાભ થાય છે ?

ઉત્તર :- (૧) જ્ઞાન વધે છે. (૨) શ્રદ્ધા વધે છે. (૩) નવા પાપકર્મનો બંધ થતો નથી. (૪) પુણ્યનો બંધ થાય છે. (૫) જૂનાં પાપકર્મોનો નાશ થાય છે.

પ્રશ્ન ૪૯ :- તીર્થંકરો ચંદ્રોથી પણ અધિક નિર્મલ કઈ રીતે ?

ઉત્તર :- ચંદ્રમાની અંદર તો કાંઈક કલંક (ડાઘ) દેખાય છે. પરંતુ તીર્થંકરોમાં ચાર ઘનઘાતીરૂપ કર્મકલંક હોતું નથી તેથી તેઓ ચંદ્રમાઓથી પણ અધિક નિર્મલ છે.

પ્રશ્ન ૫૦ :- તીર્થંકરો સૂર્યોથી પણ અધિક પ્રકાશ કરનારા કેવી રીતે ?

ઉત્તર :- સૂર્ય મર્યાદિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે. જ્યારે તીર્થંકરો પોતાનાં કેવલજ્ઞાનથી બધા દ્રવ્યો, ક્ષેત્રો, કાળ અને ભાવોને પ્રકાશિત કરે છે. તેથી તીર્થંકરોને સૂર્યોથી પણ અધિક પ્રકાશના કરનારા કહેલ છે.

પ્રશ્ન ૫૧ :- લોગસ્સનો પાઠ શાશ્વત છે કે અશાશ્વત ?

ઉત્તર :- જે સમયમાં જેટલા તીર્થંકરો થાય. તેઓના નામ ગણધર લોગસ્સમાં ગૂંથતા જાય છે. અનુયોગદ્વારસૂત્રમાં 'લોગસ્સનું નામ 'ઉક્કીત્તણો' = ઉત્કીર્ત્તન (એટલે સ્તુતિ કરવી) બતાવેલ છે. તેથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોગસ્સનો પાઠ અનાદિ છે. અર્થાત્ શાશ્વત છે અને તેનું શાશ્વત નામ ''ઉત્કીર્ત્તન'' છે.

પ્રશ્ન ૫૨ :- લોગસ્સનો પાઠ કયા સૂત્રમાં છે ?

ઉત્તર :- બત્રીશમાં 'આવશ્યકસૂત્ર'માં છે.

## (૬) કરેમિ ભંતે સામાયિક સૂત્ર

પ્રશ્ન ૫૩ :- સામાયિક કોને કહે છે ?

ઉત્તર :- જેનાથી સમભાવની પ્રાપ્તિ થાય.

પ્રશ્ન ૫૪ :- સામાયિકમાં શેનો ત્યાગ કરવામાં આવે છે ?

ઉત્તર :- સાવદ્યયોગનો ત્યાગ કરવામાં આવે છે.

પ્રશ્ન ૫૫ :- સાવદ્યયોગ કોને કહે છે ?

ઉત્તર :- ૧૮ પાપની પ્રવૃત્તિને સાવદ્યયોગ કહે છે.

પ્રશ્ન ૫૬ :- બે ઘડી (મુહૂર્ત્ત) કોને કહે છે ?

ઉત્તર :-૨૪ મિનિટ = ૧ ઘડી. ૪૮ મિનિટ = બે ઘડી.

પ્રશ્ન ૫૭ :- કરણ કોને કહે છે ?

ઉત્તર :- યોગોની ક્રિયાઓ - કરવું, કરાવવું અને અનુમોદવું. તેને 'કરણ' કહેવાય છે.

પ્રશ્ન ૫૮ :- યોગ કોને કહે છે ?

ઉત્તર :- કરણના સાધનને યોગ કહેવાય છે. મન, વચન અને કાયા. આ પ્રકારના ત્રણ યોગ કહેવાય છે.

પ્રશ્ન ૫૯ :- કોટી કોને કહે છે ?

ઉત્તર :- કરણ અને યોગના ગુણાકારના ફલને 'કોટિ' કહેવાય છે. જેમકે - ૨ કરણ (કરવું.) ને ત્રણયોગ (મન, વચન, કાયા)થી ગુણતાં (૨×૩=)૬ 'કોટિ' એ સામાયિક વ્રતના પ્રત્યાખ્યાન થયા.

પ્રશ્ન ૬૦ :- સામાયિક 'બે ઘડી'ની શા માટે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર :- જો સમય નક્કી કરેલ ન હોય. તો ઈચ્છા થાય ત્યારે સામાયિક પારી લેવામાં આવે. શાસ્ત્રમાં પણ જ્યાં સમયનું માપ બતાવેલ છે. ત્યાં એક લવ પછી '૭૭ લવનું એક મુહૂર્ત્ત અર્થાત્ બે ઘડી બતાવેલ છે, શ્રાવકના ચાર વિસામામાં પણ બીજા વિસામામાં બતાવેલ છે કે - જેમ કોઈ ભારવાહક મજૂર ખંભા પરના ભારને ઓટલે કે ચોતરે મૂકીને વડીનીત-લઘુનીતનું નિવારણ કરવા જાય છે. ત્યારે તેને વિસામો મળે છે. ઉપરોક્ત કારણોથી સામાયિકનો સમય ઓછામાં ઓછો બે ઘડીનો યોગ્ય લાગે છે.

પ્રશ્ન ૬૧ :- બે ઘડીમાં એક ઘડી ઉમેરી ત્રણ ઘડીની સામાયિક કરી શકાય ?

ઉત્તર :- બે ઘડીની સામાયિક લીધેલ હોય અને ત્યાર પછી વધુ સ્થિરતા હોય, તો બે ઘડીમાં બે ઘડી ઉમેરી ૪ ઘડીની સામાયિક કરી શકાય. પણ બે ઘડીમાં એક ઘડી ઉમેરી ૩ ઘડીની સામાયિક કરવી વ્યાવહારિક દૃષ્ટિથી પણ યોગ્ય લાગતી નથી.

પ્રશ્ન ૬૨ :- શ્રાવક ત્રણ કરણ અને ત્રણ યોગથી (૩ × ૩ =)૯ કોટિએ સામાયિક ગ્રહણ કરી શકે ?

ઉત્તર :- જીવનપર્યંતની સામાયિક ત્રણ કરણ ત્રણ યોગથી (૩ × ૩ =)૯ કોટિએ થાય છે. તે સર્વ સંયમ છે. શ્રાવકની જાગૃતિ વિશેષ હોય, તો ૯ કોટિએ પણ સામાયિક કરી શકે છે.

પ્રશ્ન ૬૩ :- 'કરેમિ ભંતે'નો પાઠ કયા સૂત્રમાં છે ?

ઉત્તર :- બત્રીશમાં 'આવશ્યકસૂત્ર'માં છે.

## (૭) નમોત્થુણં - પ્રણિપાત-સૂત્ર

પ્રશ્ન ૬૪ :- આ પાઠના કયા કયા નામ છે ?

ઉત્તર :- ૧. નમોત્થુણં - આ નામ અનુયોગદ્વારસૂત્રના ઉલ્લેખાનુસાર પહેલા શબ્દને ગ્રહણ કરી બનાવેલ છે.

૨. શક્રસ્તવ-પહેલા દેવલોકના અધિપતિ 'શક્ર' નામના ઈન્દ્ર આ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઠથી સિદ્ધ ભગવંતો અને અરિહંત ભગવંતોની સ્તુતિ કરે છે, તેથી 'શક્ર-સ્તવ' કહેવાય છે.

૩. પ્રણિપાત-સૂત્ર – પ્રણિપાતનો અર્થ નમસ્કાર થાય છે. તેથી નમસ્કારને યોગ્ય હોવાથી 'પ્રણિપાત-સૂત્ર' પણ કહેવાય છે.

પ્રશ્ન ૬૫ :- લોગસ્સ અને નમોત્થુણંમાં શું તફાવત છે ?

ઉત્તર :- 'લોગસ્સ'માં નામ-સ્મરણ, નામ-સ્તુતિ, નમસ્કાર અને પ્રાર્થના છે.

'નમોત્થુણં'માં ગુણ-સ્મરણ, ગુણ-સ્તુતિ અને નમસ્કાર છે.

પ્રશ્ન ૬૬ :- બધા પ્રકારની ભક્તિમાં સર્વશ્રેષ્ઠ ભક્તિ કઈ છે ?

ઉત્તર :- બધા પ્રકારની ભક્તિઓમાં ગુણ-સ્મરણ અને જિનેશ્વર ભગવંતોની આજ્ઞાપાલનરૂપ ભક્તિ સર્વશ્રેષ્ઠ છે.

પ્રશ્ન ૬૭ :- પહેલા અને બીજા નમોત્થુણંમાં શું તફાવત છે ?

ઉત્તર :- પહેલું નમોત્થુણં સિદ્ધ ભગવંતોને કરવાનું છે. તેમાં 'ઠાણં સંપત્તાણં' અને બીજું અરિહંતોને કરવાનું છે તેમાં 'ઠાણં સંપાવિઉ કામાણં' બોલવાનું હોય છે.

પ્રશ્ન ૬૮ :- પહેલું નમોત્થુણં સિદ્ધોને શા માટે ?

ઉત્તર :- અરિહંત તથા સિદ્ધમાં સિદ્ધ ભગવાન મોટા છે. તથા સિદ્ધ ભગવાન તો પૂર્ણરૂપથી કૃતકૃત્ય થઈ ગયેલા હોય છે. આવી પૂર્ણ સ્થિતિનું જ્ઞાન કરાવવા 'નમોત્થુણં'માં પ્રથમ સિદ્ધોને નમસ્કાર કરેલ છે. શાસ્ત્રોમાં જ્યાં જ્યાં નમોત્થુણં આવે છે ત્યાં ત્યાં પ્રથમ સિદ્ધ ભગવંતોની અને પછી અરિહંત ભગવંતોની સ્તુતિ કરવામાં આવેલ છે.

પ્રશ્ન ૬૯ :- નમોત્થુણંનો પાઠ ક્યા સૂત્રમાં છે ?

ઉત્તર :- (૧) ભગવતીસૂત્ર (૨) જ્ઞાતાધર્મકથા (૩) ઉવવાઈય આદિ સૂત્રોમાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૮) અતિચાર - સમાપ્તિ - સૂત્ર

પ્રશ્ન ૭૦ :- સામાયિક ક્યાં કરવી જોઈએ ?

ઉત્તર :-નિરવદ્ય-પવિત્ર સ્થાનમાં - ઉપાશ્રય, પૌષધશાલા અથવા જ્યાં ધર્મકરણી કરવામાં આવતી હોય તેવા સ્થાને સામાયિક કરવી જોઈએ.

પ્રશ્ન ૭૧ :- સામાયિકમાં કેવો વેશ પહેરવો જોઈએ ?

ઉત્તર :- સામાયિકમાં સાંસારિક વેશ - ધોતિયું, પેન્ટ, શર્ટ, બંડી, ગંજી વગેરે ઉતારીને સફેદ ચલોટો તથા ખેસ પહેરવો જોઈએ.

બહેનોએ સાદો પોષાક પહેરવો જોઈએ. વિકારવર્ધક યા ઉદ્ભટ વેશ પહેરવો જોઈએ નહિ.

પ્રશ્ન ૭૨ :- સામાયિકના ઉપકરણ ક્યા ક્યા છે ?

ઉત્તર :- સામાયિકની સમ્યગ્ આરાધના કરવા માટે (૧) ગરમ અથવા સુતરાઉ સફેદ રંગનું પાથરણું. (૨) ચલોટો. (૩) ખેસ. (૪) મુહપત્તિ. (૫) ગુચ્છો. (૬) માળા. (૭) ધાર્મિક પુસ્તકો વગેરે.

પ્રશ્ન ૭૩ :- મુખવસ્ત્રિકા કોને કહે છે ?

ઉત્તર :- પોત પોતાના હાથના આંગળાઓથી સફેદ વસ્ત્રની ૧૬ અંગુલ પહોળી તથા ૨૧ અંગુલ લાંબી પ્રમાણોપેત. આઠ પડ કરીને વચ્ચે દોરો રાખીને વાયુકાય જીવોની રક્ષા માટે મુખ પર બાંધવામાં આવે છે. તેને મુખવસ્ત્રિકા - મુહપત્તિ કહેવાય છે.

પ્રશ્ન ૭૪ :- મુહપત્તિ બાંધવાથી શું લાભ થાય છે ?

ઉત્તર :- ૧. મુહપત્તિ બાંધવાથી વાયુકાયના જીવોની રક્ષા થાય છે. ૨. ત્રસ જીવો મુખમાં પડીને મરતા નથી. ૩. મુખનું થૂંક બીજા પર યા પુસ્તકાદિ ઉપર પડતું નથી. જૈનશાસ્ત્રોમાં પણ ઘણાં અધિકારમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુહપત્તિનું વિધાન છે. તેથી જિનાજ્ઞા પાલનનો મહાન લાભ પ્રાપ્ત થાય છે.

સામાયિક, પ્રતિક્રમણ, માળા, ભક્તામર, સાધુવંદના, વિગેરે બોલતી વખતે મુખ ઉપર મુહપત્તિ બાંધવી જોઈએ.

પ્રશ્ન ૭૫ :- સામાયિકથી શું લાભ થાય છે ?

ઉત્તર :- (૧) સમભાવની પ્રાપ્તિ થાય છે. (૨) ૧૮ પાપનો ત્યાગ થાય છે. (૩) બે ઘડી સાધુ જેવું જીવન પસાર થાય છે. (૪) જીવોની દયા અને રક્ષાની ભાવના વધે છે. તથા વિશેષ દૃઢ બને છે. (૫) સામાયિક કરવાથી જિનવાણી સાંભળવાનો, વાંચવાનો તથા સમજવાનો અવસર મળે છે. ઈત્યાદિ ઘણાં લાભો પ્રાપ્ત થાય છે. માટે –

''પ્રિયધર્મી શ્રાવક-શ્રાવિકાઓએ દરરોજ એક સામાયિક તો અવશ્ય કરવી જોઈએ.''

પ્રશ્ન ૭૬ :- સામાયિક કરતાં પહેલા સ્નાન કરવું જરૂરી છે ?

ઉત્તર :- સામાયિક, ભક્તામર, સાધુવંદના કે માળા કોઈપણ ધાર્મિક ક્રિયા કરતાં પહેલા સ્નાન (નહાવું) કરવું જરૂરી નથી. 'દેહશુદ્ધિ કરતાં આત્મશુદ્ધિ જ જરૂરી છે.

પ્રશ્ન ૭૭ :- અતિચારનો પાઠ કયા સૂત્રમાં છે ?

ઉત્તર :- 'ઉપાસકદશાંગ' સૂત્રમાં છે.

પ્રશ્ન ૭૮ :- સામાયિકના ૩૨ દોષ કયા કયા છે ?

ઉત્તર :-પૂર્વાચાર્યોએ મન, વચન અને કાયાના ૩૨ દોષો બતાવેલ છે. જે જાણવા યોગ્ય છે પણ આચરણ કરવા યોગ્ય નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મનના દશ દોષ :-

अविवेक जसोकित्ती, लाभत्थी गव्व-भय नियाणत्थी ।
संसय रोस अविणउ, अबहुमाण ए दोसा मणियव्वा ।।

(૧) **અવિવેક** - સાવદ્ય-નિરવદ્યનો વિવેક ન રાખવો.
(૨) **યશોકીર્તિ**- યશ અને પ્રતિષ્ઠાની ઈચ્છા કરવી.
(૩) **લાભાર્થ** - ધન આદિના લાભની ભાવના કરવી.
(૪) **ગર્વ** - ધર્માત્માપણાનું ગૌરવ રાખીને સામાયિક કરવી.
(૫) **ભય** - ભયથી બચવાને માટે સામાયિક કરવી.
(૬) **નિદાન** - ભૌતિક ફળની પ્રાપ્તિનું નિદાન કરવું.
(૭) **સંશય** - સામાયિકના ફલ સંબંધી શંકાશીલ રહેવું.
(૮) **રોષ** - રાગ-દ્વેષાદિના કારણે સામાયિક કરવી. અથવા સામાયિકમાં રાગ-દ્વેષ કરવા.
(૯) **અવિનય**- દેવ, ગુરુ, ધર્મનો વિનય ન કરવો. અથવા આશાતના કરવી, યા વિનયભાવ રહિત સામાયિક કરવી.
(૧૦) **અબહુમાન** - ભક્તિભાવ, આદરભાવ રહિત સામાયિક કરવી.

# વચનના દશ દોષ

कुवयण - सहसाकारे, सछंद संखेव कलहं च ।
विगहा वि हासोऽसुद्धं, निरवेकखा मुणमुणा दोसा दस ।।

(૧) **કુવચન** - સામાયિકમાં ખરાબ વચન બોલવા.
(૨) **સહસાકાર** - ઉતાવળથી વગર વિચાર્યે વચન બોલવા.
(૩) **સ્વચ્છંદ** - રાગ-દ્વેષવર્ધક અને ધર્મવિરુદ્ધ જેમતેમ બોલવું. અથવા રાગ ઉત્પન્ન થાય તેવા સાંસારિક ગીત, ગાયનાદિ ગાવા.
(૪) **સંક્ષેપ** - સૂત્રના પાઠને ટૂંકા કરીને બોલવા.
(૫) **કલહ** - કલેશકારી વચનો બોલવા.
(૬) **વિકથા** - ચાર વિકથામાંથી કોઈ કથા કરવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) હાસ્ય - હાંસી, મશ્કરી યા કટાક્ષવચન બોલવા.
(૮) અશુદ્ધ - સૂત્ર ગડબડથી, ઉતાવળથી અશુદ્ધ બોલવા.
(૯) નિરપેક્ષ - ઉપયોગશૂન્યં થઈને બોલવું.
(૧૦) મુમ્મુણ - સ્પષ્ટ ઉચ્ચાર વિના ગુણગુણ બોલવું.

## કાયાના બાર દોષ :-

कुआसणं चलासणं चलदिट्ठी, सावज्जकिरिया लंबणाकुंचणपसारण ।
आलस मोडण मल विमासण, निद्धा वेयाव्वचति बारस काय दोसा ॥

(૧) કુઆસન - પગ પર પગ ચડાવી બેસે; જેથી ગુરુજનોનો અવિનય થાય, તથા અભિમાન પ્રગટ થાય.
(૨) ચલાસન - અસ્થિર આસન. વારંવાર આસન બદલવું.
(૩) ચલદૃષ્ટિ - દૃષ્ટિને સ્થિર ન રાખે; આમ તેમ જોતું રહેવું.
(૪) સાવદ્યક્રિયા- પાપકારી ક્રિયા કરવી, સાંસારિક કાર્ય માટે સંકેત કરવો. અથવા ઘરની દેખરેખ રાખવી.
(૫) આલંબન - કારણ વિના દીવાલ આદિનો ટેકો લેવો.
(૬) આકુંચન પ્રસારણ - કારણ વિના હાથ પગને સંકોચે પ્રસારે.
(૭) આલસ્ય - અંગને મરોડે; પ્રમાદમાં સમય વીતાવે.
(૮) મોડન - હાથ-પગના ટચાકા, ફોડે યા ફોડાવે.
(૯) મલ - શરીર ઉપરનો મેલ ઉતારવો.
(૧૦) વિમાસણ - ગાલે, કપાળે, લમણે હાથ રાખીને યા ઢીંચણોમાં માથું નાખીને ચિંતા-શોકમગ્ન આસને બેસવું. અથવા વગર પૂંજ્યે ખંજોળવું યા હાલવું – ચાલવું.
(૧૧) નિદ્રા - નીંદર કરવી, ઊંઘવું યા ઝોકા ખાવા.
(૧૨) વૈયાવૃત્ય - કારણ વિના અન્ય પાસે સેવા કરાવવી.

---

આ રીતે ઉપરોક્ત ૩૨ દોષ ટાળીને વિધિ સહિત શુદ્ધ સામાયિકવ્રતની આરાધના કરવાથી અમૂલ્ય લાભ પ્રાપ્ત થાય છે.

## સામાયિક સૂત્ર – પ્રશ્નોત્તર સમાપ્ત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આવશ્યકસૂત્ર

## પ્રારંભિક પ્રશ્નોત્તર

પ્ર.૧ પ્રતિક્રમણ કોને કહેવાય છે ?

જ.૧ પાપોથી પાછા ફરવું, પાપોની આલોચના કરવી, અશુભ યોગમાંથી શુભયોગમાં આવવું અને વ્રતોમાં લાગેલાં અતિચારોથી પાછા ફરીને આચારમાં આવવું - તેને પ્રતિક્રમણ કહે છે.

પ્ર.૨ પ્રતિક્રમણનું બીજું નામ શું છે ?

જ.૨ પ્રતિક્રમણસૂત્રનું બીજું નામ આવશ્યકસૂત્ર છે.

પ્ર.૩ આવશ્યકસૂત્ર કોને કહે છે ?

જ.૩ જે સૂત્ર ચતુર્વિધ સંઘને માટે સૌથી પહેલાં જાણવું અને ઉભયકાળ = સવાર-સાંજ કરવું આવશ્યક હોય છે તેને આવશ્યકસૂત્ર કહે છે.

પ્ર.૪ આવા આવશ્યકસૂત્રોના કેટલાં અધ્યાય છે ?

જ.૪ આવશ્યકસૂત્રના છ અધ્યાય છે.
(૧) સામાયિક. (૨) ચતુર્વિંશતિ સ્તવ. (૩) વંદના.
(૪) પ્રતિક્રમણ. (૫) કાયોત્સર્ગ. (૬) પ્રત્યાખ્યાન.

પ્ર.૫ આવશ્યકસૂત્રોના આ છ અધ્યાયોનો (ભેદોનો) ક્રમ શા માટે આ પ્રમાણે રાખવામાં આવ્યો છે ?

જ.૫ આલોચનાની શરૂઆત કરતાં પહેલાં આત્મામાં સમભાવની પ્રાપ્તિ થવી આવશ્યક છે. તેથી સાવદ્યયોગના ત્યાગરૂપે પહેલો સામાયિક આવશ્યક બતાવવામાં આવ્યો છે. સાવદ્યયોગથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરતિરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ તીર્થંકર પ્રભુએ કહ્યો છે. તેથી તેની સ્તુતિરૂપે બીજો ચતુર્વિંશતિ સ્તવ આવશ્યક છે, તેનાથી દર્શન વિશુદ્ધિ થાય છે. તીર્થંકરો દ્વારા બતાવેલ ધર્મને ગુરુ મહારાજે આપણને બતાવ્યો છે, તેથી તેમને સમર્પિત થઇને આલોચના કરવા માટે ત્રીજો વંદના આવશ્યક બતાવ્યો છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપથી જે અતિચાર લાગે છે તેની શુદ્ધિ માટે પશ્ચાત્તાપરૂપે ચોથો પ્રતિક્રમણ આવશ્યક છે. આલોચના કર્યા બાદ અતિચારરૂપ ઘાવ ઉપર પ્રાયશ્ચિત્તરૂપ મલમપટ્ટી કરવાને માટે પાંચમો કાયોત્સર્ગ આવશ્યક કહ્યો છે. કાયોત્સર્ગ કર્યા પછી તપરૂપ નવા ગુણોને ધારણ કરવા માટે છઠ્ઠો પ્રત્યાખ્યાન આવશ્યક બતાવ્યો છે.

પ્ર.૬ આ આવશ્યક ક્યારે કરવામાં આવે છે ?

જ.૬ નિયમિતરૂપે સૂર્યાસ્ત બાદ બે ઘડીની અંદર અને પ્રાતઃકાળે સૂર્યોદયની પહેલાં બે ઘડીએ શરૂ કરીને બંને સમયે આ છ આવશ્યક કરવાની ભગવાનની આજ્ઞા છે.

પ્ર.૭ દરરોજ બંને સમય આવશ્યક કરવાથી શું લાભ થાય છે ?

જ.૭ (૧) સામાયિક આદિ આવશ્યકોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

(૨) આવશ્યક અવશ્ય કરવા યોગ્ય છે.

(૩) કરેલા વ્રત, પચ્ચક્ખાણની યાદ તાજી રહે છે.

(૪) વ્રત, પચ્ચક્ખાણ ન કર્યાં હોય તો કરવાની ભાવના જાગે છે.

(૫) દેવ, ગુરુનું સ્મરણ થાય છે.

(૬) સમ્યક્ત્વ આદિમાં લાગેલા અતિચારોની શુદ્ધિ થાય છે.

(૭) હંમેશા આવશ્યક કરવાથી બીજાને પણ તેનું મહત્ત્વ સમજાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) તેનાથી જીવ બાંધેલા કર્મો ખપાવે છે અને ઉત્કૃષ્ટ (રસ) ભાવ આવે તો તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે.

પ્ર.૮ સૂત્ર કોને કહે છે ?

જ.૮ ભગવાનની વાણીનું ગણધરો અને દશથી ચૌદ પૂર્વધરોએ (બહુશ્રુતોએ) પોતાના શબ્દોમાં જે ગુંથન કર્યું છે તેને સૂત્ર કહેવામાં આવે છે.

પ્ર.૯ આવશ્યકસૂત્રને 'પ્રતિક્રમણ-સૂત્ર' શા માટે કહેવાય છે ?

જ.૯ આવશ્યકસૂત્રના છ અધ્યાયોમાં ચોથો આવશ્યક (અધ્યાય) સૌથી મોટો છે અને તેનું નામ પ્રતિક્રમણ આવશ્યક છે. માટે તેના નામથી જ સૂત્રનું આ નામ પ્રચલિત છે.

પ્ર.૧૦ પ્રતિક્રમણ કેટલા પ્રકારના છે ?

જ.૧૦ કાળની અપેક્ષાએ પ્રતિક્રમણના નીચે પ્રમાણે પાંચ ભેદ કહેવામાં આવ્યા છે.

(૧) દેવસિય - દરરોજ - સાંજે - સૂર્યાસ્તના સમયે દિવસભર કરેલા પાપોની આલોચના કરવી.

(૨) રાત્રિક - રાત્રિના અંત સમયે - પ્રાતઃકાળના સમયે રાત્રે કરેલા પાપોની આલોચના કરવી.

(૩) પાક્ષિક - મહિનામાં બે વાર - પાક્ષિક (પાખી) પર્વના દિવસે - ૧૫ દિવસમાં લાગેલા પાપોની આલોચના કરવી.

(૪) ચાતુર્માસિક - કારતકી પૂર્ણિમા, ફાગણી પૂર્ણિમા તથા અષાઢી પૂર્ણિમાના દિવસે ચાર મહિનામાં લાગેલા પાપોની આલોચના કરવી.

(૫) સાંવત્સરિક - દર વર્ષે ભાદરવા સુદ પાંચમ - સંવત્સરીને દિવસે વર્ષ દરમ્યાનના લાગેલા પાપોની આલોચના કરવી.

પ્ર.૧૧ પ્રતિક્રમણ શેનું કરવામાં આવે છે ?

જ.૧૧ (૧) મિથ્યાત્વ. (૨) અવ્રત. (૩) પ્રમાદ. (૪) કષાય અને (૫)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશુભયોગનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.

પ્ર.૧૨ મિથ્યાત્વ કોને કહેવામાં આવે છે ?

જ.૧૨ કુદેવ, કુગુરુ અને કુધર્મ પર શ્રદ્ધા - આસ્થા રાખવી તે મિથ્યાત્વ છે.

પ્ર.૧૩ અવ્રત કોને કહેવાય છે ?

જ.૧૩ એક અંશે યા સર્વથા પ્રત્યાખ્યાન ન કરવા તે અવ્રત છે.

પ્ર.૧૪ પ્રમાદ કોને કહેવામાં આવે છે ?

જ.૧૪ ધર્મકાર્યમાં આળસ કરવી, અસાવધાન રહેવું, નિર્ધારિત સમયે ધર્મકાર્ય ન કરવું, ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત રહેવું. તેને પ્રમાદ કહેવાય છે.

પ્ર.૧૫ કષાય કોને કહેવામાં આવે છે ?

જ.૧૫ 'કષ' એટલે સંસાર, 'આય' એટલે પ્રાપ્તિ અથવા જેનાથી સંસારમાં પરિભ્રમણ કરવું પડે તેને કષાય કહે છે. ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાય છે.

પ્ર.૧૬ અશુભયોગ કોને કહેવાય છે ?

જ.૧૬ મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિને અશુભયોગ કહેવાય છે.

પ્ર.૧૭ જેણે કોઇ વ્રત ધારણ ન કર્યું હોય તેના માટે શું પ્રતિક્રમણ કરવું આવશ્યક છે ?

જ.૧૭ જેણે કોઇ વ્રત ધારણ ન કર્યાં હોય તેણે પણ પ્રતિક્રમણ તો અવશ્ય કરવું જોઇએ. કારણકે આવશ્યકસૂત્રને બત્રીસમું (૩૨મું) આગમ ગણવામાં આવે છે. આગમનો સ્વાધ્યાય આત્મકલ્યાણ તથા નિર્જરાનું કારણ બને છે. તથા પ્રતિક્રમણ એક એવી ઔષધિરૂપ છે કે જેનું હંમેશા સેવન કરવાથી વિદ્યામાન રોગ શાંત થઇ જાય છે. રોગ ન થવાથી તે ઔષધિના પ્રભાવે વર્ણ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપ, યૌવન તથા લાવણ્ય વગેરેમાં વધારો થાય છે અને ભવિષ્યમાં પણ રોગ થતાં નથી. આ જ રીતે જો કોઇ દોષ લાગ્યાં હોય તો પ્રતિક્રમણથી તેની શુદ્ધિ થાય છે. અને દોષ ન લાગ્યાં હોય તો પણ પ્રતિક્રમણ કરવાથી ભાવ અને ચારિત્રની વિશેષ શુદ્ધિ થાય છે. માટે બધાને માટે પ્રતિક્રમણ સરખું આવશ્યક છે.

પ્ર.૧૮ હંમેશા બંને સમય પ્રતિક્રમણ કરવાથી દેવસિય અને રાત્રિક અતિચારોની શુદ્ધિ દરરોજ થઇ જાય છે. તો પછી પાક્ષિક (પાખી) આદિ પ્રતિક્રમણ શા માટે કરવામાં આવે છે ?

જ.૧૮ જે રીતે આપણે આપણા ઘરમાં દરરોજ સફાઇ કરીએ છીએ તો પણ તહેવારો (હોળી, દિવાળી વગેરે) તથા ખાસ પ્રસંગોના સમયે ખાસ સફાઇ કરીએ છીએ. એ જ રીતે હંમેશા બંને સમય પ્રતિક્રમણ કરવા છતાં પણ પર્વના દિવસોમાં આત્માની વિશેષ શુદ્ધિ માટે પાક્ષિક, ચૌમાસી વગેરે પ્રતિક્રમણ કરવામાં આવે છે.

પ્ર.૧૯ પ્રતિક્રમણ કરવાથી શું આત્મશુદ્ધિ (પાપોનું ધોવાણ) થઇ જાય છે ?

જ.૧૯ પ્રતિક્રમણમાં દિનચર્યાનું અવલોકન કરવામાં આવે છે. આત્મામાં થયેલા આશ્રવદ્વારરૂપી (અતિચાર આદિ) છિદ્રોને જોઇને તેને રોકવામાં આવે છે. જેમ કપડા પર કીચડ આદિ લાગવાથી તેને ધોવામાં આવે તો તે સાફ થઇ જાય છે, તેમ આત્મા પર લાગેલા અતિચાર આદિ મલિનતાને પશ્ચાત્તાપ દ્વારા સાફ કરવામાં આવે છે. વ્યવહારમાં પણ અપરાધને સરળતાથી સ્વીકારવાથી, પશ્ચાત્તાપ કરવાથી, અપરાધ હલ્કો બને છે. જેમ કે – ''માફ કરજો (Sorry)" વગેરે કહેવાથી માફ કરવામાં આવે છે. તે રીતે અતિચારોની નિંદા કરવાથી, પશ્ચાત્તાપ કરવાથી આત્મશુદ્ધિ (પાપોનું ધોવાણ) થઇ જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ''ઈચ્છામિ ણં ભંતે''નો પાઠ

(પ્રતિક્રમણ પ્રતિજ્ઞા)

પ્ર.૧ પ્રતિક્રમણની આજ્ઞા લેવાનો પાઠ કયો છે ?

જ.૧ ''ઈચ્છામિ ણં ભંતે''નો પાઠ એ પ્રતિક્રમણની આજ્ઞા લેવાનો પાઠ છે.

પ્ર.૨ આ પાઠમાં શેની પ્રતિજ્ઞા કરવામાં આવે છે ?

જ.૨ આ પાઠમાં પ્રતિક્રમણ કરવાની અને જ્ઞાન, દર્શન, ચારિત્રમાં લાગેલા અતિચારોનું ચિંતન કરવા માટે કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા કરવામાં આવે છે.

પ્ર.૩ ''જ્ઞાન'' શબ્દની પરિભાષા - વ્યાખ્યા શું છે ?

જ.૩ વસ્તુના વિશેષ સ્વરૂપને જાણવું - તેને જ્ઞાન કહેવાય છે.

પ્ર.૪ ''દર્શન'' શબ્દનો અર્થ શું છે ?

જ.૪ જિન પ્રરૂપિત નવતત્ત્વો પર શ્રદ્ધા રાખવી તે દર્શન છે.

પ્ર.૫ ''ચરિત્તાચરિત્ત''નો અર્થ શો છે ?

જ.૫ દેશવ્રત અર્થાત્ શ્રાવકના વ્રતોને ચરિત્તાચરિત્તે કહેવાય છે. કારણ કે પાપોનો સર્વથા ત્યાગ કરવો તે ચારિત્ર કહેવાય છે. શ્રાવકને મિથ્યાત્વનો તો સંપૂર્ણ ત્યાગ હોય છે, પરંતુ બાકી ના પાપોનો (દેશ) અંશરૂપ ત્યાગ કરવામાં આવે છે, માટે તેને ચરિત્તાચરિત્ત - સંયમાસંયમ કહેવાય છે.

પ્ર.૬ તપ કોને કહેવાય છે ?

જ.૬ જે ક્રિયાથી આત્મા સાથે જોડાયેલા કર્મો તપે છે અર્થાત્ નષ્ટ થાય છે - જેમ અગ્નિમાં તપવાથી સોનું નિર્મળ બને છે તેમ તપ કરવાથી આત્મા નિર્મળ બને છે.

પ્ર.૭ અતિચાર કોને કહેવાય ?

જ.૭ વ્રતોમાં લાગવાવાળા દોષોને અતિચાર કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૮ કાયોત્સર્ગ કોને કહેવાય છે ?

જ.૮ શરીરનું મમત્વ – મમતા ઘટાડીને એકાગ્રચિત્તે ધ્યાન કરવું તેને કાયોત્સર્ગ કહે છે.

પ્ર.૯ અતિચાર અને અનાચારમાં શો ફેર છે ?

જ.૯ વ્રતનો એકાંશે ભંગ અતિચાર અને સર્વાંશે ભંગ અનાચાર કહેવાય છે. એટલે કે પ્રત્યાખ્યાન ભૂલી જવાથી કે તેમાં શંકા પેદા થવાથી વ્રતમાં જે દોષ લાગે છે તે અતિચાર છે અને વ્રતને તોડવું તે અનાચાર છે.

પ્ર.૧૦ અતિચારનું પ્રાયશ્ચિત્ત શું છે ?

જ.૧૦ મંદ અતિચારનું પ્રાયશ્ચિત્ત હાર્દિક પશ્ચાત્તાપ અને તીવ્ર અતિચારનું પ્રાયશ્ચિત્ત નવકારશી વગેરે તપ છે.

## ''ઈચ્છામિ ઠામિ''નો પાઠ

પ્ર.૧ પ્રતિક્રમણનો સાર પાઠ કયો છે ?

જ.૧ પ્રતિક્રમણનો સાર પાઠ ''ઈચ્છામિ ઠામિ''નો પાઠ છે.

પ્ર.૨ તેને સારપાઠ શા માટે કહેવામાં આવે છે ?

જ.૨ તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિને માટે ત્રણ ગુપ્તિ, ચાર કષાયોનો ત્યાગ, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રતરૂપી શ્રાવકધર્મમાં લાગેલ અતિચારોનું મિચ્છામિ દુક્કડમ્ દેવામાં આવે છે. આ રીતે તે આવશ્યક પાઠોનો સાર હોવાને લીધે તેને પ્રતિક્રમણનો સાર પાઠ કહેવામાં આવે છે.

પ્ર.૩ અતિચારના મુખ્ય કેટલા પ્રકાર છે ?

જ.૩ ત્રણ પ્રકાર છે. ૧. કાયિક. ૨. વાચિક. ૩. માનસિક.

પ્ર.૪ પાઠમાં આપેલ અતિચાર ઉપરના કયા અતિચારો સાથે સંબંધ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરાવે છે ?

જ.૪ ઉસ્સુત્તો અને ઉમ્મગ્ગો - વચન સંબંધી, અકપ્પો અને અકરણિજ્જો - કાયા સંબંધી અને પછીના બધા અતિચાર સામાન્ય રીતે મન સંબંધી છે.

પ્ર.૫ શ્રાવકના કેટલાં વ્રત છે ?

જ.૫ શ્રાવકના બાર વ્રત છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત.

પ્ર.૬ અણુવ્રત કોને કહેવાય છે ?

જ.૬ મહાવ્રતોની અપેક્ષાએ નાના વ્રતોને અણુવ્રત કહેવાય છે. મહાવ્રતોમાં હિંસા આદિ પાપોનો સંપૂર્ણ ત્યાગ હોય છે અને અણુવ્રતોમાં મર્યાદિત ત્યાગ હોય છે.

પ્ર.૭ પાંચ અણુવ્રત કયા કયા છે ?

જ.૭ (૧) સ્થૂળ (મોટી) હિંસાનો ત્યાગ. (૨) મોટકા (મોટા) જૂઠનો ત્યાગ. (૩) મોટકી (મોટી) ચોરીનો ત્યાગ. (૪) સ્વસ્ત્રી સંતોષ અને પરસ્ત્રી સેવનનો ત્યાગ. (૫) ઇચ્છા પરિમાણ અર્થાત્ મોટકા પરિગ્રહની મર્યાદા કરવી.

પ્ર.૮ ગુણવ્રત કોને કહેવાય છે ?

જ.૮ જે અણુવ્રતના ગુણોમાં વધારો કરનાર અર્થાત્ લાભ કરનાર છે તે વ્રતને ગુણવ્રત કહે છે.

પ્ર.૯ કયા વ્રતોને ગુણવ્રત કહેવામાં આવે છે ?

જ.૯ (૧) દિશા પરિમાણ વ્રત. (૨) ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રત. (૩) અનર્થદંડ વિરમણ વ્રતને ગુણવ્રત કહ્યાં છે.

પ્ર.૧૦ શિક્ષાવ્રત કોને કહેવાય છે ?

જ.૧૦ કર્મક્ષયની શિક્ષા આપનાર વ્રતોને અથવા મોક્ષપ્રાપ્તિને માટે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયમિત અભ્યાસ કરાવવારૂપ ક્રિયાઓનું શિક્ષણ આપનાર વ્રતોને શિક્ષાવ્રત કહેવાય છે.

પ્ર.૧૧ કયા વ્રતોને શિક્ષાવ્રત કહેવામાં આવે છે ?

જ.૧૧ (૧) સામાયિક વ્રત. (૨) દેશાવગાસિક વ્રત. (૩) પૌષધવ્રત અને (૪) અતિથિ સંવિભાગ વ્રત આ ચાર - શિક્ષાવ્રત છે.

પ્ર.૧૨ અકલ્પનીય તથા અકરણીયમાં શો ફેર છે ?

જ.૧૨ સાવદ્ય - નિંદનીય ભાષા બોલવી, વગેરે પ્રવૃત્તિઓ ''અકલ્પનીય'' છે. તથા અયોગ્ય પાપકારી આચરણ કરવું ''અકરણીય'' છે. આ રીતે અકલ્પનીયમાં અકરણીયનો સમાવેશ થઈ શકે છે. પરંતુ અકલ્પનીયનો અકરણીયમાં સમાવેશ થતો નથી.

પ્ર.૧૩ ખંડિત અને વિરાધિતમાં શો ફરક છે ?

જ.૧૩ વ્રતનો એકાંશે ભંગ ખંડિત અને સર્વાંશે (સંપૂર્ણ) ભંગ વિરાધિત કહેવાય છે.

પ્ર.૧૪ ''મિચ્છામિ દુક્કડમ્''નો અર્થ શું છે ?

જ.૧૪ દ્રવ્ય અને ભાવથી નમ્ર બનીને ચારિત્રની મર્યાદામાં સ્થિર થઈને કરેલા પાપોને ઉપશમભાવે દૂર કરું છું. આ રીતે મારા પાપો નિષ્ફળ થાવ.

## જ્ઞાનાતિચાર સૂત્ર

### (આગમે તિવિહેનો પાઠ)

પ્ર.૧ આગમે તિવિહે પાઠનું બીજું નામ શું છે ?

જ.૧ ''જ્ઞાનના અતિચારોનો પાઠ.''

પ્ર.૨ આગમ કોને કહેવાય છે ?

જ.૨ જેનાથી છ દ્રવ્ય, જીવાદિ નવ તત્ત્વો તથા હેય - જ્ઞેય- ઉપાદેયનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ર્જ્ઞાન થાય તેને આગમ (સિદ્ધાંત) કહે છે.

પ્ર.૩ આગમના કેટલા પ્રકાર બતાવવામાં આવ્યાં છે ?

જ.૩ આગમના ત્રણ પ્રકાર કહ્યાં છે - ૧. સૂત્રાગમ (સૂત્રરૂપ આગમ). ૨. અર્થાગમ (અર્થરૂપ આગમ). ૩. તદુભયાગમ (સૂત્ર અને અર્થરૂપ આગમ).

પ્ર.૪ સૂત્રાગમ કોને કહેવાય છે ?

જ.૪ તીર્થંકરોના મુખેથી સાંભળેલ વાણીને ગણધર વગેરેએ જે આચારાંગ આદિ આગમોમાં ગૂંથીને તેની રચના કરી છે, તે સૂત્રરૂપ આગમોને સૂત્રાગમ કહેવામાં આવે છે.

પ્ર.૫ અર્થાગમ કોને કહેવાય છે ?

જ.૫ તીર્થંકરોએ પોતાના શ્રી મુખે જે ભાવ પ્રગટ કર્યા છે, તે અર્થરૂપ આગમોને અર્થાગમ કહેવામાં આવે છે. સૂત્રોના અનુવાદ - ભાષાંતરને પણ અર્થાગમ કહેવામાં આવે છે.

પ્ર.૬ તદુભયાગમનો અર્થ શું છે ?

જ.૬ સૂત્ર અને અર્થરૂપ આગમને તદુભયાગમ કહેવાય છે.

પ્ર.૭ વાઇદ્ધં (વ્યાવિદ્ધ) ભણવું કોને કહેવાય છે ?

જ.૭ દોરી તોડીને મોતીઓને વિખેરવા સમાન સૂત્રના અક્ષર; માત્રા, વ્યંજન, અનુસ્વાર, પદ, આલાપક આદિને આઘા-પાછા કરીને વાંચવું - ભણવું વાઇદ્ધ - વ્યાવિદ્ધ અતિચાર છે. આવી રીતે ભણવાથી શાસ્ત્રની સુંદરતા જળવાતી નથી તથા અર્થનું જ્ઞાન પણ સારી રીતે પ્રાપ્ત થતું નથી.

પ્ર.૮ વચ્ચામેલિયં - વ્યત્યામ્રેડિત અતિચાર શું છે ?

જ.૮ સૂત્રોમાં ભિન્ન - ભિન્ન જગ્યાએ આવેલા સમાનાર્થી પદોને ધ્યાન વિના એક સાથે વાંચવા તે વચ્ચામેલિયં અતિચાર છે. શાસ્ત્રના ભિન્ન - ભિન્ન પદોને એક સાથે વાંચવાથી અર્થ બગડી જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરંતર (સતત) વાંચવું તથા પોતાની બુદ્ધિથી સૂત્રના જેવું સૂત્ર બનાવીને આચારાંગ આદિ સૂત્રોમાં ભેળવીને વાંચવાથી આ અતિચાર લાગે છે.

પ્ર.૯ હીનાક્ષર વાંચવું કોને કહેવાય છે ?

જ.૯ એ રીતે વાંચવું કે જેથી કોઇ અક્ષર બાકી રહી જાય તેને હીનાક્ષર કહેવાય છે. જેમકે – ''નમો આયરિયાણં'' ને સ્થાને 'ય' અક્ષર ઓછો કરીને ''નમો આરિયાણં'' વાંચવું.

પ્ર.૧૦ અચ્ચક્ખરં શું છે ?

જ.૧૦ અધિકાક્ષર – વધુ અક્ષર સાથે વાંચવું – પાઠની વચ્ચે કોઇ અક્ષર પોતાની જાતે ઉમેરી દેવો. જેમકે – ''નમો – ઉવજ્ઝાયાણં'' માં 'રિ' અક્ષર મેળવીને ''નમો ઉવજ્ઝારિયાણં'' વાંચવું.

પ્ર.૧૧ પયહીણં એટલે શું ?

જ.૧૧ કોઇ પદને છોડીને વાંચવું પયહીણં અતિચાર છે.
જેમકે – ''નમો લોએ – સવ્વસાહૂણં''માં લોએ પદ ઓછું કરીને ''નમો સવ્વસાહૂણં'' વાંચવું.

પ્ર.૧૨ આ પાંચ શેનાં અતિચાર છે ?

જ.૧૨ આ પાંચ અતિચાર ઉચ્ચાર સબંધી છે.

પ્ર.૧૩ ઉચ્ચારની અશુદ્ધિથી શું નુકશાન થાય છે ?

જ.૧૩ ક્યારેક (૧) અર્થ સર્વથા નષ્ટ થઇ જાય છે. ૨. અર્થ વિપરીત થઇ જાય છે. ૩. કોઇક વાર આવશ્યક અર્થમાં ઉણપ રહી જાય છે. ૪. કોઇ વાર અધિકતા થઇ જાય છે. ૫. કોઇવાર સાચો પરંતુ અપ્રાસંગિક અર્થ થઇ જાય છે. આ રીતે નુકશાન છે. તેથી ઉચ્ચાર શુદ્ધ કરવા જોઇએ.

પ્ર.૧૪ ઉચ્ચાર શુદ્ધિને માટે શું કરવું જોઇએ ?

જ.૧૪ ઉચ્ચાર શુદ્ધિને માટે – ૧. સૂત્રના એક-એક અક્ષર, માત્રા વગેરેને ધ્યાનથી વાંચવા જોઇએ. ૨. ધ્યાનથી કંઠસ્થ કરવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈએ અને ધ્યાનથી ફેરવવા જોઈએ, આમ કરવાથી ઉચ્ચાર સામાન્ય રીતે શુદ્ધ થાય છે.

પ્ર.૧૫ વિણયહીણં અતિચાર શું છે ?

જ.૧૫ વિનયહીન અર્થાત્ શાસ્ત્ર તથા ભણાવનારનો ઉચિત (સુયોગ્ય) વિનય ન કરવો. જ્ઞાન અને જ્ઞાનદાતા પ્રત્યે, જ્ઞાન લેતી વખતે અને જ્ઞાન લીધા બાદ વિનય (વંદનાદિ) ન કરવો અથવા સમ્યક્ વિનય નહીં કરીને વાંચવું તે વિણયહીણં અતિચાર છે.

પ્ર.૧૬ જોગહીણં (યોગહીન) અતિચાર કોને કહેવાય છે ?

જ.૧૬ જોગહીણં - યોગહીન અર્થાત્ સૂત્ર વાંચતી વખતે મન, વચન અને કાયાને જે રીતે સ્થિર રાખવાં જોઈએ, તે રીતે ન રાખવાં. યોગોને ચંચળ રાખવા, અશુભ વ્યાપારમાં લગાવવાં. અને એવા આસને બેસવું, જેનાથી શાસ્ત્રની અશાતના થાય અથવા યોગનો અર્થ ઉપધાન તપ પણ હોય છે. સૂત્રોને વાંચતા-વાંચતા કરવામાં આવતું એક વિશેષ તપ ઉપધાન કહેવાય છે. તે ઉપધાન (તપ) નું આચરણ કર્યા વિના સૂત્ર વાંચવું યોગહીન દોષ કહેવાય છે.

પ્ર.૧૭ ઘોસહીણં દોષ એટલે શું ?

જ.૧૭ ઘોસહીણં - ઘોષહીન એટલે કે ઉદાત્ત × અનુદાત્ત + સ્વસ્તિ÷ સાનુનાસિક 卐 અને નિરનુનાસિક ★ વગેરે ઘોષોથી રહિત પાઠ

---

× ઉદાત્ત - ઉંચા સ્વરે પાઠ કરવો.

+ અનુદાત્ત - નીચા અવાજે પાઠ કરવો.

÷ સ્વરિત - મધ્યમ સ્વરે પાઠ કરવો.

卐 સાનુનાસિક - નાસિકા અને મોં બંને દ્વારા ઉચ્ચારો કાઢવાં.

★ નિરનુનાસિક - નાસિકા વગર ફક્ત મોં દ્વારા ઉચ્ચારો કરવાં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવો. કોઈ પણ સ્વર કે વ્યંજનને તેના ઉચ્ચાર અનુસાર બરાબર ન વાંચવું. અથવા જ્ઞાનદાતા જે શબ્દ, છંદ પદ્ધતિથી ઉચ્ચારણ કરાવે, તેવો ઉચ્ચારણ કરીને ન વાંચવું ઘોષહીન દોષ છે.

પ્ર.૧૮ આ ત્રણે અતિચાર શેના છે ?

જ.૧૮ આ ત્રણે વાંચનની અવિધિ સંબંધી અતિચાર છે.

પ્ર.૧૯ તેનાથી શું નુકશાન થાય છે ?

જ.૧૯ વિનયહીનતાથી પ્રાપ્ત થયેલું જ્ઞાન યથાસમયે કામમાં નહીં આવે. સફળ નથી થતું. યોગહીનતાથી તરત જ જ્ઞાનપ્રાપ્તિ થતી નથી. શુદ્ધપણે આવર્તન થતું નથી, આલોચના, પ્રતિક્રમણ વગેરે ક્રિયાઓ સફળ થતી નથી. ઘોષહીનતાથી સૂત્રનો આત્મા ઉપર પૂર્ણ પ્રભાવ પડતો નથી. તેથી આ ત્રણે અતિચારોને દૂર કરવા જોઈએ.

પ્ર.૨૦ ''સુટ્ઠુદિણ્ણં'' કોને કહે છે ?

જ.૨૦ અહીં ''સુટ્ઠુ'' શબ્દનો અર્થ છે – શક્તિ કે યોગ્યતાથી અધિક. શિષ્યમાં શાસ્ત્ર ગ્રહણ કરવાની જેટલી શક્તિ છે તેનાથી વધુ ભણાવવું ''સુટ્ઠુદિણ્ણં'' કહેવાય છે.

પ્ર.૨૧ ''દુટ્ઠુપડિચ્છિયં'' કોને કહે છે ?

જ.૨૧ આગમને ખરાબ ભાવે ગ્રહણ કરવાં.

પ્ર.૨૨ અકાળ સ્વાધ્યાય કોને કહેવાય છે ?

જ.૨૨ જે કાળે (ચાર સંધ્યા ટાણે) સૂત્ર સ્વાધ્યાય ન કરવાં જોઈએ અથવા જે કાલિકસૂત્ર આદિ જે કાળે (દિવસ-રાતના બીજા ત્રીજા પહોરે) ન વાંચવા જોઈએ, તે કાળે સ્વાધ્યાય કરવી તેને અકાળ સ્વાધ્યાય કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સૂત્રના બે પ્રકાર છે. - કાલિક ★ અને ઉત્કાલિક × કાલિક સૂત્રોને દિવસ અને રાત્રિના પ્રથમ અને અંતિમ પહોરે વાંચવા સ્વાધ્યાય કરવા જોઇએ. આ સમય સિવાય વાંચવું અતિચાર છે.)

પ્ર.૨૩ ''કાલે ન કઓ સજ્ઝાઓ'' અતિચાર શું છે ?

જ.૨૩ જે સૂત્રને માટે જે કાળ નિશ્ચિત કરવામાં આવ્યો છે, તે સમયે સ્વાધ્યાય ન કરવો દોષરૂપ છે.

પ્ર.૨૪ અકાળ સ્વાધ્યાય અને કાળ સ્વાધ્યાયથી શું નુકશાન છે ?

જ.૨૪ જેમકે જે રાગ કે રાગિણી જે કાળે ગાવા જોઇએ, તેનાથી અલગ કાળે ગાવાથી તે સાંભળવું સારું લાગતું નથી, તે રીતે જ અકાળે સ્વાધ્યાયથી ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન તેમજ અહિત થાય છે. તથા યથાકાળે સ્વાધ્યાય નહીં કરવાથી જ્ઞાનમાં હાનિ તથા અવ્યવસ્થિતતાનો દોષ લાગે છે. તેથી આ અતિચાર વર્જ્ય - નગણ્ય છે.

પ્ર.૨૫ અસ્વાધ્યાય - સ્વાધ્યાય કોને કહેવાય છે ?

જ.૨૫ અસ્વાધ્યાય - અર્થાત્ એવું કોઇ કારણ કે સમય ઉપસ્થિત થવો કે જેમાં શાસ્ત્રની સ્વાધ્યાય વર્જિત - અકરણીય છે, તેમાં સ્વાધ્યાય કરવી એ અસજ્ઝાયે સજ્ઝાય અતિચાર છે. અસ્વાધ્યાયના ૩૪ કારણ કહેવામાં આવે છે.

પ્ર.૨૬ સજ્ઝાયે ન સજ્ઝાય અતિચાર શું છે ?

જ.૨૬ સજ્ઝાયે ન સજ્ઝાય અર્થાત્ સ્વાધ્યાય કાળે સ્વાધ્યાય ન કરવો દોષ છે.

---

■ જે સૂત્રોને વાંચવાનો સમય નિશ્ચિત હોવાનું વિધાન હોય, તે ''કાલિક'' કહેવાય છે. જેમકે - ઉત્તરાધ્યયન, નિશીથ, વ્યવહાર વગેરે.

● જેના માટે સમયની કોઇ મર્યાદા ન હોય તે ઉત્કાલિક કહેવાય છે. જેમકે - દશવૈકાલિક, નંદી, પ્રજ્ઞાપના વગેરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૨૭ અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય અને સ્વાધ્યાયમાં અસ્વાધ્યાયથી શું નુકશાન છે?

જ.૨૭ અશુદ્ધિ વગેરેમાં સ્વાધ્યાય કરવાથી જ્ઞાનનો અનાદર થાય છે. લોકનિંદા થાય છે. વિષમ સમયે સ્વાધ્યાયથી દેવઆદિના કોપથી હાનિ થાય છે.

## દર્શન સમ્યક્ત્વનો પાઠ

પ્ર.૧ આ પાઠમાં કોનું સ્વરૂપ બતાવ્યું છે?

જ.૧ સમ્યક્ત્વનું.

પ્ર.૨ અરિહંતને જ દેવ શા માટે કહેવામાં આવ્યા છે?

જ.૨ કારણ કે તે અજ્ઞાન, નિંદ્રા, મોહ, મિથ્યાત્વ, અવિરતિ, કુદર્શન તથા ઘાતીકર્મોથી રહિત થઈને પરમ વિતરાગી, સર્વજ્ઞ, સર્વદર્શી, તીર્થંકર ભગવાન હોય છે. જેને દેવાધિદેવ પણ કહે છે. આવા ગુણો અન્ય દેવોમાં હોતા નથી.

પ્ર.૩ સુસાધુ કોને માનવા જોઈએ?

જ.૩ જિનેશ્વર ભગવાનના માર્ગે ચાલનાર, પંચમહાવ્રતધારી, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના આરાધક, છ કાયના રક્ષક, તપ તથા સંયમયુક્ત જીવન વ્યતીત કરનાર સાધુઓને સુસાધુ કહેવાય છે.

પ્ર.૪ આપણો ધર્મ શું છે?

જ.૪ જિનેશ્વર ભગવંતો દ્વારા પ્રરૂપિત જૈનધર્મ જ આપણો સાચો ધર્મ છે.

પ્ર.૫ પરમાર્થ કોને કહે છે?

જ.૫ નવતત્ત્વને પરમાર્થ કહે છે.

પ્ર.૬ પરમાર્થનો પરિચય શા માટે આવશ્યક છે?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ.૬ તેનાથી જીવ-અજીવનું જ્ઞાન મળે છે. કર્મનું સ્વરૂપ સમજાય છે, અને આત્માની ઉન્નતિ કરવાની વિધિની જાણ થાય છે.

પ્ર.૭ પરમાર્થને જાણવા વાળાઓની સેવાથી શું લાભ છે ?

જ.૭ તેનાથી નવીન જ્ઞાન પ્રાપ્ત થાય છે. શંકાઓનું નિવારણ થાય છે. સત્યાસત્યનો નિર્ણય થાય છે. અતિચાર શુદ્ધિ થાય છે. નવી પ્રેરણા મળે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર નિર્મળ તથા દૃઢ બને છે.

પ્ર.૮ સમ્યક્ત્વથી ભ્રષ્ટ અને અન્ય મતવાદીઓની સંગંતિ શા માટે છોડવા યોગ્ય છે ?

જ.૮ કારણ કે સમ્યક્ત્વની હાનિ થાય છે અને મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે માટે.

પ્ર.૯ શું એમની સંગતિનો બધાએ ત્યાગ કરવો જોઈએ ?

જ.૯ હા, બધાએ ત્યાગ કરવો જોઈએ. કારણ કે આ સમકિતનો અતિચાર છે. કોઈ વિશિષ્ટ જ્ઞાની મિથ્યાત્વીને સદ્બોધ આપીને સન્માર્ગે - સારા માર્ગે લાવવા માટે જ્ઞાનચર્ચા કરી શકે છે.

પ્ર.૧૦ જિનવચનોમાં શંકા શા માટે થાય છે. તેને શી રીતે દૂર કરવી જોઈએ ?

જ.૧૦ (૧) બુદ્ધિની અલ્પતાને કારણે. (૨) સમ્યક્રૂપે સમજાવનાર ગુરુઓના અભાવે. (૩) જીવ-અજીવ આદિ ભાવોનું ગહન-ઊંડું સ્વરૂપ ન સમજવાથી. (૪) જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી અથવા (૫) હેતુ, દૃષ્ટાંત વગેરે સમજણના સાધનોના અભાવે કોઈ વિષય યથાર્થરૂપે સમજમાં ન આવે તો શંકાની સંભાવના રહે છે. આવી સ્થિતિમાં જીવ ભગવાનના કેવળજ્ઞાન અને વિતરાગતાનો વિચાર કરીને, પોતાની બુદ્ધિની મંદતાનો વિચાર કરીને શંકા દૂર કરે તથા વિચારે કે - "तमेव सच्चं णिसंकं जं जिणेहिं पवेइयं" - જિનેશ્વર ભગવાને જે પ્રરૂપણા કરી છે તે યથાર્થ જ છે, સત્ય છે. કારણ કે ભગવાન રાગ, દ્વેષ, મોહ અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાનથી રહિત છે. તેથી ભગવાનનું વચન સંપૂર્ણ સત્ય જ છે.

પ્ર.૧૧ પરમત (બીજાનો મત) ગ્રહણ કરવાની આકાંક્ષા શા માટે પેદા થાય છે ?

જ.૧૧ અન્ય મતવાળાઓનો આડંબર, પૂજા, ચમત્કાર આદિ જોઇને.

પ્ર.૧૨ આવી આકાંક્ષાઓનું નિવારણ શી રીતે કરવામાં આવે છે ?

જ.૧૨ એ સ્પષ્ટ રીતે સમજવું જોઇએ કે આડંબર આદિ પ્રવૃત્તિઓથી છકાયના જીવોનો આરંભ થાય છે. આરંભ, સમારંભમાં ધર્મ નથી. તેથી તેની ઇચ્છા કરવી તે દોષ છે.

પ્ર.૧૩ ''પર-પાખંડી પ્રશંસા'' કોને કહેવાય છે ?

જ.૧૩ અન્ય મતવાદીઓના સિદ્ધાંતો, શાસ્ત્રો અને સાધુઓની પ્રશંસા કરવી તેને પર પાખંડી પ્રશંસા કહે છે.

પ્ર.૧૪ પર પાખંડી પરિચયનો અર્થ શું છે ?

જ.૧૪ અન્ય મતવાદી સાધુઓ તથા વિશિષ્ટ વ્યક્તિઓની સાથે આલાપ, સંલાપ, સહવાસ, પરિચર્યા આદિ કરવા અને તેમના ગ્રંથોનું અધ્યયન કરવું.

# ઈચ્છામિ ખમાસમણોનો પાઠ

## (દ્વાદશાવર્ત્ત ગુરુવંદન સૂત્ર)

પ્ર.૧ ઇચ્છામિ ખમાસમણોનો પાઠ શા માટે બોલવામાં આવે છે ?

જ.૧ ગુરુ મહારાજને વંદન કરવાને માટે તથા પોતાનાથી થયેલી અશાતનાની ક્ષમા માંગવાને માટે ઇચ્છામિ ખમાસમણોનો પાઠ બોલાય છે.

પ્ર.૨ આ પાઠનું બીજું નામ શું છે ?

જ.૨ ઉત્કૃષ્ટ વંદનનો પાઠ અથવા દ્વાદશાવર્ત્ત ગુરુવંદનનો પાઠ.

પ્ર.૩ ક્ષમાશ્રમણનો અર્થ શું છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ.૩ ક્ષમાશ્રમણ બે શબ્દો મળીને બનેલ છે. ''ક્ષમા''નો અર્થ છે - સહન કરવું. ''શ્રમણ''નો અર્થ છે - જે સંસારના કષ્ટોથી દુઃખી થાય, અથવા જે તપ કરે તેને શ્રમણ કહેવાય છે. ક્ષમાપ્રધાન શ્રમણ, ક્ષમાશ્રમણ કહેવાય છે. એટલે કે જે ક્ષમાપૂર્વક તપ કરે તે ક્ષમાશ્રમણ કહેવાય છે.

પ્ર.૪ વંદનીય ગુરુ કોણ છે ?

જ.૪ જે શ્રમણ (સાધુ) ક્ષમા, માર્દવ વગેરે મહાન આત્મગુણોથી સંપન્ન છે અને જે પ્રભુની આજ્ઞાનુસાર પોતાના ધર્મપથ પર દૃઢતાની સાથે અગ્રેસર છે, તેઓ જ વંદનીય ગુરુ છે.

પ્ર.૫ અવગ્રહ કોને કહેવાય છે ?

જ.૫ ગુરુદેવની ચારે બાજુ, ચારે દિશાઓમાં શરીર પ્રમાણ માપવાળી ભૂમિ અવગ્રહ કહેવાય છે. શરીર પ્રમાણ સાડા ત્રણ હાથનું ક્ષેત્રાવગ્રહ હોય છે.

પ્ર.૬ સર્વકાળની અશાતના શબ્દનો અર્થ શું છે ?

જ.૬ આ ભવમાં કરેલી, કરવામાં આવી રહેલ અને કરવામાં આવનાર ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળની બધી અશાતનાઓને માટે ''સવ્વકાલિયા'' (ત્રણે કાળની અશાતના) શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે.

પ્ર.૭ ''સવ્વધમ્માઇક્કમણાએ'' નો અર્થ શું છે ?

જ.૭ અષ્ટ પ્રવચન માતાના પાલનમાં અથવા સામાન્ય સંયમની આરાધનાના કાર્યોરૂપ બધાં જ ધર્મ અનુષ્ઠાનોનું અતિક્રમણ (ઉલ્લંઘન) એટલે કે વિરાધનારૂપ અશાતનાને માટે ''સવ્વધમ્માઇક્કમણાએ'' શબ્દ વાપરવામાં આવેલ છે.

પ્ર.૮ ઇચ્છામિ ખમાસમણોના પાઠથી કરવામાં આવતી વંદનાને શા માટે ઉત્કૃષ્ટ વંદના કહેવામાં આવે છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ.૮ ઈચ્છામિ ખમાસમણોના પાઠથી કરવામાં આવતી વંદના શબ્દ અને ક્રિયા બંનેમાં ચડિયાતી છે. માટે તેને ઉત્કૃષ્ટ વંદના કહેવાય છે.

પ્ર.૯ ઈચ્છામિ ખમાસમણો શા માટે બે વાર બોલવામાં આવે છે ?

જ.૯ જે રીતે દૂતરાજાને નમસ્કાર કરીને કાર્યનું નિવેદન - વિનંતી કરે છે અને રાજા પાસેથી પાછા જતી વખતે ફરી નમસ્કાર કરે છે તે રીતે શિષ્ય કાર્યનું નિવેદન કરવા માટે કે અપરાધ બદલ ક્ષમા માંગતી વખતે સૌ પ્રથમ ગુરુને વંદના કરે છે. ખમાસમણા કરે છે અને જ્યારે ગુરુ મહારાજ ક્ષમા આપે છે ત્યારે શિષ્ય વંદના કરીને બીજી વાર ખમાસમણ દઈને પાછો ફરે છે. દ્વાદશાવર્ત્ત વંદનની પૂરી વિધિ બે વખત ઈચ્છામિ ખમાસમણો બોલવાથી જ પૂરી થાય છે. તેથી પૂર્વાચાર્યોએ બે વાર ઈચ્છામિ ખમાસમણો બોલવાની વિધિ બતાવી છે.

પ્ર.૧૦ ઉત્કૃષ્ટ વંદન શું છે ? તેની વિધિ કયા અંગસૂત્રમાં દર્શાવેલ છે ?

જ.૧૦ દ્વાદશાવર્ત્ત વંદન તે ઉત્કૃષ્ટ વંદન છે. તે ઈચ્છામિ ખમાસમણોના પાઠથી કરવામાં આવે છે. સમવાયાંગસૂત્રના બારમા સમવાયમાં પાઠ છે.

दुवालसावत्ते किइकम्मे पण्णते, तं जहा -
दुओणयं जहाजायं किइकम्मं बरसावयं ।
चउसिरं तिगुत्तं च दुपवेसे एगणिकरवमणं ॥

કૃતિકર્મ વંદન દ્વાદશ આવર્તવાળા કહ્યા છે. આ બાર આવર્તોમાં અવશ્ય કરવા યોગ્ય પચ્ચીસ વિધિ હોય છે. તે આ પ્રમાણે છે. ૧. યથાજાત મુદ્રા (જન્મની વખતની સ્થિતિ) ૨-૩. બે મસ્તક નમન. ૪-૧૫ બાર આવર્તન. ૧૬-૧૯ ચાર સિર (મસ્તક) ૨૦-૨૨ ત્રણ ગુપ્તિ. ૨૩-૨૪ બે પ્રવેશ અને ૨૫. એક નિષ્ક્રમણ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરોક્ત વિધિ બે વાર ઈચ્છામિ ખમાસમણોનો પાઠ બોલવાથી જ થાય છે.

## ચત્તારિ મંગલંનો પાઠ

પ્ર.૧ મંગલ કોને કહેવાય છે ?

જ.૧ જેનાથી હિતપ્રાપ્તિ થાય, જે આત્માને સંસારથી અલગ કરતું હોય, જેનાથી આત્મા શોભાયમાન બને, જેનાથી આનંદ તથા ખુશી પ્રાપ્ત થતાં હોય તથા જેના દ્વારા આત્મા પૂજ્ય બનતો હોય તે મંગળ છે.

પ્ર.૨ ઉત્તમ કોને કહેવાય છે ?

જ.૨ ઉત્તમનો અર્થ છે - ઉચ્ચ થવું, વિશેષ ઉચ્ચ થવું, સૌનાથી વધુ ઉચ્ચ થવું. જે ઊંચે ઉઠ્યા, પછી ફરી પતન તરફ ન જાય અને પોતાના સ્નેહીને પણ પતન તરફ ન લઈ જાય તે જ ખરેખર ઉત્તમ હોય છે. અનંતકાળથી ભટકતા ભવ્ય આત્માઓને ઉત્થાનના માર્ગે લઈ જનારો અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ જ ઉત્તમ ધર્મ છે.

પ્ર.૩ કેવલી પ્રરૂપિત ધર્મ કહેવા પાછળનો આશય - હેતુ શું છે ?

જ.૩ કેવળજ્ઞાની સર્વજ્ઞો દ્વારા કહેવાયેલો ધર્મ કેવલી પ્રરૂપિત ધર્મ છે. જે કેવળજ્ઞાની નથી તે અનાપ્ત - અપ્રાપ્ત - અસત્ય છે અને અપ્રાપ્તનું કથન પ્રામાણિક માનવામાં આવતું નથી.

## ૧. અહિંસા અણુવ્રતનો પાઠ

પ્ર.૧ પ્રાણાતિપાત કોને કહેવાય છે ?

જ.૧ પ્રમાદપૂર્વક સૂક્ષ્મ અને બાદર, ત્રસ અને સ્થાવરરૂપ સમસ્ત જીવોના દસ પ્રાણ (પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસોચ્છ્વાસ અને આયુ) માંથી કોઈ પણ પ્રાણનો નાશ કરવો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પ્રાણાતિપાત છે.

પ્ર.૨ સૂક્ષ્મ પ્રાણાતિપાત કોને કહે છે ?

જ.૨ સ્થાવર જીવોની હિંસા કરવી તે સૂક્ષ્મ પ્રાણાતિપાત છે.

પ્ર.૩ પ્રથમ અહિંસા અણુવ્રતનું સ્વરૂપ શું છે ?

જ.૩ પોતાના શરીરને પીડાકારી, અપરાધી તથા સાપેક્ષ નિરપરાધી સિવાય બાકીના બેઇન્દ્રિય આદિ ત્રસ જીવોની જાણપણે હિંસાનો બે કરણ, ત્રણ યોગથી ત્યાગ કરવો, સ્થૂળ પ્રાણાતિપાત ત્યાગરૂપ પ્રથમ અહિંસા અણુવ્રત છે.

પ્ર.૪ ત્રસ કોને કહેવાય ?

જ.૪ જે જીવ હલન-ચલન કરે, છાયામાંથી તડકામાં અને તડકામાંથી છાયામાં આવે, તેને ''ત્રસ'' કહેવાય છે. તેના ચાર ભેદ છે. (૧) બેઇન્દ્રિય, (૨) તેઇન્દ્રિય, (૩) ચૌરેન્દ્રિય, અને (૪) પંચેન્દ્રિય.

પ્ર.૫ બેઇન્દ્રિય કોને કહે છે ?

જ.૫ એક કાયા (શરીર) અને બીજી જીભ - આ બે ઇન્દ્રિયો જેને હોય તેને બેઇન્દ્રિય કહે છે. જેમકે - શંખ, કોડી, છીપ, લટ, અળસિયાં, કૃમિ વગેરે.

પ્ર.૬ તેઇન્દ્રિય કોને કહે છે ?

જ.૬ (૧) કાયા (૨) જીભ અને (૩) નાક - આ ત્રણે ઇન્દ્રિયો જેને હોય તેને તેઇન્દ્રિય કહેવાય છે. જેમકે - જૂ, લીખ, ચાંચડ, માંકડ વગેરે.

પ્ર.૭ ચૌરેન્દ્રિય કોને કહે છે ?

જ.૭ (૧) કાયા (૨) જીભ (૩) નાક અને (૪) આંખ - આ ચાર ઇન્દ્રિયો જેને હોય તેને ચૌરેન્દ્રિય કહે છે. જેમકે - માખી, ડાંસ, મચ્છર વગેરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૮ પંચેન્દ્રિય કોને કહે છે ?

જ.૮ કાયા, જીભ, નાક, આંખ અને કાન - આ પાંચ ઇન્દ્રિયો જેની પાસે હોય તે પંચેન્દ્રિય કહેવાય છે. જેમકે - મનુષ્ય, દેવ, નારકી, અને ગાય, ભેંસ, સાપ, મોર આદિ વગેરે.

પ્ર.૯ જાણી જોઇને હિંસા કરવી કોને કહેવાય ?

જ.૯ "જ્યાં, જેના ઉપર હું પ્રહાર કરી રહ્યો છું ત્યાં અથવા તે ત્રસ જીવ છે." - આ જાણવા છતા હિંસા કરવી તે જાણી જોઇને હિંસા કરવી કહેવાય છે.

પ્ર.૧૦ સંકલ્પ કરીને હિંસા કરવી કોને કહે છે ?

જ.૧૦ જેમ "હું આ મનુષ્યને મારું, આ સિંહ, હરણ વગેરેનો શિકાર કરું. સાપ, ઉંદર, મચ્છર વગેરેનો નાશ કરું, ઈંડા, માછલી આદિ ખાઉં." - આવા વિચારો કરીને તેની હિંસા કરવી સંકલ્પી હિંસા છે.

પ્ર.૧૧ શ્રાવક શા માટે સંકલ્પી હિંસાનો જ ત્યાગ કરે છે ?

જ.૧૧ કારણ કે અન્ય આરંભના કામો કરતી વખતે શ્રાવક દ્વારા અનાયાસે પણ ત્રસ જીવોની હિંસા થઇ જાય છે. જેમકે - પૃથ્વીકાય ખોદતી વખતે ભૂમિગત (જમીનની અંદર રહેલ) ત્રસ જીવોની હિંસા થઇ જાય છે. વાહન ચલાવતી વખતે તેની નીચે આવીને કીડી વગેરે જીવો મરી જાય છે. આવી આરંભિકી ત્રસ હિંસાનો ત્યાગ કરવામાં શ્રાવક સમર્થ હોતો નથી.

પ્ર.૧૨ શરીરને માટે પીડાકારીનું ઉદાહરણ આપો.

જ.૧૨ કૃમિ, વાળો વગેરે.

પ્ર.૧૩ સઅપરાધી કોને કહે છે ?

જ.૧૩ આક્રમણકારી શત્રુ (હરીફ), સિંહ, સાપ આદિને ધનાપહારી (ધન હરનાર) ચોર, ડાકૂ વગેરેને, શીલ લૂંટનાર જાર વગેરેને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા અચિત્ત અને આવશ્યક રાષ્ટ્રનીતિ, રાજનીતિ, સમાજનીતિ વગેરેનો ભંગ કરનારને સાપરાધી કહેવાય છે.

પ્ર.૧૪ શ્રાવક શા માટે સઅપરાધીની હિંસા છોડતો નથી ?

જ.૧૪ સંસારમાં રહેવાને કારણે તેના પર આશ્રિતોની રક્ષા આદિ કરવાનો ભાર (બોજો) હોય છે. તેથી તે સાપરાધી હિંસા છોડી શકતો નથી.

પ્ર.૧૫ નિરપરાધી કોને કહે છે ?

જ.૧૫ જેણે કોઈનો અપરાધ ન કર્યો હોય તેને નિરપરાધી કહે છે. જેમકે – આક્રમણ ન કરનાર શાંતિપ્રેમી મનુષ્ય, ધન, શીલ વગેરેને ન લૂંટવાવાળા શાહુકાર, સુશીલ વગેરે, પોતાને માર્ગે જતાં થકા સિંહ, સાપ વગેરે અને કોઈને કષ્ટ ન પહોંચાડનાર ગાય, હરણ, તીતડ, માછલી, ઈંડા વગેરે નિરપરાધી છે.

પ્ર.૧૬ આકુટ્ટિથી મારવું કોને કહે છે ?

જ.૧૬ કષાયવશ, નિર્દયતાપૂર્વક પ્રાણરહિત કરવાં, મારવાની ઈચ્છાથી મારવું, (ઈરાદાપૂર્વક) તે આકુટ્ટિની ઈચ્છાથી મારવું કહેવાય છે.

પ્ર.૧૭ જીવ પોતાના કર્મો અનુસાર મરે છે અને દુઃખી થાય છે તો પછી મારવાવાળાને પાપ શા માટે લાગે છે ?

જ.૧૭ મારવાની દુષ્ટ ભાવના અને મારવાની દુષ્પ્રવૃત્તિથી જ મારનારને પાપ લાગે છે.

પ્ર.૧૮ ''બંધે'' અતિચારનું સ્વરૂપ શું છે ?

જ.૧૮ એવા મજબૂત બંધનથી બાંધવું કે જેથી ગતિસંચાર, શરીર-સંચાર અને રક્ત સંચારમાં વિક્ષેપ પડે, તે ગાઢબંધન કહેવાય છે.

પ્ર.૧૯ ''વહે'' ના અન્ય પ્રકારો બતાવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ.૧૯ ઠૂંસા, લાત, ચાબુક, આરી વગેરેથી મર્મસ્થાન આદિ પર એવો પ્રહાર કરવો, તાડન કરવું, મારવું, જેથી ચામડી ઉખડી જાય, લોહી વહેવા માંડે તથા નિશાન રહી જાય તે ''વહે'' અતિચાર છે.

પ્ર.૨૦ ''છવિચ્છેદ'' અતિચાર ક્યારે લાગે છે ?

જ.૨૦ રોગાદિ કારણો ન હોવા છતાં અંગ-ભંગ (અવયવ છેદન) કરવા ચામડીને છેદવી, ડામ વગેરે આપવાં, અવયવો આદિ કાપવાથી ''છવિચ્છેદ'' અતિચાર લાગે છે.

પ્ર.૨૧ અતિભાર કોને કહે છે ?

જ.૨૧ જે પશુ જેટલા સમય સુધી જેટલો ભાર ઉઠાવી શકતો હોય, તેનાથી પણ વધુ સમય સુધી તેના પર વધુ ભાર (બોજ) લાદવો, કે જે મનુષ્ય જેટલા સમય સુધી જેટલું કાર્ય કરી શકતો હોય, તેની પાસે તેટલા સમયમાં તેનાથી વધુ કામ કરાવવું એ અતિભાર અતિચાર છે.

પ્ર.૨૨ ''ભત્તપાણ વોચ્છેએ'' અતિચાર ક્યારે લાગે છે ?

જ.૨૨ ભોજન-પાણીના સમયે ભોજન-પાણી નહીં કરવા દેવાથી, તથા અંતરાય પાડવાથી ''ભત્તપાણ વોચ્છેએ'' અતિચાર લાગે છે.

## ૨. સત્ય અણુવ્રતનો પાઠ

પ્ર.૧ ઇત્યાદિ શબ્દથી કયું જુઠ સમજવું જોઈએ ?

જ.૧ ખોટો આરોપ લગાવવો, વિશ્વાસઘાત કરવો, ભગવાનના ખોટાં શપથ ખાવા, ખોટો ઉપદેશ આપવો, રાજકીય સાહિત્યિક મોટું જુઠ બોલવું વગેરે.

પ્ર.૨ જો કોઈનાથી રાજકીય જુઠ ન છૂટે તો શું તે વ્રત ગ્રહણ કરી શકતો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી ?

જ.૨ યથાશક્ય આત્મબળ વધારીને બધાં મોટા જુઠનો ત્યાગ કરવો જોઇએ. જો આત્મબળના અભાવે આમ ન થઇ શકે તો જેટલું જુઠ ત્યાગી શકાય તેટલું વ્રત અવશ્ય લેવું.

પ્ર.૩ રક્ષણ માટે જુઠી સાક્ષી દઈ શકાય કે નહીં ?

જ.૩ રક્ષાની ભાવના ઉત્તમ છે. પરંતુ બીજાની રક્ષા માટે જુઠી સાક્ષી ન આપવી જોઇએ. જો કોઇને બચાવવા માટે જુઠી સાક્ષી આપી હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ.

પ્ર.૪ ''સહસાભક્ખાણે''થી તમે શું સમજો છો ?

જ.૪ ક્રોધ આદિ કષાયોના આવેશમાં આવીને વગર વિચાર્યે કોઇની ઉપર હિંસા, જુઠ, ચોરી વગેરેનો આરોપ લગાવવો. શંકા થવાથી પ્રમાણ (ખાતરી) મળ્યા વગર પોતાની ઉપર આવેલ આરોપને ટાળવા માટે આરોપ લગાવવો.

પ્ર.૫ ''સદારમન્તભેએ''થી શું અભિપ્રાય છે ?

જ.૫ સ્વસ્ત્રી, મિત્ર, જાતિ, રાષ્ટ્ર - કોઇની પણ કોઇ ગોપનીય - છુપાવવા લાયક વાત બીજાની સામે પ્રગટ કરવી.

પ્ર.૬ સાચી વાત પ્રગટ કરવી તે કઇ રીતે અતિચારમાં ગણાય ?

જ.૬ આવું કરવાથી સ્ત્રી વગેરેનો વિશ્વાસઘાત થાય છે. તે લજ્જિત થઇને મરી શકે છે. એક રાષ્ટ્ર પર બીજું રાષ્ટ્ર આક્રમણ કરી શકે છે. તેથી વિશ્વાસઘાત અને હિંસાની અપેક્ષાએ સત્ય વાત પ્રગટ કરવી એ અતિચાર છે.

પ્ર.૭ જુઠો ઉપદેશ કોને કહે છે ?

જ.૭ પૂછ્યા બાદ અથવા વગર પૂછ્યે એવો જુઠો ઉપદેશ (નિર્ણય) આપવો કે જેનાથી પૂછનારનું અહિત થાય અને તેના ધન અને ધર્મની હાનિ (નુકશાન) થાય.

પ્ર.૮ જુઠા (વ્યર્થ) લેખથી શું સમજવું જોઇએ ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ.૮ બીજાની સાથે વિશ્વાસઘાત થાય એવો ખોટો લેખ લખવો, બનાવટી હસ્તાક્ષર, સિક્કા અથવા વિધાન (કાનૂન) બનાવવું, વગેરે જુઠા લેખ લખવા કહેવાય છે.

## ૩. અચૌર્ય અણુવ્રત

પ્ર.૧ અદત્તાદાન એટલે શું ?

જ.૧ કોઇ પણ વસ્તુને તેના સ્વામિની આજ્ઞા વિના લેવી તે અદત્તાદાન - ચોરી છે.

પ્ર.૨ ત્રીજા વ્રતમાં કેટલા પ્રકારની ચોરીનો ત્યાગ થાય છે ?

જ.૨ આ વ્રતમાં મુખ્ય પાંચ પ્રકારની મોટી ચોરીનો ત્યાગ થાય છે. પાંચ પ્રકારની ચોરી આ પ્રમાણે છે. (૧) ખાતર પાડી= (દિવાલમાં બાકોરું પાડી ઘરમાં ઘૂસવું). (૨) ખિસ્સા કાપવા. (૩) તાળા તોડવા અર્થાત્ સુરક્ષિત ધન ચોરવું. (૪) રાહદારીઓ - મુસાફરોને લૂંટવા અથવા શસ્ત્ર આદિથી, બળના પ્રયોગથી છીનવી લેવું, અને (૫) કોઇની પડી ગયેલી - ભૂલથી રહી ગયેલી વસ્તુને ઉઠાવી લેવી - લઇ લેવી.

પ્ર.૩ લોકનિંદ્ય ચોરી એટલે શું ? તેના ત્યાગના કેટલા સ્થાન કહ્યાં છે ?

જ.૩ જે અદત્ત (શાસ્ત્રાનુસાર ન આપેલ) વસ્તુને લેવાથી સમાજમાં નિંદા થાય, લોકમાં ચોરીનો ભ્રમ પેદા થાય, તે લોકનિંદા ચોરી છે. લોકનિંદ્ય અદત્તત્યાગના બે સ્થાન છે.

(૧) સગાસંબંધી :- કુટુંબીઓની વસ્તુઓ, વસ્ત્ર આભૂષણ વગેરે તેમને પૂછવાનો અવકાશ ન હોવાથી સુરક્ષિતરૂપે રાખી લેવું તથા કામમાં લેવા યોગ્ય વસ્તુને કામમાં લઇ લેવી.

(૨) વ્યાપાર સંબંધી :- વેપાર સંબંધી વસ્તુઓ - પેન, પેન્સિલ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાગળ વગેરે તુચ્છ વસ્તુઓ પૂછ્યા વિના લઈ લેવી.

પ્ર.૪ આ વ્રતમાં સગા-સંબંધીને સ્થાન શા માટે આપવામાં આવ્યું છે ?

જ.૪ સગા - સંબંધીની સાથે ઘનિષ્ટતાને કારણે મજાકમાં કે જરૂર પડ્યે વસ્તુ છુપાવવી, તાળું ખોલવું વગેરે કરવામાં આવે છે. આવું કાર્ય શ્રાવકથી થઈ જાય છે. માટે તેનો આગાર રાખવામાં આવ્યો છે.

પ્ર.૫ મોટી ચોરી કોને કહે છે ?

જ.૫ પૂછ્યા વિના કોઈની એવી ચીજ લઈ લેવી કે જેનાથી તેને દુ:ખ થાય, લોકનિંદા થાય, રાજદંડ મળે.

પ્ર.૬ નાની ચોરી વિશે શું અભિપ્રાય છે ?

જ.૬ ચોરીની ભાવના વગર ઉપયોગ માટે આજ્ઞા વિના કાગળ પેન્સિલ વગેરે લેવા.

પ્ર.૭ તેનાહડે (સ્તેનાહૃત) ની વ્યાખ્યા આપો.

જ.૭ ચોર દ્વારા લવાયેલ વસ્તુઓ રાખી લેવી, તેનાથી ચોરાયેલા પદાર્થોને ખરીદી લેવા, તેનું સંરક્ષણ કરવું વગેરે તેનાહડે છે.

પ્ર.૮ તક્કરપ્પઓગે (તસ્કર પ્રયોગ) અતિચાર શું છે ?

જ.૮ ચોરને સહાયતા આપવી, કોઈના ધન વિશે માહિતી આપવી, ચોરીનો સંકેત કરવો, તેણે ચોરેલી વસ્તુ રાખવા માટે આશ્વાસન આપવું વગેરે તસ્કર પ્રયોગ છે.

પ્ર.૯ રાજ્ય વિરુદ્ધ કાર્ય કોને કહે છે ?

જ.૯ પ્રજાની સુવ્યવસ્થાને રાજ્ય (શાસન) કહેવાય છે. તેની વિરુદ્ધ કાર્ય કરવું જેમકે - નિષિદ્ધ (વર્જનીય - જેનો નિષેધ કરવામાં આવ્યો છે તે) વસ્તુઓ વેચવી - ખરીદવી, નિષિદ્ધ રાજ્યોમાં વેચવી, ખરીદવી, કર (ટેક્ષ) ન ભરવો, વિરોધી રાજ્યની સરહદનું ઉલ્લંઘન કરવું, આદિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૧૦ કૂડ તોલ - કૂડ માપ એટલે શું ?

જ.૧૦ આપતી અને લેતી વખતે અલગ - અલગ તોલ માપ રાખવા તથા આપતી વખતે ઓછું તોલીને, માપીને, ગણીને આપવું અને લેતી વખતે વધુ તોલીને, માપીને, ગણીને લેવાથી કૂડ-તોલ, કૂડ-માપ અતિચાર લાગે છે.

પ્ર.૧૧ ''તપ્પડિરુવગવવહારે'' ની વ્યાખ્યા આપો.

જ.૧૧ ઉંચા મૂલ્યવાળી વસ્તુમાં ઓછા મૂલ્યવાળી વસ્તુ ભેળવીને વેચવી, ઉત્તમ વસ્તુ બતાવીને હલકી વસ્તુ આપવી, અલ્પ મૂલ્યવાળી કે બનાવટી વસ્તુને બહૂમૂલ્યવાળી વસ્તુ જેવી વાસ્તવિક બનાવીને વેચવી, કે ઉપર સારું લેબલ લગાડી અંદર ખરાબ-ખોટી વસ્તુ મૂકીને વેચવી ''તપ્પડિરુવગવવહારે'' અતિચાર છે.

## ૪. બ્રહ્મચર્ય વ્રત

પ્ર.૧ સ્વસ્ત્રી સંતોષ કેટલા પ્રકારનો હોય છે ?

જ.૧ અનેક પ્રકારનો હોઇ શકે છે. જેમકે - એક વિવાહ પછી બીજાની સાથે વિવાહ નહિ કરું. પત્નીના સ્વર્ગવાસ બાદ અન્ય સાથે વિવાહ નહિ કરું. પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીશ. અમુક તિથિઓ, પર્વો અને શ્રાવણ ભાદરવા મહિનામાં બ્રહ્મચર્યનું પાલન કરીશ.

પ્ર.૨ ''ઇત્વર પરિગૃહિતાગમન'' નો અર્થ શું છે ?

જ.૨ પોતાની વિવાહિતા નાની ઉંમરવાળી સ્ત્રી સાથે ગમન કરવું તે ઇત્વરપરિગૃહિતાગમન કહેવાય છે.

પ્ર.૩ ''અપરિગૃહિતાગમન'' અતિચાર શું છે ?

જ.૩ પોતાની સાથે સગાઇ થઇ ચૂકી હોય પરંતુ પંચોની તથા માતા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિતાની તથા સંરક્ષકોની સાક્ષીમા વિવાહ (લગ્ન) ન થયાં હોય, તેની સાથે મૈથુન સેવવાથી 'અપરિગૃહીતાગમન' અતિચાર લાગે છે.

પ્ર.૪ ''અનંગક્રીડા'' શું છે ?

જ.૪ કામસેવનના જે પ્રાકૃતિક અંગ છે, તેના સિવાયના અન્ય અંગોથી કે જે કામસેવનના અંગો નથી – તેનાથી ક્રીડા કરવી તે અનંગક્રીડા છે. હસ્તમૈથુનનો સમાવેશ પણ આ અતિચારમાં થાય છે. સ્વસ્ત્રી સિવાય અન્ય સ્ત્રીઓ સાથે મૈથુનક્રિયા છોડીને અનુરાગથી તેમનું આલિંગન આદિ કરનારના પણ વ્રત મલિન (મેલાં) થાય છે. માટે તેને પણ અતિચાર માનવામાં આવે છે.

પ્ર.૫ ''પરવિવાહકરણે''ની વ્યાખ્યા આપો.

જ.૫ પોતાના તથા પોતાના સંતાન સિવાય અન્યના વિવાહ કરાવવા ''પરવિવાહકરણે'' અતિચાર છે. સ્વથી સંતોષી શ્રાવકે બીજાના વિવાહ આદિ કરાવી તેમને મૈથુનમાં જોડવા નિષ્પ્રયોજનરૂપ છે. તેથી બીજાના વિવાહ કરાવવામાં ઉદ્યત થવું એ અતિચાર છે.

પ્ર.૬ ''કામભોગ તીવ્રાભિલાષ'' અતિચારથી વ્રત કેવી રીતે દૂષિત થાય છે ?

જ.૬ પાંચ ઈન્દ્રિયોના વિષયરૂપ રસ, ગંધ અને સ્પર્શમાં આસક્ત થવું. કામભોગ તીવ્રાભિલાષા નામનો અતિચાર છે. આ અતિચાર પણ પોતાની જ પરિણીતા સ્ત્રી સાથે સંબંધ રાખે છે. જે વાજીકરણ આદિ પ્રયોગથી વધુ કામવાસના ઉત્પન્ન કરે અને વાત્સાયયનના ચોર્યાસી આસનાદિ કરીને કામમાં તીવ્રતા લાવે તો તેને ''કામભોગ – તીવ્રાભિલાષ''નામનો આ અતિચાર લાગે છે અને તેનાથી વ્રત દૂષિત થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૭ બ્રહ્મચર્યના પાલન માટે શી રીતે ચિંતન કરવું જોઇએ ?

જ.૭ બ્રહ્મચર્ય એ શ્રેષ્ઠ તપ છે. બ્રહ્મચારીને દેવતા પણ નમસ્કાર કરે છે. કામભોગ કિંપાકફળ અને આસીવિષ જેવું ઘાતક છે. બ્રહ્મચર્યના અપાલક રાવણ, જિનરક્ષિત, સૂર્યકાન્તા વગેરેની કેવી દુર્ગતિ થઇ ? બ્રહ્મચર્યના પાલક જંબુ, મલ્લિનાથજી, રાજેમતી વગેરેનું જીવન કેવું ઉજ્જવળ અને આરાધનીય બન્યું વગેરે ચિંતવવું.

પ્ર.૮ બ્રહ્મચર્યમાં વિકાર ઉત્પન્ન કરનાર લોકપ્રચલિત સાધન ક્યા ક્યા છે ?

જ.૮ સિનેમા, ટી.વી., અશ્લીલ સાહિત્ય, ચિત્રો, નાટકો, ઉપન્યાસ આદિ.

પ્ર.૯ બ્રહ્મચર્યની આરાધના માટે શું ઉપાયો કરવાં જોઇએ ?

જ.૯ બ્રહ્મચર્યની મર્યાદા, સારા સાહિત્યોનું અધ્યયન, સંત-મુનિરાજોની સંગતિ, બ્રહ્મચર્યની નવવાડ અને ૩૨ ઉપમાનું ચિંતન કરવું જોઇએ. કુસંગતિ અને કુવ્યસનોથી દૂર રહેવું જોઇએ.

પ્ર.૧૦ બ્રહ્મચર્યના પાલનથી શું લાભ છે ?

જ.૧૦ બ્રહ્મચર્યના પાલનથી શરીર નિરોગી, હૃદય બળવાન, ઇન્દ્રિયો સતેજ, બુદ્ધિ તીક્ષ્ણ, ચિત્ત સ્વસ્થ રહે છે. અંતરંગ લાભ પણ મહાન છે. સંસાર પરિમિત બને છે. યાવત્ કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૫. અપરિગ્રહ અણુવ્રત

પ્ર.૧ સ્થૂલ પરિગ્રહ વિરમણ કેટલા પ્રકારના હોય છે ?

જ.૧ સ્થૂલ પરિગ્રહ વિરમણ (નિવર્તન) ત્રણ પ્રકારના છે.
(૧) વર્તમાન સમયે પોતાની પાસે જેટલો પરિગ્રહ છે, તેનાથી દોઢ, બે ગણાથી વધુ પરિગ્રહ નહીં રાખું. જો તેનાથી વધુ પ્રાપ્ત થશે તો હું ગ્રહણ નહીં કરું અથવા તો ધર્મ આદિમાં ખર્ચી નાંખીશ. આ જઘન્ય પ્રકારનો સ્થૂળ પરિગ્રહ વિરમણ છે. (૨) જેટલું પોતાની પાસે છે તેનાથી વધુનું વિરમણ કરવું મધ્યમ પ્રકારનું વિરમણ છે. (૩) જેટલું પાસે છે તેનાથી પણ ઘટાડીને વિરમણ કરવું તે ઉત્તમ પ્રકારનું વિરમણ છે.

પ્ર.૨ ક્ષેત્ર આદિનું પરિમાણ (મર્યાદા) કેવી રીતે કરવામાં આવે છે ?

જ.૨ ''હું ધાન્ય આદિના આનાથી વધુ ખેતરો, આનાથી વધુ ગોચર (ખુલ્લી) જમીન, આનાથી વધુ બાગ, બગીચા વગેરે ખુલ્લી જમીન નહીં રાખું. અમુક તોલાથી વધુ સોનું, ચાંદી, મણિ કે રત્ન વગેરે નહીં રાખું. અમુકથી વધુ સેવક, દુધાળા પશુ, વગેરે નહીં રાખું વગેરે વગેરે.

પ્ર.૩ ક્ષેત્ર આદિની મર્યાદાનું ઉલ્લંઘન કેવી રીતે થાય છે ?

જ.૩ પોતાના ખેતરની બાજુમાં બીજાનું ખેતર વેચાણ મળવાથી બંને ખેતરોને એક વાડ કરી એક ખેતર ગણવું. દસ ખેતર અને દસ ઘર રાખ્યાં હતાં તથા જરૂર પડે બે-ચાર ખેતર ઘટાડીને બે - ચાર ઘર વધારે લેવાં. દસ ખેતરથી વધુ મળે તો બીજાને નામે કરીને પણ પોતાનો હક રાખવો વગેરે.

પ્ર.૪ ''પરિગ્રહ પાપનું મૂળ છે.'' કેવી રીતે ?

જ.૪ ''ઇચ્છા હુ આગાસસમા અણંતિયા'' - ઇચ્છા આકાશની જેમ અનંત છે. જેમ જેમ લાભ થાય છે, તેમ તેમ લોભ વધતો જાય છે. બધા જીવોને માટે પરિગ્રહથી મોટું કોઇ બંધન નથી. તે મહા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશાંતિનું કારણ છે, તેનાથી કલહ, હિંસા, બેઈમાની વગેરેનો પ્રાદુર્ભાવ (દુષ્ટભાવ) થાય છે.

પ્ર.૫ અપરિગ્રહવ્રતનું પાલન કરવાથી શું લાભ થાય છે ?

જ.૫ ઈચ્છાજનક સંકલ્પ, વિકલ્પથી મુક્તિ મળે છે. વર્તમાનમાં પ્રાપ્ત હોય તે ધન આદિમાં આસક્તિ મંદ બને છે. તેના અભાવમાં પણ સંતોષ મળે છે. શાંતિથી ઉંઘ આવે છે. વગેરે અનેક લાભ છે.

પ્ર.૬ પરિગ્રહ ઓછો કરવા માટે શું ચિંતન કરવું જોઈએ ?

જ.૬ પરિગ્રહ પાપનું કારણ છે. તેથી સંપૂર્ણ અપરિગ્રહી ક્યારે બનીશ ? આ મનોરથ ચિંતવવો. પરિગ્રહમાં આસક્ત દુર્યોધન, કોણિક વગેરે તથા પરિગ્રહત્યાગી ભરત ચક્રવર્તી, ધન્નામુનિ, અર્હન્નક વગેરેના ચારિત્ર પ્રત્યે ધ્યાન દોરવું.

પ્ર.૭ આ વ્રતમાં અતિચાર અને અનાચાર કેવી રીતે લાગે છે ?

જ.૭ જે – જે બોલોની જેટલી મર્યાદા કરી હોય. તેનું બેપરવાહીથી અજાણ્યે હિસાબ – કિતાબ નહીં મેળવવાથી ઉલ્લંઘન થયું હોય તો આ બધી મર્યાદાઓનો અતિચાર છે. ઉપયોગપૂર્વક લોભ આદિને કારણે જાણી જોઈને મર્યાદાઓનું ઉલ્લંઘન કરવું અનાચાર છે.

# ૬. દિશા પરિમાણ વ્રત

પ્ર.૧ દિશા પરિમાણવ્રત કેટલાં પ્રકારનાં છે ?

જ.૧ દિશાઓ છ છે. જે દિશામાં જેટલું જવું પડે તેટલી મર્યાદા કરવી. જેમકે – ઊંચા પર્વત પર કે હવાઈ જહાજથી અમુક કિ.મી.થી વધુ ઉંચે નહીં જઉં. તળઘરમાં, ખાણમાં આટલા હાથથી નીચે નહીં જઉં. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણમાં આટલા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિ.મી.ની આગળ નહીં જઉં.

પ્ર.૨ ક્ષેત્રવૃદ્ધિ શા માટે કરવામાં આવે છે ?

જ.૨ પૂર્વાદિ દિશાની મર્યાદિત ભૂમિથી અડધી ભૂમિમાં પણ મારે જવું પડતું નથી. અને પશ્ચિમાદિ ભૂમિમાં મર્યાદિત ભૂમિથી વધુ ભૂમિમાં જવું ધનાદિની દૃષ્ટિએ મને લાભદાયી છે. વગેરે વિચાર કરીને એક દિશાની મર્યાદા ઘટાડી બીજી દિશાની મર્યાદા વધારવી.

પ્ર.૩ દિશા પરિમાણ (મર્યાદા) થી શું લાભ છે ?

જ.૩ લોક અસંખ્યાત કોડાકોડી યોજન વિસ્તારવાળો છે. દિશાઓની મર્યાદા કરવાથી મર્યાદાની બહાર જવાનો સંપૂર્ણ ત્યાગ થવાથી મોટો આશ્રવ અટકે છે.

## ૭. ઉપભોગ-પરિભોગ પરિમાણવ્રત :

પ્ર. ૧. ઉપભોગ કોને કહે છે ?

જ. ૧. જે પદાર્થ ફક્ત એક જ વાર વાપરી શકાય છે તેને 'ઉપભોગ' કહેવાય છે જેવા કે - અનાજ, પાણી વગેરે.

પ્ર. ૨. પરિભોગ કોને કહે છે ?

જ. ૨. વારંવાર વાપરી શકાય તેવા પદાર્થોને ''પરિભોગ'' કહેવાય છે. જેવા કે - વસ્ત્ર, આભૂષણ, શય્યા વગેરે.

પ્ર. ૩. ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રત એટલે શું ?

જ. ૩. ઉપભોગ, પરિભોગ યોગ્ય વસ્તુઓની મર્યાદા કરવી, છવ્વીસ બોલોની મર્યાદા કરવી તેમજ મર્યાદા ઉપરાંત ઉપભોગ પરિભોગ યોગ્ય વસ્તુઓના ભોગોપભોગનો તથા પંદર કર્માદાનનો ત્યાગ કરવો તે ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રત છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર. ૪. ''સચિત્તાહારે'' અતિચાર શું છે ?

જ. ૪. સચિત્ત ત્યાગી શ્રાવક સચિત્ત વસ્તુ જેવી કે - પૃથ્વી, પાણી, વનસ્પતિ વગેરેનો આહાર કરવો, તથા સચિત્ત વસ્તુની મર્યાદા કરનાર શ્રાવક દ્વારા મર્યાદા ઉપરાંત સચિત્ત વસ્તુનો આહાર કરવો અથવા જે વસ્તુઓ અચિત્ત ઉપયોગમાં લેવામાં આવે છે તેનું સચિત્તરૂપ ઉપયોગમાં લેવું સચિત્તાહાર છે.

પ્ર. ૫. સચિત્ત ત્યાગથી શું લાભ છે ?

જ. ૫. (૧) સ્વાદ પર જીત. (૨) જ્યાં અચિત્ત વસ્તુ ખાવાની સુવિધા ન હોય ત્યાં સંતોષ. (૩) તડબૂચ વગેરે એવા પદાર્થો કે જેને સૂકવીને ખાઈ શકાતું નથી તેનો હંમેશને માટે ત્યાગ, (૪) તિથિ, પર્વના દિવસોએ ઘરમાં આરંભ ન થવો, જીવો પ્રત્યે વિશેષ અનુકંપાનું લક્ષ્ય વગેરે કેટલાય લાભ છે. આ બધાને માટે ઉપયોગી થઈ શકે છે.

પ્ર. ૬. સચિત્ત પડિબધ્ધાહારે કોને કહે છે ?

જ. ૬. સચિત્ત વૃક્ષાદિથી સંબંધિત અચિત્ત ગુંદર (વૃક્ષોના તળે જામતો રસ) કે પાકા ફળો વગેરે ખાવું અથવા સચિત્ત બીજથી સંબંધિત અચિત્ત ખજૂર આદિ ખાવું અથવા બીજસહિત ફળને એમ વિચારીને ખાવું કે તેમાંથી અચિત્ત ભાગ ખાઈ લઈશ અને સચિત્ત બીજ આદિ ભાગ ફેંકી દઈશ, આ ''સચિત્ત પ્રતિબદ્ધાહાર'' છે.

પ્ર. ૭. ''અપક્વ ઔષધિ ભક્ષણ'' અતિચાર કેવી રીતે લાગે છે ?

જ. ૭. અપક્વ એટલે કે સંપૂર્ણ રીતે અચિત્ત ન બન્યા હોય તેવા પદાર્થોનો આહાર કરવાથી અપક્વ ઔષધિ ભક્ષણ અતિચાર લાગે છે. જેવા કે કાચા પાકા ખારીયા વિ.

પ્ર. ૮. ''દુષ્પકવ ઔષધિ ભક્ષણ'' અતિચાર શું છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ. ૮. દુષ્પકવ એટલે કે અડધા પાકેલાં અથવા અવિધિથી પકવેલા કે ખરાબ રીતે વિશિષ્ટ હિંસક રીતે પકવેલા પદાર્થ જેવાં કે રીંગણાના ભડથા, પોંક, ઓળો વિ.

પ્ર. ૯. ''તુચ્છૌષધિ'' કોને કહેવાય ?

જ. ૯. તુચ્છ એટલે અલ્પ સારવાળા – જેમાં ખાવાનો ભાગ ઓછો અને ફેંકવાનો ભાગ વધુ હોય, જેવા કે – સીતાફળ, શેરડી વગેરે. આવા પદાર્થોનો વપરાશ કરવાથી ''તુચ્છૌષધિ ભક્ષણ'' અતિચાર લાગે છે.

પ્ર. ૧૦. કર્માદાન કોને કહે છે ?

જ. ૧૦. જે ધંધા અને કાર્યોમાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનો વિશેષે બંધ થાય છે તેને 'કર્માદાન' કહેવાય છે. અથવા કર્મોના હેતુઓને કર્માદાન કહેવાય છે. કર્માદાન ૧૫ છે.

પ્ર. ૧૧. પાંચમું, છઠ્ઠું અને સાતમું વ્રત સામાન્ય રીતે એક કરણ અને ત્રણ યોગથી શા માટે લેવામાં આવે છે ?

જ. ૧૧. કારણ કે પાંચમા વ્રતમાં પોતાની પાસે મર્યાદાથી વધુ ધન થઈ જવાથી શ્રાવક તેનો ધર્મપુણ્યમાં વ્યય કરે છે, એ જ રીતે પોતાના પુત્ર આદિને આપવાનું મમત્ત્વ પણ ત્યાગી શકતો નથી. આ રીતે ક્યાંકથી દાટેલું ધન મળી જાય તો તેને પોતાના સ્વજનોને આપવાનો મોહ પણ ત્યાગી શકતો નથી.

છઠ્ઠા વ્રતની પણ આવી જ સ્થિતિ છે જેમ કે – શ્રાવક પોતાની કરેલી દિશા મર્યાદાથી વધુ પોતે તો જતો નથી પરંતુ કોઈકવાર પોતાના પુત્ર આદિને વિદ્યા, વ્યાપાર વગેરેને માટે મોકલવાનો પ્રસંગ ઊભો થઈ જાય છે.

આ રીતે સાતમા ઉપભોગ પરિભોગ વસ્તુઓની મર્યાદા ઉપરાંત પુત્રાદિને ભોગવવાનું કહેવાનો પ્રસંગ બને છે. માટે ઉપરના વ્રત એક કરણ ત્રણ યોગથી ગ્રહણ કરવામાં આવે છે. આ વાત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાન્ય દરજ્જાના શ્રાવકને ધ્યાનમાં રાખીને કહેવામાં આવી છે. વિશિષ્ટ શ્રાવક આ વ્રતોને વિશિષ્ટકરણ યોગોથી પણ ગ્રહણ કરી શકે છે.

પ્ર. ૧૨. રાત્રિ ભોજનનો ત્યાગ ક્યા વ્રતમાં આવે છે ?

જ. ૧૨. રાત્રિ ભોજનનો ત્યાગ શ્રાવકના સાતમા વ્રતમાં ગર્ભિત (રહેલો) છે. આ ઉપભોગ પરિભોગની કાળને આશ્રિત મર્યાદા છે.

પ્ર. ૧૩. ઉપભોગ પરિભોગની વસ્તુઓની મર્યાદાથી શું લાભ છે ?

જ. ૧૩. સંકલ્પ, વિકલ્પથી મુક્તિ મળે છે. આવશ્યકતાઓ ઘટે છે, જીવન સંતોષમય તથા ત્યાગમય બને છે. ધર્માચરણ માટે વધુ સમય મળે છે. મર્યાદિત ભૂમિની બહાર ઉપભોગની વસ્તુઓનો સંપૂર્ણ અને મર્યાદિત ભૂમિમાં પણ ઘણી વસ્તુઓનો ત્યાગ થવાથી આશ્રવ અટકે છે.

# ૮. અનર્થદંડ વિરમણ વ્રત

પ્ર. ૧. દંડ કોને કહે છે ?

જ. ૧. જેનાથી આત્મા તથા અન્ય પ્રાણીઓ દંડાય અર્થાત્ તેમની હિંસા થાય એ રીતે મન, વચન, કાયાની કલુષિત પ્રવૃત્તિને દંડ કહેવાય છે.

પ્ર. ૨. અર્થદંડ કોને કહે છે ?

જ. ૨. સ્વ, પર કે ઉભયના કોઈ પ્રયોજન (કાર્ય) માટે ત્રસ, સ્થાવર જીવોની હિંસા કરવી અર્થદંડ છે.

પ્ર. ૩. અનર્થદંડ કોને કહે છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ. ૩. જે કાર્ય સ્વના, (પોતાના) પરિવારના, સગા-સંબંધી, મિત્રો વગેરેના હિતમાં ન હોય, જેનું કોઈ પ્રયોજન ન હોય અને વ્યર્થમાં આત્મા પાપોથી દંડિત થાય તેને અનર્થદંડ કહે છે.

પ્ર. ૪. અનર્થદંડ અંતર્ગત આવનારા કેટલાંક કાર્યો જણાવો.

જ. ૪. જેમ કે - વિકથા કરવી, ખરાબ-ખોટો ઉપદેશ આપવો, અર્થહીન વાતો કરવી વગેરે પ્રવૃત્તિઓ અનર્થદંડ કહેવાય છે?

પ્ર. ૫. અવજ્ઝાણાચરિએ (અપધ્યાનાચરિત) કોને કહે છે?

જ. ૫. કારણ વિના આર્તધ્યાન, રૌદ્રધ્યાન કરવું અથવા કારણથી તીવ્ર આર્તધ્યાન કરવું અપધ્યાનાચરિત કહેવાય છે. ક્રોધમાં પોતાનું માથું ફોડવું, કારણ વિના જ દાંત પીસવા, જૂની વાતોને યાદ કરીને રોવું, શેખચલ્લીની જેમ ભૌતિક સુખ મેળવવા માટે કલ્પનાઓની ઉડાનો ભરવી એ અપધ્યાનાચરિત છે.

પ્ર. ૬. પમાયાચરિએ (પ્રમાદાચરિત) કોને કહે છે?

જ. ૬. પ્રમાદપૂર્વક આચરણ કરવું એટલે મદ્ય, વિષય, કષાય, નિંદ્રા અને વિકથામાં લાગેલા રહેવું તથા આળસથી કાર્ય કરવું. જેનાથી જીવોની હિંસા થાય. જેમ કે - જોયા વિના ચાલવું, ફરવું, વસ્તુ ઉપાડવી, રાખવી. પાણી, તેલ, ઘી વગેરે તરલ પદાર્થોના વાસણ ખુલ્લા મૂકી દેવા વગેરે પ્રમાદાચરિત છે.

પ્ર. ૭. હિંસપ્પયાણં (હિંસાપ્રધાન) કોને કહે છે?

જ. ૭. હિંસા આદિ પાપોના સાધનો, અસ્ત્ર-શસ્ત્ર આદિ અથવા તેના સંબંધી સાહિત્ય બીજાને આપવું હિંસપ્પયાણં કહેવાય છે.

પ્ર. ૮. પાવકમ્મોવએસં (પાપકર્મોપદેશ) શું છે?

જ. ૮. પાપ કાર્યોનો ઉપદેશ આપવો, પાપ કાર્યોની પ્રેરણા આપવી એ પાપકર્મ ઉપદેશ કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર. ૯. કંદપ્પે (કંદર્પ) કોને કહેવાય છે ?

જ. ૯. કામ ઉત્પન્ન કરવાવાળા શબ્દોનો ઉપયોગ કરવો, રાગના આવેશમાં હાસ્ય મિશ્રિત મોહ પેદા કરે તેવી મજાક કરવી કંદર્પ કહેવાય છે.

પ્ર. ૧૦. કુક્કુઈએ (કૌત્કુચ્ય) અતિચાર શું છે ?

જ. ૧૦. ભાંડો (વિદૂષક)ની જેમ ભ્રમરો, આંખો, નાસિકા, હોઠ, મુખ, હાથ-પગ વગેરે અંગોને વિકૃત બનાવીને બીજાને હસાવવાની ચેષ્ટા કરવી કૌત્કુચ્ય અતિચાર છે.

પ્ર. ૧૧. મોહરિએ (મૌખર્ય્ય) અતિચાર શી રીતે લાગે છે ?

જ. ૧૧. ઠઠ્ઠા મશ્કરીથી અસત્ય, ઉટપટાંગ વચનો બોલવાથી મૌખર્ય્ય અતિચાર લાગે છે.

પ્ર. ૧૨. સંજુત્તાહિગરણે (સંયુક્તાધિકરણ) કોને કહે છે ?

જ. ૧૨. જુદી-જુદી જગ્યાએ પડેલાં શસ્ત્રોના અવયવોને ભેગા કરી એક સ્થાને રાખવા, શસ્ત્રોનો વિશેષ સંગ્રહ કરવો 'સંયુક્તાધિકરણ' કહેવાય છે. કાર્ય કરવામાં સમર્થ એવા ઉખલ અને મૂસલ, (મગદર), શિલા અને લોઢું, હળ અને પાવડો, ગાડી અને ધરી, ધનુષ્ય અને બાણ, વસૂલા અને કુલ્હાડી વગેરે દુર્ગતિમાં લઈ જનારા સાધનોને જે એક સાથે કામમાં આવે છે, તે એક સાથે રાખવા સંયુક્તાધિકરણ અતિચાર છે.

પ્ર. ૧૩. કંદર્પાદિથી કયા-કયા અનર્થદંડ થાય છે ?

જ. ૧૩. કંદર્પ અને કૌત્કુચ્યથી અપધ્યાનાચરિત અને પ્રમાદાચરિત અનર્થદંડ થાય છે. મૌખર્ય્યથી પાપકર્મોપદેશ, સંયુક્તાધિકરણથી હિંસાપ્રધાન અને ઉપભોગ - પરિભોગ અતિરેકથી હિંસાપ્રધાન અને પ્રમાદાચરિત અનર્થદંડ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૯. સામાયિક વ્રત

પ્ર. ૧. સામાયિક કોને કહેવાય છે ?

જ. ૧. સામાયિક એટલે સમભાવની પ્રાપ્તિ.

પ્ર. ૨. સામાયિકમાં શેનો ત્યાગ કરવાનો હોય છે ?

જ. ૨. સાવદ્યયોગોનો.

પ્ર. ૩. સાવદ્યયોગ કોને કહે છે ?

જ. ૩. અઢાર પાપ સ્થાનના સેવનને સાવદ્યયોગ કહે છે.

પ્ર. ૪. સાધુજીની અને શ્રાવકની સામાયિકમાં શું ફેર છે ?

જ. ૪. સાધુજીની સામાયિક જીવનપર્યંતની અને શ્રાવકની સામાયિક બે-ચાર ઘડી કે જાવ નિયમ સુધીની હોય છે. સાધુજીની સામાયિક ત્રણ કરણ, ત્રણ યોગથી થાય છે. તથા શ્રાવકની સામાયિક સામાન્ય રીતે બે કરણ અને ત્રણ યોગથી થાય છે.

પ્ર. ૫. સામાયિક વ્રતને આટલું પાછળ નવમા વ્રતમાં શા માટે લેવામાં આવ્યું છે ?

જ. ૫. આગળના આઠ વ્રત યાવત્ જીવન (આજીવન) સુધી ગ્રહણ કરવામાં આવે છે અને સામાયિક ૨-૪ ઘડી સુધી અથવા સામાયિકની શુદ્ધ આરાધના માટે અઢાર પાપોનું જ્ઞાન આવશ્યક છે. અણુવ્રતો અને ગુણવ્રતોમાં તેનું વર્ણન આવી જાય છે.

# ૧૦. દેશાવગાસિક વ્રત

પ્ર. ૧. દેશાવગાસિક વ્રત કોને કહે છે ?

જ. ૧. પહેલાના બધા વ્રતોમાં જે મર્યાદાઓ આજીવન માટે કરી હતી, તેને ટુંકાવી હજી પણ વધુ મર્યાદા પ્રતિદિન માટે કરવી દેશાવગાસિક વ્રત છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર. ૨. વર્તમાનમાં વ્રતસંક્ષેપ શી રીતે કરવામાં આવે છે ?

જ. ૨. વર્તમાનમાં વ્રતસંક્ષેપ ચૌદ નિયમોથી બધા વ્રતોનું પ્રતિદિન સંક્ષેપણ કરવામાં આવે છે. ચૌદ નિયમ આ પ્રમાણે છે.

(૧) સચિત - પૃથ્વીકાય આદિ સચિત્તની મર્યાદા.
(૨) દ્રવ્ય - ખાન, પાન સંબંધી દ્રવ્યોની મર્યાદા.
(૩) વિગય - પાંચ વિગયોમાંથી વિગયની મર્યાદા.
(૪) પન્ની - પગરખાં, ચંપલ, જૂતા, મોજા આદિની મર્યાદા.
(૫) તાંબૂલ - મુખવાસની મર્યાદા.
(૬) વસ્ત્ર - પહેરવા, ઓઢવાનાં વસ્ત્રોની મર્યાદા.
(૭) કુસુમ - ફૂલ, અત્તર આદિની મર્યાદા.
(૮) વાહન - મોટર, ગાડી વગેરે વાહનોની મર્યાદા.
(૯) શયન - સૂવા યોગ્ય પાટ, પલંગ, પાથરણાની મર્યાદા.
(૧૦) વિલેપન - કેસર, ચંદન, તેલ, સાબુ, અંજન વગેરેની મર્યાદા.
(૧૧) બ્રહ્મચર્ય - ચોથા અણુવ્રતને પણ સંકુચિત કરવું, કુશીલની મર્યાદા.
(૧૨) દિશા - દિશાઓની મર્યાદા.
(૧૩) સ્નાન - સ્નાનની સંખ્યા અને પાણીની મર્યાદા.
(૧૪) ભોજન - ભોજન-પાણીની મર્યાદા, એકવાર કે બે વાર તથા વસ્તુની મર્યાદા કરવી.

પ્ર. ૩. ચૌદ નિયમ ધારણ કરવા - તેને દસમા વ્રતમાં શા માટે લેવામાં આવે છે ?

જ. ૩. પ્રતિદિન ચૌદ નિયમ ધારણ કરવા - તેને દસમા વ્રતમાં ગણવામાં આવે છે. કારણ કે ચૌદ નિયમ ધારણ કરવાથી વ્રતોનો સંક્ષેપ થાય છે અને મર્યાદિત ભૂમિની ઉપરાંત આશ્રવનો ત્યાગ થાય છે.

ચૌદ નિયમોમાંથી કોઈ એક નિયમને પ્રતિદિન ધારણ કરવું પણ દેશાવગાસિક વ્રતને અંતર્ગત છે. કોઈ પણ કરણયોગથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મર્યાદિત ભૂમિની બહાર પાંચ આશ્રવનો ત્યાગ એ દસમું વ્રત છે.

પ્ર. ૪. શું સામાયિકમાં ચૌદ નિયમ ધારી શકાય છે ?

જ. ૪. સામાયિકમાં સાવદ્ય ભાષા ટાળીને ચૌદ નિયમોની ધારણા કરી શકાય છે. જેમ કે અમુક દ્રવ્ય ઉપરાંતનો ત્યાગ વગેરે.

પ્ર. ૫. શું ફક્ત દસમું વ્રત ધારી શકાય છે ?

જ. ૫. ફક્ત દસમું વ્રત ધારણ તો કરી શકાય છે પરંતુ અન્ય વ્રત નહીં હોવાથી તેનું સંક્ષિપ્તીકરણ નહીં થઈને ફક્ત એક દિવસની મર્યાદા થશે.

પ્ર. ૬. આણવણપ્પઓગે (આનયનપ્રયોગ) કોને કહે છે ?

જ. ૬. મર્યાદા કરેલા ક્ષેત્રની બહાર પોતે ન જઈ શકવાને લીધે બીજાને ''તમે આ વસ્તુ લેતા આવજો'' - આ રીતે સંદેશ (સમાચાર) આદિ આપીને વસ્તુ મંગાવવી ''આનયનપ્રયોગ'' અતિચાર છે.

પ્ર. ૭. પેસવણપ્પઓગે (પ્રેષ્યપ્રયોગ) અતિચાર શું છે ?

જ. ૭. મર્યાદિત ક્ષેત્રની બહાર જાતે જવાથી મર્યાદાનું ઉલ્લંઘન થશે. આ ભયથી નોકર-ચાકર આદિ આજ્ઞાકારી માણસને મોકલીને કામ કરાવવું ''પ્રેષ્યપ્રયોગ'' અતિચાર છે.

પ્ર. ૮. સદ્દાણુવાએ (શબ્દાનુપાત) કોને કહે છે ?

જ. ૮. પોતાના ઘરની વાડ કે ચાર દિવાલની અંદર નિયમિત ક્ષેત્રથી બહારનું કાર્ય થવાથી વ્રતીના વ્રતભંગના ભયથી સ્વયં બહાર ન જઈને આસપાસના લોકોને છીંક, ખાંસી વગેરે દ્વારા જાણ કરાવવી 'શબ્દાનુપાત' અતિચાર છે.

પ્ર. ૯. રૂવાણુવાએ (રૂપાનુપાત) અતિચાર શું છે ?

જ. ૯. નિયમિત ક્ષેત્રની બહાર પ્રયોજનથી બીજાને પોતાની પાસે બોલાવવાને માટે પોતાનું કે પદાર્થ, વસ્તુનું રૂપ બતાવવું તે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

''રૂપાનુપાત'' અતિચાર છે.

પ્ર. ૧૦. બહિયાપુગ્ગલપક્ખેવે (બહિઃ પુદ્‌ગલ પ્રક્ષેપણ) કોને કહે છે ?

જ. ૧૦. કાંકરા, પત્થર વગેરે ફેંકીને મર્યાદાની બહારથી પ્રયોજનને કારણે કોઈને બોલાવવા તે ''બહિઃ પુદ્‌ગલ પ્રક્ષેપણ'' કહેવાય છે.

## ૧૧. પરિપૂર્ણ પૌષધવ્રત

પ્ર. ૧. પૌષધમાં આહાર, અબ્રહ્મ, શરીર સત્કાર અને સાવદ્યયોગ - આ ચાર બોલ છોડવા આવશ્યક છે ?

જ. ૧. આહારને છોડીને બાકીના ત્રણ બોલ છોડવા આવશ્યક છે. આહારમાં ચાર પ્રકારના કે ત્રણ પ્રકારના આહાર છોડી શકાય છે. ક્યારેક ચારે પ્રકારના આહાર કરી પણ શકાય છે. જેને દયા કહેવાય છે.

પ્ર. ૨. પૌષધનો ઓછામાં ઓછો સમય કેટલો છે ?

જ. ૨. પૌષધનો ઓછામાં ઓછો સમય ચાર પ્રહરનો છે.

પ્ર. ૩. પૌષધના કેટલાં પ્રકાર છે ?

જ. ૩. બે પ્રકાર છે. (૧) પરિપૂર્ણ = જેમાં ચારે પ્રકારના આહાર છોડવામાં આવે અને ઉપવાસ સહિત જેનું આઠ પ્રહર સુધી પાલન કરવામાં આવે.

(૨) દેશપૌષધ = જેમાં પાણી તથા ચારે આહારનો ઉપયોગ કરવામાં આવે તે દેશપૌષધ છે. ચાર પ્રહર વગેરે કોઈ પણ કાળ મર્યાદા.

પ્ર. ૪. હાલમાં દેશપૌષધને શું કહે છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ. ૪. જેમાં માત્ર પાણી જ વાપરવામાં આવે છે તેને 'તિવિહાર પૌષધ' કહે છે અને જેમાં ચારે પ્રકારનો આહાર વાપરવામાં આવે છે એવા પૌષધને 'દયા' કહેવાય છે.

પ્ર. ૫. આઠ પ્રહરથી ઓછો પૌષધ કરનારનું અને દયારૂપ પૌષધ કરનારનું શાસ્ત્રીય ઉદાહરણ આપો.

જ. ૫. જેમ કે - ભગવતીસૂત્ર શતક - ૧૨ ઉદ્દેશક-૧ મા શંખશ્રાવકે આઠ પહોરથી ઓછા સમયનો ઉપવાસ યુક્ત પૌષધ કર્યો હતો. તથા પુષ્કલી આદિ શ્રાવકોએ ખાઈ-પીને પૌષધ કર્યો હતો, જેને હમણાં દયા કહેવામાં આવે છે.

પ્ર. ૬. સામાયિક અને પૌષધ (દેશપૌષધ-દયા)માં શું ફેર છે ?

જ. ૬. સામાયિક ફક્ત એક મુહૂર્તની (બે ઘડી) હોય છે. જ્યારે પૌષધ ઓછામાં ઓછો ચાર પહોરનો હોય છે. સામાયિકમાં નિંદ્રા અને આહાર વગેરેનો ત્યાગ કરવો જ પડે છે. જ્યારે પૌષધ ચાર કે તેથી વધુ પ્રહરનો હોવાથી તેમાં આરામ કરી શકાય છે અને આહાર પણ કરી શકાય છે. પૌષધવ્રત, સામાયિકનું વિશિષ્ટ મોટું રૂપ છે.

પ્ર. ૭. સામાયિકમાં કેમ આહાર-પાણીની છૂટ હોતી નથી ?

જ. ૭. સામાયિક થોડા સમયની હોય છે તેથી તે આ છૂટછાટો વિના કરવાની હોય છે. જો તેની છૂટ સામાયિકમાં આપવામાં આવે તો સામાયિકમાં જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના થઈ શકશે નહીં. પૌષધ લાંબા સમયનો હોવાને લીધે છૂટછાટ વિના તેનું પાલન કઠિન બને છે.

પ્ર. ૮. પહેલાં સામાયિક લીધેલી હોય અને પૌષધ કરવો હોય તો સામાયિકમાં પૌષધ લઈ શકાય કે નહીં ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ. ૮. હા, લઈ શકાય છે. કારણ કે સામાયિક પાળીને લેવાથી વચ્ચે અવ્રત લાગે છે. પરંતુ જ્યાં સુધી સામાયિકનો સમય પૂર્ણ ન થાય ત્યાં સુધી સામાયિકના વિશિષ્ટ નિયમોનું ખાસ ધ્યાન રાખવું. જેમ કે પગ ફેલાવવા, આડા પડવું વગેરે ન કરવું.

પ્ર. ૯. પૌષધમાં સામાયિક કરવી કે નહીં ?

જ. ૯. આહારયુક્ત દેશ પૌષધમાં સામાયિક લઈ અને પારી શકાય છે.

પ્ર. ૧૦. પ્રતિલેખન, પ્રમાર્જન કોને કહે છે ?

જ. ૧૦. વસ્ત્ર આદિ ઉપયોગમાં આવનાર બધાં ઉપકરણોમાં કોઈ જીવ છે કે નહીં, તે દૃષ્ટિએ ઉતાવળથી નહીં પણ ધ્યાનથી કપડાં આદિની પ્રતિલેખના કરવાની હોય છે, નહીં તો અતિચાર લાગે છે. **પ્રમાર્જન** – જીવ આદિ દેખાય તો તેને કોઈ પણ પ્રકારનું કષ્ટ ન પહોંચે તે રીતે જત્નાપૂર્વક હળવા હાથે પૂંજણી કે રજોહરણથી એકાંત સુરક્ષિત સ્થાને લઈ જઈ છોડી દેવું પ્રમાર્જન કહેવાય છે. રાત્રે તથા દિવસે પ્રકાશરહિત સ્થાને વિધિપૂર્વક પૂંજવું આવશ્યક છે. નહીં પૂંજવાથી અતિચાર લાગે છે.

પ્ર. ૧૧. પ્રતિલેખન કે પ્રમાર્જન કયા ક્રમથી કરવું જોઈએ ?

જ. ૧૧. પહેલા મુખવસ્ત્રિકા, પછી પૂંજણી, વસ્ત્ર, સંથારિયું, પૌષધશાળા, પરઠવાની ભૂમિ અને ગોચરીના પાત્ર આદિનું આ ક્રમથી પ્રતિલેખન કે પ્રમાર્જન કરવું.

પ્ર. ૧૨. પૂંજવાથી અને પ્રતિલેખન કર્યા પછી પણ અતિચાર લાગે છે ?

જ. ૧૨. વિધિથી કે જંત્નાપૂર્વક નહીં પૂંજવાથી કે પ્રતિલેખન કરવાથી અતિચાર લાગે છે.

પ્ર. ૧૩. પૌષધના કેટલા અતિચાર છે ?

જ. ૧૩. પૌષધના ૫ અતિચાર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૨ અતિથિ સંવિભાગ વ્રત

પ્ર.૧ અતિથિ સંવિભાગ વ્રતનું સ્વરૂપ શું છે ?

જ.૧ જેની આવવાની કોઇ તિથિ કે સમય નક્કી ન હોય એવા પંચમહાવ્રતધારી નિર્ગ્રંથ શ્રમણો (સાધુ)ને તેમના કલ્પ અનુસાર (૧) અશન-આહાર (૨) પાણં - પાણી (૩) મેવા-મિઠાઈ (૪) મુખવાસ (૫) વસ્ત્ર (૬) પાત્ર (૭) કાંબળી (૮) પાદપ્રોંછન - રજોહરણ (૯) બાજોઠ, પાટલાં આદિ (૧૦) પાટ-પાટિયું (૧૧) શય્યા (મકાન) (૧૨) સંથારિયું (૧૩) ઔષધ અને (૧૪) ભેષજ.

આ ચૌદ પ્રકારની વસ્તુઓ નિષ્કામ બુદ્ધિપૂર્વક આત્મકલ્યાણની ભાવનાથી આપવી તેમજ તે દાનનો સંયોગ ન મળે તો પણ એવી ભાવના રાખવી એ અતિથિ સંવિભાગ વ્રત છે.

પ્ર. ૨. પડિહારી અને અપડિહારી વસ્તુઓ કોને કહે છે ? આ વસ્તુઓ કઈ કઈ છે ?

જ. ૨. જે વસ્તુઓને સાધુ-સાધ્વી લીધાં બાદ પાછી આપતાં નથી તેને ''અપડિહારી'' વસ્તુઓ કહે છે. તેના આઠ ભેદ છે. (૧) આહાર (૨) પાણી (૩) ખાદ્ય ચીજો-મેવા મિઠાઈ (૪) મુખવાસ (૫) વસ્ત્ર (૬) પાત્ર (૭) કાંબળી અને (૮) રજોહરણ.

જે વસ્તુને સાધુ-સાધ્વી ઉપયોગમાં લઈને થોડા સમય પછી પાછી આપી દે છે તેને ''પડિહારી'' વસ્તુઓ કહેવાય છે. તેના છ ભેદ છે. (૧) બાજોઠ, પાટલા આદિ (૨) પાટ, પાટિયું આદિ (૩) શય્યા (પૌષધશાળા, મકાન) (૪) સંથારિયું (ઘાસ આદિની પથારી) (૫) ઔષધ અને (૬) ભેષજ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરની ચૌદ પ્રકારની અચિત્ત અને દોષરહિત વસ્તુઓ સાધુ-સાધ્વીઓને તેમની આવશ્યકતા મુજબ આપવી તે ચૌદ પ્રકારનું દાન કહેવાય છે.

પ્ર. ૩. ઔષધ અને ભેષજમાં શો ફેર છે ?

જ. ૩. સૂંઠ, હળદર, આંબળા, હરડે, લવિંગ વગેરે અસંયોગી દ્રવ્ય ''ઔષધ'' કહેવાય છે. હિંગાષ્ટક ચૂર્ણ, ત્રિફળા વગેરે સંયોગી વસ્તુઓ ''ભેષજ'' કહેવાય છે.

પ્ર. ૪. શું દેય-આપવા લાયક વસ્તુઓ ચૌદ જ છે ?

જ. ૪. આ ચૌદ વસ્તુઓ મુખ્યત્વે – સામાન્ય રીતે કામમાં આવે છે તેથી તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સિવાય ધર્મ ઉપયોગી પુસ્તકો, સોય, કાતર વગેરે સમજી લેવું જોઈએ.

પ્ર. ૫. શું સાધુ-સાધ્વીઓ જ દાનને પાત્ર છે ?

જ. ૫. સાધુ-સાધ્વીઓ દાનના ઉત્કૃષ્ટ (ઉત્તમ) પાત્રો છે. તેથી તેમનો આ બારમા વ્રતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રતિમાધારી (પડિમાધારી) શ્રાવક, વ્રતધારી શ્રાવક અને સામાન્ય સ્વધર્મી સમ્યક્ત્વી પણ દાનના પાત્ર છે.

પ્ર. ૬. સચિત્ત નિક્ખેવણયા (સચિત્ત નિક્ષેપ) કોને કહે છે ?

જ. ૬. સાધુને નહીં આપવાના ઈરાદાથી કપટપૂર્વક અચિત્ત વસ્તુઓને સચિત્ત પર મૂકવી એ 'સચિત્તનિક્ષેપ' કહેવાય છે. જેમ કે - રોટલીના ગરમાને મીઠું ભરેલી બરણી પર મૂકવું. ધોવણ પાણીના વાસણને સચેત્ત પાણીના ઘડા પર મૂકવું, ખીચડી વગેરેને ચૂલા પર મૂકવાં, મિઠાઈ વગેરેને લીલા પાંદડા પર મૂકવી વગેરે...



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર. ૭. સચિત્ત પિહણયા (સચિત્ત પિધાન) અતિચાર શું છે ?

જ. ૭. સાધુને નહીં આપવાના ઈરાદાથી અચેત્ત અનાજ આદિને સચેત્ત ફળ વગેરેથી ઢાંકવું તે 'સચેત્ત પિધાન' અતિચાર છે.

પ્ર. ૮. કાલાઈક્કમે (કાળાતિક્રમ) કોને કહે છે ?

જ. ૮. ઉચિત (યોગ્ય) ભિક્ષાકાળનું અતિક્રમણ (ઉલ્લંઘન) કરવું કાળાતિક્રમ અતિચાર છે. જમતી વેળા બારણાં બંધ રાખવા, પોતે ઘરની બહાર હોવું, રાત્રે દાનની ભાવના ભાવવી વગેરે કાળાતિક્રમ અતિચાર છે.

પ્ર. ૯. પરોવપએસે (પરવ્યપદેશ) કોને કહે છે ?

જ. ૯. આહારાદિ પોતાના હોવા છતાં પણ ન આપવાના ઈરાદાથી તેને બીજાને કહેવું પરવ્યપદેશ અતિચાર છે. તથા આપ સૂઝતા હોવા છતાં પણ દાસ, નોકર વગેરે થકી દાન અપાવવું તે પણ આ અતિચારમાં આવે છે.

પ્ર. ૧૦. મચ્છરિયાએ (મત્સરિતા)નો અર્થ શું છે ?

જ. ૧૦. અમુક વ્યક્તિએ દાન આપ્યું હોય તો શું હું તેનાથી કંજૂસ કે હીન છું ? આ રીતે ઈર્ષાભાવે દાન દેવાની પ્રવૃત્તિ કરવી, વિશિષ્ટ દાની કહેવડાવવા દાન આપવું વગેરે 'મત્સરિતા' અતિચાર છે.

પ્ર. ૧૧. આ વ્રત કેવી રીતે આચરવામાં આવે છે ?

જ. ૧૧. દિવસે એક વાર, બે વાર ભોજન કરતી વખતે નિર્દોષ દાન આપવાની દૃષ્ટિએ ''હું પાંચ નમસ્કારમંત્ર ગણીને થોડો સમય સાધુ, મુનિરાજની પધારવાની ભાવના ભાવીશ'' વગેરે.

પ્ર. ૧૨. આ વ્રતને ધારણ કરનારે મુખ્યત્વે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ ?

જ. ૧૨. (૧) રસોઈ બનાવનારે અને જમનારે સચિત્ત વસ્તુઓ દૂર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખીને બેસવું જોઈએ.(૨) ઘરમાં સચેત્ત-અચેત્ત વસ્તુઓને અલગ-અલગ રાખવાની વ્યવસ્થા હોવી જોઈએ. (૩) સચેત્ત વસ્તુઓનું કામ પતી ગયા પછી તેમને યથાસ્થાને મૂકી દેવાની ટેવ હોવી જોઈએ. (૪) કાચા પાણીના છાંટા, લીલી વનસ્પતિ-શાકભાજીનો કચરો તથા ઠળિયા વગેરેને ઘરમાં નહીં ફેલાવવાની પ્રવૃત્તિ રાખવી જોઈએ. (૫) ધોવણ પાણી વિષે જાણકારી મેળવી તે આપણા ઘરમાં ઉપલબ્ધ રહે તથા અચેત્ત કલ્પનીય પાણીને તરત ન ફેંકી દેવું. તેને યોગ્ય - સૂઝતા સ્થાને ઢાંકીને મૂકી રાખવું. (૬) દિવસે ઘરના દરવાજા ખુલ્લા રાખવાની ટેવ પાડવી જોઈએ. (૭) સાધુ મુનિરાજ ઘરે પધારે ત્યારે સૂઝતા હોઈએ તો, તથા મુનિરાજને ખપ હોય તો પોતાને હાથે વહોરાવવાની ઉત્કૃષ્ટ ભાવના રાખવી જોઈએ. (૮) સાધુજીની ગોચરીના વિધિ - વિધાનની જાણકારી, તેમનો સત્સંગ, ચર્ચા શાસ્ત્ર સ્વાધ્યાયથી નિરંતર વધારતાં રહેવી જોઈએ. (૯) સાધુ મુનિરાજ ગવેષણા કરવા માટે કંઈ પણ પૂછે તો ખોટું ન બોલવું જોઈએ અને તેમની ગવેષણાથી નારાજ પણ ન થવું જોઈએ.

પ્ર. ૧૩. શું સામાયિક, પૌષધમાં હોય તે વ્યક્તિ, સાધુ-સાધ્વીને આહાર-પાણી વગેરે વહોરાવી શકે છે ?

જ. ૧૩. સામાયિક પૌષધવાળી વ્યક્તિ - શ્રાવક સામાયિક, પૌષધમાં ન હોય તેવા શ્રાવક પાસેથી આહારાદિ વસ્તુની માંગણી કરીને, કે આજ્ઞા લઈ પોતાના ઘરેથી કે બીજાને ઘરેથી સાધુઓને વહોરાવી શકે છે. પોતાની પાસે રહેલાં ઉપકરણ, પ્રમાર્જની, વસ્ત્ર, પુસ્તક વગેરે કોઈની આજ્ઞા વિના પણ બીજાને આપી શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મોટી સંલેખનાનો પાઠ

## (સંથારો - સંલેખના પાઠ)

પ્ર. ૧. મરણ કોને કહે છે ? તેના મુખ્ય ભેદ કેટલાં છે ?

જ. ૧. આયુષ્ય પૂરૂં થયા બાદ આત્માનું શરીરથી અલગ થવું અથવા શરીરથી પ્રાણનું નીકળવું ''મરણ'' કહેવાય છે. મરણ બે પ્રકારના બતાવ્યા છે - (૧) સકામ (પંડિત) મરણ અને (૨) અકામ (બાલ) મરણ.

જ્ઞાની જીવોનું મરણ સકામ હોય છે અને અજ્ઞાની જીવોનું મરણ અકામમરણ હોય છે.

પ્ર. ૨. સંલેખના એટલે શું ?

જ. ૨. સંલેખના એક પ્રકારનું તપ છે.

પ્ર. ૩. સંલેખના કેવું તપ છે ?

જ. ૩. સંલેખના શરીર અને કષાયને પાતળા પાડનારું તપ છે.

પ્ર. ૪. તપથી શું લાભ છે ?

જ. ૪. ભૌતિકદૃષ્ટિથી રોગમુક્તિ મળે છે. શારીરિક, માનસિક વિકારો નષ્ટ થાય છે. શરીર સ્વસ્થ બને છે. આધ્યાત્મિક દૃષ્ટિએ આત્મદૃઢતાનો વિકાસ થાય છે. કર્મરૂપી કચરાનો વિનાશ થવાથી આત્મા નિર્મળ અને સશક્ત બને છે. લબ્ધિ પ્રાપ્ત થાય છે. કર્મરૂપી કચરો બાળવાને માટે તપ અગ્નિનું કામ કરે છે.

પ્ર. ૫. રોજ રાત્રે કેવી રીતે સંલેખના કરવી જોઈએ ?

જ. ૫. આની વિધિ પણ મારણંતિક સંલેખના જેવી જ છે. જ્યાં ''વિહરામિ'' શબ્દ આવે છે ત્યાર પછી 'જો જીવું તો અનશન પાળવું કલ્પે છે, મરી જઉં તો જીવનપર્યંત અનશન છે' આટલું બોલવું જોઈએ. તેને નીચેના દોહાથી પણ ગ્રહણ કરી શકાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આહાર, શરીર, ઉપધિ, પચ્ચખું પાપ અઢાર ।**
**જ્યાં સુધી હું બોલું નહીં, એકવાર નવકાર ॥**

પ્ર. ૬. મારણાંતિક સંલેખનાની વિધિ શું છે ?

જ. ૬. સંલેખનાનો યોગ્ય અવસર જોઈને સાધુ-સાધ્વીજીની સેવામાં કે તેમના અભાવે અનુભવી શ્રાવક-શ્રાવિકા સામે પોતાના વ્રતોમાં લાગેલા અતિચારોની નિષ્કપટ આલોચના કરી પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ. તેમાં ચાર આહાર અને અઢાર પાપનો ત્રણ કરણ ત્રણ યોગથી ત્યાગ કરવામાં આવે છે. જો કોઈનો સંયોગ ન મળે તો સ્વયં પોતે આલોચના કરીને સંલેખના તપ ગ્રહણ કરી શકાય છે. જો તિવિહાર અનશન ગ્રહણ કરવો હોય તો ''પાણં'' શબ્દ ન બોલવો જોઈએ. ગાદી, પલંગનો ઉપયોગ, ગૃહસ્થો દ્વારા સેવા આદિ કોઈ છૂટ રાખવી હોય તો તેના માટે છૂટ રાખી લેવી જોઈએ.

પ્ર. ૭. ઉપસર્ગ સમયે કેવી રીતે સંલેખના કરવી જોઈએ ?

જ. ૭. જ્યાં ઉપસર્ગ ઉપસ્થિત થાય ત્યાંની ભૂમિ પૂંજીને 'નમોત્થુણંથી વિહરામી' સુધીનો પાઠ બોલવો જોઈએ અને પછી આ પ્રમાણે બોલવું જોઈએ.'' જો ઉપસર્ગથી બચુ તો અનશન પાળવો કલ્પે છે, નહીંતર જીવનપર્યંત - આજીવન અનશન છે.''

પ્ર. ૮. સંલેખના એ શું આત્મહત્યા છે ?

જ. ૮. સંલેખના, આત્મહત્યા નથી. સંલેખનાનો ઉદ્દેશ આત્મઘાત કરવાનો નથી પરંતુ આત્મગુણ ઘાતક અવગુણોનો નાશ કરવાનો છે. સંલેખના આત્મોત્થાનની દૃષ્ટિથી કરવામાં આવે છે. આ આત્મશુદ્ધિ અને પ્રાયશ્ચિત્તનું મહાનમાં મહાન તપ છે. આ ઉગ્ર વ્રત છે અને અંતિમ ક્ષણોમાં સાધનાશીલને ચિરશાંતિ પ્રદાન કરવાનું પ્રબળ સાધન છે. આત્મહત્યા રાગ-દ્વેષ તથા મોહવૃત્તિથી જ થાય છે. આત્મઘાત સામાન્ય રીતે લજ્જા,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરાશા, આવેશથી કરવામાં આવે છે. સંથારામાં પ્રાણ અવશ્ય નાશ પામે છે પરંતુ તે રાગ, દ્વેષ અને મોહનું કારણ નથી. માટે જ મારણાંતિક સંલેખનાનો હિંસાની કોટિમાં સમાવેશ કરવામાં આવતો નથી. સંલેખનામાં પ્રમાદનો અભાવ છે કારણ કે તેમાં રાગ આદિ હોતાં નથી. રાગાદિના અભાવે જ સંલેખના કરનારને આત્મઘાતનો દોષ લાગતો નથી.

જેમ કોઈ વ્યક્તિ સમાજસેવા અને રાષ્ટ્રસેવાને માટે પોતાનું બલિદાન આપે છે તો આપણે તેના બલિદાનને આત્મહત્યા માનતાં નથી. આ રીતે જે વ્યક્તિ આત્મશુદ્ધિ અને આત્મોત્થાન માટે પોતાનું તન અને મન ધર્મ સાધનામાં ન્યોચ્છાવર કરી દે છે તેના આ મહાન ત્યાગને આત્મહત્યા કેવી રીતે માની શકાય છે ? આત્મહત્યા નિંદાપાત્ર ગુનો છે. કાયરતાપૂર્વક કરવામાં આવતું હલકું કાર્ય છે. જ્યારે સંલેખના પવિત્ર, પ્રશંસનીય અને આત્મોત્થાનનું વીરોચિત કાર્ય છે. તેથી સંલેખના-સંથારાને આત્મહત્યા ન માનવી જોઈએ. જો કોઈ માને તો તે તેની ભૂલ છે.

## અઢાર પાપ-સ્થાનનો પાઠ

પ્ર.૧ અઢાર પાપોમાં સૌથી મોટું પાપ કયું છે ?

જ.૧ અઢારમું – મિથ્યાદર્શનશલ્ય પાપ સૌથી મોટું (ભયંકર) છે.

પ્ર.૨ તેને પાપસ્થાન શા માટે કહેવામાં આવે છે ?

જ.૨ તે સેવવા યોગ્ય નથી. તેનું આચરણ કરવાથી ઘણા અશુભકર્મોનો બંધ થાય છે. આત્મા દુર્ગતિમાં જાય છે.

પ્ર.૩ પાપોનું સ્વરૂપ સમજવું શા માટે આવશ્યક (જરૂરી) છે ?

જ.૩ તેનાથી પાપકાર્યોથી બચી શકાય છે અને ધર્મ તથા પુણ્યના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્યમાં પ્રવૃત્ત થઈ શકાય છે.

પ્ર.૪ પરિગ્રહ અને લોભમાં શો ફેર છે?

જ.૪ પ્રાપ્ત વસ્તુ ગ્રહણ કરવી અને તેના પ્રત્યે મમત્વ રાખવું તે પરિગ્રહ છે અને અપ્રાપ્ત વસ્તુની ઈચ્છા તથા પ્રાપ્ત વસ્તુ છોડવાના ભાવ ન કરવા તે લોભ છે.

પ્ર.૫ રતિ અને અરતિ પાપનું સ્વરૂપ કેવું છે?

જ.૫ મનને ગમે તેવા – મનોજ્ઞ વિષયો પ્રત્યે રાગ અને સંયમવિરુદ્ધ કાર્યમાં આનંદ માનવો – તેને ''રતિ'' અને અમનોજ્ઞ વિષયો પ્રત્યે દ્વેષ અને સંયમસંબંધી કાર્યોમાં ઉદાસીનતા સેવવી તેને ''અરતિ'' કહે છે.

# પચ્ચીસ મિથ્યાત્વનો પાઠ

પ્ર. ૧. મિથ્યાત્વ કોને કહે છે?

જ. ૧. મોહનીયકર્મના ઉદયથી તત્ત્વાર્થમાં શ્રદ્ધા ન હોવી કે વિપરીત શ્રદ્ધા હોવી, વધુ ઓછી શ્રદ્ધા હોવી – એ મિથ્યાત્વ છે.

પ્ર. ૨. ''જીવને અજીવ શ્રદ્ધે (માને)' તો મિથ્યાત્વ'' કેમ છે?

જ. ૨. જીવને તત્ત્વ ન માનવું અથવા જડથી ઉત્પન્ન થતું માનવું. પૃથ્વી, પાણી, વનસ્પતિ વગેરે સંમૂર્ચ્છિમ આદિને જ જીવ ન માનવા, ઈંડા તથા જળચર જીવોને ખાદ્ય પદાર્થ માનીને તેમાં જીવ ન માનવો મિથ્યાત્વ છે.

પ્ર. ૩. અજીવને જીવ માનવું મિથ્યાત્વ છે. શી રીતે?

જ. ૩. જેમાં જીવ નથી તેમાં જીવ માનવો. ઈશ્વરે સંસારની રચના કરી છે એમ માનવું. મૂર્તિ અને ચિત્ર આદિને ભગવાન માનવાં, સમ્માન આપવું, હલનચલન કરતાં પુદ્ગલસ્કંધોને જીવાણું માનવા. દહીં, થૂંક વગેરે અજીવને જીવ માનવાં તે મિથ્યાત્વ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર. ૪. ધર્મને અધર્મ માને તો મિથ્યાત્વ કેમ છે ?

જ. ૪. ધર્મને અધર્મ સમજવો એટલે - પરમ માન્ય સર્વજ્ઞકથિત સૂત્રોને મિથ્યા સમજવા, તેમને કલ્યાણકારી ન માનવા, ધર્મના ઉપકરણો (વસ્ત્ર, પાત્ર, રજોહરણ, મુખવસ્ત્રિકા વગેરે) ને પરિગ્રહ માનીને અધર્મ માનવો, વાયુકાયના જીવોની રક્ષાને માટે મુખ પર મુખવસ્ત્રિકા બાંધવાને અધર્મ માનવો. અભયદાન આદિ દાન દેવારૂપ ધર્મને અધર્મ માનવો - તે મિથ્યાત્વ છે.

પ્ર. ૫. અધર્મને ધર્મ સમજવાનો અર્થ શું છે ?

જ. ૫. અધર્મને ધર્મ સમજવાનો અર્થ છે - મિથ્યાશાસ્ત્રોને સમ્યક્શાસ્ત્ર માનવાં, રાગ તથા વિષય વાસનાવર્ધક એવા મિથ્યાવચનોને ભગવાનની વાણી સમજવી. વિતરાગવાણીથી વિપરીત દ્રવ્ય પૂજનની પ્રવૃત્તિને ધર્મ- પ્રવૃત્તિ માનવી વગેરે અધર્મને ધર્મ સમજવારૂપ મિથ્યાત્વ છે.

પ્ર. ૬. સાધુને અસાધુ શ્રદ્ધે-માને તો મિથ્યાત્વ કેમ છે ?

જ. ૬. જેની શ્રદ્ધા પ્રરૂપણા શુદ્ધ છે, જે મહાવ્રત આદિ શ્રમણધર્મના પાલક છે એવા સુસાધુને અસાધુ સમજવા મિથ્યાત્વ છે.

પ્ર. ૭. અસાધુને સાધુ માને તો મિથ્યાત્વ કોને કહે છે ?

જ. ૭. જે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિથી રહિત છે. જેની શ્રદ્ધા પ્રરૂપણા ખોટી છે, જેનું આચરણ સુસાધુ જેવું નથી, તેમને લૌકિક વિશેષતાને કારણે કે સાધુવેશમાં જોઈને સુસાધુ માનવા તે મિથ્યાત્વ છે.

પ્ર.૮ મોક્ષના માર્ગને સંસારનો માર્ગ માને તે કેવી રીતે મિથ્યાત્વ છે ?

જ.૮ મોક્ષમાર્ગ - સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ત્વની કે સંવર નિર્જરાની અથવા દાન, શીલ, તપ, ભાવની મજાક ઉડાવવી, તેને બહુમાન્ય ન સમજતાં સંસારનો હેતુ સમજવો તે મિથ્યાત્વ છે.

પ્ર.૯ સંસારના માર્ગને મોક્ષમાર્ગ સમજવો - તેનો અર્થ શું છે ?

જ.૯ સંસારના માર્ગને મોક્ષમાર્ગ સમજવાનો અર્થ છે - મિથ્યા શ્રદ્ધા, જ્ઞાન, આચરણ વગેરેને સમ્યક્-સાચા સમજવાં, સંસાર વધારનાર લૌકિક અનુષ્ઠાનોને (યજ્ઞ આદિને) મોક્ષના હેતુ સમજવાં.

પ્ર.૧૦ મુક્તને અમુક્ત માને તો શા માટે તે મિથ્યાત્વ છે ?

જ.૧૦ મુક્ત આત્માને સંસારમાં લિપ્ત સમજવા, અરિહંત - સિદ્ધને કર્મમુક્ત સુદેવ ન માનવા તે મિથ્યાત્વ છે.

પ્ર.૧૧ અમુકતને મુક્ત માને તો કેવી રીતે મિથ્યાત્વ લાગે છે ?

જ.૧૧ રાગી-દ્વેષીને મુક્ત સમજવાં - અન્ય પંથોના દેવ જે રાગ-દ્વેષથી યુક્ત છે, અજ્ઞાનવશ તેમને મુક્ત સમજવાં મિથ્યાત્વ છે.

પ્ર.૧૨ અભિગ્રહિક મિથ્યાત્વ કોને કહે છે ?

જ.૧૨ તત્ત્વ - અતત્ત્વની પરીક્ષા કર્યા વિના જ પક્ષપાતપૂર્વક કોઈ તત્ત્વને પકડી રાખવું અને અન્ય પક્ષનું ખંડન કરવું અભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય છે.

પ્ર.૧૩ અનાભિગ્રહિક મિથ્યાત્વ શું છે ?

જ.૧૩ ગુણ - દોષની પરીક્ષા કર્યા વિના જ બધા ધર્મોને બરાબર સમજવા અનાભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય છે.

પ્ર.૧૪ આભિનિવેશિક મિથ્યાત્વ કોને કહે છે ?

જ.૧૪ પોતાના પક્ષને અસત્ય જાણવાં છતાં પણ કદાગ્રહવશ પકડી રાખીને ખોટા આગ્રહને ન છોડે, સત્ય સ્વીકાર ન કરે - એવા અતત્ત્વના આગ્રહને આભિનિવેશિક મિથ્યાત્વ કહે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૧૫ સાંશયિક મિથ્યાત્વ કોને કહે છે ?

જ.૧૫ દેવ, ગુરુ, ધર્મના વિષયમાં અથવા તત્ત્વના વિષયમાં શંકાશીલ થવું, સાંશયિક મિથ્યાત્વ છે. જૈન આગમોમાં નિરૂપેલ તત્ત્વ, મુક્તાત્માનું સ્વરૂપ અથવા જિનેશ્વરોની વિતરાગતા, સર્વજ્ઞતા વગેરેમાં સંદેહ (શંકા) કરવી. આગમોની અમુક વાત સત્ય છે કે અસત્ય - આ પ્રકારની શંકા કરવી સાંશયિક મિથ્યાત્વના ઉદયનું પરિણામ છે.

પ્ર.૧૬ સાંશયિક મિથ્યાત્વથી બચવાનો સરળ ઉપાય શું છે ?

જ.૧૬ સાંશયિક મિથ્યાત્વથી બચવાનો એક માત્ર ઉપાય જિનેશ્વરના વચનોમાં દૃઢ વિશ્વાસ કરવો છે. સંશય ઉત્પન્ન થાય ત્યારે એવો વિચાર કરવો જોઈએ કે - ''તમેવ સચ્ચં ણિસંકં જં જિણેહિં પવેઈયં'' અર્થાત્ વિતરાગ ભગવંતોએ જે ફરમાવ્યું છે તે સર્વથા સત્ય છે અને નિઃશંક છે. તેથી તેમાં શંકા ન કરવી જોઈએ.

પ્ર.૧૭ અણાભોગિક મિથ્યાત્વ કયા જીવોને લાગે છે ?

જ.૧૭ અણાભોગિક મિથ્યાત્વ એકેન્દ્રિય આદિ અસંજ્ઞી જીવોને તથા જ્ઞાન વિકલ જીવોને હોય છે. અજ્ઞાનના ગાઢ અંધકારમાં પડેલા જીવોને આ મિથ્યાત્વ લાગે છે. જે જીવોને કોઈ પણ પ્રકારના મતનો પક્ષ હોતો નથી. અને જે ધર્મ – અધર્મનો વિચાર જ કરી શકતાં નથી તેઓ અણાભોગિક મિથ્યાત્વી જીવો છે.

પ્ર.૧૮ અણાભોગિક મિથ્યાત્વ કોને કહે છે ?

જ.૧૮ અણાભોગનો અર્થ છે – ઉપયોગી ન હોવું. તેથી ઉપયોગ વિના જે મિથ્યાત્વ લાગે છે તેને અણાભોગ મિથ્યાત્વ કહે છે.

પ્ર.૧૯ લૌકિક મિથ્યાત્વ કોને કહે છે ?

જ.૧૯ લોકોત્તર પરમ સત્યને અને તેના નિમિત્ત સુદેવ, સુગુરુ, અને સુધર્મની ઉપેક્ષા કરીને – લૌકિક માન્ય કુદેવ, કુગુરુ, કુધર્મ પર શ્રદ્ધા કરવી અને તેની ઉપાસના કરવી – તે ''લૌકિક મિથ્યાત્વ''



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તેનાં ત્રણ ભેદ છે. (૧) દેવવિષયક. (૨) ગુરુવિષયક. (૩) ધર્મગત લૌકિક મિથ્યાત્વ. જેમકે માતાજી, દેવ વગેરેની માનતાઓ રાખવી વગેરે.

પ્ર.૨૦ લોકોત્તર મિથ્યાત્વ કોને કહે છે ?

જ.૨૦ લોકોત્તર તીર્થંકર દેવ પાસે લૌકિક વસ્તુની માંગણી કરવી તથા તેમને લૌકિક વસ્તુ આપનાર સમજવા, તે લોકોત્તર મિથ્યાત્વ છે.

પ્ર.૨૧ કુપ્રાવચનિક મિથ્યાત્વ કોને કહે છે ?

જ.૨૧ નિર્ગ્રંથના પ્રવચન સિવાય અન્ય કુપ્રાવચનિક - મિથ્યા પ્રવચનના પ્રવર્તક, પ્રચારક અને મિથ્યા પ્રવચનને માનવાં - તે કુપ્રાવચનિક મિથ્યાત્વ છે.

પ્ર.૨૨ જિનધર્મથી ઓછું માને તો મિથ્યાત્વ કેવી રીતે લાગે છે ?

જ.૨૨ જિનેશ્વર ભગવાન દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતથી કંઇ પણ ઓછું માનવું, આ રીતે ઓછી પ્રરૂપણા તથા ઓછી સ્પર્શના કરવી તે ન્યૂનકરણ મિથ્યાત્વ છે.

પ્ર.૨૩ જિનધર્મથી અધિક માને તો મિથ્યાત્વ કેવી રીતે લાગે ?

જ.૨૩ જિનપ્રવચનથી અધિક માનવું તે મિથ્યાત્વ છે. નિર્ગ્રંથ પ્રવચનની મર્યાદાથી અધિક પ્રરૂપણા આદિ કરવાથી, સૈદ્ધાંતિક મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી અને આગમપાઠોમાં વૃદ્ધિ કરવા વગેરેથી આ મિથ્યાત્વ લાગે છે.

પ્ર.૨૪ વિપરીત મિથ્યાત્વ કોને કહે છે ?

જ.૨૪ જિનમાર્ગથી વિપરીત શ્રદ્ધા - સુદેવ, સુગુરુ અને સુધર્મથી વિપરીત શ્રદ્ધા પ્રરૂપણા કરવી, નિર્ગ્રંથ પ્રવચનથી વિપરીત પ્રચાર કરવો, સાવદ્ય તથા સંસારલક્ષી પ્રવૃત્તિ કરવી કે તેનો પ્રચાર કરવો, સાવદ્ય પ્રવૃત્તિમાં ધર્મ માનવો તે વિપરીત મિથ્યાત્વ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૨૫ અક્રિયા મિથ્યાત્વ કોને કહે છે ?

જ.૨૫ સમ્યક્ચારિત્રની ઉત્થાપના કરતા થકી એકાન્તવાદી બનીને આત્માને અક્રિય માનવો, ચારિત્રવાનોને ''ક્રિયાજડ'' કહીને તિરસ્કાર કરવો, અક્રિયા મિથ્યાત્વ કહેવાય છે.

પ્ર.૨૬ અજ્ઞાન મિથ્યાત્વ કોને કહે છે ?

જ.૨૬ જ્ઞાનને બંધ અને પાપનું કારણ માનીને અજ્ઞાનને શ્રેષ્ઠ માનવું. ''જ્ઞાન વ્યર્થ છે, જાણે તે જ તાણે, ભોળાનો ભગવાન છે'' આ રીતે કહેવું તે અજ્ઞાન મિથ્યાત્વ છે.

પ્ર.૨૭ અવિનય મિથ્યાત્વ કોને કહે છે ?

જ.૨૭ પૂજનીય દેવ, ગુરુ અને ધર્મનો વિનય ન કરતાં અવિનય કરવો, તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું અવિનય મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ ગુણ અને ગુણીજનો પ્રત્યે અશ્રદ્ધા થવાથી ઉત્પન્ન થાય છે. અશ્રદ્ધા થવાથી જ અવિનય થાય છે. માટે અવિનય પણ મિથ્યાત્વ છે.

પ્ર.૨૮ અશાતના મિથ્યાત્વનો અર્થ શું છે ?

જ.૨૮ અશાતનાનો અર્થ છે – વિપરીત હોવું, પ્રતિકૂળ વ્યવહાર કરવો, વિરોધી થવું, નિંદા કરવી. દેવ, ગુરુ અને ધર્મની અશાતના કરવી, તેમના પ્રત્યે એ વ્યવહાર કરવો કે જેનાથી જ્ઞાનાદિ ગુણો અને જ્ઞાનીઓને ઠેસ પહોંચે – ઠોકર વાગે.

પ્ર.૨૯ મિથ્યાત્વની પ્રરૂપણા શા માટે કરવામાં આવી છે ?

જ.૨૯ અર્હંત ભગવાને જે મિથ્યાત્વની પ્રરૂપણા કરી છે તેનો એ જ ઉદ્દેશ છે કે ભવ્ય જીવો સુખપૂર્વક મોક્ષે પહોંચે, હિંસાદિમય કુમાર્ગ, હિંસા મિશ્રિત કુમાર્ગ કે લૌકિક સુખપ્રદ પુણ્યમાર્ગે ભટકી ન જાય અથવા અન્ય વ્યક્તિ તેને ભટકાવી ન દે અને સંસારના પરિભ્રમણોથી બચે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિના સ્થાનનો પાઠ

પ્ર.૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય કોને કહે છે ?

જ.૧ સંજ્ઞી મનુષ્યોના મળ - મૂત્ર આદિ અશુચિમાં ઉત્પન્ન થનારા મનુષ્ય સંમૂર્ચ્છિમ મનુષ્ય કહેવાય છે. તેઓ ગર્ભ વિના ઉત્પન્ન થાય છે.

પ્ર.૨ શું સંમૂર્ચ્છિમ મનુષ્ય આપણને દેખાતા નથી ?

જ.૨ ના. સંમૂર્ચ્છિમ મનુષ્ય આપણને દેખાતા નથી. કારણકે તે એટલા બધા સૂક્ષ્મ હોય છે કે ચર્મચક્ષુઓથી જોઇ શકાતાં નથી.

પ્ર.૩ સવ્વેસુ ચેવ અસુઇઠાણેસુથી શું હેતુ સમજવો જોઇએ ?

જ.૩ તેર સ્થાનોથી વધારે બીજાં પણ અશુચિના સ્થાન છે, જે મનુષ્યોના સંસર્ગથી હોય, તે અંતિમ ભેદમાં ગણવા જોઇએ. જેમ કોઇ મનુષ્ય રોટલીના ટુકડાને ચાવી ચાવીને કોઇ વાસણમાં એકત્રિત કરે તો આ ભિન્ન સ્થાન થયું - એ જ રીતે તેર સ્થાનોમાંથી બે, ત્રણ, ચાર બોલ ભેગા કરવાથી જીવોની ઉત્પત્તિ થાય તો તે આ અંતિમ ભેદમાં ગણવામાં આવે છે. પરંતુ થુંક, પરસેવામાં સંમૂર્ચ્છિ મનુષ્ય ઉત્પન્ન થતાં નથી.

## પગામસિજ્જાએનો પાઠ

### (નિંદ્રાદોષ નિવૃત્તિનો પાઠ)

પ્ર.૧ આ પાઠને નિંદ્રાદોષ નિવૃત્તિનો પાઠ શા માટે કહે છે ?

જ.૧ આ પાઠ શયન સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરવા માટે છે. સૂતી વખતે જે પણ શારીરિક, વાચિક તથા માનસિક ભૂલ થઇ હોય, સંયમ મર્યાદા બહાર તેનું ઉલ્લંઘન થયું હોય, કોઇ પણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાતનો વિપર્યાસ થયો હોય, તે બધાને માટે પશ્ચાત્તાપ કરવાનું, મિચ્છામિ દુક્કડમ્ દેવાનું વિધાન આ પાઠમાં કરવામાં આવ્યું છે. તેથી તેને નિંદ્રાદોષ નિવૃત્તિનો પાઠ કહેવામાં આવે છે.

પ્ર.૨ વિપર્યાસ એટલે શું ?

જ.૨ કોઈ પણ પ્રકારની સંયમ વિરુદ્ધની વૃત્તિ કે પ્રવૃત્તિ એટલે વિપર્યાસ -મનમાં વિકારભાવ આવવો ''મનોવિપર્યાસ'' તથા રાત્રે ભોજન-પાણીની ઈચ્છા એ ''પાન ભોજન વિપર્યાસ'' છે.

પ્ર.૩ નિંદ્રાદોષ નિવૃત્તિનો પાઠ ક્યારે બોલવો જોઈએ ?

જ.૩ સંધ્યાકાળે, પ્રાતઃકાળે પ્રતિક્રમણમાં બોલવા સિવાય, જ્યારે પણ સાધક સૂઈને ઉઠે, તેણે નિંદ્રાદોષ નિવૃત્તિનો પાઠ અવશ્ય બોલવો જોઈએ.

## ગોચર - ચર્યા સૂત્ર

પ્ર.૧ ગોચરી (ગોચરચર્યા) કોને કહે છે ?

જ.૧ જે રીતે ગાય વનમાં એક એક ઘાસનું તણખલું મૂળમાંથી ન ઉખાડતાં ઉપરથી જ ખાઈને ફરે છે, પોતાની ભૂખ સંતોષે છે અને ગોચરભૂમિ તથા વનની હરિયાળીને પણ નષ્ટ કરતી નથી, તે જ રીતે મુનિ - સાધુ પણ કોઈ ગૃહસ્થીને પીડા ન આપતાં - બધાને ત્યાંથી થોડો થોડો આહાર ગ્રહણ કરીને પોતાની ભૂખપૂર્તિ કરે છે. ગાયના જેવી સાધુની આ ચર્યાને ''ગોચરી'' કહે છે. દશવૈકાલિકસૂત્ર અધ્ય-૧માં આને માટે મધુકર-ભમરાની ઉપમા આપી છે. ભમરો પણ ફૂલોને કંઈ પણ નુકસાન કે દુઃખ આપ્યા વિના થોડો - થોડો રસ ગ્રહણ કરીને આત્મસંતોષ પ્રાપ્ત કરે છે અને સંગ્રહ કરતો નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૨ મંડીપાહુડિયાએ (મંડી પ્રાભૃતિકા) દોષ એટલે શું ?

જ.૨ તૈયાર કરેલા ભોજનનો થોડો પહેલો ભાગ પુણ્ય અર્થે કોઇ વાસણમાં કાઢીને અલગ મૂકી રાખવામાં આવે છે જેને અગ્રપિંડ કહે છે. આવા અગ્રપિંડને ભિક્ષામાં લેવો એ ''મંડી પ્રાભૃતિકા'' કહેવાય છે. તે પુણ્ય અર્થે કાઢવામાં આવેલ હોઇ તે સાધુ માટે નિષિદ્ધ - ન લેવા યોગ્ય હોય છે. અથવા સાધુના આવ્યા પહેલાં અગ્ર ભોજન બીજા પાત્રમાં કાઢી લે અને પછી બાકીનામાંથી આપે તો તે ''મંડીપ્રાભૃતિકા'' દોષ છે કારણ કે તેમાં ''પ્રવૃત્તિદોષ'' લાગે છે.

પ્ર.૩ ''બલિપાહુડિયાએ'' (બલિપ્રાભૃતિકા) કોને કહે છે ?

જ.૩ દેવતા વગેરેને માટે પૂજાર્થે તૈયાર કરેલું ભોજન ''બલિ'' કહેવાય છે. તે ભિક્ષામાં ન લેવું જોઇએ. જો ગ્રહણ કરવામાં આવે તો દોષ લાગે છે. અથવા સાધુને દાન દીધા પહેલાં દાતા દ્વારા સર્વપ્રથમ આવશ્યક બલિકર્મ કરવા માટે બલિને ચારે દિશાઓમાં ફેંકીને અથવા અગ્નિમાં નાંખીને તેના પછી જે ભિક્ષા આપવામાં આવે છે તે ''બલિ પ્રાભૃતિકા'' છે. આવું કરવાથી સાધુને નિમિત્તે અગ્નિ આદિ જીવોની વિરાધનાનો દોષ લાગે છે.

પ્ર.૪ ઠવણા પાહુડિયાએ (સ્થાપના પ્રાભૃતિકા) દોષ કેવી રીતે લાગે છે ?

જ.૪ સાધુના ઉદ્દેશથી પહેલેથી રાખેલું ભોજન લેવું, સ્થાપના પ્રાભૃતિકા દોષ છે. અથવા અન્ય ભિક્ષુઓને માટે અલગ કાઢીને રાખેલા ભોજનમાંથી ભિક્ષા લેવી-તેનાથી સ્થાપના પ્રાભૃતિકા દોષ લાગે છે.

પ્ર.૫ પશ્ચાતકર્મ દોષ શું છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ.૫ સાધુ સાધ્વીને આહાર વહોરાવ્યા પછી તે અર્થે સચેત્ત પાણીથી હાથ કે પાત્ર – વાસણ ધોવાને કારણે લાગનાર દોષને પશ્ચાતકર્મ કહેવાય છે.

પ્ર.૬ પુરઃકર્મ કોને કહે છે?

જ.૬ સાધુ સાધ્વીને આહાર વહોરાવતાં પહેલાં સચેત્ત પાણીથી હાથ કે વાસણ ધોવાથી લાગતા દોષને પુરઃકર્મ દોષ કહેવાય છે.

પ્ર.૭ અદિક્કહડાએ (અદૃષ્ટાહૃત) દોષ શું છે?

જ.૭ અદૃષ્ટ – દેખી ન શકાય (દૂરનું કે અંધારાવાળું) એવી જગ્યાએથી લાવેલો આહાર લેવાથી આ દોષ લાગે છે. ગૃહસ્થને ઘરે ઘરે પહોંચીને સાધુને જે કોઈ વસ્તુ લેવી હોય તે વહોરાવનાર ક્યાંથી લે છે તે પોતે જોઈને લેવી જોઈએ. જો ઘોડામાં વગેરે જગ્યાએ રાખેલી વસ્તુ જોયા વિના જ – ગૃહસ્થ લાવે ને લઈ લેવામાં આવે તો તે ''અદૃષ્ટાહૃત'' દોષથી દૂષિત થવાને કારણે અગ્રાહ્ય બને છે. આપવા લાયક વસ્તુ ન જાણે કોઈ સચિત્ત વસ્તુ વગેરે પર મૂકેલી હોય સચેત વગેરે વસ્તુને અડીને પડી હોય, તેથી તેને લેવામાં જીવવિરાધના દોષ લાગે છે.

## ૩. કાળ પ્રતિલેખના સૂત્ર

પ્ર.૧ સ્વાધ્યાય કોને કહે છે?

જ.૧ સ્વાધ્યાય શબ્દના અનેક અર્થ છે. (૧) સુ + અધ્યાય એટલે કે નિરંતર અધ્યાય – અધ્યયનનું નામ સ્વાધ્યાય છે. તારણ એ છે કે – આત્મકલ્યાણકારી શ્રેષ્ઠ પઠન – પાઠનરૂપ અધ્યયનનું નામ જ સ્વાધ્યાય છે. (૨) સ્વાધ્યાયનો અર્થ છે – સુષ્ઠુ – સારી રીતે મર્યાદા સહિત અધ્યયન કરવું તે સ્વાધ્યાય છે. (૩) સ્વાધ્યાય = સ્વ + અધ્યાય એટલે કે પોતાની જાતનું અધ્યયન કરવું અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોતાં રહેવું કે આપણું જીવન ઉંચુ આવી રહ્યું છે કે નહીં ?

પ્ર. ૨ સ્વાધ્યાયના કેટલાં ભેદ છે ?

જ. ૨ સ્વાધ્યાયના પાંચ ભેદ બતાવવામાં આવ્યાં છે.
(૧) વાંચના - ગુરુમુખેથી સૂત્ર પાઠ લઈને જેવું હોય તેવું જ ઉચ્ચારણ કરવું તે વાંચના છે. (૨) પૃચ્છના - સૂત્ર ઉપર આપણાથી જેટલું બની શકે તેટલું ચિંતન, મનન, તર્કવિતર્ક કરવાં અને આમ કરતાં જ્યાં પણ શંકા પેદા થાય, તેને માટે ગુરુદેવને સમાધાન માટે પૂછવું તે પૃચ્છના છે. હૃદયમાં ઉત્પન્ન થયેલી શંકાને શંકારૂપે રાખવી ઠીક હોતી નથી. (૩) પરિવર્તના - સૂત્ર - વાચના ભૂલાઈ ન જાય તેના માટે સૂત્રપાઠને વારંવાર ગણવું - પરિયટ્ટણા કરવી, ફેરવવું કહેવાય છે. (૪) અનુપ્રેક્ષા - સૂત્ર વાંચનાના સંબંધે તાત્વિક ચિંતન કરવું અનુપ્રેક્ષા છે. અનુપ્રેક્ષા સ્વાધ્યાયનું મહત્ત્વપૂર્ણ અંગ છે. (૫) ધર્મકથા - સૂત્રવાંચના, પૃચ્છના, પરિયટ્ટણા, અને અનુપ્રેક્ષા પછી જ્યારે તત્ત્વનું વાસ્તવિક સ્વરૂપ સમજાઈ જાય ત્યારે ધર્મોપદેશ આપવો તે ધર્મકથા છે.

પ્ર. ૩ સ્વાધ્યાય કરવાથી શું લાભ થાય છે ?

જ. ૩ બાર પ્રકારના તપમાં સ્વાધ્યાય અંતરંગ તપ છે. સ્વાધ્યાયનું ફળ બતાવતાં ઉત્તરાધ્યયન સૂત્રના અધ્યયન - ૨૯ મા પ્રભુએ ફરમાવ્યું છે કે - "सज्झाएणं णाणावरणिज्जं कम्मं खवेइयं" - સ્વાધ્યાય કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે. જ્ઞાનનો અલૌકિક પ્રકાશ ઝગમગી ઉઠે છે. સ્વાધ્યાયથી જ હિત અને અહિતનું જ્ઞાન થાય છે. પૂણ્ય - પાપ વિષે જાણવા મળે છે, કર્તવ્ય - અકર્તવ્યનું જ્ઞાન થાય છે. સ્વાધ્યાયથી જ ધર્મ, અધર્મને વિષે જાણી શકાય છે. અને અધર્મનો ત્યાગ કરીને ધર્મમાં પ્રવૃત્તિ કરતાં કરતાં પોતાના જીવનને સુખી બનાવી શકીએ છીએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૪ પ્રતિલેખના અને પ્રમાર્જના શા માટે આવશ્યક છે ?

જ.૪ વસ્ત્ર, પાત્ર વગેરેને સારી રીતે ખોલીને ચારે બાજુથી જોવું એ પ્રતિલેખના છે. અને રજોહરણ તથા પૂંજણીથી સારી રીતે સાફ કરવું પ્રમાર્જના છે.

સાધકની પાસે જે વસ્ત્ર, પાત્ર વગેરે ઉપકરણો હોય તેની દિવસે બે વાર – સવારે અને સાંજે – પ્રતિલેખના કરવાની હોય છે. તેને જોયાં વગર ઉપયોગમાં લેવાથી હિંસાનો દોષ લાગે છે. તથા તેમાં સૂક્ષ્મ જીવાણુઓ ઉત્પન્ન થવાની તથા બહારના જીવોની તેમાં આશ્રય લેવાની સંભાવના રહે છે. તેથી પ્રત્યેક વસ્તુનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં જીવોને જોવાં જોઇએ અને જો કોઇ જીવ દેખાય તો તેને પ્રમાર્જન દ્વારા કોઇપણ પ્રકારનું દુઃખ પહોંચાડ્યા વિના ધીરેથી એકાંત સ્થળે છોડી દેવું જોઇએ. આ અહિંસા મહાવ્રતની સૂક્ષ્મ સાધના છે. ધર્મ પ્રત્યેની જાગરૂકતા છે. તેથી પ્રતિલેખના અને પ્રમાર્જન આવશ્યક છે.

પ્ર.૫ દુષ્પ્રતિલેખના અને દુષ્પ્રમાર્જનનો શો અર્થ છે ?

જ.૫ આળસપૂર્વક, ઉતાવળથી, વિધિપૂર્વક ન જોવું, તે દુષ્પ્રતિલેખના છે, અને ઉતાવળમાં વિધિ વિના ઉપયોગહીનદશામાં પ્રમાર્જન કરવું દુષ્પ્રમાર્જન છે.

પ્ર.૬ સ્વાધ્યાય અને પ્રતિલેખન દોષ નિવૃત્તિનો પાઠ બોલવો શાથી આવશ્યક છે ?

જ.૬ શાસ્ત્રોના કહેલા સમય પ્રમાણે સ્વાધ્યાય કે પ્રતિલેખન ન કરવું, શાસ્ત્રમાં નિષેધ કરેલા સમયે કરવું, સ્વાધ્યાય તથા પ્રતિલેખના પર શ્રદ્ધા ન કરવી તથા આ સંબંધી મિથ્યા પ્રરૂપણા કરવી કે યોગ્ય વિધિથી ન કરવી, વગેરે રૂપે સ્વાધ્યાય અને પ્રતિલેખના સંબંધી જે અતિચાર – દોષ લાગ્યાં હોય તેનાથી મુક્ત થવાને માટે સ્વાધ્યાય અને પ્રતિલેખન દોષ નિવૃત્તિનો પાઠ બોલવો જરૂરી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૪. તેત્રીસ બોલનો પાઠ

પ્ર.૧ અસંયમ કોને કહે છે?

જ.૧ સં-યમ એટલે સાવધાનીપૂર્વક ઈચ્છાઓનું નિયમન કરવું તે સંયમ કહેવાય છે. સંયમનું વિરોધી અસંયમ છે. ચારિત્ર મોહનીયકર્મના ઉદયથી થવાવાળા રાગદ્વેષરૂપી કષાયભાવનું નામ અ-સંયમ છે.

પ્ર.૨ બંધન કોને કહે છે?

જ.૨ જેનાથી આઠ કર્મોનો બંધ થાય, તેને બંધન કહે છે. રાગ અને દ્વેષ - આ બે બંધન છે.

પ્ર.૩ નિદાનશલ્ય કોને કહે છે?

જ.૩ ધર્મ આચરણ દ્વારા સાંસારિક ફળની કામના કરવી, ભોગોની લાલસા રાખવી નિદાનશલ્ય કહેવાય છે.

પ્ર.૪ મિથ્યાદર્શનશલ્ય શું છે?

જ.૪ સત્ય પર શ્રદ્ધા ન રાખવી તથા અસત્યનો દુરાગ્રહ રાખવો તે મિથ્યાદર્શનશલ્ય કહેવાય છે. આ શલ્ય સમ્યક્દર્શનનું વિરોધી છે.

પ્ર.૫ ઋદ્ધિગૌરવ કોને કહે છે?

જ.૫ સત્કાર - સન્માન, વંદન, ઉગ્રવ્રત, વિદ્યા, લબ્ધિ વગેરેનું અભિમાન કરવું, અથવા માન માટે તે પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખવી ઋદ્ધિગૌરવ કહેવાય છે.

પ્ર.૬ રસગૌરવ કોને કહે છે?

જ.૬ દૂધ, દહીં, વગેરે મધુર તથા સ્વાદિષ્ટ રસોની ઈચ્છાનુસાર પ્રાપ્તિ થવાથી અભિમાન કરવું અને પ્રાપ્ત ન થાય તો તેની લાલસા રાખવી રસગૌરવ છે.

પ્ર.૭ શાતાગૌરવ કોને કહે છે?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ.૭ શાતાનો અર્થ – આરોગ્ય તેમજ શારીરિક સુખ છે. તેથી એવા આરોગ્ય, શારીરિક સુખ તથા વસ્ત્ર, પાત્ર, શયનાસન વગેરે સુખના સાધનો મળવાથી અભિમાન કરવું અને ન મળવા પર તેની લાલસા – ઈચ્છા કરવી તે શાતાગૌરવ છે.

પ્ર.૮ આરાધના તથા વિરાધનાનો અર્થ શું છે ?

જ.૮ કોઈ પણ પ્રકારનો દોષ ન લગાડતાં ચારિત્રનું વિશુદ્ધરૂપે પાલન કરવું એ આરાધના છે. અને તેનાથી ઉલ્ટું જ્ઞાન આદિ આચારનું સમ્યક્રૂપે આરાધન ન કરવું, તેનું ખંડન કરવું, તેમાં દોષ લગાવવો – વિરાધના છે.

પ્ર.૯ સંજ્ઞા કોને કહે છે ?

જ.૯ કર્મોદયની પ્રબળતાથી ઉદ્ભવનારી અભિલાષા, ઈચ્છા, સંજ્ઞા કહેવાય છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહના ભેદથી ચાર પ્રકારની સંજ્ઞા કહેવામાં આવી છે.

પ્ર.૧૦ વિકથા કોને કહે છે ?

જ.૧૦ સંયમ જીવનને દૂષિત કરનારી વિરુદ્ધ કથા વિકથા કહેવાય છે.

પ્ર.૧૧ ધ્યાન કોને કહે છે ? તેના કેટલાં ભેદ છે ?

જ.૧૧ અંતર્મુહૂર્ત કાળ સુધી સ્થિર અધ્યવસાય તથા મનની એકાગ્રતાને ધ્યાન કહે છે. ધ્યાન પ્રશસ્ત અને અપ્રશસ્ત રૂપથી બે-બે પ્રકારનું હોય છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન અપ્રશસ્ત ધ્યાન છે, તથા ધર્મધ્યાન અને શુક્લધ્યાન પ્રશસ્ત ધ્યાન છે.

પ્ર.૧૨ ક્રિયા કોને કહે છે ? તેના મુખ્ય કેટલા ભેદ છે ?

જ.૧૨ કર્મબંધન કરાવનારી ચેષ્ટા અર્થાત્ હિંસાપ્રધાન દુષ્ટ વ્યાપાર વિશેષને ક્રિયા કહે છે. મૂળ ક્રિયાઓ પાંચ છે. વિસ્તારથી ક્રિયાના ૨૫ ભેદ માનવામાં આવે છે.

પ્ર.૧૩ કાયિકીક્રિયા કોને કહે છે ?

જ.૧૩ શરીરથી થતી ક્રિયાને કાયિકીક્રિયા કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૧૪ અધિકરણીકી ક્રિયા શું છે ?

જ.૧૪ જેના દ્વારા આત્મા નરક આદિ દુર્ગતિનો અધિકારી બને છે તે દુર્મંત્ર વગેરેનું અનુષ્ઠાન વિશેષ અથવા ઘાતક શસ્ત્ર વગેરે ''અધિકરણ'' કહેવાય છે. અધિકરણથી લાગનાર ક્રિયા અધિકરણીકી ક્રિયા કહેવાય છે.

પ્ર.૧૫ પ્રાદ્વેષિકી ક્રિયા કોને કહે છે ?

જ.૧૫ પ્રદ્વેષનો અર્થ છે - મત્સર, દાહ, ઈર્ષા, જીવ તથા અજીવ કોઈ પણ પદાર્થ પ્રત્યે દ્વેષભાવ રાખવો પ્રાદ્વેષિકી ક્રિયા કહેવાય છે.

પ્ર.૧૬ પારિતાપનિકી ક્રિયા કોને કહે છે ?

જ.૧૬ તાડન વગેરે દ્વારા અપાનારું દુઃખ ''પરિતાપન'' કહેવાય છે. પરિતાપનથી નિષ્પન્ન થતી ક્રિયા, પારિતાપનિકી ક્રિયા કહેવાય છે.

પ્ર.૧૭ પ્રાણાતિપાતિકી ક્રિયા શું છે ?

જ.૧૭ પ્રાણોનો અતિપાત - વિનાશ ''પ્રાણાતિપાત'' કહેવાય છે. પ્રાણાતિપાતથી થનારી ક્રિયા પ્રાણાતિપાતિકી ક્રિયા કહેવાય છે.

પ્ર.૧૮ કામગુણ કોને કહે છે ?

જ.૧૮ કામનો અર્થ છે - વિષયભોગ. કામના સાધનો શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શને - કામગુણ કહે છે.

પ્ર.૧૯ ઈર્યાસમિતિનો અર્થ શું છે ?

જ.૧૯ યુગ-પ્રમાણ ભૂમિને એકાગ્રચિત્તે જોતાં જોતાં, જીવોનો બચાવ કરતાં કરતાં યત્નાપૂર્વક ગમનાગમન કરવું તે ઈર્યાસમિતિ છે.

પ્ર.૨૦ ભાષાસમિતિ કોને કહે છે ?

જ*૨૦ જરૂર પડ્યે ભાષાના દોષો ન લગાડતા યત્નાપૂર્વક ભાષણ કરવું, ફળસ્વરૂપે હિત, મિત, સત્ય તેમજ સ્પષ્ટ વાણી બોલવી તે ભાષાસમિતિ કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૨૧ એષણાસમિતિ કોને કહે છે ?

જ.૨૧ ગોચરીના ૪૨ દોષોને ટાળીને શુદ્ધ આહાર-પાણી તથા વસ્ત્ર-પાત્ર વગેરે ઉપધિ ગ્રહણ કરવી તે એષણાસમિતિ છે.

પ્ર.૨૨ આદાન ભંડ માત્ર નિક્ષેપણા સમિતિ કોને કહે છે ?

જ.૨૨ વસ્ત્ર, પાત્ર, પુસ્તક વગેરે વાસણો – ઉપકરણોનો ઉપયોગપૂર્વક આદાન – ગ્રહણ કરવા તથા જીવરહિત પ્રમાર્જિત ભૂમિ પર નિક્ષેપણ – મૂકવાં એ આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ કહેવાય છે.

પ્ર.૨૩ પરિષ્ઠાપનિકા સમિતિ શું છે ?

જ.૨૩ મળ, મૂત્ર વગેરે પરઠવા યોગ્ય વસ્તુઓને જીવરહિત એકાંત સ્થંડિલભૂમિમાં યત્નાપૂર્વક પરઠવી તે પારિષ્ઠાપનિકા સમિતિ છે.

પ્ર.૨૪ જીવનિકાય કોને કહે છે ?

જ.૨૪ જીવનો અર્થ છે – ચૈતન્ય – આત્મા અને નિકાયનો અર્થ છે રાશિ સમૂહ. જીવોની રાશિને જીવનિકાય કહે છે. પૃથ્વી, પાણી, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસ – આ છ જીવનિકાય છે. તેને છકાય પણ કહે છે.

પ્ર.૨૫ ભય કોને કહે છે ? તેના સાત સ્થાન ક્યા ક્યા છે ?

જ.૨૫ ભય મોહનીયકર્મના ઉદયથી થનાર આત્માના ઉદ્વેગરૂપ પરિણામ વિશેષને 'ભય' કહે છે. ભયના નીચે પ્રમાણે સાત સ્થાન છે.

(૧) ઇહલોકભય – પોતાની જાતિના પ્રાણીથી ડરવું, ઇહલોકભય છે. જેમકે મનુષ્યનું મનુષ્યથી ડરવું, તિર્યંચનું તિર્યંચથી ડરવું.

(૨) પરલોકભય – બીજી જાતિના પ્રાણીથી ડરવું, પરલોકભય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. જેમકે મનુષ્યનું દેવથી કે તિર્યંચ વગેરેથી ડરવું.

(૩) આદાનભય - પોતાની વસ્તુની રક્ષાને માટે ચોર વગેરેથી ડરવું.

(૪) અકસ્માતભય - કોઇ બાહ્ય નિમિત્ત વિના પોતાની જાતે જ શંકાશીલ બની રાત્રે અચાનક ડરી જવું.

(૫) આજીવિકાભય - દુષ્કાળ સમયે જીવનનિર્વાહને માટે ભોજન વગેરેની અપ્રાપ્તિના દુર્વિકલ્પથી ડરવું.

(૬) મરણભય - મૃત્યુથી ડરવું.

(૭) અપયશભય - અપયશની આશંકાથી ડરવું.

પ્ર.૨૬ શ્રમણધર્મ શું છે ?

જ.૨૬ આધ્યાત્મિક સાધનામાં રાત-દિવસ શ્રમ કરવાવાળા સર્વવિરતી સાધકને ''શ્રમણ'' કહે છે. શ્રમણનો ધર્મ ''શ્રમણ-ધર્મ'' કહેવાય છે. તે દસ છે. (૧) ક્ષમા. (૨) મુક્તિ. - નિર્લોભતા. (૩) આર્જવ - સરળતા. (૪) માર્દવ - મૃદુભાવ. (૫) લાઘવ - લઘુતા, હીનતા. (૬) સત્ય. (૭) સંયમ . (૮) તપ. (૯) ત્યાગ - અકિંચન્ય - પરિગ્રહ ન રાખવો. (૧૦) બ્રહ્મચર્ય.

પ્ર.૨૭ ઉપાસક પ્રતિમા કોને કહે છે ?

જ.૨૭ ઉપાસકનો અર્થ શ્રાવક થાય છે. અને પ્રતિમાનો અર્થ પ્રતિજ્ઞા=અભિગ્રહ છે. ઉપાસકંની પ્રતિજ્ઞા એ ઉપાસક પ્રતિમા કહેવાય છે. તે ૧૧ છે. (૧) દર્શન પ્રતિમા (૨) વ્રત પ્રતિમા (૩) સામાયિક પ્રતિમા (૪) પૌષધ પ્રતિમા (૫) નિયમ પ્રતિમા (૬) બ્રહ્મચર્ય પ્રતિમા (૭) સચેત્ત ત્યાગ પ્રતિમા (૮) આરંભ ત્યાગ પ્રતિમા (૯) પ્રેષ્યત્યાગ પ્રતિમા (૧૦) ઉદ્દિષ્ટ ભક્ત ત્યાગ પ્રતિમા (૧૧) શ્રમણભૂત પ્રતિમા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૨૮ તેર ક્રિયાસ્થાન કયા કયા છે?

જ.૨૮ (૧) અર્થક્રિયા (૨) અનર્થક્રિયા (૩) હિંસાક્રિયા (૪) અકસ્માત ક્રિયા (૫) દૃષ્ટિ વિપર્યાસ ક્રિયા (૬) મૃષા ક્રિયા (૭) અદત્તાદાન ક્રિયા (૮) અધ્યાત્મ ક્રિયા (૯) માન ક્રિયા (૧૦) મિત્ર ક્રિયા (૧૧) માયા ક્રિયા (૧૨) લોભ ક્રિયા (૧૩) ઈર્યાપથિકી ક્રિયા.

પ્ર.૨૯ અબ્રહ્મચર્યના અઢાર ભેદ કયા કયા છે?

જ.૨૯ દેવ સંબંધી ભોગોનું મન, વચન અને કાયાથી જાતે સેવન કરવું, બીજા પાસે કરાવવું તથા કરતાંને સારા જાણવાં - આ રીતે નવ ભેદ વૈક્રિયશરીર સંબંધી હોય છે. મનુષ્ય, તિર્યંચ સંબંધી ઔદારિક ભોગોના પણ આ રીતે નવ ભેદ સમજવા જોઈએ. આ રીતે અબ્રહ્મચર્યના કુલ ૧૮ ભેદ થાય છે.

પ્ર.૩૦ અસમાધિ કોને કહે છે?

જ.૩૦ જે સત્કાર્ય કરવાથી ચિત્તને શાંતિ મળે, આત્મા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી મોક્ષમાં અવસ્થિત રહે, તેને સમાધિ કહે છે. અને જે કાર્યથી ચિત્તમાં અપ્રશસ્ત અને અશાંત ભાવ થાય, જ્ઞાનાદિ મોક્ષમાર્ગથી આત્મા ભ્રષ્ટ થાય તેને અસમાધિ કહે છે. અસમાધિના ૨૦ સ્થાન કહ્યાં છે.

પ્ર.૩૧ સબલ દોષ કોને કહે છે?

જ.૩૧ જે કાર્યો કરવાથી ચારિત્રની નિર્મળતા નષ્ટ થઈ જાય છે, તેને સબળ દોષ કહે છે. સબળ દોષ ૨૧ છે.

પ્ર.૩૨ ચોવીસ જાતિના દેવ કયા કયા છે?

જ.૩૨ અસુરકુમાર વગેરે દસ ભવનપતિ, ભૂત, યક્ષ વગેરે આઠ વ્યંતરો, સૂર્ય, ચંદ્ર વગેરે પાંચ જ્યોતિષી અને વૈમાનિકદેવ આ રીતે કુલ ૨૪ જાતિના દેવ છે.

પ્ર.૩૩ પ્રાણ, ભૂત, જીવ અને સત્વ કોને કહે છે?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ.૩૩ બેઇન્દ્રિય વગેરે ત્રણ વિકલેન્દ્રિય જીવોને 'પ્રાણ' કહે છે. વનસ્પતિ જીવોને 'ભૂત', પંચેન્દ્રિય પ્રાણીઓને 'જીવ' તથા બાકીના ચાર સ્થાવરોને 'સત્વ' કહેવામાં આવે છે.

પ્ર.૩૪ આશાતના કરવાથી શું નુકશાન થાય છે?

જ.૩૪ સમ્યક્દર્શન વગેરે આધ્યાત્મિક ગુણોની પ્રાપ્તિને 'આય' કહે છે. અને શાતનાનો અર્થ – ખંડન કરવું છે. ગુરુદેવ વગેરે પૂજ્ય પુરુષોનું અપમાન કરવાથી, આશાતના કરવાથી, સમ્યક્દર્શન વગેરે સદ્ગુણોની શાતના – ખંડના થાય છે.

પ્ર.૩૫ 'અરિહંતાણં આસાયણાએ' (અરિહંતોની આશાતના) કોને કહે છે?

જ.૩૫ કોઇ પણ જીવ રાગ – દ્વેષથી રહિત હોઇ શકતો નથી. તેથી અરિહંત પણ રાગ – દ્વેષથી મુક્ત નથી. ''અરિહંતે સર્વજ્ઞ હોવા છતાં પણ પૂર્ણ સમાધાન આપ્યું નથી.'' આટલા કઠિન વિધાનોના રચયિતા અરિહંત દયાળુ કેવી રીતે કહી શકાય છે? વગેરે કહેવું તથા તેમની કુશળતા (દક્ષતા) વગેરેમાં સંશય (શંકા) કરવી અરિહંત આશાતના છે.

પ્ર.૩૬ સિદ્ધની આશાતના શું છે?

જ.૩૬ ''સિદ્ધની પણ શું કૃતકૃત્યતા છે?'' ''એક સ્થાને અનંતકાળ સુધી રોકાઇ રહેવું પણ શું સિદ્ધિ છે?'' ''સિદ્ધ છે જ નહીં?'' જ્યારે શરીર જ નથી તો પછી તેમને સુખ કઇ વાતનું? અથવા સિદ્ધત્વમાં શું સુખ છે? વગેરે રૂપે અવજ્ઞા કરવી સિદ્ધની આશાતના છે.

પ્ર.૩૭ આચાર્યની આશાતના કોને કહે છે?

જ.૩૭ આચાર્યની આજ્ઞા ન માનવી, આચાર્યને યમપાલ જેવા માનવાં, આચાર્યની નિંદા કરવી વગેરે આચાર્યની આશાતના કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૩૮ ઉપાધ્યાયની આશાતના શું છે ?

જ.૩૮ ઉપાધ્યાયને શાસ્ત્રના કીડા, જેની કોઈ વાત સાંભળવા લાયક ન હોય તેવા, વાળને જડમૂળથી ઉખાડી નાંખનાર, વર્તમાન પ્રવાહ - યુગપ્રવાહથી અપરિચિત, ચમત્કારવિહિન વગેરે માનવાં - કહેવાં ઉપાધ્યાયની આશાતના છે.

પ્ર.૩૯ સાધુ-આશાતના કેવી રીતે થાય છે ?

જ.૩૯ ''સાધુ હોવું એ નપુંસક હોવું છે.'' ''આત્મ-સાધક સ્વાર્થી છે. ''કમાતા ન આવડ્યું તો સાધુ બની ગયા.'' વગેરે કહેવા - માનવાથી પ્રાસુક નિર્દોષ આહારપાણી વિગેરે ન આપવાથી સાધુની આશાતના થાય છે.

પ્ર.૪૦ સાધ્વી - આશાતના શું છે ?

જ.૪૦ ''સાધ્વીઓ કલહકારિણી જ હોય છે.'' ''સ્ત્રી સાધુધર્મ પાળી જ શકતી નથી.'' ''સ્ત્રીઓ અપવિત્ર છે, તેથી સાધ્વીઓ પણ અપવિત્ર છે.'' વગેરે રૂપે અવહેલના કરવી સાધ્વીની આશાતના છે.

પ્ર.૪૧ શ્રાવકની આશાતના કોને કહે છે ?

જ.૪૧ ''ગૃહવાસમાં અંશમાત્ર ધર્મ નથી. તેથી શ્રાવક ધર્મઆરાધક થઈ શકતો નથી.'' સંસારના પ્રપંચમાં શ્રાવકો શું ધર્મ પાળતાં હશે ? - વગેરે કહેવાથી શ્રાવકોની અવહેલના થાય છે જેને શ્રાવકની આશાતના કહે છે.

પ્ર.૪૨ શ્રાવિકાની આશાતના વિશે શું અભિપ્રાય છે ?

જ.૪૨ ''સ્ત્રીઓ કપટી હોય છે. તેથી શ્રાવિકાઓ શું ધર્મ પાળશે ?'' ''ધર્મસ્થાનમાં ભેગી થઈને દુનિયાભરની નિંદા કરે છે.'' નિઠલ્લિઓ - ઘરમાં જેને કોઈ કામ ન હોય તેવી - ને ઘરમાં કામ નથી તેથી મોં બાંધીને બેસી જાય છે. ''શ્રાવિકા ઘરકામમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગેલી રહે છે, આરંભમાં જ જીવન ગુજારે છે.' 'બાળકોના મોહમાં ફસાયેલી રહે છે તેમની સદ્ગતિ શી રીતે થશે !' વગેરે કહેવું એ શ્રાવિકાઓની અવહેલના છે જે ત્યજ્ય – છોડવા યોગ્ય છે.

પ્ર.૪૩ દેવની આશાતના કેવી રીતે થાય છે ?

જ.૪૩ દેવતાઓને કામગર્દભ (ગર્દભ – ગધેડો) કહેવાં, તેમને આળસુ અને અશક્ત કહેવા, દેવતા માંસ ખાય છે, દારૂ પીએ છે, વગેરે નિંદાસ્પદ સિદ્ધાંતોનો પ્રચાર કરવો, દેવતાઓનો અપલાપ – અવર્ણવાદ કરવો એ દેવની આશાતના છે.

પ્ર.૪૪ આલોક અને પરલોકની આશાતના શું છે ?

જ.૪૪ સ્વજાતિનો પ્રાણીવર્ગ 'ઇહલોક – આલોક' કહેવાય છે અને વિજાતિય પ્રાણી વર્ગ પરલોક કહેવાય છે. આલોક અને પરલોકની અસત્ય-જુઠી પ્રરૂપણા કરવી, પુનર્જન્મ વગેરે ન માનવાં, નરકાદિ ચાર ગતિઓના સિદ્ધાંત પર વિશ્વાસ ન રાખવો વગેરે આલોક અને પરલોકની આશાતના છે.

પ્ર.૪૫ ''સદેવમણુઆસુરસ્સ લોગસ્સ આસાયણાએ'' વિશે શું અભિપ્રાય છે.

જ.૪૫ દેવ, મનુષ્ય, અસુર આદિ સહિત લોકના સંબંધે ખોટી પ્રરૂપણા કરવી ''સદેવમણુઆસુરસ્સ લોગસ્સ આસાયણાએ'' છે. જેમકે – આ લોક દેવે બનાવેલો છે. બ્રહ્મા – ઇશ્વરકૃત છે, સાત દ્વીપ, સાત સમુદ્રપર્યંત જ લોક વગેરે.....

પ્ર.૪૬ કાળ – આશાતના કોને કહે છે ?

જ.૪૬ પાંચ સમવાયમાં કાળ સમવાયને ન માનવો તે કાળની આશાતના કરવી કહેવાય છે. કાળ વર્તના લક્ષણારૂપ છે. જો કાળ ન હોય તો દ્રવ્યમાં રૂપાંતર જ કેવી રીતે થઇ શકે છે ? આવા કાળને ન માનવો તે 'કાળ આશાતના' છે. ધાર્મિક પુરુષાર્થ ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં કાળને જ શાપરૂપ ગાળો આપવી. જેમકે – ''આ પાંચમો આરો છે. અમે ધર્મકાર્ય કેવી રીતે કરીએ' ઈત્યાદિ રૂપે કહેવું પણ પોતાની પ્રવૃત્તિ ન સુધારવી તે પણ કાળ આશાતના છે, કાળો કાળ પોતાની સ્વાધ્યાય, પ્રતિલેખના આદિ ક્રિયા ન કરવી તે કાળ આશાતના છે.

# પ. પ્રતિજ્ઞાસૂત્ર

## (નમો ચઉવિસાયનો પાઠ)

## (નિર્ગ્રંથ પ્રવચનનો પાઠ)

પ્ર.૧ આ પાઠમાં સૌ પ્રથમ ચોવીસ તીર્થંકરોને શા માટે નમસ્કાર કરવામાં આવ્યાં છે ?

જ.૧ એવો નિયમ છે કે જેવી સાધના કરવી હોય તેવી સાધનાના ઉપાસકોનું સ્મરણ કરવામાં આવે છે. યુદ્ધવીર યુદ્ધવીરોનું તથા અર્થવીર અર્થવીરોનું સ્મરણ કરે છે. આ ધર્મયુદ્ધ છે, તેથી અહીં ધર્મવીરોનું જ સ્મરણ કરવામાં આવે છે.

જૈનધર્મના આ ચોવીસ તીર્થંકરો ધર્મસાધના માટે અનેકાનેક ભયંકર પરિષહ સહન કરતાં રહ્યાં, તથા અંતે સાધકથી સિદ્ધપદ પર પહોંચીને અજરામર પરમાત્મા બની ગયાં. તેથી તેમનું પવિત્ર સ્મરણ આપણા – સાધકોના દુર્બળ મનમાં ઉત્સાહ, બળ તથા સ્વાભિમાનની ભાવના પ્રદીપ્ત કરનાર – જગાડનાર છે. તેમની યાદ આપણી આત્મશુદ્ધિને સ્થિર કરનાર છે. તીર્થંકર આપણા માટે અંધકારમાં પ્રકાશસ્તંભ સમાન છે. તેથી સૌ પ્રથમ ભગવાન ઋષભદેવથી મહાવીરસ્વામી સુધીના ચોવીસ તીર્થંકરોને નમસ્કાર કરવામાં આવ્યાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.૨ નિર્ગ્રંથનો અર્થ શું છે ?

જ.૨ નિર્ગ્રંથનો અર્થ છે - ધન ધાન્ય વગેરે બાહ્યગ્રંથ અને મિથ્યાત્વ અવિરતિ તથા ક્રોધ, માન, માયા, લોભ વગેરે આભ્યંતર ગ્રંથ. અર્થાત્ પરિગ્રહથી રહિત પૂર્ણ ત્યાગી સંયમી સાધુ. જે રાગ - દ્વેષની ગાંઠને હંમેશને માટે છોડી દે છે, તોડી દે છે તે જ સાચા નિર્ગ્રંથ છે. અહીં નિર્ગ્રંથ શબ્દનો આ જ અર્થ કરવામાં આવ્યો છે તેથી સાચા નિર્ગ્રંથ અરિહંત અને સિદ્ધ છે.

પ્ર.૩ પ્રવચન કોને કહે છે ?

જ.૩ જેમાં જીવાદિ પદાર્થોનું અને જ્ઞાનાદિ રત્નત્રયની સાધનાનું યથાર્થરૂપે નિરૂપણ કરવામાં આવ્યું છે, તે સામાયિકથી લઈને બિંદુસાર પૂર્વ સુધીનું આગમ સાહિત્ય પ્રવચન કહેવાય છે.

પ્ર.૪ નિર્ગ્રંથ પ્રવચન વિશે આપનો શો અભિપ્રાય છે ?

જ.૪ નિર્ગ્રંથ પ્રવચનનો અર્થ છે - અરિહંતોનું પ્રવચન એટલે કે જિનધર્મ. સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ તપરૂપી મોક્ષમાર્ગ જ જિનધર્મ છે.

પ્ર.૫ જૈનધર્મનો મહિમા બતાવવા માટે કયા વિશેષણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે ?

જ.૫ અહિંસાપ્રધાન જૈનધર્મને માટે વાપરવામાં આવેલ વિશેષણ સર્વથા યોગ્ય છે. (૧) સચ્ચં (સત્ય) - રત્નત્રયરૂપ જૈનધર્મ સત્ય છે. (૨) અણુત્તરં (અનુત્તર) જૈનધર્મ સર્વોત્તમ છે. (૩) કેવલિયં - જૈનધર્મના સમ્યક્દર્શન વગેરે તત્ત્વો અદ્વિતીય છે, સર્વશ્રેષ્ઠ છે. આ ધર્મ કેવળજ્ઞાનીઓ દ્વારા કહેવાયેલો છે. તેથી સંપૂર્ણ સત્ય છે, ત્રિકાળ અબાધિત છે. (૪) પડિપુણ્ણં - જૈનધર્મ એક પરિપૂર્ણ ધર્મ છે. કોઈપણ પ્રકારે ખંડિત થયેલો નથી. અને મોક્ષ પમાડનારા સદ્ગુણોથી સંપૂર્ણ ભરેલો છે. (૫) નેઆઉયં - જૈનધર્મ મોક્ષમાં લઈ જનાર છે. સમ્યક્દર્શન વગેરે જૈનધર્મ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હંમેશા ન્યાયસંગત છે. ફક્ત આગમોક્ત હોવાથી જ માન્ય છે, એ વાત નથી. આ સંપૂર્ણ તર્ક સિદ્ધ ધર્મ છે. (૬) સલ્લગત્તણં (શલ્યકર્તન) - માયા, નિદાન અને મિથ્યાદર્શન શલ્યને કાપનાર આ ધર્મ છે. (૭) સિદ્ધિમગ્ગં (૮) મુક્તિમગ્ગં (૯) ણિજાણમગ્ગં (૧૦) ણિવ્વાણમગ્ગં - સિદ્ધિમાર્ગ = આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય. મુક્તિમાર્ગ =કર્મબંધનથી મુક્તિનું સાધન. નિર્વાણમાર્ગ = મોક્ષ સ્થાનનો માર્ગ. નિર્વાણમાર્ગ = પૂર્ણ શાંતિરૂપ નિર્વાણનો માર્ગ - ઉપાય સમ્યક્દર્શન વગેરેરૂપ જૈનધર્મ જ છે. (૧૧) અવિતહં (અવિતથ) = જિનશાસન સત્ય છે, અસત્ય નહીં. (૧૨) અવિસંધિ = જૈનધર્મ વિચ્છેદ રહિત અર્થાત્ સનાતન નિત્ય છે. તથા પૂર્વાપર વિરોધરહિત છે. (૧૩) સવ્વદુખ્ખપ્પહીણમગ્ગં (સર્વદુ:ખ પ્રહીણ માર્ગ) = બધા દુ:ખોનો સંપૂર્ણ ક્ષય કરીને શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ જૈનધર્મ છે.

પ્ર.૬ જ્ઞ-પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન - પરિજ્ઞાનો શું હેતુ છે ?

જ.૬ જ્ઞ-પરિજ્ઞાનો અર્થ, હેય આચરણને જ્ઞાનથી જાણવું છે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાનો અર્થ - તેનું પ્રત્યાખ્યાન (પચ્ચખાણ) કરવું છે - તેને છોડવું છે. પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પહેલાં જ્ઞ-પરિજ્ઞા અત્યંત આવશ્યક છે. જાણીને, સમજીને, વિવેકપૂર્વક કરેલું પ્રત્યાખ્યાન જ સુપ્રત્યાખ્યાન હોય છે.

પ્ર.૭ આ પાઠમાં જાણવા યોગ્ય આઠ બોલ કયા કયા છે

જ.૭ (૧) અસંયમ = પ્રાણાતિપાત વગેરે (૨) અબ્રહ્મચર્ય = મૈથુનવૃત્તિ (૩) અકલ્પ = અકૃત્ય (૪) અજ્ઞાન = મિથ્યાજ્ઞાન (૫) અક્રિયા = અસત્ક્રિયા (૬) મિથ્યાત્વ = અતત્ત્વાર્થ શ્રદ્ધા (૭) અબોધિ = મિથ્યાત્વનું કાર્ય (૮) ઉન્માર્ગ - કુમાર્ગ, હિંસા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે. આ આઠ બોલ જાણીને છોડવા યોગ્ય છે. ઉપરોક્ત આત્મ વિરોધી પ્રતિકૂળ આચરણનો ત્યાગ કરીને - (૧) સંયમ (૨) બ્રહ્મચર્ય (૩) કલ્પકૃત્ય (૪) સમ્યક્જ્ઞાન (૫) સત્ક્રિયા (૬) સમ્યક્દર્શન (૭) બોધિ = સમ્યક્ત્વનું કાર્ય અને (૮) સન્માર્ગનો સ્વીકાર કરવો.

પ્ર.૮ મનુષ્યક્ષેત્ર કયાં સુધી છે ?

જ.૮ જંબુદ્વીપ, ઘાતકીખંડ અને અર્ધ પુષ્કરદ્વીપ તથા લવણસમુદ્ર તથા કાલોદધિ સમુદ્ર - આ અઢીદ્વીપ અને બે સમુદ્ર પરિમિત માનવક્ષેત્ર છે. મનુષ્ય ક્ષેત્રમાં જ શ્રમણધર્મની આરાધના - સાધના થઈ શકે છે. આગળના ક્ષેત્રોમાં ન તો મનુષ્ય છે, ન શ્રમણધર્મની સાધના છે.

પ્ર.૯ અઢાર હજાર શિલાંગ ભેદ કઈ રીતે થાય છે ?

જ.૯ શીલનો અર્થ આચાર છે. ભેદાનુભેદની દૃષ્ટિએ આચારના અઢાર હજાર ભેદ આ પ્રમાણે હોય છે.

ક્ષમા, નિર્લોભતા, સરળતા, મૃદુતા, લાઘવ, સત્ય, સંયમ, તપ, ત્યાગ અને બ્રહ્મચર્ય - આ દસ પ્રકારનો શ્રમણધર્મ છે. દશવિધ શ્રમણધર્મના ધારનાર મુનિ પાંચ સ્થાવર, ચાર ત્રસ અને એક અજીવ - આ રીતે દસની વિરાધના કરતાં નથી. તેથી દશવિધ શ્રમણધર્મને પૃથ્વીકાય વગેરે દસની અવિરાધનાથી ગુણવાથી ૧૦×૧૦=૧૦૦ ભેદ થાય છે. પાંચ ઈન્દ્રિયોને વશ થઈને જ માનવી પૃથ્વીકાય આદિ દસની વિરાધના કરે છે. તેથી ૧૦૦ ને ૫ વડે ગુણતાં ૧૦૦×૫=૫૦૦ ભેદ થાય છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ - આ ચાર સંજ્ઞાઓના નિરોધથી પાંચસોને ચાર વડે ગુણતા - ૫૦૦×૪=૨૦૦૦ ભેદ થાય છે. બે હજારને મન, વચન અને કાયા - આ ત્રણ દંડોના નિરોધથી ત્રણ ગણા કરવાથી ૨૦૦૦×૩=૬૦૦૦ ભેદ થાય છે. છ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હજારને કરવું, કરાવવું અને અનુમોદનરૂપ ત્રણ કરણથી ગુણવાથી ૬૦૦૦×૩=૧૮૦૦૦ - અઢાર હજાર શીલના ભેદ થાય છે.

## પ્રતિક્રમણનો સમુચ્ચય પાઠ :

પ્ર.૧ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કયા પાઠથી થાય છે ?

જ.૧ મુખ્યત્વે 'દર્શન સમ્યક્ત્વ'ના પાઠથી અને અઢાર પાપસ્થાનના મિથ્યાદર્શનશલ્ય વગેરે પાઠથી થાય છે.

પ્ર.૨ અવ્રતનું પ્રતિક્રમણ શેનાથી થાય છે ?

જ.૨ ઈચ્છામિ ઠામિના ''પંચણ્હમણુવ્વયાણં'' થી પાંચ અણુવ્રતોનું તથા અઢાર પાપસ્થાનના હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહના પાઠથી થાય છે. તથા વ્રતોના પ્રતિજ્ઞા પાઠથી પણ અવ્રતનું પ્રતિક્રમણ થાય છે.

પ્ર.૩ પ્રમાદ અને અશુભયોગનું પ્રતિક્રમણ કયા પાઠોથી થાય છે?

જ.૩ મુખ્યત્વે ''ઈચ્છામિ ઠામિના'', તિણ્હં ગુત્તીણં વગેરે પાઠથી, ગુણવ્રતો, શિક્ષાવ્રતોના પાઠથી, અઢાર પાપના કલહ વગેરે પાઠથી થાય છે.

પ્ર.૪ કષાયનું પ્રતિક્રમણ કયા પાઠોથી થાય છે ?

જ.૪ મુખ્યત્વે 'ઈચ્છામિ ઠામિ'ના 'ચઉણ્હં કસાયેણં' ના પાઠથી, અઢાર પાપના ક્રોધ, માન, માયા, લોભ વગેરે પાઠોથી થાય છે.

પ્ર.૫ આગામી (ભવિષ્ય) કાળના પ્રત્યાખ્યાનનું પ્રતિક્રમણ કેવી રીતે થાય છે ?

જ.૫ જો આગામી (ભવિષ્ય) કાળના પ્રત્યાખ્યાન શ્રદ્ધા, વિનય તથા શુદ્ધભાવે ધારણ ન કર્યા હોય તો તેનું પ્રતિક્રમણ થાય છે.

સમાપ્ત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી મહાવીરાય નમઃ

**જૈન દર્શન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

(ટ્રસ્ટ રજી. નં. ઈ ૧૧૦૫૧ અમદાવાદ. તા. ૨૮-૧૦-૯૬)

**સમગ્ર ભારતમાં સર્વ પ્રથમ સ્થાનકવાસી જૈન સમાજ માટે**

**જરૂરી તમામ વસ્તુઓ એક જ સ્થળેથી મેળવવા માટે લખો યા મળો.**

# જૈન ઉપકરણ ભંડાર

૧૬, પ્રકાશ પાર્ક સોસાયટી, મેવાડા છાત્રાલય સામે,

કોમર્સ કોલેજ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯

**નીચે મુજબની વસ્તુઓ તૈયાર મળશે તેમજ ઓર્ડરથી મોકલી આપીશું.**

| નં. | આઈટમનું નામ |
|---|---|
| ૧. | રજોહરણ દાંડી સાથે |
| ૨. | રજોહરણની માત્ર દાંડી |
| ૩. | ભાઈઓ માટે દાંડી સાથે ગુચ્છો |
| ૪. | ભાઈઓના ગુચ્છા માટે માત્ર દાંડી |
| ૫. | બહેનો માટે દાંડી સાથે ગુચ્છો |
| ૬. | બહેનોના ગુચ્છા માટે માત્ર દાંડી |
| ૭. | આસન |
| ૮. | સંથારીયું |
| ૯. | માળા |
| ૧૦. | મુહપત્તિ દોરા સાથે |
| ૧૧. | મુહપત્તિના દોરા માટે રીલ (દડા) |
| ૧૨. | લાકડાની ઠવણી |
| ૧૩. | પુંજણી |
| ૧૪. | ચલોટા માટે કાપડ |
| ૧૫. | પછેડી માટે કાપડ |
| ૧૬. | કોટન શાલ |
| ૧૭. | ગરમ શાલ |
| ૧૮. | લાકડાના પાતરા - નાના - મોટા |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯. આગમિક જૈન સ્તુતિ
૨૦. સામાયિક - પ્રતિક્રમણ (ગુજરાતીમા)
૨૧. સામયિક - પ્રતિક્રમણ ( ઈંગ્લીશમા )
૨૨. બૃહદ જૈન થોક સંગ્રહ
૨૩. મચ્છરદાની
૨૪. લાકડાની પાટ-મચ્છરદાની એલ્યુ. પાઈપ સાથે
૨૫. જ્ઞાન લખવા - ભણવા માટે લાકડાના ઢાળિયા
૨૬. લખવાના હાથા વાળી લાકડાની ખુરશી
૨૭. માટીના ભાજન
૨૮. લેમીનેશન સાથે સફેદ પેપર
૨૯. લેમીનેટેડ બ્રાઉન પેપર (પૂંઠા ચડાવવા)
૩૦. સ્લેટ
૩૧. સ્લેટમાં લખવાની પેન
૩૨. નોટબુકો
૩૩. બોલપેન
૩૪. પેન્સિલ
૩૫. રબર
૩૬. પેન્સિલ છોલવાનો સંચો (શાર્પનર)
૩૭. ખાલી કંપાસ બોક્સ (પ્લાસ્ટીકનો)
૩૮. ફુટપટ્ટી પ્લાસ્ટીકની મોટી
૩૯. ,, ,, નાની
૪૦. ફુલસ્કેપ પેપર
૪૧. સ્ટેપલર
૪૨. સ્ટેપલરપીન
૪૩. બુક માર્ક
૪૪. કાચના બ્લેક બોર્ડ
૪૫. ચોક
૪૬. ફાઈલો
૪૭. રાખ ભરવા માટે પ્લાસ્ટીકના ડબ્બા
૪૮. ફાઈલીંગ માટે પંચીંગ મશીન
૪૯. આગમ - ગુટકા (દિક્ષાર્થી માટે ચોપડીનો સેટ)
૫૦. સફેદ કાગળની ડાયરી

(તા.ક. દિક્ષાર્થી માટેના તમામ ઉપકરણ મળશે.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સુધર્મ પ્રચાર મંડળ ' સાહિત્ય '

| | | રૂ. પૈસા |
|---|---|---|
| (૧) | શ્રી સામાયિક સૂત્ર | ૨-૦૦ |
| (૨) | શ્રી સામાયિક પ્રતિક્રમણ સૂત્ર (સામા. પ્રતિક્રમણ પ્ર શ્નોત્તર સહિત) | ૧૦-૦૦ |
| (૩) | શ્રી બૃહદ જૈન થોક સંગ્રહ (૧૦૧ થોકડાનો સંગ્રહ) (શ્રેણી ૮ થી ૧૬ ના અભ્યાસક્રમ મુજબની બુક) | ૩૦-૦૦ |
| (૪) | શ્રી મોટી સાધુ વંદણા | ૧૦-૦૦ |
| (૫) | સુધર્મ જૈન પાઠાવાલી ભાગ-૧ | ૩-૦૦ |
| (૬) | સુધર્મ જૈન પાઠાવાલી ભાગ-૨ | ૩-૦૦ |
| (૭) | સુધર્મ જૈન પાઠાવાલી ભાગ-૩ | ૩-૦૦ |
| (૮) | સુધર્મ જૈન પાઠાવાલી ભાગ-૪ | ૩-૦૦ |
| (૯) | સુધર્મ જૈન પાઠાવાલી ભાગ-૫ | ૨-૫૦ |
| (૧૦) | સુધર્મ જૈન પાઠાવાલી ભાગ-૬ | ૨-૫૦ |
| (૧૧) | સુધર્મ જૈન પાઠાવાલી ભાગ-૭ | ૨-૫૦ |
| (૧૨) | 'હું કોણ છું' | ૪-૦૦ |
| (૧૩) | શ્રાવકની આલોયણા | ૪-૦૦ |

**આ ઉપરાંત પ્રેમ જીનાગમ સમિતિ મુંબઈ દ્વારા પ્રકાશિત આગમના પુસ્તકો પણ મળશે.**

નોંધ : પુસ્તકની કિંમત અ બુક પોસ્ટ ચાર્જ અગાઉથી મનીઓર્ડર દ્વારા મંડળના સરનામે અમદાવાદ મોકલી આપવા નમ્ર વિનંતી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સુધર્મ પ્રચાર મંડળ

(ગુજરાત શાખા)

## પ્રવૃત્તિ - પરિચય

સુધર્મ પ્રચાર મંડળની વિવિધ પ્રવૃત્તિઓ સમસ્ત જૈન સમાજ અને સંઘોના ઔદાર્યપૂર્ણ સહકારથી થોડાં જ સમયમાં ગતિશીલ બનવા પામેલ છે. (૧) પર્યુષણ પર્વમાં ચાતુર્માસથી વંચિત ક્ષેત્રોમાં વ્યાખ્યાતા ભાઈ-બહેનોને ધર્મ આરાધના કરાવવા માટે મોકલવા. (૨) જૈન શાળા પ્રવૃત્તિને ઉત્તેજન, પ્રોત્સાહન (૩) જૈન ધર્મના સુસંસ્કાર આવતી નવી પેઢીમાં વર્ધમાન બને તે માટે અનેક સ્થળોએ 'સુધર્મ જ્ઞાન શિબિર' અને 'પ્રશિક્ષણ શિબિરો'નું આયોજન (૪) વ્યાખ્યાતા - સંમેલન (૫) શિક્ષક સંમેલન (૬) આગમિક અને સુંદર ધાર્મિક સાહિત્યનું પ્રકાશન અને જ્ઞાન પ્રચારાર્થે વેચાણ.

## પ્રાપ્તિ સ્થાન :

### (૧) શ્રી જશવંતલાલ એસ. શાહ

બાયોકેમ ફાર્મા. એદુન બીલ્ડીંગ, મુંબઈ - ૪૦૦૦૦૨

(ફોન : ઓ. ૨૦૮૫૫૩૪, ૨૦૯૬૩૮૫ ઘર : ૪૦૧૫૯૪૭)

### (૨) ભદ્રેશકુમાર ડી. શાહ

C/o. નવરંગપુરા સ્થાનકવાસી જૈન સંઘ

અર્ચિતા ફ્લેટ સામે, કોમર્સ કૉલેજ છ રસ્તા પાસે,

નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન : ૬૪૪૮૬૧૯

### (૩) જૈન ઉપકરણ ભંડાર

૧૬, પ્રકાશ પાર્ક સોસાયટી, મેવાડા છાત્રાલય સામે,

કૉમર્સ કૉલેજ છ રસ્તા પાસે, નવરંગપુરા,

અમદાવાદ - ૩૮૦૦૦૯ ફોન : ૬૫૬૫૪૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org